વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૯મું
નવેમ્બર : ૨૦૨૪
અંક : ૫૫૮



# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## દીપોત્સવી અંક




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850 +** શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500 +** જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300 +** જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મંગલ મંદિર : દીપોત્સવી અંક

### • આ અંકના શુભેચ્છક દાતાશ્રીઓ •

- સ્વ. પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા, હ. રૂપેશ સાવલા – અમદાવાદ
- બહેનશ્રી મંજુલાબેન હરખચંદ સાવલા – ગાંધીનગર
- માતુશ્રી શાંતાબેન ખીમજીભાઈ પ્રેમજીભાઈ મહેતા પરિવાર – અમદાવાદ
- શ્રી મહેન્દ્રભાઈ હરજીવનદાસ મોરબીયા, BMCB Bank – અમદાવાદ

### • આ અંકના સહ શુભેચ્છક દાતાશ્રીઓ •

- પ્રમીલાબહેન ઉમરશીભાઈ કુરુવા, પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન - અમદાવાદ
- શ્રી મનુભાઈ જી. શાહ, ગૂર્જર પ્રકાશન - અમદાવાદ
- ડૉ. હિમાંશુ શાહ, ફ્યુઝન કેર હોસ્પિટલ - અમદાવાદ
- શ્રી ભરત ભાણજી ગાલા, રાજુ એન્ટરપ્રાઇઝ - અમદાવાદ
- શ્રી અભિષેક ગિરીશ શાહ - અમદાવાદ
- શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા - અમદાવાદ
- માતુશ્રી મણિબેન બાબુભાઈ શાહ, સમ્રાટ સિલેક્શન - મણિનગર, અમદાવાદ

# વયસ્ક સમિતિ દ્વારા આયોજિત રંગારંગ કાર્યક્રમની તસવીરી ઝલક



વર્સેટાઇલ સીંગર
ડૉ. ગુરુદત્ત ઠક્કર - રેડિયોલોજિસ્ટ




વૉઇસ ઓફ મુકેશ
ડૉ. કેયુર શાહ




સ્વર કોકિલા
ડૉ. શિલ્પા તોશ્નીવાલ



માઉથ ઓર્ગન પર
ડૉ. હિમાંશુ શાહ



વ્હીસલ કિંગ ડૉ. રોહિત પારેખ



એન્કરની ભૂમિકામાં ડૉ. જયદીપ શાહ



જન્મ દિવસની કેક કાપતા શ્રીમતી દમયંતીબેન દંડ



જન્મ દિવસની
કેક કાપતા
શ્રીમતી કોકિલાબેન શાહ

જન્મ દિવસની
કેક કાપતા
શ્રી દિનેશ પ્રેમચંદ શાહ





જન્મ દિવસની કેક કાપતા શ્રી મહેશ શાહ



જન્મ દિવસની કેક કાપતા શ્રી હરખચંદભાઈ પોલડિયા



ડૉ. ગુરુદત્ત ઠક્કર (વચ્ચે)નું બહુમાન કરતા
શ્રી પ્રતાપભાઈ દંડ (ડાબે) તથા શ્રી રજનીકાંત પારેખ (જમણે)



ડૉ. શિલ્પા તોશ્નીવાલ (જમણે)નું બહુમાન કરતા
(ડાબેથી) શ્રી નરેન્દ્ર કોઠારી અને શ્રી રોહિત સંઘવી



ડૉ. જયદીપ શાહ (જમણે)નું
બહુમાન કરતા શ્રી દિલીપ દંડ (ડાબે)



ડૉ. રોહિત પારેખ (ડાબે)નું
બહુમાન કરતા શ્રી રજનીકાંત પારેખ (જમણે)



ડૉ. હિમાંશુ શાહ (જમણે)નું
બહુમાન કરતા શ્રી પ્રભુલાલ સંઘવી (ડાબે)



ડૉ. કેયુર શાહ (જમણે) નું બહુમાન કરતા
(ડાબેથી) શ્રી જીતુભાઈ સંઘવી અને શ્રી મહેશ શાહ (વચ્ચે)



૭૦૦થી વધારે ગુજરાતી ગઝલ અને ૩૩૦૦થી વધુ ઉર્દુ ગઝલના
રચયિતા ડો. ચતીશ દેસાઈ (વચ્ચે)નું બહુમાન કરતા
શ્રી પ્રતાપભાઈ દંડ (ડાબે) તથા શ્રી રજનીકાંત પારેખ (જમણે)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

સુખી થવાની ચાવી :
પાપ થાય તેવું કમાવું નહીં,
માંદા પડીએ તેવું ખાવું નહીં,
દેવું થાય તેવું ખર્ચવું નહીં
અને લડાઈ થાય તેવું બોલવું નહીં.

દરેક દુ:ખના સમય પછી
સુખનો સમય જરૂરથી આવે છે.
બસ ધર્મ, ધૈર્ય, સાહસ
અને સત્કર્મનો સાથ
ક્યારે પણ ના છોડતા.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય


- 'મંગલ મંદિર' દીપોત્સવી અંક : શુભેચ્છકો તથા સહ શુભેચ્છકોનું લીસ્ટ ........ ૩

### તંત્રી લેખ

- નૂતન વર્ષાભિનંદન ........ **અશોક મહેતા** ........ ૯
- માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારીત કરવામાં આવતી જાહેર ખબરના દરો ........ ૧૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે ........ ૧૧

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોનો સર્વે રીપોર્ટ........ **લીલાબેન વીસરિયા** ..... ૧૨
- વ્યક્તિ વિશેષ : બહુમુખી પ્રતિભા – રસપ્રદ જીવન : ફાલ્ગુની હિરેન શાહ ....... **અશોક મહેતા** ..... ૨૭
- મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્યક્રમનો અહેવાલ ........ ૩૧
- યુવા વિકાસ સમિતિ : બોક્સ ક્રિકેટ લીગનું આયોજન ........ ૩૨
- વયસ્ક સમિતિના રંગારંગ કાર્યક્રમનો અહેવાલ ........ ૩૩
- યુવા વિકાસ સમિતિનો અહેવાલ ........ ૩૫
- કાંસ્ય થાળી / કાંસ્ય થાળી થેરાપીના ફાયદા ........ ૩૬
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૩૬
- સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે સમાજની અંગદાન સમિતિ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન રક્તદાન કરનારા સભ્યોના ફોટોગ્રાફ્સ ........ ૩૭
- ઉડતી નજરે ........ ૪૩
- સાભાર સ્વીકાર ........ ૪૪
- સમાજ દર્પણ : ● અવસાન નોંધ ● સરનામા ફેરફાર ● ચક્ષુદાતાઓ ........ ૪૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૪૬
- અતીતના ઓવારેથી : મણકો-૧૫ ........ ૫૧
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૯ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૫૫
- ***Nano Nine*** શબ્દ રમત-૨૧૨ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૭
- પ્રતિભાવ ........ ૫૮
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૭૦) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૯
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૬૦
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ..... ૬૩
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૬૫


## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય


### પ્રેરણાત્મક પ્રસંગો

- મણકો-૧૮ : સાસુની વિદાય બાદ વહુનો પત્ર
  મણકો-૧૯ : એવોર્ડનું ગૌરવ ........ **સંકલન : ડૉ. આશિષ ચોકસી** ..... ૬૭

### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

- મણકો-૧૧ : સરદારસિંહ રાણા ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ..... ૬૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫



**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## એરિસ્ટોક્રેટ્સ

- પ્રકરણ-૮ : ઓસવાલ શ્રેષ્ઠી – ૧ ....... **દેવેન્દ્ર પટેલ** ..... ૬૯

## દિપાવલી

- દિપાવલી પર્વનો મહિમા અને મહત્ત્વ ....... **દિલીપ આચાર્ય** ..... ૭૧
- રંગોળી ....... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૭૨

## સાંપ્રત

- જાતિ આધારીત વસ્તીગણતરી ....... **પ્રવીણ ક. લહેરી** ..... ૭૩

## ગાંધીજી – વોટ્સએપ પર

- ગાંધીને ગાળો આપો ....... **મયુર દેઢિયા** ..... ૭૫

## જળ વ્યવસ્થાપન

- ગુજરાતના જળ વ્યવસ્થાપનનો મેનિફેસ્ટો ....... **ડૉ. નાનકભાઈ ભટ્ટ** ..... ૭૭

## ૭૭ વર્ષ પછી

- પરતંત્રતા અને સ્વતંત્રતા! ....... **વસંત 'કચ્છ કેસરી'** ..... ૭૯

## મૂલ્યાંકન

- તટસ્થ મૂલ્યાંકન પ્રજાને સચેત રાખશે અને સ્વસ્થ વિકાસ તરફ જ દોરશે ....... **હરેશ ધોળકિયા** ..... ૮૧

## પુરાતત્ત્વ

- સૌરાષ્ટ્ર-કચ્છના પુરાતત્ત્વિય સ્થાપત્યોમાં સમાનતા ....... **નરેશ અંતાણી** ..... ૮૫

## વૈષ્ણવ જન

- ચિરંતન પ્રેરક ભજન – વૈષ્ણવ જન ....... **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર** ..... ૯૧

## વિવિધતા

- જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૮ ....... **દષ્ટિ મહેતા / ચેશા મહેતા** ..... ૯૩

## વ્યક્તિ વિશેષ

- સરસ્વતી પુત્ર એકલવીર – ધીરજલાલ છેડાની જીવનગાથા ....... **વસંત મારૂ** ..... ૯૫
- ડૉ. આઈ. જી. પટેલ ....... **સંજય પી. ઠાકર** ..... ૯૭

## પ્રવાસ વર્ણન

- વન ડે ટુર ....... **અશોક વી. શાહ** ..... ૯૮

## માહિતી

- ઢીંગલા ઢીંગલીનો મેળો ....... **મનીષ જોષી 'મૌન'** ..... ૯૯



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

## તંદુરસ્તી


- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ : ૧૦ ઓક્ટોબર ........ ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક .. ૧૦૦
  ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક
- ગેસ / એસિડિટી ........ ડૉ. કમલેશ એન. શાહ.. ૧૦૨


## જૈન દીકરી


- દીકરીઓને સક્ષમ બનાવીએ (અન્ય ધર્મમાં લવ મેરેજ સંદર્ભે) ........ ડૉ. નવીન પારેખ.. ૧૦૩


## નિર્વાણભૂમિ


- પાવાપુરી ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર.. ૧૦૭


## મંગલ સંદેશ


- મહાવીર પ્રભુનો મંગલ સંદેશ ........ સંકલન : પ્રભુલાલ કે. સંઘવી.. ૧૦૯


## તીર્થ દર્શન


- દર્શન-૬૪ : શ્રી કોરટા તીર્થ (શ્રી મહાવીર ભગવાન)
- દર્શન-૬૫ : શ્રી વરકાણા તીર્થ (શ્રી પાર્શ્વનાથ ભગવાન) ........ પ્રેષક : કે.ડી. શાહ.. ૧૧૧


## જૈન દેરાસરોનું લીસ્ટ


- કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લીસ્ટ-૧ ........ મહેન્દ્ર લખમશીભાઈ મોતા.. ૧૧૨


## વાર્તા


- ગુરૂ દક્ષિણા ........ કિશોર કે. જોબનપુત્રા.. ૧૧૪
- હાઈવે ........ એચ.એન. ગોલીબાર.. ૧૧૫
- એ... આવજો ........ નવીન ત્રિપાઠી 'અલ્પ'.. ૧૧૮


## લઘુકથા


- પુણ્યનું બળ ........ પ્રેષક : નવનીત પટેલ.. ૧૨૦
- ઉધ્ધાર ........ ધીરજલાલ ડી. તન્ના.. ૧૨૧


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- હકારાત્મક વિચાર ........ ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'.... ૫૦
- અસાંજી જાત ........ જગદીશચંદ્ર છાયા..... ૬૪
- મહેફિલ.. ........ સંપાદક : મણિલાલ ડી. રૂઘાણી..... ૭૬
- ફરિયાદ છે ........ કેશવ સુથાર..... ૭૬
- એક ગઝલ ........ અલ્પ ત્રિવેદી.... ૮૦
- નઉં વરે ........ કેતના છેડા 'કેતુ'.... ૮૦
- ચોર ........ અરવિંદ સોમૈયા.... ૯૨
- મૌન ........ હસમુખભાઈ રામદેપુત્રા.... ૯૨


*ભગવાન કહે છે – હે માનવ! તું જે ઈચ્છે, તે જ કરે છે.*
*પરંતુ થાય એ છે, કે જે હું ઈચ્છું છું.*
*હું ઈચ્છું છું તેવું કરવાનું તું નક્કી કર, પછી તું જે ઈચ્છે છે તે જ થશે.*

## નૂતન વર્ષાભિનંદન

અશોક મહેતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા તેના માસિક મુખપત્ર 'મંગલ મંદિર' તેના વાચક વર્ગને તથા સમાજના સભ્ય પરિવારને શુભ દિપાવલીના તથા નૂતન વર્ષના ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. સમગ્ર વર્ષ દરમિયાન સમાજ પરિવારના સભ્યો અન્ય તહેવારો કરતાં દિપાવલી તથા નૂતન વર્ષના આ તહેવારને ખૂબ જ સરસ રીતે ઉજવી હવે પછીના વર્ષમાં ગત વર્ષ કરતાં પણ વધુ સારી પ્રગતિ સાધી શકાય તેવી મહેચ્છા સેવે છે. આ પ્રકારની મહેચ્છા સમાજ પણ સેવે છે. આ સમાજે અત્યાર સુધી અમદાવાદ ખાતે ૪ મેડિકલ સેન્ટર, ૪ પરીક્ષણ કેન્દ્ર (ચેક-અપ સેન્ટર), ૪ ફિઝીયોથેરાપી સેન્ટર, ૩ ડાયાલિસિસ સેન્ટર, ૨ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, ૩ અતિથિ ભવન, ૧ સાંસ્કૃતિક કેન્દ્ર (જાહેર કાર્યક્રમ માટે હોલ), ૧ કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ તથા ૧ આવાસ યોજનાના પ્રોજેક્ટ્સ ઊભા કરી તેને સમગ્ર જનતા માટે ખુલ્લા મૂકી દીધેલ છે. તદુપરાંત તે વર્ષોથી વ્યક્તિત્વ વિકાસના કાર્યો કરતો આવેલ છે કે જેનો અનેક વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અન્ય પ્રવૃત્તિઓમાં કચ્છના વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ સમયે પ્રથમ અનેક જીવન જરૂરિયાતની વસ્તુઓ મહિનાઓ સુધી ગામડે ગામડે પહોંચાડવાની અને ત્યારબાદ હંગામી આવાસ બાંધી આપવાની કામગીરી કરેલ છે. કચ્છમાં અનેક સ્થળે ૨ થી ૫ એકર જમીનમાં વૃક્ષારોપણ કરી, તેને સતતપણે ૩ વર્ષ સુધી ઉછેરી, જે તે ગામને સુપ્રત કરેલ છે. ધરતીકંપ બાદ અમદાવાદ, મુંબઈ અને ગાંધીધામ ખાતે ઔદ્યોગિક સેમિનાર યોજી કચ્છમાં વધુને વધુ ઉદ્યોગો આવે તેવા પ્રયાસ કરેલ છે. કચ્છના દસે દસ તાલુકા મથકે જેટ્રોફાના વૃક્ષો વાવવા સેમિનારો યોજેલ છે. નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો સરદાર સરોવર નર્મદા નિગમ સાથે રહી વર્ષ ૨૦૦૬માં ચાલુ કરાવડાવેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની આ પ્રકારની અત્યાર સુધીની અનેક સિદ્ધિઓ છે કે જેને યાદ કરીને મન સંતૃપ્ત થઈ જાય છે. આજે પણ સમાજના અમદાવાદ ખાતે જે પ્રગલ્ભો છે તેનો લાભ દર મહિને ઓછામાં ઓછા ૩૫,૦૦૦ લોકો લઈ રહ્યા છે. સમાજની જૂની પેઢી ધીરે ધીરે ઉપર સરકતી જાય છે. તેની જગ્યાએ નવી પેઢીના કાર્યકરો તેટલા જ ઉત્સાહથી સમાજને દિવસા દિવસ આગળ વધારવા કોશિશ કરી રહ્યા છે.

આવતા વર્ષમાં કદાચ નીચે મુજબના પ્રોજેક્ટ્સ ઉપર કાર્ય આગળ વધારી શકાશે :

૧. કચ્છને નર્મદા નદીના નિયમિત પાણીમાંથી ૦.૫ M.A.F. અને વધારાના પાણીમાંથી ૧.૦૦ M.A.F. પાણી ફાળવવામાં આવેલ છે. નિયમિત પાણીમાંથી ૨,૮૫,૦૦૦ એકર જમીનને અને વધારાના પાણીમાંથી અંદાજિત ૮ થી ૧૦ લાખ એકર જમીનમાં પાણી પહોંચાડી ખેતી કરી શકાય. તેની સાથે નર્મદા નિગમ હજુ સુધી કચ્છની એક પણ એકર જમીનમાં પાણી પહોંચાડી શકેલ નથી. સરદાર સરોવર નર્મદા નિગમ, ગાંધીનગરના તથા ગાંધીધામના અધિકારીઓ સાથે આ બાબતે વારંવાર ચર્ચા કરી, એ કામમાં ઝડપ લાવી શકાય.

૨. પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર હજુ પણ દર મહિને સારી એવી નુકસાની કરે છે. તે સામે ત્યાંના ઉદ્યોગોમાં (દા.ત. હરીશભાઈ રંગવાલા) ટ્રસ્ટી કે કારોબારી સભ્ય જાતે જઈ એ બધા વર્કર્સ આ સેન્ટરમાં સારવાર કરાવવા આવે તેવા પ્રયાસ કરી શકાય.

૩. સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં જરૂરી ચાર્જ લઈ લૉઅર / મિડલ / હાયર ક્લાસના લોકોને કામ આવે તેવા વિષયો પર આગળ વધી લોકોને વધુને વધુ સ્કીલ આપવાના પ્રયત્ન કરી શકાય.

૪. જે રીતે વયસ્ક સમિતિ દર મહિને નિયમિત કાર્યક્રમો આપે છે અને જે રીતે સમાજના બહોળા પ્રમાણના વયસ્કો તેમાં હોંશે હોંશે ભાગ લે છે એ રીતે મહિલા ઉત્કર્ષ સમિતિ, યુવા વિકાસ સમિતિ તથા અન્ય સમિતિઓ વધુ કાર્યરત થઈ શકે.

૫. મુંબઈ અતિથિ ભવન પ્રોજેક્ટ શક્ય ત્વરાએ ચાલુ થાય તેવા પ્રયાસ જારી રાખવા જોઈએ.

૯. સમાજ હાલે જે રીતે સામાજિક કાર્યો પાછળ ખર્ચ કરે છે તેના કરતાં સમાજના મહાનુભાવો પાસેથી પ્રમાણમાં ઓછા ડોનેશન્સ એકત્રિત કરી શકાય છે. આ એક કાયમી પ્રોબ્લેમ છે. તેની સામે મુંબઈના ચેમ્બુર સમાજ (લાપસીયા ગેસ્ટ હાઉસ) તથા કરશન લધુ હોલમાં જે પ્રવૃત્તિઓ ચાલે છે, તેવી પ્રવૃત્તિઓનું આચરણ કરી અત્રે સારી એવી આવક ઊભી કરી શકાય.

આ બધા સૂચનો ગહન વિચાર માંગી લે છે. તેથી આવતા વર્ષે તે તરફ ઊંડાણથી અભ્યાસ કરી, જરૂરી રસ્તા વિચારી, તેને જરૂરથી આ સમાજ આચરણમાં મૂકવા પ્રયત્ન કરી શકશે અને સકારાત્મક પરિણામો પણ મેળવી શકશે.

અંતમાં સહુને નૂતન વર્ષના "સાલ મુબારક" કરી અહીં વિરમિએ છીએ....

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧" સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :** એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઈઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |

***નોંધ :** દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

- *ખાતાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- *IFSC કોડ* : CNRB0017007

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોનો સર્વે રીપોર્ટ

લીલાબેન વીસરિયા

## અમદાવાદમાં રહેતા કચ્છી જૈન સમુદાયની રૂપરેખા

*અમદાવાદમાં બહુ ઓછા સમાજ હશે કે જેઓએ પોતાના સમાજના સભ્ય પરિવારનો દરેક બાબતે સર્વે રીપોર્ટ કરાવેલ હોય.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના સભ્ય પરિવારોનો સર્વે રીપોર્ટ કરાવી, ભવિષ્યમાં કઈ પ્રવૃત્તિઓ સમાજે હાથ પર લેવી જોઈએ કે જેથી સભ્ય પરિવારનો દરેક બાબતે ઉત્કર્ષ થઈ શકે, તેવી ભાવનાથી આ રીપોર્ટ તૈયાર કરાવેલ છે.*

*સમાજે આ કાર્ય તેમના જ એક સભ્ય કે જેઓ ઈકોનોમિસ્ટ અને સોશિયલ બેકગ્રાઉન્ડ ધરાવે છે અને વર્લ્ડ લેવલની સંસ્થામાં કાર્ય કરેલ છે, તેવા બહેનશ્રી લીલાબેન વીસરિયાને આ કાર્ય સુપ્રત કરેલ હતું.*

*બહેનશ્રી લીલાબેન વીસરિયાએ આ કાર્ય માટે ૧૨ મહિના સુધી સતતપણે મહેનત કરી, પોતાના હાથ નીચેના કાર્યકરોને સમાજના ઘેર ઘેર મોકલી, તેઓ પાસેથી જરૂરી ફોર્મ ભરાવી અને વિગતો મેળવેલ હતી.*

*તેના પરથી તેઓશ્રીએ સમાજના પરિવારોનો એક રસપ્રદ સર્વે રીપોર્ટ તૈયાર કરી, સમાજ પર મોકલી આપેલ છે કે જે અત્રે અક્ષરસહ રજૂ કરવામાં આવેલ છે.*

*આ બાબત કોઈએ પણ આગળ પૂછપરછ કરવી હોય તો સમાજના ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહનો ૯૮૨૫૦ ૧૩૭૧૫ નંબર પર સંપર્ક સાધી તેમની સાથે ચર્ચા કરી શકે છે.*

*– તંત્રી મંડળ*

### પરિચય

૨૦મી સદીના મોટાભાગના સમય દરમિયાન વારંવાર દુષ્કાળનો સામનો કરી રહેલા શુષ્ક એવા કચ્છ જિલ્લામાંથી લોકોના સ્થળાંતરના સતત પ્રવાહની ઈતિહાસકારો અને સામાજિક વૈજ્ઞાનિકો દ્વારા પૂરતી નોંધ લેવામાં આવી છે. તમામ સામાજિક અને આર્થિક વર્ગોના લોકોએ કચ્છમાંથી સ્થળાંતર કર્યું હતું. કચ્છથી સ્થળાંતર કરેલ જૈન સમુદાયના લોકો ભારતના જુદા જુદા શહેરો અને નગરોમાં જઈ વસ્યા. જ્યાં એમણે શરૂઆતમાં કરિયાણાની દુકાન અથવા જૂના અખબારો એકત્ર કરવા જેવા કામોથી પોતાના ધંધા-રોજગારની શરૂઆત કરી હતી. અમુક જૈનો અમદાવાદ પણ આવી વસ્યા. એક અંદાજ મુજબ ૧૦૦૦થી પણ વધુ કચ્છી જૈન પરિવારો, છેલ્લા ૭૫ વર્ષથી અમદાવાદ અને ગાંધીનગરમાં સ્થાયી થયા છે. એક સામાન્ય ધારણા એવી છે કે અમદાવાદમાં રહેતા આ જૈન પરિવારો સમૃદ્ધ છે કારણ કે મોટાભાગના પરિવારો વિકસતા વ્યવસાયો સાથે સંકળાયેલા છે અને આ સમુદાયના કેટલાક યુવા સભ્યો ઉચ્ચ શિક્ષણ લઈ દવા (medicine), એન્જિનિયરીંગ, એકાઉન્ટન્સી, રીયલ એસ્ટેટ જેવા વ્યવસાયો સાથે જોડાયેલા છે.

અમદાવાદમાં રહેતા કચ્છી જૈન પરિવારો મજબૂત સંબંધો અને સામાન્ય હિતો દ્વારા એકબીજા સાથે સંકળાયેલા છે. તેઓએ ૧૯૬૩માં "શ્રી ક.વી.ઓ. જૈન સમાજ"ની રચના કરી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૭૦માં આ જ સંસ્થાનું નામ બદલીને "કચ્છી જૈન સમાજ" રાખવામાં આવ્યું હતું અને તેમાં કચ્છના દરેક ફિરકાને સમાવી લેવામાં આવેલ હતા. ૧૯૮૫માં આ સંસ્થાને રજિસ્ટર્ડ ટ્રસ્ટ બનાવવા તેનું નામાભિધાન "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" કરવામાં આવેલ હતું. એટલે કે ૪૦ વર્ષ પહેલા એક જાહેર ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી હતી. આ ટ્રસ્ટના નેજા હેઠળ સામાજિક કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જેમાં ઘણા પ્રકારની સ્વાસ્થ્ય સેવાઓ, શિક્ષણ સહાય, કૌશલ્ય વિકાસ, મહિલાઓ અને યુવાનોને સક્ષમ બનાવવા માટેની પ્રવૃત્તિઓ કારકિર્દી-પરામર્શ વગેરેનો સમાવેશ થાય છે. જૈન સમુદાયે અમદાવાદથી પસાર થતા લોકો માટે ગેસ્ટ હાઉસ પણ બનાવ્યા છે. કચ્છ મૂળની કોઈપણ વ્યક્તિ આ સુવિધાનો લાભ લઈ શકે છે. આ સમુદાયે છેલ્લા દાયકામાં

અલગ અલગ સ્થળોએ બહુચિકિત્સાલયોની સ્થાપના કરી છે, જ્યાં આરોગ્યને લગતી અનેક પ્રકારની સેવાઓ ખૂબજ વ્યાજબી દરે, જ્ઞાતિ, ધર્મ અથવા સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના આપવામાં આવે છે. ત્રણ ડાયાલિસિસ કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા છે. જે લોકો પૈસા ચૂકવી નથી શકતા, તેઓ આ બધી સેવાઓ મફત મેળવી શકે છે. ***(જુઓ : www.kjss.org)***

જ્યારે કચ્છી જૈન સેવા સમાજ (KJSS) ખૂબજ સક્રિય છે અને તેના સભ્યો વર્ષમાં અનેકવાર વિવિધ પ્રસંગોએ મળે છે, ત્યારે સમાજના ટ્રસ્ટીઓ અને અન્ય સક્રિય સભ્યો એવું અનુભવી રહ્યાં છે કે અમદાવાદ અને ગાંધીનગરમાં રહેતાં તમામ જૈન પરિવારોની એક વ્યાપક અને સંપૂર્ણ યાદી હોવી જોઈએ. જેમાં તમામ કચ્છી જૈન પરિવારો અને તેમના સભ્યોની સામાજિક વસ્તી વિષયક અને આર્થિક માહિતી સમાવિષ્ટ હોય. સમુદાયના સભ્યોની ચોક્કસ જરૂરિયાતોને ઓળખવામાં અને બધી ઉંમરના સ્ત્રી-પુરુષો માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે આ પ્રકારનો ડેટા બેઝ ખૂબ ઉપયોગી નીવડશે અને જેનાથી કચ્છી જૈન સમાજની સાર્થકતા વધશે. કચ્છી જૈન સમાજ જે ઉદ્દેશ્યો માટે કામ કરે છે તેમાંનો એક ઉદ્દેશ્ય એ છે કે યુવા, વયસ્કો અને કારકિર્દી માટે માર્ગદર્શન મેળવવા માંગતા વિદ્યાર્થીઓના આર્થિક આધારને સુધારવાની તકો પૂરી પાડવી. આ ઉપરાંત, કેટલાક વૃદ્ધ સભ્યો, જેમના બાળકો અન્યત્ર સ્થળાંતર કરી ગયા છે, કેટલીક અર્થપૂર્ણ પ્રવૃત્તિઓમાં જોડાવાનું પસંદ કરી શકે છે. આવા સભ્યો કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકે તે અંગે સમાજ વિચારી શકે છે, કે જેથી આ વડીલોના જીવનભરના અનુભવોનો ઉપયોગ યુવા પેઢીની સુખાકારી માટે કરી શકાય.

## પૃષ્ઠભૂમિ :

દેખીતી રીતે, બે પેટા વિભાગો સાથે ત્રણ અલગ અલગ કચ્છી જૈન જૂથો છે જે કચ્છમાંથી સ્થળાંતરીત કરી અમદાવાદ શહેરમાં સ્થાયી થયા છે અને જેઓએ કચ્છી જૈન સેવા સમાજની રચના કરી છે. પિતૃ સંસ્થાના ટ્રસ્ટીઓના જણાવ્યા અનુસાર, જેમની છત્રછાયા હેઠળ આ જૂથો વારંવાર એકઠા થાય છે, આ જૈન જૂથોના નામ આ પ્રમાણે છે : વીસા અને દશા ઓસવાલ, બે જૂથો મૂળ કચ્છના વાગડ પ્રદેશના - સાત ચોવીસી અને બે ચોવીસી અને બે ગૂર્જર જૂથો – દસા અને વીસા. આ છ જૂથો અમદાવાદના કચ્છી જૈન સમાજમાં સામેલ થયેલ છે. આ દરેક જૂથનું પોતાનું આગવું સંગઠન પણ છે અને તે અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સંલગ્ન છે, જે, જે તે જૂથના સભ્યો સુધી મર્યાદિત છે. સાથે સાથે, આ છ જૂથો શ્રી કચ્છી જૈન સેવા સમાજના છત્ર હેઠળ ભેગા પણ થાય છે (SKJSS)[1].

જૈન સમાજ દ્વારા ૨૦૧૨ની આસપાસ હાથ ધરવામાં આવેલી ગણતરી મુજબ આ છ જૂથોના પરિવારોની સંખ્યા ૭૭૨ હતી. પરિવાર દીઠ ૪.૫ અથવા ૫ સભ્યો ગણીએ તો અમદાવાદમાં રહેતા આ પરિવારોની કુલ વસ્તી ૩૫૦૦ થી ૩૮૦૦ જેટલી હતી[2]. સંખ્યાની રીતે જોઈએ તો વાગડ-૨ ચોવીસી અને ગૂર્જર દસા અન્ય જૂથો કરતાં ઘણા નાના છે. જૈન સમાજ પોતાના સભ્યોની યાદીને નિયમિતપણે અપડેટ કરવાનો પ્રયત્ન કરે છે અને તેની ૨૦૧૯ની ગણતરી પ્રમાણે અમદાવાદ અને ગાંધીનગરમાં આ છ જૂથોના ૧૦૭૨ પરિવારો હતા. શક્ય છે કે પાંચ વર્ષોમાં વધુ પરિવારોએ આ બે શહેરોમાં સ્થળાંતર કર્યું હોય અને આ સંખ્યામાં વધારો થયો હોય.

તેમ છતા, દરેક કુટુંબ અને તેના સભ્યો અંગે એકત્ર કરેલ માહિતી (સ્વ રીપોર્ટીંગના આધારે) ખૂબજ મર્યાદિત હતી. તેથી, કરછી જૈન સમાજના કેટલાક આગેવાનોને એમ લાગ્યું કે ઘરે ઘરે જઈને આ છ જૂથોના તમામ કુટુંબોની એક વ્યાપક

---

1. *સમાજ શબ્દનો ઉપયોગ શ્રી કચ્છી જૈન સેવા સમુદાય માટે કરવામાં આવ્યો છે.*
2. *શ્રી હિરેન શાહે આપેલ માહિતી મુજબ ૨૦૧૨માં દરેક જૂથના પરિવારોની સંખ્યા નીચે મુજબ હતી.*

| | | |
|---|---|---|
| *કચ્છી દશા ઓસવાલ* | : | *૧૭૮* |
| *કચ્છી વીસા ઓસવાલ* | : | *૧૮૧* |
| *વાગડ ૭ ચોવીસી* | : | *૨૩૦* |
| *વાગડ ૨ ચોવીસી* | : | *૨૩* |
| *ગૂર્જર વીસા શ્રીમાળી* | : | *૧૧૭* |
| *ગૂર્જર દસા શ્રીમાળી* | : | *૩૩* |
| *કુલ* | | *૭૭૨* |

મોજણી કરવી અને દરેક ઘરના તમામ સભ્યોના શૈક્ષણિક સ્તર, આર્થિક પ્રવૃત્તિ, આવાસની સ્થિતિ, માલિકીની મિલકત, સ્થળાંતરનો ઈતિહાસ, ભવિષ્યની આકાંક્ષા, સમાજ પાસેથી અપેક્ષાઓ વગેરે અંગે માહિતી મેળવવી.

કચ્છી જૈન સેવા સમાજે (KJSS) પ્રો. લીલાબેન વીસારિયા અને તેમની ટીમને આવું સર્વેક્ષણ હાથ ધરવા આમંત્રણ આપ્યું હતું અને તેમને ૧૦૭૨ પરિવારોની યાદી, ઘરના વડાના નામ, ટેલીફોન નંબર અને સરનામાં સાથે આપવામાં આવી હતી. આ સર્વેક્ષણ પહેલાં એક વિકલ્પ તરીકે જૈન સમાજના યુવાઓની એક યાદી બનાવવા અંગે ચર્ચા થઈ હતી. દરેક જૂથના પોતાના સક્રિય સંગઠનો છે અને તેથી તેમાંથી યુવા કાર્યકરો શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે જે સર્વેક્ષણના કામમાં મદદરૂપ થઇ શકે. બીજો ચર્ચિત વિકલ્પ એ હતો કે ઘરના વડાઓ પોતે પ્રશ્નાવલી ભરે અને અમુક સમય મર્યાદામાં જૈન સમાજને મોકલી આપે. અંતે, એ નક્કી કરવામાં આવ્યું કે સર્વેક્ષણનું કામ કોઈ બહોળો અનુભવ ધરાવતી વ્યક્તિને સોંપવામાં આવે જે મોજણી માટે અન્વેષકોની નિમણુંક કરે. તેઓને આ કામ માટે પારીશ્રમિક અપાશે. આ રીતે, સર્વેક્ષણના કામ માટે ૪ વ્યક્તિઓની નિમણુંક કરવામાં આવી અને તેઓને સર્વેક્ષણના ઉપકરણો અંગે તાલીમ આપવામાં આવી. પ્રિ-ટેસ્ટીંગ તરીકે, આ અન્વેષકોએ સર્વેક્ષણ પહેલાં થોડીક પ્રશ્નાવલીઓ ભરી હતી અને તેમના પ્રતિભાવો જણાવ્યા હતાં.

સર્વેક્ષણ સપ્ટેમ્બર ૨૦૨૩માં શરૂ કરવામાં આવ્યું અને આ કામ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ચાલુ રહ્યું હતું. ફિલ્ડ વર્ક દરમિયાન જાણવા મળ્યું કે કચ્છી જૈન સમુદાયના કેટલાક એવા પરિવારો હતા જે કચ્છી જૈન સમાજની યાદીમાં નોંધાયેલ ન હતા. સર્વેક્ષણ દરમ્યાન અમે આવા ૭૬ ઘરોને ઓળખ્યા. આ રીતે, મોજણી કરવાના ઘરોની સંખ્યા વધીને ૧૧૪૮ થઈ ગઈ. અમદાવાદ શહેરના લગભગ તમામ વોર્ડમાં અને ગાંધીનગરના અમુક સેક્ટરમાં કચ્છી જૈન સમુદાયના સભ્યો જોવા મળ્યા.

મોજણી માટે પરિવારોને શોધવા અને તેમની મુલાકાત લેવાના અમારા ઘણા પ્રયત્નો છતાં અમે ૭૫૩ પરિવારોનો સંપર્ક કરી શક્યા (વિગત માટે કોષ્ટક ૧ જુઓ). સર્વે દરમિયાન અમે ૧૧૨ પરિવારોનો સંપર્ક ન સાધી શક્યા કેમકે તેમાંના અમુક પરિવારો કાયમી ધોરણે સ્થળાંતરીત થઈ ગયા હતાં (૬૪), કેટલાક પરિવારોના નામો કચ્છી જૈન સમાજે આપેલ યાદીમાં એકથી વધુ વખત આવ્યા હતાં (૨૨), અમુક પરિવારોએ સર્વેમાં ભાગ લેવાની ના પાડી હતી (૧૯) અને અમુક પરિવારોના કોઈ પણ સભ્ય હયાત ન હતાં (૭). આથી, પરિવારોની સંખ્યા ઘટીને ૧૦૩૬ થઈ ગઈ. અમે આ પરિવારો પાસેથી માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો પણ ૭૫૩ અથવા ૭૩ ટકા પરિવારોનો સર્વે કરી શક્યા. જે ૨૮૩ ઘરો અથવા પરિવારોનો સંપર્ક ન થઇ શક્યો તેના ચાર કારણો હતા : (૧) અન્વેષકો, પરિવારોના રહેઠાણની ઓળખ કરી હોવા છતાં ૧૫૮ પરિવારોનો સંપર્ક ન કરી શક્યા કેમકે તેઓએ ફોનનો જવાબ આપ્યો ન હતો અથવા દૂર હોવાથી ફોન કૉલ લઈ શક્યા ન હતા. સુરક્ષિત રહેઠાણોના કેટલાક કિસ્સાઓમાં અન્વેષકો ટેલીફોન મારફતે પ્રવેશની અનુમતિ મેળવી શક્યા ન હતાં. (૨) સંપર્ક કરતા, ૯૫ પરિવારોના સભ્યોએ જણાવ્યું કે તેઓ પોતે સર્વે ફોર્મ ભરીને જૈન સમાજના કાર્યાલયમાં જમા કરાવી દેશે. આ ફોર્મ જૈન સમાજના માસિક સામયિકમાં પ્રકાશિત થયું હતું અને તેઓએ તે જોયું હતુ. (૩) ૨૨ પરિવારોના સભ્યો કોઈ પણ માહિતી આપવા માંગતા ન હતા. (૪) બાકીના પરિવારો મુલાકાતના સમયે અસ્થાયી રીતે દૂર હતા અથવા તેમનું સરનામું બદલાઈ ગયું હતું અને અમે નવા સરનામાં મેળવી શક્યા ન હતાં.

**કોષ્ટક-૧ : અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારમાં રહેતાં કુલ અને સર્વે કરેલ જૈન પરિવારોની સંખ્યા – ૨૦૨૩**

| | | |
|---|---|---|
| ૧. | કચ્છી જૈન સમાજ દ્વારા આપવામાં આપેલ યાદી પ્રમાણે | ૧૦૭૨ |
| ૨. | ફિલ્ડ વર્ક દરમ્યાન ઓળખાયેલ નવા પરિવારો | ૭૨ |
| ૩. | કચ્છી જૈન પરિવારોની કુલ સંખ્યા | ૧૧૪૮ |
| ૪. | સર્વે કરેલ પરિવારોની સંખ્યા | ૭૫૩ |
| ૫. | સર્વે ન કરેલ પરિવારોની સંખ્યા | ૩૯૫ |
| ૬. | સર્વે ન થઈ શકયો, શોધી શકાયા નહીં / માહિતી આપવાની ના પાડી* | ૧૧૨ |
| ૭. | સર્વે કરવા માટેના ઘટી ગયેલા પરિવારોની સંખ્યા | ૧૦૩૬ |

| | | |
|---|---|---|
| ૮. | સર્વે કરાયેલ પરિવારોની ટકાવારી (૪/૭) | ૭૨.૭ |
| ૯. | સર્વે ન થઇ શક્યો, મળ્યા નહિ, પોતે ફોર્મ ભરવા માંગતા હતા | ૨૮૩ |

★ *સ્થાયી રૂપે સ્થળાંતરીત અથવા યાદીમાં એકથી વધુ વખત નામ આવ્યું અથવા માહિતી આપવાની ના પાડી.*

તેથી, પ્રસ્તુત અહેવાલ ૭૫૩ પરિવારો પાસેથી મેળવેલ માહિતી પર આધારિત છે. શહેરી વિસ્તારોમાં સારી સુવિધાઓ ધરાવતા સમુદાયોના લોકો આ રીતના સર્વેક્ષણોમાં રસ ધરાવતા ન હોવાથી માહિતી નથી આપતાં અને તે જોતાં ૭૩% કુટુંબોએ પ્રતિભાવ આપ્યો, તે સારું ગણાય.

## સંશોધન પદ્ધતિ :

કુટુંબની તેમજ કુટુંબના દરેક સભ્યની વિગતવાર માહિતી મેળવવા માટે એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. આ પ્રશ્નાવલીનું ગુજરાતી સંસ્કરણ PDF ફોર્મેટમાં પરિશિષ્ટ-૧માં આપવામાં આવ્યું છે. મોટાભાગના પ્રશ્નોના સંભવિત જવાબોની સંજ્ઞા પ્રશ્નાવલીમાં આપવામાં આવી છે જેથી અન્વેષક સરળતાથી અને ઝડપથી માહિતી મેળવી શકે. કમ્પ્યુટરમાં ફીડ કર્યા પછી આંકડાકીય પેકેજ SPSSના ઉપયોગથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. એકત્ર કરેલ તમામ માહિતી ડેટા બેઝ તરીકે સાચવવામાં આવી છે. એક વાર દરેક કુટુંબનું રજિસ્ટર બની જાય પછી ભવિષ્યમાં માહિતીને અપડેટ કરવા માટે જોઈતા ઉમેરા અથવા બાદ-બાકી થઈ શકશે.

અન્વેષકોને સૂચના આપવામાં આવી હતી કે જો ઉત્તરદાતા કોઈ પ્રશ્નનો જવાબ આપવા ન માંગતા હોય તો તેઓ ઉત્તરદાતા પર કોઈ જાતનું દબાણ ન કરે. અન્વેષકોને એ પણ કહેવામાં આવ્યું હતું કે તેઓ એકત્ર કરેલ માહિતીની જાણ બીજા કોઈ સભ્યને ન કરે. જૈન સમાજના આગેવાનો પણ આ માહિતીને ગોપનીય રાખશે અને તેનો ઉપયોગ માત્ર ભવિષ્યની પ્રવૃત્તિઓના આયોજન માટે જ કરશે

કુટુંબો અને તેમના સભ્યો અંગે વિગતવાર માહિતી મેળવવા માટે સંક્ષિપ્ત પણ જુદા જુદા મોડ્યુલ બનાવવામાં આવ્યા છે. આ મોડ્યુલ મારફતે કુટુંબનો ઈતિહાસ, પરિવારની સંપત્તિ, ભણતા બાળકો, આર્થિક અથવા અન્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલ પુખ્ત વયના લોકો, વૃદ્ધો, સભ્યોની જરૂરિયાતો, આકાંક્ષાઓ, જૈન સમાજ પાસેથી અપેક્ષાઓ, સભ્યો સંગઠનને મજબૂત બનાવવા માટે કેવી રીતે યોગદાન આપી શકે વગેરે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. પરિવારના નજીકના સભ્યો, જેમ કે પરિણીત પુત્રીઓ અંગે પણ થોડીક માહિતી મેળવી હતી. તેઓ લગ્ન પછી ક્યાં રહે છે અને જો અમદાવાદમાં રહેતા હોય તો તેઓ જૈન સમાજની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે રસ લે છે કે કેમ તે જાણવાનો પ્રયત્ન કરેલ.

## અમદાવાદ વિસ્તારમાં રહેતાં કચ્છી જૈન સમુદાયની રૂપરેખા

કોષ્ટક-૨ માં દર્શાવ્યા પ્રમાણે, ૭૫૩ જૈન પરિવારોમાંથી લગભગ ૯૩ ટકા પરિવારો અમદાવાદમાં રહે છે અને બાકીના ગાંધીનગરમાં રહે છે. અમદાવાદમાં, તેઓ લગભગ તમામ વોર્ડમાં જોવા મળે છે. કુટુંબનું સરેરાશ કદ ૪ છે[3]. જૈન સમુદાયની સંપન્નતા એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે ૮૫ ટકા લોકો પોતાનું ઘર અથવા એપાર્ટમેન્ટ ધરાવે છે. લગભગ ૫ ટકા લોકો સમાજ દ્વારા આવાસ યોજના હેઠળ બાંધવામાં આવેલ ઘરોમાં રહે છે. દસમાંથી એક પરિવાર ભાડાના મકાનમાં રહે છે. સંભવ છે કે તેઓ હાલમાં જ શહેરમાં સ્થળાંતરીત થયા હોય.

કુટુંબો પાસે ચાલુ હાલતમાં મોટર કાર, મોટર બાઈક, એર કંડિશનર, લેપટોપ, રેફ્રિજરેટર અને વોશિંગ મશીન જેવી અસ્ક્યામતો છે કે નહીં તે અંગેના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતાં[4]. જવાબમાં જાણવા મળ્યું કે અડધાથી વધારે પરિવારો પાસે

**3.** *જન્મેલા બાળકોની સંખ્યા અંગે કોઈ માહિતી એકત્ર કરવામાં નહોતી આવી. પણ કુટુંબોના બંધારણના આધારે એ સ્પષ્ટ થાય છે કે મોટાભાગના યુગલોએ વધુમાં વધુ બે બાળકોની પસંદગી કરી છે.*

**4.** *કુલ મળીને ૭૦ પરિવારોએ કોષ્ટક-૨ માં દર્શાવેલ ક્રમાંક ૮ થી ૧૩માં જણાવેલ અસ્ક્યામતો અંગે માહિતી ન આપવાનું નક્કી કર્યું હતું. તેથી, કોષ્ટકમાં દર્શાવેલ અસ્ક્યામતો ધરાવનારા પરિવારોની ટકાવારી કાઢતી વખતે આ ૭૦ પરિવારોની બાદબાકી કરી હતી. અમે એ ન જાણી શક્યા કે માહિતી ન આપનારા આ ૭૦ પરિવારો કોઈ ચોક્કસ પેટાજૂથના છે અથવા નહીં. જો આવું હોય તો પરિણામો તે હદ સુધી પક્ષપાતી હશે.*

કાર છે. ઉપરાંત, ૮૩ ટકા પરિવારો પાસે સ્કુટર અથવા બાઈક છે. વાહનોની માલિકીનું આ પ્રમાણ દર્શાવે છે કે મોટાભાગના પરિવારો માટે આવ-જા કરવી સરળ બને છે.

વધુમાં, ૮૦ ટકા પરિવારો પાસે ઘરમાં ઓછામાં ઓછું એક એર કંડિશનર છે. ઘર દીઠ સરેરાશ ૨ એર કંડિશનર છે. લગભગ અડધા પરિવારો પાસે લેપટોપ છે, જે કેટલાક સભ્યોના ઉચ્ચ શૈક્ષણિક સ્તરને દર્શાવે છે. સંભવ છે કે કોવિડ-૧૯ અને લોકડાઉન દરમિયાન કેટલાક સભ્યોને ઘરેથી કામ કરવું પડ્યું હોય અને તેથી કામ ચાલુ રાખવા માટે કોમ્પ્યુટર અથવા લેપટોપ આવશ્યક બની ગયું હોય. ૯૩ ટકા પરિવારો પાસે રેફ્રિજરેટર હોવું એ દર્શાવે છે કે કચ્છના જૈન પરિવારો કેવી સુખ-સગવડો માણી રહ્યાં છે. ઉપરાંત, ૮૮ ટકા પરિવારો પાસે વાશિંગ મશીનની માલિકી એ દર્શાવે છે કે કપડા ધોવા માટે ઘરઘાટી પરની નિર્ભરતા ઓછી થઇ છે.

**કોષ્ટક-૨ : કચ્છી જૈન કુટુંબોની કેટલીક મહત્ત્વની માહિતી**

| ક્રમાંક | કુટુંબ સ્તરની માહિતી | સંખ્યા / % / સરેરાશ |
|---|---|---|
| ૧. | સર્વે થયેલ કુલ કુટુંબોની સંખ્યા | ૭૫૩ |
| | અમદાવાદમાં સર્વે થયેલ કુટુંબોની સંખ્યા | ૭૦૦ |
| | ગાંધીનગરમાં સર્વે થયેલ કુટુંબોની સંખ્યા | ૫૩ |
| ૨. | સર્વે થયેલ કુટુંબોની કુલ વસ્તી | ૩૦૧૦ |
| ૩. | કુટુંબનું સરરાશ કદ | ૪.૦ |
| ૪. | ઘરની માલિકી | |
| | પોતાના ઘર/એપાર્ટમેન્ટમાં રહેતાં કુટુંબોની ટકાવારી | ૮૫.૪ |
| | KJSS દ્વારા આપેલ ઘરોમાં રહેતાં કુટુંબોની ટકાવારી | ૪.૯ |
| | ભાડાના ઘરમાં રહેતા કુટુંબોની ટકાવારી | ૯.૭ |
| ૫. | પીવાના પાણી માટે RO અથવા ઍક્વાગાર્ડ ધરાવતા કુટુંબોની ટકાવારી | ૭૮.૯ |
| ૬. | રાંધવા માટેના બળતણનો પ્રકાર | |
| | ગેસ પાઈપ લાઈન ધરાવતા કુટુંબોની ટકાવારી | ૭૯.૦ |
| | LPG ગેસ સિલિન્ડર ધરાવતા કુટુંબોની ટકાવારી | ૨૦.૮ |
| ૭. | કુટુંબ દીઠ મોબાઈલ ફોનની સંખ્યા | ૩.૦ |
| ૮. | કાર ધરાવતા કુટુંબોની ટકાવારી | ૫૩.૩ |
| ૯. | સ્કૂટર / બાઈક ધરાવતા કુટુંબોની ટકાવારી | ૮૩.૦ |
| ૧૦. | એર કંડિશનર ધરાવતા કુટુંબોની ટકાવારી | ૭૯.૯ |
| ૧૧. | કમ્પ્યુટર/લેપટોપ ધરાવતા કુટુંબોની ટકાવારી | ૪૯.૭ |
| ૧૨. | રેફ્રિજરેટર ધરાવતા કુટુંબોની ટકાવારી | ૯૩.૧ |
| ૧૩. | વોશિંગ મશીન ધરાવતા કુટુંબોની ટકાવારી | ૮૮.૪ |

★ *ટકાવારી ૬૮૩ કુટુંબોએ આપેલ જવાબો પર આધારિત છે.*

## છ કચ્છી જૈન પેટા સમુદાયોના પરિવારોની મુખ્ય લાક્ષણિકતાઓ :

અગાઉ દર્શાવ્યા મુજબ, અમદાવાદ-ગાંધીનગર વિસ્તારમાં રહેતાં કચ્છી જૈન સમુદાયની આર્થિક સ્થિતિ તે વિસ્તારમાં

રહેતાં અન્ય કુટુંબોની સરખામણીમાં ઘણી સારી છે. જો કે આ અંગે ઘણા લોકો દલીલ કરી શકે છે. જૂથની અંદર અથવા જૂથો વચ્ચે તફાવતો હોઈ શકે છે પણ સમગ્ર રીતે કચ્છી જૈન સમુદાય સમૃદ્ધ જોવા મળે છે. કચ્છી જૈન સમાજના આગેવાનો માટે આ તફાવતો ઓળખવા જરૂરી છે કે જેથી તેઓ જરૂરિયાતવાળા જૂથો અને વ્યક્તિઓ માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓનું આયોજન કરી શકે. તેથી અમે આ છ પેટા-જૂથો માટે, કે જે ફિરકાઓ તરીકે પણ જાણીતા છે, અલગથી થોડાક આર્થિક પરિબળોને ચકાસ્યા છે.

કોષ્ટક-૨ પરથી સ્પષ્ટ થાય છે કે લગભગ ૮૦% થી વધુ કુટુંબો પાસે પાણી શુદ્ધ કરવાના ઉપકરણો, ડાયરેક્ટ ગેસ પાઈપ લાઈન અથવા એલપીજી સિલિન્ડર, સ્કૂટર/ બાઈક, રેફ્રિજરેટર અને વોશિંગ મશીનો છે. ત્રણ નિર્ણાયક પરિબળો કે જે અલગથી તપાસવામાં આવ્યા છે, તે છે ઘરની માલિકી, ઓરડાઓની સંખ્યા અને ઓછામાં ઓછી એક કાર અથવા ચાર પૈડાવાળા વાહનની માલિકી. છ જૂથો માટે આ પરિબળો અંગેની માહિતી કોષ્ટક-૩માં રજૂ કરવામાં આવી છે.

વાગડ સમુદાયના (બંને ફિરકા) કુટુંબોનું સરેરાશ કદ ૪.૮ છે, જે અન્ય ચાર ફિરકાઓ દ્વારા જણાવેલ સંખ્યા કરતા એક વધુ છે. શક્ય છે કે કેટલાક વાગડ પરિવારોમાં પરિણીત પુત્રો તેમના માતા પિતા સાથે રહેતા હોય. વધુમાં, કોષ્ટક-૩ માં દર્શાવ્યા મુજબ, એકંદરે ગૂર્જર વીસા જૂથ અન્ય કચ્છી જૂથોની સરખામણીમાં વધુ સમૃદ્ધ જણાય છે. જૂથો વચ્ચેના તફાવતો બહુ મોટા નથી. તેમ છતાં, લગભગ ૯૪ ટકા કચ્છી ગૂર્જર વીસા કુટુંબો તેમના પોતાના મકાન અથવા એપાર્ટમેન્ટમાં રહે છે જયારે આ પ્રમાણ અન્ય જૂથોમાં ૬૪ થી ૯૦ ટકા જેટલું છે. માત્ર એક ગૂર્જર વીસા કુટુંબે જણાવ્યું હતું કે તે સમાજ દ્વારા આપેલ આવાસમાં રહે છે. વધુમાં, અન્ય જૂથોની સરખામણીમાં વધુ પ્રમાણમાં (૮૧%) ગૂર્જર વીસા પરિવારો મોટા મકાનો અથવા એપાર્ટમેન્ટમાં રહે છે, જેમાં સામાન્ય રીતે ચાર અથવા વધુ ઓરડાઓ હોય છે. ગૂર્જર દસા સમુદાય બીજા છેડે જણાય છે. આ સમુદાયના ૮૦% કુટુંબો પોતાના ઘરની માલિકી ધરાવે છે અને લગભગ ૧૧% કુટુંબો સમાજે આપેલ આવાસોમાં રહે છે. આ પ્રમાણ તમામ જૂથોમાં સહુથી વધુ છે. આ જૂથના ચોથા ભાગના કુટુંબો ૧ થી ૩ ઓરડાઓમાં (રસોડા સહિત) રહે છે. સમાજ દ્વારા બાંધવામાં આવેલા એક બેડરૂમવાળા એપાર્ટમેન્ટમાં રહેવા ઉપરાંત, આ જૂથના ઘણા કુટુંબો નાના આવાસો ધરાવે છે અથવા ભાડાના મકાનમાં રહે છે. આવાસની માલિકી અને તેના કદમાં જોવા મળતાં આ તફાવતો વિવિધ પેટા-જૂથોની આર્થિક સ્થિતિ દર્શાવે છે.

જયારે એકંદરે, અડધાથી વધુ પરિવારો પાસે કાર છે. પેટા-જૂથો વચ્ચે કેટલીક રસપ્રદ ભિન્નતાઓ પણ જોવા મળે છે. કાર ધરાવતા ગૂર્જર દસા અને વાગડ-૨ જેવા નાના ફિરકાઓના પરિવારોની ટકાવારી ૬૯ થી ૭૩ છે, એટલે કે ચારમાંથી લગભગ ત્રણ પરિવારો પાસે કાર છે. બીજી તરફ, ૧૦ માંથી ૬ ગૂર્જર વીસા પરિવારો પાસે કાર છે. કચ્છી વીસા અને દસા પરિવારોમાં આ ટકાવારી સહુથી ઓછી, લગભગ ૫૦% છે. એકદરે, સંખ્યાની દૃષ્ટિએ નાનું હોવા છતાં, ગૂર્જર વીસા જૂથની જેમજ, ગૂર્જર દસા જૂથ પણ અન્ય જૈન જૂથોની સરખામણીમાં આર્થિક રીતે વધુ સધ્ધર જણાય છે. તેમની આર્થિક સુખાકારી મોટેભાગે એ હકીકતને કારણે છે કે તે જૂથના ઘણા સભ્યો ઊંચા પગારવાળી નોકરીઓમાં છે અથવા વ્યવસાયિકો છે. પગારદાર નોકરીઓ ધરાવતા સમગ્ર સમુદાયના ૨૦% પુરુષો અને સ્ત્રીઓની સરખામણીમાં ગૂર્જર દસા જૂથમાં આ ટકાવારી ૪૧% અથવા બમણી છે. ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોવાથી આ જૂથના સભ્યો ઉચ્ચ જીવન ધોરણ મેળવી શક્યા છે. એવી પણ શક્યતા છે કે તેઓએ ભારતના અન્ય શહેરી વિસ્તારોમાંથી અમદાવાદમાં સ્થળાંતર કર્યું, જ્યાં તેમને સમુદ્ધિની વધુ સારી તકો જોવા મળી.

**કોષ્ટક-૩ : અમદાવાદમાં રહેતા કચ્છી જૈન જૂથોની કેટલીક લાક્ષણિકતાઓ**

| લાક્ષણિકતાઓ | કચ્છી વીસા | કચ્છી દસા | ગૂર્જર વીસા | ગૂર્જર દસા | વાગડ ૭ ચોવીસી | વાગડ ૨ ચોવીસી | બધા |
|---|---|---|---|---|---|---|---|
| કુટુંબોની સંખ્યા | ૨૮૧ | ૧૬૯ | ૯૪ | ૨૨ | ૧૨૯ | ૫૮ | ૭૫૩ |
| કુલમાંથી % | ૩૭.૩ | ૨૨.૪ | ૧૨.૫ | ૨.૯ | ૧૭.૧ | ૭.૭ | ૧૦૦.૦ |
| સભ્યોની સરેરાશ સંખ્યા | ૩.૭ | ૪.૦ | ૩.૭ | ૩.૧ | ૪.૮ | ૪.૮ | ૪.૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| *ઘરની માલિકી* | | | | | | | |
| પોતાનું | ૯૦.૦ | ૮૦.૪ | ૯૩.૬ | ૮૧.૮ | ૮૬.૭ | ૬૩.૮ | ૮૫.૪ |
| ભાડાનું | ૬.૪ | ૮.૯ | ૫.૩ | ૧૮.૨ | ૭.૦ | ૩૬.૨ | ૯.૭ |
| KJSS | ૩.૬ | ૧૦.૭ | ૧.૧ | ૧.૦ | ૬.૩ | – | ૪.૯ |
| *ઘરનું કદ* | | | | | | | |
| ૧ થી ૩ રૂમ (રસોડા સાથે) | ૨૨.૦ | ૨૫.૮ | ૫.૬ | ૯.૦ | ૧૩.૩ | ૩.૬ | ૧૭.૪ |
| ૪–૫ રૂમ | ૫૯.૫ | ૬૩.૪ | ૮૧.૧ | ૭૭.૩ | ૬૭.૯ | ૮૪.૨ | ૬૭.૧ |
| ૫ થી વધારે રૂમ | ૧૮.૬ | ૧૦.૮ | ૧૩.૩ | ૧૩.૬ | ૧૮.૮ | ૧૨.૩ | ૧૫.૫ |
| ઓછામાં ઓછી એક કાર ધરાવતા કુટુંબોની ટકાવારી | ૪૭.૭ | ૫૦.૦ | ૫૯.૫ | ૭૨.૭ | ૫૪.૪ | ૬૮.૬ | ૫૩.૩ |

## કચ્છી જૈન વસ્તીની વય-રચના

અલગ અલગ મોડ્યુલમાં એકત્ર કરવામાં આવેલા સમુદાયના ચાર વ્યાપક વય-જૂથોની રૂપરેખાની ચર્ચા કરતાં પહેલા, કચ્છી જૈનોની સમગ્ર વસ્તીની વય-રચનાને સમજવી જરૂરી છે. વય-રચના અથવા વય-બંધારણનો અભ્યાસ વસ્તીમાં બાળકો, કિશારો, યુવાનો, આધેડ અને વૃદ્ધોની ટકાવારી જાણવામાં મદદરૂપ થાય છે. તે તાજેતરના પ્રજનન અને મૃત્યુદરના ઈતિહાસ ને પણ પ્રતિબિંબિત કરે છે. અન્ય વસ્તીના વય-માળખા સાથેની સરખામણી એ સમજવામાં મદદ કરે છે કે સમુદાય તેની પ્રજનન ક્ષમતા (અને અમુક અંશે મૃત્યુદરના અનુભવો) ના સંદર્ભમાં કઈ સ્થિતિમાં છે.


૨૦૨૩માં હાથ ધરાયેલ અમારા સર્વે મુજબ અમદાવાદમાં વસતા કચ્છી જૈન વસ્તીની વય-રચનાની સરખામણી ૨૦૧૧ની ગુજરાતની વસ્તીની વય-રચના (નવીનતમ ઉપલબ્ધ સત્તાવાર માહિતી) અને ૨૦૨૨ની ઑસ્ટ્રેલિયાની વસ્તીની વય-રચના સાથે કરવામાં આવી છે. ઑસ્ટ્રેલિયા એક વિકસિત રાષ્ટ્ર છે. નીચેના કોષ્ટક-૪ અને લાઈન ચાર્ટમાં આપવામાં આવેલ માહિતી દર્શાવે છે કે કચ્છી જૈન વસ્તીનું વય-બંધારણ ગુજરાત કરતા પણ અલગ છે. પણ મોટાભાગે ઑસ્ટ્રેલિયાની વસ્તી સાથે મળતું આવે છે. કચ્છી જૈન વસ્તીમાં ૦ – ૯ વર્ષની વયના બાળકોનું પ્રમાણ ૭.૫% છે, જે ગુજરાત અને ઑસ્ટ્રેલિયા – બંનેની વસ્તી કરતાં ઓછું છે. ગુજરાતની વસ્તીમાં બાળકોનું પ્રમાણ લગભગ ૧૯% જેટલું છે. આ હકીકત એ દર્શાવે છે કે કચ્છી જૈન સમુદાયના લોકો માત્ર એક કે બે બાળકો જ પસંદ કરે છે.

વય-માળખાના બીજા છેડે ૭૦ વર્ષ અથવા તેથી વધુ વયના લોકોનું પ્રમાણ કચ્છી જૈનોમાં ૧૧% જેટલું છે જયારે ગુજરાતની વસ્તીમાં આ પ્રમાણ માત્ર ૩% છે. હકીકતમાં, વસ્તીમાં વૃદ્ધોની ટકાવારી ઑસ્ટ્રેલિયા જેવી જણાય છે. જો આવું વલણ ચાલુ રહે તો તે સમુદાયના ભવિષ્ય માટે સારું નથી. કેમકે તે સૂચવે છે કે વસ્તીમાં વૃદ્ધોનું પ્રમાણ વધતું રહેશે, જેવું પશ્ચિમી યુરોપિયન દેશોમાં થયું છે. જયારે રાષ્ટ્ર વૃદ્ધોની તમામ જરૂરિયાતોની કાળજી લઇ શકતું નથી, ત્યારે તેઓએ તેમના સ્વાસ્થ્ય, નાણાંકીય અને ભાવનાત્મક જરૂરિયાતો માટે તેમના બાળકો પર નિર્ભર રહેવું પડશે. ઓછા બાળકો અને નાના પરિવારો વૃદ્ધો માટેના સપોર્ટ-સિસ્ટમને નબળું પાડે છે. માત્ર એક કે બે બાળકો હોવાનો અર્થ એ છે કે ઓછા ભાઈ-બહેનો અને વિસ્તૃત પરિવારના ઓછા સભ્યો, જેમની પાસે વૃદ્ધો સહાય /સપોર્ટ માટે જઈ શકે. ઓછા બાળકો અને વસ્તીમાં વૃદ્ધોની વધતી સંખ્યાના નકારાત્મક સામાજિક પરિણામો સમય સાથે ઉજાગર થાય છે.

**કોષ્ટક-૪ : ગુજરાત, ઑસ્ટ્રેલિયા અને કચ્છી જૈનોની વસ્તીનું ૧૦-૧૦ વર્ષના વય-સમૂહોમાં વિતરણ**

| વય સમૂહ | ગુજરાત ૨૦૧૧ | ઑસ્ટ્રેલિયા ૨૦૨૨ | કચ્છી જૈન ૨૦૨૩ |
|---|---|---|---|
| ૦-૯ વર્ષ | ૧૮.૬ | ૧૨.૦ | ૭.૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૦-૧૯ વર્ષ | ૧૯.૭ | ૧૨.૨ | ૯.૭ |
| ૨૦-૨૯ વર્ષ | ૧૮.૩ | ૧૩.૩ | ૧૨.૪ |
| ૩૦-૩૯ વર્ષ | ૧૫.૧ | ૧૪.૬ | ૧૫.૮ |
| ૪૦-૪૯ વર્ષ | ૧૧.૯ | ૧૨.૮ | ૧૩.૭ |
| ૫૦-૫૯ વર્ષ | ૭.૯ | ૧૨.૩ | ૧૪.૬ |
| ૬૦-૬૯ વર્ષ | ૪.૮ | ૧૦.૭ | ૧૫.૨ |
| ૭૦-૭૯ વર્ષ | ૨.૨ | ૭.૮ | ૭.૭ |
| ૮૦+ | ૦.૯ | ૪.૩ | ૩.૨ |




## ૬-૧૪ વય-જૂથના બાળકોની રૂપરેખા

એ એક જાણીતી વાત છે કે ભારતમાં દરેક જગ્યાએ જૈન સમુદાયના કુટુંબોનું સરેરાશ કદ નોંધપાત્ર રીતે ઘટ્યું છે. કેટલાકને એવી પણ ભીતિ છે કે પારસીઓની જેમ જૈનોની વસ્તી પણ ક્રમિક રીતે ઘટી રહી છે અને તેઓ વસ્તી વૃદ્ધિના નકારાત્મક દરનો પણ અનુભવ કરી રહ્યાં છે. શહેરી જીવન, ઉચ્ચ શૈક્ષણિક સ્તર, પોતાના માટે અને તેમના થોડા બાળકો માટે જીવનની ગુણવત્તા વિષેની આકાંક્ષાઓ જેવા પરિબળોની અસર હેઠળ યુગલો હવે થોડા બાળકોની ઈચ્છા રાખે છે.

અમારા સર્વે મુજબ, ૭૫૩ પરિવારોની કુલ ૩૦૧૦ ની વસ્તીમાં ૬-૧૪ વર્ષના બાળકોની સંખ્યા ૨૦૬ છે જે કુલ વસ્તીના માત્ર ૬.૮% છે (જુઓ કોષ્ટક-૫). આની સરખામણીમાં, ભારતમાં ૫-૧૪ વર્ષના બાળકોનું પ્રમાણ વસ્તીના લગભગ ૧૩% જેટલું છે. કચ્છી જૈનોમાં બાળકોનું પ્રમાણ ચિંતાજનક રીતે ઓછું છે અને તે સૂચવે છે કે જૈન સમુદાય નકારાત્મક વૃદ્ધિ તરફ વધી રહ્યો છે. બીજું એક વ્યાપક અવલોકન એ પણ છે કે કેટલાક યુવાઓ અન્ય સમુદાયમાંથી જીવન સાથીની પસંદગી કરે છે. તેથી તેઓ અને તેમના બાળકો જૈન સમુદાયના સભ્ય ગણાતા નથી. બિન કચ્છી જૈન છોકરાઓ સાથે લગ્ન કરતી છોકરીઓ અને તેમના બાળકો સમુદાયના સભ્ય તરીકે નથી ગણાતા. બાળકો બીજી કોઈ જગ્યાએ સ્થળાંતરીત થયા હોય, તે જાણવા માટે અમે એમ પૂછેલું કે શું ઘરનું કોઈ બાળક અન્ય સંબંધી સાથે દૂર રહેતું હોય અથવા બોર્ડિંગ સ્કૂલમાં હોય અને તેથી પરિવારના સભ્ય તરીકે તેની ગણતરી ન થઈ હોય. સર્વેક્ષણના સમયે એવું કોઈ બાળક ન હતું જે પરિવારથી દૂર રહેતું હોય.

કોષ્ટક-૫, આ સાધન-સંપન્ન સમુદાયના બાળકોની દૈનિક પ્રવૃત્તિઓની એક ઝલક આપે છે. તારણો છોકરાઓ અને છોકરીઓ માટે અલગથી રજૂ કરવામાં આવ્યાં છે. તમામ બાળકોમાંથી ૯૦% બાળકો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરે છે. છોકરાઓ અને છોકરીઓ માટે આ પ્રમાણ ક્રમશઃ ૯૬ અને ૮૫ ટકા છે. આ તફાવત એવા છોકરાઓ અને છોકરીઓની ટકાવારીમાં પણ પ્રતિબિંબિત થાય છે કે જેમને શાળા દ્વારા આપેલ અસાઇનમેન્ટ અથવા હોમવર્ક કરવામાં મદદની જરૂર હોય છે અને જેઓ વધારાની કોચિંગ માટે ટ્યુશન ક્લાસ અથવા ખાનગી શિક્ષક પાસે ભણે છે. છોકરીઓ કરતાં છોકરાઓને આ વધારાના પ્રયત્નોની જરૂર છે, કેમ કે અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણતા છોકરાઓને તેમના મા-બાપ કોચિંગ આપી શકતા નથી. ગુજરાતી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરતી છોકરીઓને કદાચ વધારાના કોચિંગની જરૂર નથી.

ટેલીવિઝન અને મોબાઈલ ફોનના ઉપયોગ અંગેના પ્રશ્નોના જવાબમાં, સર્વેના પરિણામો દર્શાવે છે કે બધા બાળકોમાંથી ૯૩% બાળકો ટેલીવિઝન જુએ છે અને દરરોજ લગભગ ૨ કલાકનો સમય કાર્ટુન અને સ્પોર્ટ્સ ચેનલો જોવામાં ગાળે છે. આ સંદર્ભમાં, છોકરાઓ અને છોકરીઓ વચ્ચે ખાસ તફાવત જોવા મળતો નથી. અહિંયા, એ નોંધવું પણ રસપ્રદ છે કે છોકરાઓ કરતાં વધુ પ્રમાણમાં છોકરીઓ ટીવી જોવામાં બે કલાકથી વધુ સમય પસાર કરે છે. શક્ય છે કે છોકરીઓ કરતાં વધુ છોકરાઓ અન્ય બાળકો સાથે રમવા, સાઈકલ ચલાવવા, ક્રિકેટ રમવા વગેરે માટે બહાર જતાં હોય. મોબાઈલ ફોન પર વિતાવેલા સમયના સંદર્ભમાં પણ છોકરાઓ અને છોકરીઓ વચ્ચે થોડો તફાવત જોવા મળે છે. છોકરીઓ મોબાઈલ ફોન પર વધુ સમય વિતાવે છે. આનું એક કારણ એ પણ હોઈ શકે કે છોકરીઓ તેમના ભાઈઓ કરતાં ઘર સાથે વધુ ગાઢ રીતે જોડાયેલ હોય છે. છોકરાઓ અને છોકરીઓ બંને, મોબાઈલ ફોનનો ઉપયોગ વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પર મિત્રો સાથે ચેટ કરવા માટે કરતા હોય છે.

**કોષ્ટક-૫ : ૬ થી ૧૪ વર્ષના બાળકોને લગતી વિગતો**

| ક્રમાંક | બાળકો અંગેની વિગતો | છોકરાઓ | છોકરીઓ | બધા |
|---|---|---|---|---|
| ૧. | ૭૫૩ કુટુંબોમાં બાળકોની સંખ્યા | ૧૦૧ | ૧૦૫ | ૨૦૬ |
| ૨. | ૬-૧૪ વર્ષના બાળકો વિનાના કુટુંબોની સંખ્યા અને ટકાવારી | | | ૫૮૮ (૭૮.૧) |
| ૩. | તમામ ૩૦૧૦ની વસ્તીમાં ૬-૧૪ વર્ષના બાળકોની ટકાવારી | | | ૬.૮ |
| ૪. | સર્વે કરાયેલ બાળકોની સરેરાશ ઉંમર | | | ૧૦.૩ |
| ૫. | અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણતા બાળકોની ટકાવારી | ૯૬.૦ | ૮૪.૮ | ૯૦.૩ |
| ૬. | બાળકને ભણવામાં મદદ કરનારાની ટકાવારી (હોમવર્ક પૂરું થયું છે તેની ખાતરી કરવા માટે) | ૮૫.૧ | ૭૭.૧ | ૮૧.૧ |
| ૭. | ટ્યુશન ક્લાસમાં જતાં બાળકોની ટકાવારી | ૫૫.૪ | ૪૬.૭ | ૫૧.૧ |
| ૮. | અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા બાળકોની ટકાવારી | ૮૫.૧ | ૭૧.૪ | ૭૮.૨ |
| ૯. | KJSSની પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા બાળકોની ટકાવારી | | | ૧૮.૨ |
| ૧૦. | રોજ ટી.વી. જોનારા બાળકોની ટકાવારી | ૯૧.૧ | ૯૪.૩ | ૯૨.૭ |
| ૧૧. | ટીવી જોનારાઓમાંથી, ૬૦ મિનિટથી વધુ જીનારાઓની ટકાવારી | ૮૨.૬ | ૯૦.૬ | ૮૬.૯ |
| ૧૨. | મોબાઈલ ફોનનો ઉપયોગ કરનારા બાળકોની ટકાવારી | ૮૭.૧ | ૮૩.૮ | ૮૫.૬ |
| ૧૩. | મોબાઈલ ફોનનો ઉપયોગ કરનારા બાળકોમાંથી ૬૦ મિનિટથી વધુ ઉપયોગ કરનાર બાળકોની ટકાવારી | ૬૨.૫ | ૭૫.૦ | ૬૮.૫ |
| ૧૪. | પાઠ્ય પુસ્તકો સિવાય બીજા પુસ્તકો વાંચનારા બાળકોની ટકાવારી | ૪૬.૫ | ૪૭.૬ | ૪૭.૧ |

તમામ બાળકોમાંથી અડધા બાળકો પણ તેમની શાળાના પાઠ્ય પુસ્તકો સિવાયનો પુસ્તકો વાંચતા નથી. બાળકો માટે પુસ્તકો ખરીદવાની અથવા પુસ્તકાલયોમાંથી વાંચવા માટે પુસ્તકો લાવવાની કોઈ પરંપરા જણાતી નથી. એ વાત પણ સ્પષ્ટ નથી કે જે શાળાઓમાં આ બાળકો જાય છે ત્યાં પુસ્તકોનો પૂરતો સંગ્રહ છે અથવા બાળકોને શાળાના પુસ્તકાલયમાંથી વાંચવા માટે પુસ્તકો લઈ જવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અથવા નહીં. બાળકના જન્મ દિવસ પર પુસ્તકો ભેટ આપવાની પ્રથા સમુદાયના મોટા ભાગના માતા-પિતા અનુસરતા હોય, તેમ લાગતું નથી.

## ૧૫ થી ૩૦ વર્ષની વયના યુવાનોની રૂપરેખા

સર્વે દરમિયાન અમે ૧૫-૩૦ વર્ષના વય-જૂથના સમુદાયના યુવા સભ્યોને તેમના અભ્યાસ, આશાઓ, ધંધા-રોજગારમાં પ્રવેશ અંગેના કેટલાક પ્રશ્નો પૂછ્યા હતાં. યુવાઓ દ્વારા પ્રાપ્ત કરેલ શિક્ષણ અંગેની માહિતી દર્શાવે છે કે માત્ર ૯% યુવાનોએ ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલો (જુઓ કોષ્ટક-૬), લગભગ ૩૦% યુવાનો ઉચ્ચ શાળાની ઉપરની શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરે છે અને લગભગ ૩૫% યુવાનોએ ટેકનિકલ ડિપ્લોમા અથવા કોલેજ સ્તરનું શિક્ષણ મેળવ્યું છે જેમાં અનુસ્નાતક સ્તરનું શિક્ષણ પણ સામેલ છે. અર્થાત ૬૩% યુવાનોએ ઉચ્ચ શિક્ષાણ મેળવ્યું છે અથવા ટૂંક સમયમાં મેળવશે. શહેરી ગુજરાતમાં પ્રવર્તતી સ્થિતિની સરખામણીમાં આ તારણો ખૂબજ નોંધપાત્ર અને હકારાત્મક છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, શહેરી ગુજરાતમાં ૧૫-૨૯ વર્ષના વય જૂથમાં, માત્ર ૨૦% પુરુષો અને ૨૧% સ્ત્રીઓએ ટેકનિકલ શિક્ષણ મેળવ્યું હતું અથવા સ્નાતક હતા અથવા સ્નાતકોત્તર શિક્ષણ મેળવ્યું હતું.

શૈક્ષણિક યોગ્યતાના સંદર્ભમાં, યુવકો અને યુવતીઓ વચ્ચે કોઈ તફાવત ન હોવાનું એ દર્શાવે છે કે તેઓ બંને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સક્ષમ છે અને શિક્ષણની જોગવાઈમાં, આ સમુદાયમાં, કોઈ લૈંગિક ભેદભાવ નથી. હકીકતમાં, છોકરાઓ કરતાં વધુ પ્રમાણમાં છોકરીઓ કોલેજ સ્નાતક છે. આનું એક કારણ એ હોઈ શકે છે કે છોકરીઓને લગ્ન ન થાય ત્યાં સુધી અભ્યાસ કરવાની છૂટ આપવામાં આવે છે અથવા તેમના પર કમાણી શરૂ કરવા માટેના અથવા માતા-પિતા તરફના કોઈ દબાણનો અનુભવ થતો નથી. જે અમુક અંશે યુવાનોને થાય છે.

અડધા યુવકો પારિવારિક વ્યવસાયમાં (૨૧%), પગારદાર (૧૮%) અથવા સ્વ-રોજગારમાં (૧૦%) રોકાયેલ હતા. ઉચ્ચ શિક્ષણ મેળવવાના પ્રવાહમાં અમે જોયું કે આ યુવકોમાંથી ૧૮ તબીબ (તબીબી પદ્ધતિને ધ્યાનમાં લીધા વિના) હતા અને ૨૯ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા. આમાંના મોટાભાગના યુવાઓએ પોતાનું દવાખાનું અથવા ફર્મ સ્થાપ્યું હશે.

**કોષ્ટક-૬ : ૧૫ થી ૩૦ વર્ષના યુવાઓની રૂપરેખા**

| ક્રમાંક | યુવાઓ વિશેની વિગતો | છોકરાઓ | છોકરીઓ | બધા |
|---|---|---|---|---|
| ૧. | ૭૫૩ કુટુંબોમાં નોંધાયેલ યુવાનોની સંખ્યા | ૩૨૦ | ૨૯૦ | ૬૧૦ |
| ૨. | કુલ વસ્તીમાં (૩૦૧૦) તેમની ટકાવારી | | | ૨૦.૩ |
| ૩. | યુવાનોની સરેરાશ ઉંમર | ૨૩.૪ | ૨૩.૭ | ૨૩.૫ |
| ૪. | ૧૦ ધોરણ સુધી ભણેલાઓની ટકાવારી | ૮.૮ | ૯.૩ | ૯.૦ |
| ૫. | ૧૨ ધોરણથી વધુ શિક્ષણ લઈ રહેલાઓની ટકાવારી | ૨૯.૦ | ૨૭.૨ | ૨૮.૨ |
| ૬. | ૧૨ ધોરણથી વધુ શિક્ષણ મેળવેલની ટકાવારી | ૩૨.૬ | ૩૭.૭ | ૩૪.૯ |
| ૭. | સ્નાતક અનુસ્નાતક અથવા ટેકનિકલ શિક્ષણ લીધેલ અથવા લઈ રહેલાઓની ટકાવારી | ૬૧.૬ | ૬૪.૯ | ૬૩.૧ |
| ૮. | આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલાની ટકાવારી | ૪૯.૩ | ૩૦.૩★ | ૪૦.૪ |

★ એક ચતુર્થાંશ સ્ત્રીઓએ ઘરકામમાં વ્યસ્ત હોવાનું જણાવ્યું હતું. સંભવતઃ આ યુવાન પરિણીત સ્ત્રીઓ છે.

યુવાનોને અમે એમ પણ પૂછયું હતું કે શું તેઓ ધૂમ્રપાન કરે છે અથવા ગુટખા જેવા કોઈ પણ સ્વરૂપમાં તમાકુનું સેવન કરે છે? એક બે યુવાનોને બાદ કરતા બધાએ જણાવ્યું હતું કે તેઓને આવી કોઈ આદત નથી. અમે આ વાતની ચકાસણી કરવાની સ્થિતિમાં ન હતા. પણ જો આ વાત સાચી હોય તો તે એક હકારાત્મક અને સ્વસ્થ વલણને દર્શાવે છે. યુવાનોને જયારે પૂછવામાં આવ્યું કે શું તેઓ તેમની હાલની આર્થિક, સામાજિક અને વ્યક્તિગત સ્થિતિથી સંતુષ્ટ છે? ત્યારે ફરી થોડાકને બાદ કરતા બાકી બધાએ આ અંગે કોઈ સ્પષ્ટતા કરી ન હતી. આ પ્રશ્નના જવાબમાં લગભગ તમામ ઉત્તરદાતાઓએ આલોચનાત્મક વલણ અપનાવ્યું હતું. સંભવ છે કે કચ્છી જૈન યુવાનો તેમની હાલની આર્થિક સ્થિતિથી વ્યક્તિગત રીતે સંતુષ્ટ ન હોય અને જીવનમાં સ્થાયી થવાની બાબતને લઈને કુટુંબના વડીલો તરફથી દબાણનો અનુભવ કરતા હોય. પણ તેઓ અજાણ્યા અન્વેષકોને તેમની ચિંતાઓ જણાવવા તૈયાર ન હતા. તેથી, અમે તેમને પૂછ્યું કે શું તેઓ સમાજની કોઈ પણ પ્રવૃત્તિમાં ભાગ લે છે અને સમાજ તેમના માટે શું કરી શકે અથવા કયા પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરી શકે કે જે યુવાનોને ઉપયોગી થાય અને તેમના વિકાસમાં યોગદાન આપી શકે?

એ નોંધવું અગત્યનું છે કે માત્ર ૧૫% યુવાનોએ જણાવ્યું હતું કે તેઓએ સમાજ દ્વારા નિયમિત અથવા સમયાંતરે આયોજિત કોઈ પણ પ્રવૃત્તિમાં ભાગ લીધો છે. આમાંથી, ત્રણ-ચતુર્થાંશ અથવા ૭૨% યુવાનોએ જણાવ્યું હતું કે તેઓએ મુખ્યત્વે ગરબા, નાટકો અને નૃત્ય પ્રદર્શન જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે. જે યુવાનોએ કોઈ પણ પ્રવૃત્તિમાં ભાગ નહોતો લીધો તેમાંના ૭૮% એ જણાવ્યું હતું કે તેઓ તેમના કામ અથવા અભ્યાસમાં ખૂબ વ્યસ્ત હતા અને તેથી તેમની પાસે સમય ન હતો. બહુ થોડી સંખ્યામાં (૪%) ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેમને સમાજની કોઈ પણ પ્રવૃત્તિમાં રસ નથી અથવા તે તેમને કંટાળાજનક લાગે છે.

રસપ્રદ વાત એ છે કે પાલડી વિસ્તારમાં સમાજ-ભવનથી થોડાક અંતરે જ રહેતાં લોકોમાંથી કેટલાકે એવું જણાવ્યું હતું કે તેમના ઘરેથી સમાજ-ભવનનું અંતર સમાજ દ્વારા આયોજિત પ્રવૃત્તિઓમાં ભાગ લેવામાં અવરોધક બને છે. ગાંધીનગર અને બોપલમાં રહેતાં લોકોએ અંતર અને આવવા-જવાના ખર્ચને અવરોધક તરીકે ગણાવ્યાં હતાં. સમાજ-ભવનથી થોડાક અંતરે રહેતાં લોકોએ સૂચવ્યું હતું કે તેમના વિસ્તારમાં બનેલા પેટા-જૂથો વધુ સક્રિય બને અને યુવાનો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે. કદાચ યુવાનોએ પોતે જ આગેવાની લેવી જોઈએ.

જયારે અમે એ જાણવાનો પ્રયત્ન કર્યો કે તેઓને કેવી પ્રવૃત્તિઓમાં રસ છે, ત્યારે લગભગ ૮૯% યુવાનો પાસે કોઈ સૂચનો ન હતા અથવા તેઓએ જણાવ્યા ન હતા. સૂચનો આપનારા મોટાભાગના યુવાનોએ જણાવ્યું હતું કે સમાજ ઈન્ડોર તેમજ આઉટડોર ગેમ્સનું આયોજન કરી શકે છે. ટ્રેકિંગ અથવા પર્વતારોહણ અને પિકનિક જેવી પ્રવૃત્તિઓનું આયોજન પણ કરી શકાય. વધુમાં, સમાજ પુસ્તક બેંક, વક્તૃત્વ સ્પર્ધા, ટેલેન્ટ શો, પર્યાવરણ વિશેના જાગૃતિ કાર્યક્રમ અને તેની સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓનું આયોજન કરી શકે છે. નાના બાળકો માટે ચિત્રકામ અને ચિત્રકામના વર્ગો પણ સમાજ-ભવનના પરિસરમાં યોજી શકાય છે.

## • ૩૦-૬૫ વર્ષના, કામ-ધંધાની ઉંમરના વ્યક્તિઓની રૂપરેખા

આ વય-જૂથના લોકોને, લિંગ અને વૈવાહિક સ્થિતિના આધારે, ત્રણ અલગ અલગ જૂથોમાં વિભાજિત કર્યા છે. કારણકે આ વિભાજન જીવનના અલગ અલગ તબક્કાને દર્શાવે છે. આમાં, અપેક્ષાકૃત યુવા લોકો તેમની કારકિર્દી અને નાના બાળકોને ઉછેરવામાં વ્યસ્ત હોય છે જયારે ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકો તેમના બાળકોને કામ-ધંધે લગાડવામાં અને તેમના લગ્ન કરાવવામાં વ્યસ્ત હોય છે અને તે રીતે જુદી જ પ્રકારની સમસ્યાઓનો સામનો કરતા હોય છે. કોષ્ટક-૭ માં આપેલી માહિતી દર્શાવે છે કે થોડાક પુરુષો અને તેમના કરતાંય ઓછી સંખ્યામાં સ્ત્રીઓ એકલવાયું જીવન જીવે છે. પરિણીત પુરુષો અને સ્ત્રીઓનું પ્રમાણ ક્રમશઃ ૯૦ અને ૮૩ ટકા છે. જેઓ ક્યારેય પરણ્યા નથી અથવા જીવનસાથી વગરના છે, તેમની સંખ્યા ઓછી છે છતાં તેમની નાણાંકીય અને ભાવનાત્મક જરૂરિયાતો માટે થોડી તપાસ અને અપેક્ષિત પગલાં લેવાની જરૂર જણાય છે, ખાસ કરીને એવા લોકો માટે જેમની પાસે કુટુંબનું પીઠબળ ન હોય અથવા ઓછું હોય.

**કોષ્ટક-૭ : લિંગ અને વૈવાહિક સ્થિતિના આધારે ૩૦-૩૫ વર્ષના વ્યક્તિઓની ટકાવારી**

| વૈવાહિક સ્થિતિ | ૩૦-૪૪ વર્ષની ઉંમર | | ૪૫-૫૪ વર્ષની ઉંમર | | ૫૫ વર્ષથી વધારે | | બધી ઉંમરના | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| એકલા | ૧૦.૦ | ૫.૫ | ૨.૦ | ૪.૦ | ૦.૪ | ૧.૧ | ૪.૮ | ૩.૬ |
| હાલ પરિણીત | ૮૮.૭ | ૯૨.૧ | ૯૫.૫ | ૯૦.૭ | ૯૫.૮ | ૮૨.૭ | ૯૨.૮ | ૮૮.૬ |
| જુદા થયેલ | ૦.૬ | ૦.૯ | ૦.૫ | ૨.૨ | ૦.૪ | ૦.૪ | ૦.૫ | ૧.૧ |
| વિધવા | ૦.૬ | ૧.૫ | ૨.૦ | ૩.૧ | ૩.૩ | ૧૫.૮ | ૧.૯ | ૬.૮ |
| કુલ (%) | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

સર્વે હેઠળ આવરી લેવાયેલ વ્યક્તિઓમાંથી અડધાથી થોડા વધારે વ્યક્તિઓ ૩૦ થી ૬૫ વર્ષની વય-જૂથના હતાં. આ સમુદાયમાં પુરુષો અને સ્ત્રીઓ, બંનેને શિક્ષિત કરવાની પરંપરા દાયકાઓ જૂની છે અને આ હકીકત શિક્ષણને લગતા પ્રશ્નના જવાબ પરથી સ્પષ્ટ થાય છે. માત્ર ૧ પુરુષ અને ૭ મહિલાઓ જેમણે અભણ હોવાનું જણાવ્યું હતું અને ૧૬ પુરુષો અને ૪૬ સ્ત્રીઓ, જેઓ ૭ ધોરણ સુધી ભણેલા હતાં, બાકીના બધાં તે સ્તરથી વધુ ભણેલ હતાં. એ નોંધવું પણ અગત્યનું છે કે આ વય-જૂથના બે તૃતીયાંશ પુરુષો અને અડધાથી વધુ સ્ત્રીઓએ કોલેજ સ્નાતક અથવા તેથી વધુ શિક્ષણ મેળવ્યું હોવાનું જણાવ્યું છે. પુરુષો અને સ્ત્રીઓ, બંનેમાં યુવાનીના વર્ષોમાં ઉચ્ચ શિક્ષણ મેળવવું એક સામાન્ય પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવે છે, કારણ કે આ વયમાં સમુદાયના મોટાભાગના સભ્યો પર આજીવિકા મેળવવાનું કોઈ દબાણ હોતું નથી. સામાન્ય રીતે, સ્ત્રીઓને, તેમના લગ્ન ન થાય ત્યાં સુધી શિક્ષણ મેળવવાની છૂટ મળતી હોય છે.

એ નોંધવું અગત્યનું છે કે ૩૦૦૦ જેટલા સભ્યોના એક નાના સમુદાયમાં ૭૫ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. ફાઈનાન્સ અને સ્વ-રોજગારની ઝંખના ધરાવતા વ્યવસાયલક્ષી સમુદાય માટે શિક્ષણની આ શાખા ઘણા લોકો શા માટે પસંદ કરે છે તે સમજવું સરળ છે. પાર્ટ-ટાઇમ અથવા ફુલ-ટાઇમ નોકરી સહિત અન્ય પ્રવૃત્તિમાં રોકાયેલ વ્યક્તિ પણ શિક્ષણના આ પ્રવાહને અનુસરી શકે છે. એજ રીતે, સમુદાયના સભ્યો દ્વારા અનુસરવામાં આવતો શિક્ષણનો બીજો પ્રવાહ દવા (medicine) છે. અમારા સર્વેક્ષણમાં, ૧૫-૬૫ વર્ષની વયના લોકોમાં ૫૪ તબીબી ડૉકટરો (એલોપેથિક, આયુર્વેદિક અથવા હોમિઓપેથિક) નોંધાયા છે. જેમાં ૩૦-૬૫ ની વયના ૨૮ અને ૩૦ વર્ષથી ઓછી વયના ૧૬ તબીબો છે. CAનો વ્યવસાય કરનારાઓમાં સ્ત્રીઓ કરતા પુરુષોની સંખ્યા વધારે છે પણ તબીબી વ્યવસાયમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે છે. આપણે અગાઉ નોંધ્યું હતું તેમ, ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સ્ત્રીઓને પુરુષો જેટલી જ સમાન તક આપવામાં આવે છે, જે આ સમુદાયની એક આવકારદાયક લાક્ષણિકતા છે.

**કોષ્ટક-૮ : ૩૦ થી ૬૫ વર્ષની વયના સભ્યો**

| ક્રમાંક | વિગત | પુરુષ | સ્ત્રી | બધા |
|---|---|---|---|---|
| ૧. | ૭૫૩ કુટુંબોમાંથી નોંધાયેલ સભ્યો | ૭૪૦ | ૮૦૦ | ૧૫૪૦ |
| ૨. | કુલ વસ્તીમાં (૩૦૧૦) તેમની ટકાવારી | | | ૫૧.૨ |
| ૩. | દસ ધોરણ સુધી ભણેલાઓની ટકાવારી | ૨૧.૩ | ૨૮.૨ | ૨૪.૮ |
| ૪. | અનુસ્નાતક અથવા ટેકનિકલ શિક્ષણ મેળવનારાઓની ટકાવારી | ૬૪.૯ | ૫૫.૪ | ૬૦.૦ |
| ૫. | તબીબોની સંખ્યા અને ટકાવારી | ૧૨ (૧.૬) | ૧૬ (૨.૦) | ૨૮ (૧.૮) |
| ૬. | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની સંખ્યા અને ટકાવારી | ૩૧ (૪.૨) | ૧૫ (૧.૯) | ૪૬ (૩.૦) |
| ૭. | પારિવારિક અથવા પોતાના ધંધામાં રોકાયેલાની ટકાવારી | ૫૫.૭ | ૮.૧ | ૩૧.૦ |
| ૮. | પગારદાર અથવા વ્યવસાયિકોની ટકાવારી | ૩૨.૬ | ૧૩.૨ | ૨૨.૫ |
| ૯. | ઘરકામ કરનારાઓની ટકાવારી | NA | ૭૧.૨ | NA |

કોષ્ટક-૮ માં આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલ સભ્યો વિશે પણ કેટલીક માહિતી રજૂ કરવામાં આવી છે. અડધાથી વધુ પુરુષ સભ્યો તેમના પિતા અથવા વડીલોને અનુસરતા હોય તે રીતે પોતાના અથવા પારિવારિક ધંધામાં વ્યસ્ત છે. લગભગ ત્રીજા ભાગના પુરુષો કોઈ વ્યવસાય અથવા નોકરીમાં છે. ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોવા છતાં, ૭૧% મહિલાઓ પોતાને ગૃહિણી તરીકે જણાવે છે. સંભવ છે કે સ્ત્રીઓ, મોટા ભાગના પરિવારો આર્થિક રીતે સદ્ધર હોવાને કારણે, કારકિર્દી અથવા કોઈ આર્થિક પ્રવૃત્તિ પસંદ કરવાને બદલે આરામથી જીવનનો આનંદ માણવા સાથે ઘર અને બાળકોની સંભાળ લેવાનું પસંદ કરતી હોય.

જયારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ તેમની વર્તમાન નાણાંકીય અથવા સામાજિક પરિસ્થિતિથી સંતુષ્ટ છે, ત્યારે માત્ર ૫૦ સભ્યોએ જણાવ્યું કે તેઓ પ્રમાણમાં નબળી આર્થિક સ્થિતિ, પોતાનું રહેઠાણ ન હોવું અથવા ખરાબ સ્વાસ્થ્ય જેવા કારણોસર ચિંતિત અને તાણમાં હતાં. જો કે કોઈએ એવી જાણ નથી કરી કે આ ચિંતાઓ એટલી ગંભીર છે કે કોઈ વિશેષજ્ઞની મદદ લેવી પડે. તેઓ મોટાભાગે જાતે અથવા નજીકના અથવા વિસ્તૃત કુટુંબના સભ્યો સાથે ચર્ચા કરીને પોતાની સમસ્યાનું નિરાકરણ લાવે છે.

KJSS, જે અનેકવિધ પ્રવૃત્તિઓમાં સંલગ્ન છે તેમાં, અમદાવાદમાં સાત સ્થળોએ પોલીક્લિનિક, ડાયાલિસિસના કેન્દ્રો, ગેસ્ટ હાઉસ, કૌશલ્ય-વિકાસ અને નર્સિંગના કાર્યક્રમો વગેરેનો સમાવેશ થાય છે. વરિષ્ઠ નાગરિકો વાર્તાલાપ માટે એકબીજાને મહિનામાં લગભગ એક વાર મળી શકે, તે માટેની વ્યવસ્થા પણ સમાજ પ્રદાન કરે છે અને આ પ્રક્રિયામાં વૃદ્ધોને કેટલીક ઉપયોગી માહિતી અને મનોરંજન પૂરું પાડે છે. સમાજ પિકનિક અને ટૂંકી યાત્રાઓનું આયોજન પણ કરે છે. આ તમામ પ્રવૃત્તિઓનું સંચાલન સ્વૈચ્છિક ધોરણે સભ્યો દ્વારા કરવામાં આવે છે. કુશળ કામગીરી માટે કન્વીનર અને થોડા સભ્યો સાથે ૩૦થી પણ વધુ સમિતિઓની રચના કરવામાં આવી છે. ૬૭ પુરુષો અને ૭૬ મહિલાઓ, એમ કુલ ૧૪૩ વ્યક્તિઓએ જણાવ્યું કે તેઓ ઓછામાં ઓછી એક સમિતિના સભ્ય છે. કેટલાક એક કરતા વધુ સમિતિઓમાં સક્રિય છે. આ વ્યક્તિઓ ૩૦-૬૫ વર્ષની વય-જૂથના તમામ લોકોના ૧૦% જેટલા છે. આમાંના મોટાભાગના લોકો પોતાના કામ-ધંધામાં અથવા અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં પૂર્ણકાલીન વ્યસ્ત હોવા છતાં સમાજ માટે સ્વૈચ્છિક ધોરણે કામ કરે છે. તેમની, સમાજના કામ માટે સમય આપવાની આ ચેષ્ટાને બિરદાવવાની જરૂર છે. સમાજ અરજી કરનાર દરેક સભ્યને હેલ્થ કાર્ડ આપે છે જેથી તેઓ ક્લિનિકમાં ઉપલબ્ધ સ્વાસ્થ્ય સેવાઓનો રાહત દરે લાભ લઈ શકે છે. ૭૮% ઉત્તરદાતાઓએ મફત શરીર તપાસ સહિત કેટલીક સ્વાસ્થ્ય સેવાઓનો લાભ લીધો હોવાનું જણાવ્યું હતું. આ બાબત સ્વાસ્થ્ય સેવાઓની પહોંચ અને સફળતાને રેખાંકિત કરે છે. પુસ્તકાલય, વિદ્યાર્થીઓ માટે શિક્ષણ-લોન, જેવી અન્ય સેવાઓનો ઉપયોગ કરનારાઓની સંખ્યા ઘણી ઓછી છે.

## સમુદાયના વરિષ્ઠ નાગરિકોની રૂપરેખા

અમારા સર્વેક્ષણમાં નોંધાયેલ ૫૦૧ વ્યક્તિઓ ૬૫ વર્ષથી વધુ ઉંમરની હતી. જે સમુદાયની કુલ વસ્તીના ૧૬.૬% થાય છે. ભારતમાં, ૨૦૨૨ના તાજેતરના અંદાજ મુજબ ૬૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધો કુલ વસ્તીના ૭% થાય છે. દેખીતી રીતે, અમદાવાદમાં રહેતાં કચ્છી જૈન પરિવારો ઝડપથી વૃદ્ધ થઇ રહ્યા હોવાનું જણાય છે અને તેની વસ્તીનું વય-વિતરણ (age-distribution) યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવા વિકસિત દેશો સાથે સામ્યતા ધરાવે છે, જેની ઉપર ચર્ચા કરવામાં આવી છે. વધુમાં, ૬૫ વર્ષથી વધુ વયની વ્યક્તિઓમાં ૨૦% અથવા પાંચમાંથી એક વ્યક્તિ ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરની છે. અપેક્ષિત આયુમાં વધારો, પ્રજનન ક્ષમતાના સ્તરનું રીપ્લેસમેન્ટ લેવલથી નીચે આવવું – જેવા પરિબળોના કારણે સમુદાયમાં વૃદ્ધ લોકોની સંખ્યામાં વધારો થયો છે. ઘણાં વૃદ્ધોએ માત્ર સ્વાસ્થ્ય સંબંધિત ખર્ચાઓ અને અન્ય નાણાંકીય જરૂરિયાતો માટે જ નહીં, પણ ભાવનાત્મક આધાર માટે પણ તેમના બાળકો પર નિર્ભર રહેવું પડશે.

**કોષ્ટક-૬ : ૬૫+ વર્ષની વયના લોકો**

| ક્રમાંક | વિગત | પુરુષ | સ્ત્રી | બધા |
|---|---|---|---|---|
| ૧. | ૬૫+ ઉંમરના લોકોની સંખ્યા | ૨૪૭ | ૨૫૪ | ૫૦૧ |
| ૨. | કુલ વસ્તીમાં તેમની ટકાવારી | | | ૧૬.૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | ધોરણ ૧૦ સુધી ભણેલાઓની ટકાવારી | ૪૦.૫ | ૬૦.૩ | ૫૦.૫ |
| ૪. | સ્નાતક અથવા અનુસ્નાતક અથવા તકનિકી શિક્ષણ મેળવેલની ટકાવારી | ૪૨.૯ | ૨૬.૪ | ૩૪.૫ |
| ૫. | પારિવારિક અથવા પોતાના ધંધામાં રોકયેલ લોકોની ટકાવારી | ૧૬.૬ | Nil | ૮.૬ |
| ૬. | પગારદાર અથવા વ્યવસાયિકોની ટકાવારી | ૩.૬ | Nil | ૧.૮ |
| ૭. | રીટાયર્ડ લોકોની ટકાવારી | ૭૭.૭ | | ૮૮.૦ |
| ૮. | ઘરકામ કરનારાઓની ટકાવારી | | ૯૬.૯ | |

એ નોંધવું અગત્યનું છે કે ૬૫ વર્ષથી વધુ વય ધરાવતા જૂથમાં માત્ર ૧% પુરુષ અને ૪% સ્ત્રીઓ નિરક્ષર હોવાનું જણાયું છે. ૭૫ વર્ષથી વધુની ઉંમરના લોકોએ ૧૯૫૦ના દાયકામાં એટલે કે આપણો દેશ આઝાદ થયો તે પછીના તરતના સમયમાં તેમનું શાળાકીય શિક્ષણ શરૂ કર્યું હશે. ૧૯૫૧ની વસ્તી ગણતરી પ્રમાણે, ભારતમાં માત્ર ૭% સ્ત્રીઓ અને ૨૭% પુરુષો સાક્ષર તરીકે નોંધાયા હતા અને તેમાંના મોટાભાગના યુવા વય-જૂથોના હતા. તેથી આ નોંધપાત્ર બાબત છે કે સમુદાયના છોકરાઓ તેમજ છોકરીઓને શાળાએ મોકલવાની પરંપરા આઝાદી પહેલાંની છે. આટલું કહ્યા પછી, એ નોંધવું જોઈએ કે શૈક્ષણિક સ્તરના સંદર્ભમાં, વૃદ્ધોમાં, લૈંગિક તફાવત જોવા મળે છે. જયારે યુવા તરીકે પુરુષોએ તેમનું શિક્ષણ શાળા સ્તરેથી આગળ ચાલુ રાખ્યું અને વિવિધ પ્રવાહોમાં સ્નાતક બન્યા; ત્યારે ૬૦% સ્ત્રીઓએ શાળા શિક્ષણ પછીનું શિક્ષણ લેવાનું બંધ કર્યું. સંભવ છે કે ઘણી સ્ત્રીઓના લગ્ન તેમની કિશોરાવસ્થામાં આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં થયાં હશે અને તેથી તેમણે ભણવાનું છોડી દીધું હશે. તેમ છતાં, ૨૫% કરતાં વધુ મહિલાઓ સ્નાતક થયા. વ્યક્તિલક્ષી પુરાવા સૂચવે છે કે વહેલા લગ્ન થઈ ગયા હોવા છતાં કેટલીક સ્ત્રીઓએ લગ્ન પછી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું અને તેમના સપના પૂરા કર્યા.

લગભગ ૨૦% પુરુષો પોતાના અથવા પારિવારિક વ્યવસાયમાં વ્યસ્ત હતાં અથવા નોકરી કરતા હતાં. બાકીના લોકો નિવૃત્ત હતાં અને રોકાણ અથવા પેન્શન વગેરેમાંથી આવક મેળવતા હતાં. કોઈ પણ વૃદ્ધ મહિલા આર્થિક પ્રવૃત્તિમાં સંકળાયેલ ન હતી. કુલ મળીને, ૮૮% વૃદ્ધો આર્થિક રીતે નિષ્ક્રિય હતાં. એ નોંધવું પણ રસપ્રદ છે કે ૧૬% વૃદ્ધોના જણાવ્યા મુજબ, તેઓ સમાજની કેટલીક સમિતિઓમાં સભ્ય તરીકે સક્રિય રીતે ભાગ લે છે અને વધારાના ૬%ના જણાવ્યા મુજબ, તેઓ સમાજ દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપે છે. લગભગ ૮૨% વૃદ્ધો સમાજ દ્વારા સંચાલિત ક્લિનિકસમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓનો લાભ લે છે. સમાજ દ્વારા જારી કરાયેલ હેલ્થ-કાર્ડનો ઉપયોગ નિયમિત આરોગ્ય તપાસ માટે અથવા કોઈ નિષ્ણાતની સલાહ લેવાની હોય ત્યારે કરે છે. સમુદાયના સભ્યો માટે લગભગ તમામ આરોગ્ય સેવાઓ રાહત દરે ઉપલબ્ધ છે અને આ બાબત સર્વવિદિત છે.

માત્ર ૪% વૃદ્ધોએ જણાવ્યું કે તેઓ સ્વાસ્થ્ય અને પૈસાને લગતી બાબતોને કારણે ચિંતિત અને તાણમાં હોય છે. પણ આ બાબતે તેઓ તેમના પરિવારના સભ્યો અને અન્ય શુભેચ્છકો પાસેથી મદદ અથવા સલાહ લે છે. સમાજ દ્વારા લગભગ દર મહિને આયોજિત 'વયસ્ક' કાર્યક્રમ, માહિતી અને મનોરંજન સાથે વૃદ્ધોને ભેગા થવાની તક પૂરી પડે છે. આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમની મોટાભાગના વૃદ્ધો આતુરતાથી રાહ જોતા હોય છે. આ કાર્યક્રમ મિત્રતાના નવીનીકરણમાં અને નવા પરિચયો કેળવવામાં મદદ કરે છે.

સમાજ પાસેથી તમારી શી અપેક્ષાઓ છે અથવા સમાજે કઈ નવી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ? જેવા પ્રશ્નોના ઘણા રસપ્રદ જવાબો મળ્યા હતા. મોટાભાગના સૂચનો એવા હતા કે સમાજ યુવાનોને માર્ગદર્શન મળે તે માટે પરામર્શ કેન્દ્રો શરૂ કરે, બાળકો માટે શાળા ખોલે અને ઉચ્ચ શિક્ષણ માટે નાણાંકીય સહાય આપે. સમાજ આમાંની કેટલીક પ્રવૃત્તિઓમાં મહદઅંશે સંલગ્ન છે જ. શક્ય છે કે આ અંગે હાલ જે ઉપલબ્ધ છે તેના કરતાં વધુની જરૂર હોય. પોતાની જરૂરિયાતો અંગે તેઓએ મુખ્યત્વે દવાની વાત કરી. ઘણા વૃદ્ધોને સ્વાસ્થ્યને લગતી કેટલીક સમસ્યાઓ હોય છે અને તેઓને જીવનભર તબીબી સહાયની જરૂર પડતી હોય છે. સમાજ દ્વારા ખૂબજ રાહત દરે દવાઓ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે, છતાં શક્ય છે કે કેટલાક લોકોએ આ સુવિધા માટે જરૂરી લવાજમ (subscription) ન ભર્યું હોય. કેટલાક વડીલોએ એવું જણાવ્યું કે દવાઓ મફતમાં ઉપલબ્ધ હોવી જોઈએ. ઘર, એ બીજો મુદ્દો હતો. જે મુખ્યત્વે સમાજ દ્વારા બાંધવામાં આવેલ મકાનોમાં રહેતા લોકોએ ઉઠાવ્યો

હતો. એક રસપ્રદ સૂચન એ પણ હતું કે માત્ર વૃદ્ધો માટે નહીં પણ તમામ વય-જૂથોના લોકો માટેની વિવિધ સરકારી યોજનાઓ, કોણ આ યોજનાઓનો લાભ લઈ શકે અને કેવી રીતે — આ તમામ બાબતો વિશે માહિતી આપવી જોઈએ. નરોડા વિસ્તારની આસપાસ રહેતા લોકો માટે આવાસ યોજના શરૂ કરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી કેમકે અહિયા રહેતા ઘણા પરિવારો મધ્યમ વર્ગીય છે.

કેટલાક ઉત્તરદાતાઓએ, સમાજ પાસેથી તેમની વ્યક્તિગત જરૂરિયાતો અને અપેક્ષાઓની વાત કરી. કેટલાકને સિલાઈ મશીન જોઈતું હતું જેથી તેઓ ઘરે બેસીને કામ કરીને તેમની આવકમાં વધારો કરી શકે. ઓછા વ્યાજે આપવામાં આવતી રકમમાં પણ વધારો કરવાની વિનંતી કરવામાં આવી હતી. પુસ્તકાલયનો ઉપયોગ કરતા એક સભ્ય એવું ઈચ્છે છે કે પુસ્તકો રીન્યુ કરવા માટે ઓન-લાઈન વ્યવસ્થા હોવી જોઈએ જેથી પુસ્તકાલય આવવાની જરૂર ન પડે.

## ઉપસંહાર :

અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં રહેતા કચ્છી જૈન સમુદાયની ૩૦૦૦થી પણ વધુ વસ્તીની આ સામાજિક -આર્થિક સ્થિતિ અંગેની માહિતી, સંખ્યાની દૃષ્ટિએ ગુજરાતના અન્ય કોઈ પણ સ્થળ કરતાં વધારે છે. ઉચ્ચ સ્તરનું વ્યવસાયિક શિક્ષણ, વ્યાપાર કુશળતા અને આર્થિક પ્રવૃત્તિઓની વિવિધતાના પરિણામે જૈન પરિવારો ઊંચું જીવન ધોરણ માણી રહ્યાં છે. સર્વેક્ષણ દરમિયાન ઘણા લોકોએ એ પણ જણાવ્યું કે સમુદાયના સંગઠને આરોગ્ય ક્લિનિક્સની સ્થાપના કરીને રાહત દરે સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને અને કેટલાક જરૂરતમંદ પરિવારો માટે આવાસ બનાવીને સભ્યોની સુખાકારીમાં ફાળો આપ્યો છે.

સર્વેક્ષણના આંકડાઓ દર્શાવે છે તેમ, સમુદાય વૃદ્ધત્વ અને નીચો જન્મ દર જેવા ભયજનક પડકારોનો સામનો કરી રહ્યો છે. સ્થળાંતર અથવા અન્ય કોઈ પણ પરિબળોને કારણે સર્વે કરાયેલ વસ્તીની વય અને જાતિની રચનામાં કોઈ ચોક્કસ વય અથવા જાતિની વિશેષતા દેખાતી નથી. ૬૫ વર્ષથી ઉપરની લગભગ ૧૭% કચ્છી જૈન વસ્તી અને ૭૦ વર્ષથી ઉપરની ૧૧% વસ્તીનો વર્તમાન અંદાજ, ભવિષ્યમાં વૃદ્ધોની ટકાવારીમાં થનારા વધારાને દર્શાવે છે. સ્ત્રીઓ અને પુરુષો બંનેની અપેક્ષિત ઉંમર (life expectancy), જેનો અંદાજ મર્યાદિત માહિતી પરથી ન લગાવી શકાય, ખૂબ ઉંચી હોવી જોઈએ. તે જ સમયે, બાળકોની ઘટતી સંખ્યા નકારાત્મક વૃદ્ધિ દરની સંભાવનાને દર્શાવે છે. આ બંને ઘટનાઓ — વૃદ્ધોની સંખ્યામાં વધારો અને યુવા વર્ગની વસ્તીમાં ઘટાડો સમુદાય માટે આવનારા વર્ષોમાં સામાજિક, આર્થિક અને સ્વાસ્થ્યને લગતા પડકારો દર્શાવે છે. આ પડકારોને સંબોધવા માટે જીવનશૈલીમાં ફેરફારની જરૂર પડશે. કદાચ સંગઠન સક્રિય અને રચનાત્મક રીતે આ મુદ્દાઓને સંબોધી શકે.

સમુદાયના કેટલાક સભ્યોએ સંગઠન સમક્ષ મૂકેલા સૂચનોમાં એક સૂચન એ છે કે તે વૃદ્ધોને સાથે લઈને તેમના માટે કેટલીક લાભદાયી પ્રવૃત્તિઓ હાથ ધરી શકે છે. જેથી વૃદ્ધો આર્થિક રીતે થોડા સ્વતંત્ર થઈ શકે અને સાથે સાથે તેમની એકલતા પણ દૂર થાય. આની સાથે તંદુરસ્ત વૃદ્ધત્વને મજાની રીતે પ્રોત્સાહન આપવા માટે વક્તાઓને આમંત્રિત કરવાની સાથે સાથે, લોક સાહિત્યના માધ્યમો, જેમ કે નાટકો, વગેરેનો પણ ઉપયોગ કરી શકાય છે. સંગઠનના નેજા હેઠળ રચાયેલા વયસ્ક જૂથે, શહેરમાં વિવિધ પ્રકારના માધ્યમોના ઉપયોગ સાથે સંકળાયેલી વિપુલ પ્રતિભાના ઉપયોગ અંગે વિચારવું જોઈએ. વર્ષમાં એક કે બે વાર આનંદ બજારના આયોજન અંગે પણ વિચારી શકાય છે, જ્યાં વૃદ્ધોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વ્યંજનોનું પ્રદર્શન કરવામાં આવે.

એ જ રીતે જે પરિવારોના બાળકો ટેલીવિઝન અને મોબાઈલ ફોન જોવામાં ઘણાં કલાકો વેડફે છે, તેમની ઉર્જા અને સમયને બીજી દિશામાં વાળવાની જરૂર છે. શાળાના પાઠ્ય પુસ્તકો સિવાયના પુસ્તકો વાંચવાની ટેવ લુપ્ત થઈ રહી છે. માતા-પિતાએ તેમના બાળકોને પુસ્તકાલયમાંથી પુસ્તકો લેવા માટે પ્રોત્સાહિત કરવાની જરૂર છે. સમાજ બાળકો માટે પુસ્તકાલય સ્થાપવા, બાળકોને તેની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે વિચારી શકે છે. સમાજ એક કે બે એવા સ્વયં સેવકોની નિયુક્તિ અંગે પણ વિચારી શકે, જે બાળકોને વાર્તાઓ કહી સંભળાવે. તેમના માટે પુસ્તકો વાંચે અને બાળકોને કેટલીક વાર્તાઓ બનાવવા માટે પ્રોત્સાહિત કરી શકે.

એકંદરે, સમાજ તેના સભ્યોની અંતર્નિહિત પ્રતિભા અને સમયનો યોગ્ય ઉપયોગ કરી શકે છે. તે સભ્યો પાસેથી સૂચનો પણ મંગાવી શકે છે. ■

વ્યક્તિ વિશેષ

# બહુમુખી પ્રતિભા – રસપ્રદ જીવન : ફાલ્ગુની હિરેન શાહ

અશોક મહેતા

૮૦ના દાયકાની વાત છે. આપણો સમાજ એના વિકાસની પા પા પગલી માંડી રહ્યો હતો. તરવરિયા નવયુવાનો પણ જોશભેર જોડાઈ રહ્યા હતા. આગળ પડતાં ૮-૧૦ યુથમાંની એક, સમાજના તત્કાલીન પ્રમુખની દીકરી હતી. પ્રગતિશીલ વિચારોવાળા અગ્રણી દંપતીની એ દીકરીને વારસામાં તેજસ્વિતા, આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણો મળ્યાં હોય, એ સ્વાભાવિક હતું. વખત જતાં એ દીકરીને સમાજના જ સહકર્મી યુવાન સાથે મન મેળ અને વિચારમેળ થતાં, બંનેએ જીવનસાથી બનવાનું નક્કી કર્યું. બંનેના પરિવારો વચ્ચેની અસમાનતા જોઈને લોકોએ માની લીધું, કે આ છોકરીની આશાસ્પદ કારકિર્દીનો અકાળે અંત આવશે. પણ એ યુવાને તો પોતાની મમ્મીને લગ્ન પહેલાં જ વચન આપ્યું હતું, કે 'હું મારી થનાર પત્નીની બધી જ આવડતોને ખીલવા દઈશ. એને પૂરો સાથ આપીશ. અત્યારે એ જ્યાં છે, એના કરતાં એને ખૂબ આગળ લઈ જઈશ. આજે એને ખાલી સમાજ ઓળખે છે. હું આખી દુનિયામાં એના નામનો ડંકો વગાડીશ.' (એ સમયે તો ફિલ્મોમાં પણ આવો વિચાર આવ્યો ન હતો.)



ફાલ્ગુની હિરેન શાહ

પરંપરાગત ભપકાદાર લગ્નોના દૂષણોથી બચવા અને સંભવિત મનદુઃખોને ટાળવા, આ યુવક યુવતીએ ઘરે જ રજિસ્ટ્રારને બોલાવી, સાદાઈથી લગ્ન કરવાનું ઠેરવ્યું. બંને મમ્મીઓ તરફથી, માત્ર શુકનની એક-એક સાડી જ સ્વીકારીશું, એવું નમ્રતાથી પણ દ્રઢતાપૂર્વક જણાવ્યું. જીવનની આવતીકાલનો નકશો જાતકમાઈથી જ દોરવાની ઈચ્છા ધરાવતા આ યુગલે, ભવિષ્યની યોજનાઓ ઘડવાનું શરૂ કર્યું. પૈસા કમાવા જરૂરી હોવાથી, શું થઈ શકે, એના વિકલ્પો પર વિચારણા શરૂ કરી. ત્યારે અનુભવના નામે મીંડું હતું અને સમજદારીનો તો હજી એકડો ઘૂંટવાનો હતો. એટલે જે કામ આવડે છે અને ગમે છે, એ કરવું જોઈએ, એમ વિચારી, એક ગરબા ગ્રુપ શરૂ કરવાનું નક્કી કર્યું. અને ૧૯૮૯માં જન્મ થયો 'સ્પંદન'નો..

એ યુવાન એટલે હિરેન કુંવરજી શાહ અને યુવતી એ ફાલ્ગુની ચંદ્રકાંત દેઢિયા. સ્પંદન તેમનું પ્રથમ બાળક. જો કે તેમણે સ્વપ્નેય વિચાર્યું ન હતું, કે પૈસો કમાવાના આશયથી શરૂ થયેલ સ્પંદનની સાથે જ, ભારતીય લોક સંસ્કૃતિ અને પરંપરાઓના મૂલ્યના સંરક્ષણ - સંવર્ધનની એક નવી સફર પણ શરૂ થઈ જશે. 'સ્પંદન' એટલે કે 'હૃદયના ધબકાર', શાંત જળમાં ઉઠતા તરંગો... સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ, વ્યક્તિના હૃદયના ધબકારા જેટલો શુદ્ધ અને સતત હોવો જોઈએ, એ અનિવાર્યતા સાથે તેમણે સંસ્થાને આપેલું નામ યથાર્થ થઈ ગયું – 'સ્પંદન.'

કલા સંસ્થા સ્પંદનની શરૂઆત અમદાવાદ શહેરમાં માત્ર ૨૨ લોકોના નાના જૂથ સાથે કરવામાં આવી હતી. જેમાં ૩ વર્ષની બાળાથી માંડીને ૫૦ વર્ષના નૃત્ય શોખીનોને ભારતીય લોક નૃત્યોની તાલીમ આપવી શરૂ થઈ. નાના પાયે કરેલી શરૂઆત બાદ, અમદાવાદ શહેરના વધુ ઉપનગરોમાં અને બાદમાં સુરત અને વડોદરા, એમ ગુજરાતના બે અલગ-અલગ શહેરોમાં પણ સ્પંદનની શાખાઓ શરૂ થઈ. આગળ વધતા, એમની ખ્યાતિ એમને પડોશી રાજ્યોમાં લઈ ગઈ, જ્યાં તેમણે ત્યાંના નિવાસી ગુજરાતીઓને પણ આપણી માતૃભૂમિની સંસ્કૃતિનો સ્વાદ ચખાડ્યો.

તેમણે દર વર્ષે વિવિધ થીમ સાથે વાર્ષિક શો કરવાની પ્રથા પાડી. ચીલાચાલુ કાર્યક્રમો નહીં, પરંતુ વિચારપૂર્વક પસંદ કરેલા વિષયવસ્તુ પર આધારિત વિશેષ પ્રસ્તુતિઓ કરી. ઉ.દા. ગામડું, સાહિત્યના નવ રસ, લગ્નોત્સવ, સાહ્યબો, અષાઢ આવિયો, કૃષ્ણ લીલા, નગારું, મેળો, સંબંધો, શક્તિ-શૌર્ય-શૃંગાર ઇત્યાદિ.. તદુપરાંત થીમ પ્રમાણે ખાસ કાર્યક્રમો પણ ડિઝાઇન કરી નૃત્યમાં ગૂંથ્યા. જેમ કે Water Managementની સંસ્થા માટે પાણીની થીમ પર, અમદાવાદના પ્રથમ CNG Station માટે ઉર્જાની થીમ પર, Wild Angle Multiplex માટે દેશભક્તિ વિષય પર, નાયબ પ્રધાનમંત્રી અડવાણીજીની ઉપસ્થિતિમાં અમદાવાદ રેલવે સ્ટેશનના ખાસ કાર્યક્રમમાં ટ્રેન મુસાફરી પર, શાંતિ એશિયાટીક સ્કૂલના ઉદ્ઘાટન સમારોહમાં બાળકો દ્વારા દેશભક્તિ કાર્યક્રમ, પુષ્ટિમાર્ગી હવેલી માટે ખાસ કાર્યક્રમ - ભણે નરસૈંયો સાચું રે, ઇત્યાદિ....

૧૯૯૭માં લંડનના નોર્થ હેરો ખાતે ગુજરાતી સંસ્થાના ૯૦ સ્થાનિક કલાકારોને તાલીમ આપીને નૃત્ય નાટિકા - રાગેશ્વરીની પ્રસ્તુતિ કરી. ત્યારથી વિદેશની ભૂમિ પર કલા પ્રસ્તુતિના પગરણ મંડાયા. ૧૯૯૮માં ભારતની સ્વતંત્રતાની સુવર્ણ જયંતીની ઉજવણી માટે ગુજરાત સરકારે તેમને દુબઈ મોકલ્યા. જ્યાં સ્પંદનના ૧૬ કલાકારોએ ભારતીય લોકનૃત્યોની સફળ રજૂઆત કરી. ગુજરાત આવતા વિદેશી પર્યટકોને આપણાં લોકનૃત્યો શીખવવા, તેમને શહેરના સાંસ્કૃતિક વારસાથી પરીચિત કરવા અને તેમને આપણા સમૃધ્ધ સાંસ્કૃતિક વૈવિધ્યથી વાકેફ કરવાના સતત પ્રયાસ કર્યા. આ વૈશ્વિક સંસર્ગના પરિણામે, તેમને શહેરના એક પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકા પુસ્તકોમાં (Tourist Guide Book - THE LONELY PLANETમાં) સ્થાન પ્રાપ્ત કરવાનું ગૌરવ મળ્યું.

૨૦૦૧માં આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવમાં ભાગ લેવા વૃંદ સાથે પૉલેન્ડ ગયા. ત્યારથી દર વર્ષે ઓછામાં ઓછું એક વાર, યુરોપિયન દેશોમાં આપણા દેશની વિવિધતાસભર કલાને રજૂ કરતાં રહ્યા છે. ભારતીય સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર કરતાં રહ્યા છે. દર વર્ષે યુરોપિયન દેશોમાં લાઈવ મ્યુઝિક સાથે ભારતીય લોક નૃત્યો તો રજૂ કરે જ છે. સાથે જ ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ – આધ્યાત્મિક્તા, ચાંદલો, યોગ, કુટુંબ વ્યવસ્થા, ધર્મ, ૧૬ શણગાર વગેરેથી પણ વિદેશીઓને અવગત કરે છે. તેમને ભારતનું ઘેલું લગાડે છે. આટલાં વર્ષોમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી અધિકૃત સંગીત, નૃત્ય અને પહેરવેશ માટે અનેક ઍવોર્ડ્સ મળી ચૂક્યા છે..

આજે તેઓ નમ્રતાપૂર્વક કહે છે કે, ભારતના વિશ્વાસપાત્ર અધિકૃત સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરતાં N.G.Os પૈકીના તેઓ એક છે. સાડા ત્રણ દાયકાથી વધુના અનુભવોની તેમની આ આખી સફર સંપૂર્ણપણે સંતોષકારક રહી છે. કલાની ભાષા દ્વારા, વિશ્વભરના લોકો સુધી અધિકૃત સમૃદ્ધ સંસ્કૃતિને વહેંચવા અને એને ફેલાવવાનું જે વચન જાતને આપ્યું હતું, તેને તેઓ આજ દિન સુધી નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે...

આજે, સ્પંદનની – ફાલ્ગુની હિરેનની આ કલાયાત્રાએ, ભાષા, જાતિ અને ભૌગોલિક સીમાઓના અવરોધોને દૂર કર્યા છે...

સ્પંદન સંસ્થાના સ્થાપક શ્રીમતી ફાલ્ગુની હિરેન એક નખશિખ કલાકાર જીવ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણની દોડ વચ્ચે, સમાજમાં અને ખાસ કરીને યુવા પેઢીના માનસમાં આપણા વૈવિધ્યસભર વારસાનું મૂલ્ય વધે, એના પ્રત્યે રૂચિ કેળવાય અને આપણી સંસ્કૃતિ માટેનો સ્નેહ અને સમજ સચવાય, એ આશયથી તેઓ સભાન પ્રયત્નો કરી રહ્યાં છે. સાડા ત્રણ દાયકાની એમની લોકનૃત્યની સફરમાં તેમણે અસંખ્ય પરંપરાગત રજૂઆતોની સાથે ઘણી મૌલિક કૃતિઓનું પણ સર્જન કર્યું છે, તેનું પ્રદર્શન કર્યું છે. દર્શકોને મનોરંજનની સાથેસાથે આપણા સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાની માહિતી પણ તેઓ પીરસતાં રહ્યાં છે. તેમણે પ્રવાસન વિભાગ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, GSPCL જેવા અનેક સરકારી વિભાગો માટે, AMC અને Export Corporation જેવી સરકારી સંસ્થાઓ માટે, INDIAN AIR FORCE, DOORDARSHAN, IIM-A, NIFT જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ માટે, LIONS, વિશાલા જેવી ખાનગી સંસ્થાઓ માટે તથા મીરાં મંદિર (ચિત્તોડ), સ્વામિનારાયણ મંદિર (કુક્ષી - મ.પ્ર.), અંબાજી મંદિર જેવી ધાર્મિક સંસ્થાઓ ઈત્યાદિ માટે અગણિત કાર્યક્રમો આપ્યાં છે.

સ્પંદનની સ્થાપના બાદના સમયગાળામાં તેમણે ૧,૭૦૦થી વધુ શિષ્યોને તાલીમબધ્ધ કર્યા છે. સ્થાનિક સ્તરે શરૂ થયેલું આ કાર્ય, દેશમાં અને હવે વિદેશોમાં પણ શિક્ષણ આપવા સુધી પહોંચ્યું છે. ૧૯૯૭થી અત્યાર સુધીમાં કુલ ૨૪થી વધુ દેશોમાં ૫૨ (બાવન) વાર વિદેશોની કલા યાત્રા કરી છે... જેમાં સ્પંદનના કુલ ૯૦૦ (નવસો) થી વધુ કલાકારોને એમણે તાલીમ આપી છે. આજ સુધીમાં વિદેશની ધરતી પર કુલ ૫૪૪ શૉ કર્યા છે. તેમણે અમેરિકા, લંડન અને દુબઈ ઉપરાંત પૉલેન્ડ, ફ્રાંસ, બેલ્જિયમ, નેધરલેન્ડસ, ઈટાલી, ચેક રીપબ્લિક, સ્લોવાકિયા, સ્લોવેનિયા, યુક્રેઇન, હંગેરી, બોસ્નિયા, બલ્ગેરિયા, ક્રોએશિયા, તુર્કી, નોર્થ સાયપ્રસ, સારદીનીયા, સ્પેન, પોર્ટુગલ વગેરે યુરોપિયન દેશોમાં ભારતીય નૃત્ય કલાના અજવાળાં પાથર્યા છે.

એક Folk Dancer, નૃત્ય દિગ્દર્શક, સંશોધક, વક્તા અને ગુરુ તરીકે તેઓ સતત કાર્યરત રહ્યાં છે. તાજેતરમાં NIFT ગાંધીનગર માટે તેમણે ગરબાના શિક્ષણ માટેનો પૂરો કોર્સ તૈયાર કર્યો છે. NIFTમાં દેશભરથી આવતા વિદ્યાર્થીઓને તેઓ ગુજરાતની ઓળખ સમા ગરબા શીખવી રહ્યાં છે. જીવનમાં ક્યારેય તાળી ન પાડી હોય એવા બિન ગુજરાતીઓને તેઓ ગરબે ઘૂમવાનો વિશ્વાસ અપાવી રહ્યાં છે. ગરબા નૃત્યની સાથે સાથે, નવરાત્રી પર્વ અંગે તથા ગરબા આ લોકનૃત્યની ધાર્મિક, સામાજિક, વૈજ્ઞાનિક, શારીરિક અને માનસિક સ્તરે શું મહત્તા રહેલી છે, તે પણ શીખવી રહ્યાં છે. Theory And Practicalના સમન્વય જેવા આ કોર્સને NIFTના વિદ્યાર્થીઓનો ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. UNESCO તરફથી ગરબાનો Intangible Cultural

Heritage of Indiaની સૂચિમાં સમાવિષ્ટ કરાયા બાદ, તેમનું કાર્ય વધુ યથાર્થ, વધુ મહત્ત્વનું બની રહ્યું છે.

લોકનૃત્ય ક્ષેત્રે આટલા યોગદાન ઉપરાંત ફાલ્ગુની ભારતીય શાસ્ત્રીય નૃત્ય ઓડિસીમાં વિશારદ થયાં છે. એક નીવડેલાં શાસ્ત્રીય નૃત્યાંગના તરીકે પણ તેમણે ગુજરાતમાં તથા દેશમાં અનેક મંચ પર વૃંદ કલા પ્રસ્તુતિ કરી છે. ઉત્તરાર્ધ મહોત્સવ મોઢેરા (૨૦૧૮, ૨૦૨૩), ખજુરાહો નૃત્ય મહોત્સવ (૨૦૨૨), સિધ્ધાર્થ મહોત્સવ (૨૦૨૨), કલા મહોત્સવ - અમદાવાદ (૨૦૧૮), કાંકરીયા ફેસ્ટીવલ (૨૦૧૪), દિલ્હી આંતરરાષ્ટ્રીય ફેસ્ટીવલ (૨૦૧૩) જેવા ખ્યાત નૃત્ય મહોત્સવોમાં કાર્યક્રમો આપ્યાં છે. રાની કી વાવ, શ્રી રાધા, I am a Woman અને મોહનથી મોહન સુધી જેવી નૃત્ય નાટિકાઓની ઓડિસી નૃત્ય શૈલીમાં અનેક રજૂઆતો પણ કરી છે.

શ્રીમતી ફાલ્ગુની હિરેન, લોકનૃત્ય અને શાસ્ત્રીય નૃત્યના સુભગ સમન્વયનું એક સુંદર ઉદાહરણ છે. ભારતીય કલા સંસ્કૃતિના નિષ્ઠાવાન પ્રહરી છે.

એક કલાકાર ઉપરાંત એમની બીજી ઓળખ, એક સમાચાર વાચક તરીકેની પણ છે. છેક ૧૯૮૮થી તેઓ દૂરદર્શનના સમાચાર વાચક તરીકે કાર્યરત છે. શુધ્ધ ઉચ્ચારણ, ભાષા પરનું પ્રભુત્વ, કર્ણપ્રિય અવાજ અને ટી.વી.ના પડદે જરૂરી એવાં યોગ્ય વ્યક્તિત્વના કારણે દર્શકોમાં તો તેઓ પ્રિય બન્યાં જ છે, સાથે સાથે તેમની કામ પ્રત્યેની નિષ્ઠા, ઈમાનદારી અને DD માટેની લાગણી, વફાદારીના કારણે દૂરદર્શન માટે પણ એક ભરોસાપાત્ર અસ્ક્યામત બની ગયાં છે. મહત્ત્વના દિવસો પર, અગત્યની ઘટનાના સમયે, ખાસ મહાનુભાવોના આગમનના સમયે, કે ચૂંટણી મતગણતરી જેવા વિશેષ પ્રસંગો માટે ફાલ્ગુની આજે પણ તેમની First Choice છે. ૩૫ વર્ષોની દીર્ઘ સફર દરમિયાન દૂરદર્શનના અને ન્યુઝ વિભાગના કેટલાય પ્રભારી બદલાયા, પણ ફાલ્ગુની, એ સૌના વિશ્વાસમાં ખરાં ઊતર્યાં છે. સંસ્થામાં સૌનો પ્રેમ અને આદર જીતી શક્યાં છે. થોડાં વર્ષો પહેલાં લીમ્કા બુક ઓફ રેકોર્ડસે અને તાજેતરમાં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સે પણ તેમની સુદીર્ઘ કારકિર્દીની નોંધ લીધી છે. માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારત દેશમાં ટીવી સમાચાર વાચક તરીકે સૌથી વધુ વર્ષોથી કાર્યરત રહેવાનો વિક્રમ તેમણે પોતાને નામે કર્યો છે. જે આપણા સમાજ માટે પણ ગૌરવપૂર્ણ બાબત છે.

ભાષા, સંગીત અને નૃત્ય પ્રત્યેના પ્રેમને કારણે તેમણે સ્કૂલ કાળથી જ માઇક્રોફોન હાથમાં પકડ્યું હતું. આજે તેઓ એક અચ્છા ANCHOR, MoC - સૂત્રધાર તરીકે સમારોહને દીપાવે છે. સમાજમાં તો આપણે અવાર નવાર તેમને કાર્યક્રમનું સુંદર સંચાલન કરતાં જોઈએ જ છીએ. એક વ્યવસાયિક ઉદ્‌ઘોષક તરીકે પણ તેમની ખૂબ સફળ કારકિર્દી છે. મુખ્યમંત્રી અને મંત્રીઓની ઉપસ્થિતિમાં અસંખ્ય સરકારી - બિન સરકારી કાર્યક્રમો કર્યા છે. તદુપરાંત, Red Cross, Lions, Rotary કે Care જેવી સેવા સંસ્થાઓ માટે, કલ્યાણ પુષ્ટિ હવેલી, રાણી સતી સંસ્થાન, આચાર્ય તુલસી પંથ, Jito, દાદા ભગવાન - ત્રિ-મંદિર જેવી ધાર્મિક સંસ્થાઓ માટે, શૈક્ષણિક સંસ્થાઓ માટે, તાનારીરી મહોત્સવ કે ઉત્તરાર્ધ ઉત્સવ જેવા ખ્યાત સાંસ્કૃતિક ઉત્સવોમાં તથા સંગીતના ખાનગી પ્રોગ્રામોમાં ઉદ્‌ઘોષક તરીકે કાર્ય કર્યું છે. GCCI, FICCI, CII, APMC, AMC અને ONGC જેવી સંસ્થાઓ માટે, કોર્પોરેટ્સ માટે,મહત્ત્વના અધિવેશનો અને સેમિનાર માટે, Fun Republic કે City Pulse જેવા મલ્ટીપ્લેક્સ માટે, ડૉક્ટર્સ એસોસિએશન, હોસ્પિટલ્સ, Vibrant Gujarat અને ફિલ્મ પ્રમોશન માટે પ્રોગ્રામ કર્યા છે. એક કાર્યદક્ષ માસ્ટર ઓફ સેરેમનીની હેસિયતથી તેમણે ભારતના માનનીય પ્રધાનમંત્રીઓ – શ્રી અટલબિહારી વાજપેઈજી, ડૉ. મનમોહન સિંઘ અને શ્રી નરેન્દ્ર મોદીની, તથા રાષ્ટ્રપતિઓ – ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, શ્રીમતી પ્રતિભા પાટીલ અને શ્રી રામનાથ કોવિંદની ઉપસ્થિતિમાં મંચ સંચાલન કર્યું છે. દિગ્ગજ કલાકારો ઉસ્તાદ ઝાકિર હુસૈન, પંડિત જસરાજજી, પંડિત હરીપ્રસાદ ચૌરસિયા, જગજીત સિંઘ, શંકર મહાદેવન, શિવ મણિ, શુભા મુદગલ વગેરે સાથે એક સ્ટેજ પર કામ કરવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. સુનિલ દત્ત , આશા પારેખ, વહીદા રહેમાન, અજય દેવગન, ઊર્મિલા માર્તોંડકર જેવા હિંદી સિને જગતના સ્ટાર્સ તથા ગુજરાતી ફિલ્મ જગતની પણ અનેક હસ્તીઓના કાર્યક્રમો કર્યા છે.

ફાલ્ગુની હિરેનને કલા અને સંસ્કૃતિમાં તેમના અનુકરણીય યોગદાન બદલ, ગુજરાત અને મુંબઈની ખ્યાત સંસ્થાઓ દ્વારા માન અકરામ અપાયા છે. પરબ શક્તિ સંજીવની - મુંબઈ દ્વારા , તેમને ૨૦૨૦ માં ‘‘અનન્યા ઍવોર્ડ ’’થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં . વર્ષ ૨૦૧૨ માં મુંબઈ ખાતે ‘‘શ્રીમતી તારામતી વિશનજી ગાલા - કલા સાહિત્ય પુરસ્કાર’’ એનાયત થયો. ગુજરાતના લોકનૃત્યના ક્ષેત્રમાં કરેલા અવિરત પ્રયાસોને પગલે, વર્ષ ૨૦૧૧માં ગુજરાત લોક કલા ફાઉન્ડેશન દ્વારા તેમને પ્રતિષ્ઠિત ‘‘રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર’’ એનાયત કરાયો હતો. તો વર્ષ ૨૦૧૦માં તેમને બહુ પ્રતિષ્ઠિત ‘‘કચ્છ શક્તિ નારી રત્ન ઍવોર્ડ’’થી નવાજવામાં આવ્યાં હતાં.

તેમના વ્યક્તિત્વના વધુ એક પાસાની વાત કરીએ તો, તેઓ એક સારા લેખિકા પણ છે. તેમણે ભૂતકાળ માં પાંચેક વર્ષ સુધી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર "કચ્છશ્રુતિ"ના તંત્રી/સંપાદકની જવાબદારી નિભાવી હતી. 'મંગલ મંદિર'ના તંત્રી મંડળનાં તેઓ સભ્ય છે. ઘણી વાર તેમની કલમનો પરિચય આપણને મળતો રહે છે. નિજાનંદ માટે તેઓ કાવ્ય સર્જન પણ કરતાં રહે છે.

ફાલ્ગુનીની પ્રતિભાની અન્ય એક બાજુથી આપને અવગત કરાવું, તો, તેઓ ઍડ ફિલ્મોમાં કે ફોટો જાહેરાતોમાં પણ અવારનવાર ચમકતાં રહે છે. કિર્લોસ્કર પંપ, કેડિલા, સત્ત્વ મસાલા, કડક જીરા વગેરે માટે તેમણે મૉડેલિંગ કર્યું છે. બાળપણમાં પણ ગોદરેજ માટે મૉડેલિંગ કર્યું હતું. અમેરિકન નિર્માતા-નિર્દેશકની કચ્છમાં ફિલ્માવાયેલી શોર્ટ ફિચર ફિલ્મ "A Drop Of Life" માટે અભિનેત્રી નંદિતા દાસ સાથે કાર્ય કર્યું છે. અનેક દસ્તાવેજી ફિલ્મોમાં પણ અભિનય આપ્યો છે. અનુપમ ખેરની સંસ્થા The Actor Prepares સાથે પ્રોડક્શન કર્યું છે જે રંગભૂમિના ક્ષેત્રમાં ખૂબ જ વખણાયેલું હતું.

સાયકોલોજી વિષય સાથે અનુસ્નાતક થયેલાં ફાલ્ગુનીએ અભ્યાસકાળમાં તેજસ્વી દેખાવ કરવા ઉપરાંત, સિતાર વાદન માં ઉપાન્ત્યે વિશારદની ડિગ્રી મેળવી હતી. N.C.C. કેડેટ તરીકે ૧૯૮૭ માં ગણતંત્ર દિવસની શિબિર માટે ગુજરાતના પરેડ કમાન્ડર તરીકે અને All India Girl's Wingના Commander તરીકે કાર્ય કર્યું હતું.

ફાલ્ગુનીએ પિતા ડૉ. ચંદ્રકાંત ભાઈને તો સમાજસેવાના કામમાં ડૂબેલા જોયા જ હતા. હવે જીવનસાથી હિરેનના સમાજના કામમાં નિઃસ્વાર્થ ભાવથી પ્રેરાઈને, તેમણે તદ્દન નવી સેવા જ્યોત પ્રગટાવી છે. ઓછા લોકોના નસીબે આવતો લાંબા વાળનો વારસો એમને માતા ચંદ્રિકાબેન પાસેથી મળ્યો છે. વર્ષ ૨૦૧૬થી તેમણે સાવ અજાણ્યા કેન્સર પીડિત દર્દીઓ માટે વાળ ડોનેટ કરવાનું શરૂ કર્યું છે. ૧૨ ઇંચ, ૧૮ ઇંચ અને ૧૫ ઇંચ, એમ કુલ ત્રણ વાર તેમણે વાળનું દાન કર્યું છે. હવે તો આપણા સમાજની મહિલા ઉત્કર્ષ સમિતિએ Hair Donation અભિયાન ઉપાડી લીધું છે. સમાજના કેટલાંય બહેનો અને નાની નાની દીકરીઓ પણ પોતાના અમૂલ્ય લાંબા વાળનું દાન આપવા આગળ આવી રહ્યા છે, જે ખરેખર અભિનંદનીય છે.

### *SPECIAL PROGARMMES :*

★ રણોત્સવ , ભુજ કાર્નિવલ અને ચિંતન શિબિર - સફેદ રણ : ૨૦૦૯-૧૦

★ વાઈબ્રન્ટ ગુજરાત (૨૦૦૫ સાયન્સ સિટી ખાતે) – conceptualized and choreographed.

★ લાયન્સ મીટ - ૭૦ દેશોના પ્રતિનિધિઓ સાથે Flag Show.

★ નર્મદાના નીરના વધામણાં - At CM House - ગાંધીનગર - નાણાં પંચ સમક્ષ.

★ Roadies: લોકપ્રિય ટીવી શૉ માટે ખાસ રાસની પ્રસ્તુતિ.

★ ઝાયકે કા સફર : લોકપ્રિય રસોઈ શૉ માટે પ્રસ્તુતિ

★ કજાકિસ્તાન રાજદૂત માટે સાંસ્કૃતિક રજૂઆત - (૨૦૧૮) હયાત હોટેલ

★ આર્કિટેક્ચર વિદ્યાર્થીઓ માટે લેકચર- Design and Dance - 9th March ૨૦૧૮ – સુરત

★ Korian and Indian Dance Fusion - Hyundai માટે : 26th March 2018.

★ Japan And Gujarati Dance Fusion (જાપાનીઝ કલાકારો સાથે) : 4th October 2024.

### *નૃત્ય નાટિકાઓ :*

★ ઠમકાની ઠેસ : લેખક શ્રી દોલતભાઈ ભટ્ટ .

★ રાગેશ્વરી : લેખક સ્વ. શ્રી અવિનાશભાઈ વ્યાસ, સંગીત શ્રી ગૌરાંગભાઈ વ્યાસ.

★ ઈલાચી કુમાર : ગીત- સંગીત શ્રી શાંતિલાલ શાહ.

★ અમને કોઈના વગર ના ચાલેઃ લેખક સ્વ. શ્રી ચિનુભાઈ મોદી, સંગીત શ્રી નયનેશ જાની, વિચારબીજ : ફાલ્ગુની હિરેન.

★ વ્રજવાણીનો ઢોલી : મૂળ કથા સ્વ. શ્રી દુલેરાય કારાણી, ગીત સ્વ. શ્રી ચિનુ મોદી, સંગીત શ્રી નયનેશ જાની.

### *વિદેશના કાર્યક્રમો :*

★ ૧૯૯૭ : લંડન (નોર્થ હેરો) નૃત્ય નાટિકા રાગેશ્વરી

★ ૧૯૯૮ : દુબઈ - ભારતની સ્વતંત્રતાની સુવર્ણ જયંતી ઉત્સવની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત સરકાર તરફથી કલા પ્રસ્તુતિ.

★ ૨૦૦૧થી આંતરરાષ્ટ્રીય લોક નૃત્ય મહોત્સવોમાં ભાગ લેવાનું શરૂ કર્યું.

★ ઈટાલી અને સ્લોવાનીયાની સરહદ પર શાંતિ અને

ભાઈચાર માટેનો ખાસ કાર્યક્રમ (૨૦૦૫)

★ ઈટાલીમાં (૨૦૦૫) અને ચેક રીપબ્લિકમાં (૨૦૧૭) ભારતીય લગ્નની વિધિઓ અને એની મહત્તા સમજાવતો લગ્નોત્સવનો વિશેષ પ્રોગ્રામ.

★ નોર્થ સાઈપ્રસમાં ભારતના વિવિધ પ્રાંતના પહેરવેશ રજૂ કરતો વિશેષ કાર્યક્રમ

★ અમેરિકાની SAN JOSE UNIVERSITYના આમંત્રણ પર યુનિ.માં ભારતીય સંસ્કૃતિ પર લેકચર આપ્યું અને વિદ્યાર્થીઓને ગરબા શીખવ્યા. (૨૦૧૯)

★ ઈજિપ્તમાં Cairoની પ્રતિષ્ઠિત સંસ્થાની બાળાઓને ગરબા અને બૉલીવુડ નૃત્ય શીખવ્યા. (૨૦૨૪)

***ઉલ્લેખનીય કાર્યો :***

★ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રકાશિત વિશેષ પુસ્તકમાં ગુજરાતના લોકનૃત્યો વિષેનો લેખ લખ્યો છે.

★ ગુજરાત સરકારના એક અનોખા પ્રોજેક્ટના ભાગરૂપે પંચમહાલ અને સાબરકાંઠાના આદિવાસીઓના જીવન, રહેણીકરણી, પરંપરાઓ, રિવાજો, પહેરવેશ, નૃત્યો, વાદ્યો વગેરે અંગે સંશોધન કરીને, માહિતીસભર વિસ્તૃત લેખ સુપ્રત કર્યો.

★ N.I.F.T.ના ફેશન શૉ માં નૃત્યના માધ્યમ થકી રેમ્પ પ્રસ્તુતિ કરી.

★ વાઈબ્રન્ટ ગુજરાત માટે સૌ પ્રથમ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિચારબીજથી માંડીને અમલીકરણ માટેની સંપૂર્ણ જવાબદારી નિભાવી. (૨૦૦૫માં સ્પંદનના કુલ ૧૦૦ કલાકારો સાથે.) ત્યારબાદના વાઈબ્રન્ટ કાઈટ ફેસ્ટીવલ, સ્વર્ણિમ ગુજરાત તથા વાઈબ્રન્ટ નવરાત્રી શૉ માં કોર કમિટી સભ્ય તરીકે સક્રિય યોગદાન આપ્યું. (૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨)

★ અમદાવાદને આંગણે ભવ્ય આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવનું આયોજન કર્યું. જેમાં કેનેડા, એસ્ટોનિયા, ચેક રીપબ્લિક, જર્મની અને અફઘનિસ્તાનના કલાકારોએ જે તે દેશની લોક કલા રજૂ કરી હતી. (૨૦૧૩)

***આવી બહુમુખી પ્રતિભા ધરાવતી દીકરી પર શ્રી ક.જૈ.સે.સ.ને ગૌરવ છે. પ્રગતિના અને સફળતાના નવા નવા આયામો તેઓ સર કરતાં રહે, એ જ શુભેચ્છા.*** ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : મહિલા ઉત્કર્ષ સમિતિ

***સ્વામિવાત્સલ્યના દિવસે ટાગોર હોલ ખાતે કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત***
***કેન્સર માટેની જાગૃતિ ફેલાવતી "SKIT" (સ્કીટ), મહિલા ઉત્કર્ષ સમિતિના સભ્યો દ્વારા પ્રસ્તુત કરાઈ....***
***સાથે...***
***પ્રતિ વર્ષની જેમ, કેન્સર નિદાન ટેસ્ટ માટેનો રજિસ્ટ્રેશન કેમ્પ પણ યોજાયો***

**આ વર્ષે એક નવતર પ્રયોગ...**

***સમિતિ દ્વારા પ્રથમ વખત, કેન્સર માટેની જાગૃતિ ફેલાવતી સ્કીટ ભજવાઈ... જેનો પ્રતિસાદ ઘણો સારો સાંપડ્યો.***

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ કેન્સર નિદાન ટેસ્ટ માટેનો રજિસ્ટ્રેશન કેમ્પ ગોઠવાયો હતો. જેનો ૧૦૦ જેટલી બહેનોએ લાભ લીધો.

❖ ***મેમોગ્રાફી ટેસ્ટ :*** સ્તન કેન્સરની તપાસ માટેનો. (૪૦ વર્ષથી ઉપરની દરેક બહેનો માટે અનિવાર્ય)

❖ ***પેપ ટેસ્ટ :*** ગર્ભાશયના મુખના કેન્સરની તપાસ માટેનો. (દરેક પરીણિત સ્ત્રી માટે અનિવાર્ય)

ઉપરોક્ત બંને ટેસ્ટ માટે બહેનોને પોતાના અનુકૂળ દિવસે અને અનુકૂળ સમયે એપોઈન્ટમેન્ટ અપાયા. પાલડી મેડિકલ સેન્ટર ખાતે આ કેમ્પ સતત એક મહિનો ચાલ્યો. આ કેમ્પ દરમિયાન સમિતિને પાલડી મેડિકલ સેન્ટરના ઓફિસર ડૉ. દક્ષાબેન અને શ્રી પીન્ટુભાઈ તરફથી ખૂબ સારો સહકાર મળ્યો. સૌ બહેનો પાસેથી ટોકન રકમ – ડિપોઝીટ રૂપે લીધી હતી, તે ટેસ્ટ પૂરી થયા બાદ તરત જ એ રકમ બહેનોને પરત કરાઈ હતી.

### સ્કીટના મહત્ત્વના અંશો

૧. કેન્સરનું નિદાન જેટલું વહેલું, તેટલું બચવું સહેલું...

જો First કે Zero Stage માં નિદાન થાય તો તેની સારવાર શક્ય છે, તે Curable છે.

૨. કેન્સર કોઈ પણ ઉંમરે પ્રવેશી શકે છે.

૩. બધી જ ગાંઠો કેન્સરની જ હોય એવું જરૂરી નથી. ગાંઠની બાયોપ્સી થયા પછી જ નક્કી કરી શકાય – કેન્સર છે કે નહીં.

૪. કેન્સર માટેની બીક દૂર કરવાનો પ્રયાસ કરાયો. કેન્સર ટેસ્ટ માટેની ખોટી માન્યતાઓ ઉપર પ્રકાશ પડાયો.

૫. કેન્સર જેવા જીવલેણ રોગમાંથી બચવાનો સરળ ઉપાય – સમયાંતરે કેન્સર નિદાન ટેસ્ટ કરાવતા રહેવાનું. બે મેઈન ટેસ્ટ : (૧) મેમોગ્રાફી ટેસ્ટ : સ્તન કેન્સર માટે, (૨) પેપ ટેસ્ટ : ગર્ભાશયના મુખના કેન્સર માટે.

૬. આપણા સમાજ (KJSS) સંચાલિત મેડિકલ સેન્ટરોમાં સમાજના સભ્યો માટે ફ્રી મેડિકલ સેવાઓનો પરિચય ટૂંકમાં સમજાવાયો. આ બધા મોંઘા ટેસ્ટ સમાજના સભ્યોને નજીવા દરે કરી આપવામાં આવે છે – ફ્રી બોડી ચેક-અપ પણ.

૭. અંતમાં “કેન્સર એટલે કેન્સલ નહીં…” — જો થોડી અગમચેતી લઈએ તો… જો થોડા સાવચેત થઈએ તો… વગેરે મુદ્દાઓ ઉપર સૌને માહિતગાર કરાયા હતા.

***સ્કીટમાં ભાગ લેનાર કલાકારો :*** શ્રીમતી સુલુ જલદીપ શાહ, શ્રીમતી નયના જય ગોગરી, શ્રીમતી સંગીતા શાહ, શ્રીમતી અવંતી દંડ.

**સમિતિનો બીજો કાર્યક્રમ**

## પ્રિ-નવરાત્રી ગરબાનું આયોજન

તા. ૩૦-૯-૨૦૨૪ સોમવારના બપોરે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પ્રિ-નવરાત્રી ગરબાનો કાર્યક્રમ યોજાઈ ગયો. સૌ બહેનો પરંપરાગત પહેરવેશ અને પરંપરાગત શૈલીમાં ઢોલ (માત્ર)ના તાલે, ગરબા, દાંડિયા, મટુકડી વગેરે મન મૂકીને રમ્યા.

સમિતિની પ્રણાલી મુજબ, કાર્યક્રમ દરમિયાન ૧૨ Women Entrepreneurs (મહિલા સાહસિક બહેનો) દ્વારા પોતાની આવડત / હુન્નર પ્રોડક્ટના માધ્યમથી પ્રદર્શિત કરાઈ.

ઢોલના તાલે બહેનો ખૂબ રમ્યા, ઝુમ્યા, નાચ્યા અને સાથે ખરીદીનો આનંદ પણ લૂંટ્યો અને છેલ્લે ગરમ નાસ્તાનો સ્વાદ પણ માણ્યો.

### *ડિસ્પ્લે અને વેચાણ માટે ટેબલ ફાળવવામાં આવેલ તે બહેનોનું લીસ્ટ*

| *નામ* | *પ્રોડક્ટ ડિસ્પ્લે* |
|---|---|
| ૧. ધ્વનિ પટવા | Menstrual Cups |
| ૨. ક્રિષ્ના મહેતા | નવરાત્રીના કપડાં |
| ૩. અવંતી દંડ | દિવાળી ભેટ વસ્તુઓ |
| ૪. કવિતા કેતન શાહ | ફેશન જ્વેલરી |
| ૫. જીજ્ઞા છેડા | દિવાળીની વસ્તુઓ |
| ૬. વિરલ મોતા | Napkin Bouquet |
| ૭. ખ્યાતિ ત્રિવેદી | Spices |
| ૮. જયશ્રી શાહ | ફરસાણ |
| ૯. મોક્ષા કુબડિયા | નવરાત્રી જ્વેલરી |
| ૧૦. જીજ્ઞા એમ. શાહ | કોસ્મેટીક્સ અને સેલો બોટલ |
| ૧૧. રૂપલ ગોસર | ખાખરા |
| ૧૨. નયના ગોગરી | દિવાળી શણગાર વસ્તુઓ |

*કુલ ટેબલ બુકિંગ : ૧૨*

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. – ૪૨*

***સુલુ જલદીપ શાહ***
***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

# યુવા વિકાસ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૧૫મી ડિસેમ્બરના રોજ **બોક્સ ક્રિકેટ લીગ**નું આયોજન રાખેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

*તારીખ : ૧૫-૧૨-૨૦૨૪*

*રજિસ્ટ્રેશન ચાર્જ : રૂા. ૫૦૦/- પ્રતિ પ્લેયર*

QR Code સ્કેન કરીને રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જેની છેલ્લી તારીખ ૨૫ નવેમ્બર છે. ત્યારબાદ ૩૦ નવેમ્બરના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર Player Auction થી ટીમ બનાવવામાં આવશે.

આપ રજિસ્ટ્રેશન બાદ પેમેન્ટ **77788 25900** પર કરવું અને એનો સ્કીન શોટ આ જ નંબર પર વૉટ્સએપ કરવો.

*વધુ વિગત માટે સંપર્ક :*

*ચૈતન્ય રાંભિયા : મો. ૭૭૭૮૮ ૨૫૯૦૦*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિનો રંગારંગ કાર્યક્રમ

વર્ષાઋતુના આખરી દિવસોમાં પોતાનાં પ્રેમની સરવાણીથી ધરતીને ભીંજવ્યા પછી આછા વાદળ ઘેરા આકાશમાં રહેલા જળ બિંદુમાંથી સમી સાંજના સૂર્ય કિરણો પસાર થતા રચાઈ રહેલા મેઘ ધનુષ્યના સાત રંગોની જેમ સાત સૂરોના સથવારે સ્વર સંધ્યાનો એક સૂરીલો કાર્યક્રમ તા. ૬-૧૦-૨૦૨૪ની રંગભરી શામે શ્રી કચ્છી જૈન સેવા સમાજની વયસ્ક સમિતિ દ્વારા પાલડી ભવન ખાતે યોજાઈ ગયો.

***આ કાર્યક્રમના મુખ્ય સૂત્રધાર હતા :***

૧. **ડૉ. ગુરુદત્ત ઠક્કર** કે જેઓ વ્યવસાયે રેડિયોલોજિસ્ટ છે અને નૂતન મેડિકલ કૉલેજ - વીસનગરમાં પ્રોફેસર છે. તેઓ વર્સેટાઈલ સીંગર છે. તેઓ અનેક ગાયક કલાકારોના અવાજમાં ગીતો ગાઈ શકે છે. હેમંતકુમાર, મહેન્દ્ર કપૂર, કિશોર કુમાર, મહંમદ રફી વગેરે... અને દરેક વખતે તમને એવું જ લાગે કે તેમનો અવાજ અસલ જે તે ગાયક કલાકાર જેવો છે. આવી અદ્ભુત પ્રતિભા એટલે ડૉ. ગુરુદત્ત ઠક્કર.

૨. **ડૉ. જયદીપ શાહ** અમદાવાદની એક વિખ્યાત લેબોરેટરી સુપ્રાટેકના ડાયરેક્ટર તરીકે હોદ્દો ધરાવે છે. જેઓ દરિયાથી પણ અગાધ માહિતીનો ભંડાર ધરાવતા અને પોતાના એન્કરીંગથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરીને બાંધી રાખતા. દરેક ગીત પહેલાં તે ગીતનો અદ્ભુત ઈતિહાસ, પડદા પરના કલાકારો, ગાયક કલાકારો અને સંગીતકારો વિશે અદ્ભુત, ન સાંભળેલા ગીતો પહેલાંનું વિવરણ અને વચ્ચે વચ્ચે શાયરીનો દમદાર દોરના કારણે આ કાર્યક્રમ દીપી ઉઠ્યો.

૩. **ડૉ. શિલ્પા તોશ્નીવાલ** આપણા સૌના જાણીતા, આપણા જ મેડિકલ સેન્ટરમાં દસ વર્ષ કરતાં પણ વધારે સમયથી સેવા આપનાર ડૉક્ટર પર મા સરસ્વતીના અપાર આશીર્વાદની સરવાણી વહી રહી છે. જેના કારણે વિવિધ ફીમેલ વોઈસમાં લહેકા અને શરીરની અંગીમાના કારણે સુંદર સૂરીલા અવાજમાં ગવાતા ગીતોના કારણે સમાજમાં એક સન્માનનીય સ્ત્રી કલાકારનું સન્માન પામી રહ્યા છે.

૪. દર્દીઓને ઑપરેશન વખતે જરા પણ દર્દ ન થાય તે માટેની કામગીરી બજાવતા સિનિયર એનેસ્થેસિસ્ટ **ડૉ. રોહિત પારેખે** 'સીટી' (વ્હીસલ) દ્વારા ગીતો ગાઈને લોકરંજન કરેલ હતું.

૫. ધોમધખતા તડકા બાદ ઉનાળાની પવનની લહેરખી લહેરાવતી ઠંડક ભરેલી રાતમાં ધાબા ઉપર થોડે દૂર ટ્રાન્ઝીસ્ટર મૂકીને વિવિધ ભારતી કે ઓલ ઇન્ડિયા રેડિયો પરથી પ્રસારીત થતાં શાંત મનને શાતા આપતા અવાજમાં વહેતા સૂરીલા સંગીતના સથવારે માદક નશો ચડે તેવા ખૂબ જ સાદગી ભરેલો છતાં હૃદયની અંદર સુધી પહોંચતો અને સાંભળતા કદી ન થાકી જવાય તેવા અવાજના કિંગ મુકેશના ગીતો સાંભળવાનું સૌભાગ્ય અમને **ડૉ. કેયુર શાહ**ના કંઠેથી મળ્યું. ડૉ. કેયુર શાહ સિનિયર ફેમિલી ફિઝીશિયન છે.

૬. આપણા કચ્છના લોકલાડિલા અને સમાજના મેડિકલ સેન્ટરમાં સેવા આપતા તેમજ વયસ્કના કાર્યક્રમમાં સંગીતના સથવારે તેમજ અનુદાન આપીને મોટાભાગના આમંત્રિત કાર્યક્રમમાં હાજર રહેતા **ડૉ. હિમાંશુ શાહ** કે જેમનું વતન કચ્છ માંડવી છે. તેઓ યુરોલોજી ગોલ્ડ મેડાલિસ્ટ ડૉક્ટર છે. તેમણે માઉથ ઑર્ગન ઉપર ગીતો ગાઈને દરેકને ડોલાવ્યા હતા.

આજના આ કાર્યક્રમની શરૂઆત ડૉ. કેયુર શાહે ગાયક મુકેશના અવાજમાં 'તારો મેં સજકે...'ના ગીતથી કરી હતી. આ ઉપરાંત તેમણે 'ચાંદસી મહેબુબા હો મેરી...' અને 'જાને કહાં... ગયે વો દિન...' ગીતા ગાયા હતા.

ત્યારબાદ વિવિધ ગાયક કલાકારોના અવાજમાં ગીતો ગાનાર વર્સેટાઈલ સિંગર ડૉ. ગુરુદત્ત ઠક્કરે 'યે રાત યે ચાંદની ફિર કહાં...' હેમંતકુમારના સ્વરમાં શરૂઆત કરી હતી. ત્યારબાદ વિવિધ કલાકારોના અવાજમાં રજૂ કરેલા ગીતોમાંથી 'ખ્વાબ હો યા કોઈ હકીકત તુમ યે બતલા દો...', 'જિંદગી કૈસી હે પહેલી...' વગેરે ગીતો ગાયા હતા. છેલ્લે તેમણે ગુજરાતી ગીત 'ચાલતો રહેજે...' ગાયું હતું. આ ઉપરાંત તેમણે ડૉ. શિલ્પા તોશ્નીવાલ સાથે નીચેના યુગલ ગીતો ગાયા હતા.

૧. પ્યાર હુઆ ઈકરાર હુઆ...
૨. તેરે બીના જિંદગીસે કોઈ શિકવા તો નહીં...
૩. તુમ જો મિલ ગયે હો...

આ યુગલ ગીતો સિવાય એક યુગલ ગીત ડૉ. શિલ્પા તોશ્નીવાલે ડૉ. કેયુર શાહ સાથે ગાયું હતું : 'હમ સફર મેરે હમસફર...' ડૉ. શિલ્પા તોશ્નીવાલે સોલો ગીત ગાયા હતા. તેમાં મુખ્ય 'આયે મહેરબાન', 'નૈનોમેં બદરા છાયે', 'યે જિંદગી ઉસીકી હૈ...'

વ્હીસલ (સીટી)ના માધ્યમથી તનને ડોલાવી દેતા બે ગીત ડૉ. રોહિત પારેખે રજૂ કર્યા હતા.

૧. યે અપના દિલ તો આવારા...

૨. જો ભી પ્યાર સે મિલા હમ ઉસી કે હો ગયે...

માઉથ ઑર્ગન પર ડૉ. હિમાંશુ શાહે 'મૈં શાયર તો નહીં...' અને 'આગે ભી જાને ન દું...' એમ બે ગીતો પરફોર્મ કર્યા હતા.

કાર્યક્રમમાં રંગ પૂરતાં ફિલ્મ જગતનો બેસ્ટ ટ્રાયો 'દિલને ફિર યાદ કિયા...' ડૉ. ગુરુદત્ત ઠક્કર, ડૉ. કેયુર શાહ અને ડૉ. શિલ્પા તોશ્નીવાલે ગાયો હતો.

અંતમાં શમ્મી કપૂરની મેલડીમાં શ્રી ગુરુદત્ત ઠક્કર અને ડૉ. શિલ્પા તોશ્નીવાલે પરફોર્મ કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન તમામ આમંત્રિતોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

૭૦૦થી વધારે ગુજરાતી ગઝલ અને ૩૩૦૦થી વધુ ઉર્દુ ગઝલના રચયિતા ડૉ. યતીશ દેસાઈએ સુંદર વાર્તાલાપ કર્યો હતો.

આજના કલાકારોનું બહુમાન નીચે પ્રમાણેની વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

| | | |
|---|---|---|
| *ડૉ. ગુરુદત્ત ઠક્કર* | : | *શ્રી પ્રતાપ દંડ* |
| *ડૉ. જયદીપ શાહ* | : | *શ્રી દિલીપ દંડ* |
| *ડૉ. રોહિત પારેખ* | : | *શ્રી રજનીકાંત પારેખ* |
| *ડૉ. શિલ્પા તોશ્નીવાલ* | : | *શ્રી નરેન્દ્ર કોઠારી અને શ્રી રોહિત સંઘવી* |
| *ડૉ. કેયુર શાહ* | : | *શ્રી મહેશ શાહ અને શ્રી જ્યોતેન્દ્ર સંઘવી* |
| *ડૉ. હિમાંશુ શાહ* | : | *શ્રી પ્રભુલાલ સંઘવી* |
| *શ્રી યતીશ દેસાઈ* | : | *શ્રી પ્રતાપ દંડ અને શ્રી રજનીકાંત પારેખ* |

નીચે જણાવેલ સભ્યશ્રીઓએ પોતાના પરિવારજનોની સાથે કેક કટીંગ કરીને પોતાના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરી હતી : (૧) શ્રીમતી દમયંતી દિલીપ દંડ, (૨) શ્રી મહેશ શાહ, (૩) શ્રી હરખચંદ પોલડિયા, (૪) શ્રી દિનેશ પ્રેમચંદ શાહ, (૫) શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ શાહ

આજના કાર્યક્રમના આયોજન અર્થે આર્થિક સહયોગ આપનાર મુખ્ય દાતાશ્રીઓ નીચે મુજબ હતા :

| | | | |
|---|---|---|---|
| *૧.* | *શ્રી હસમુખ દામજી દેઢિયા – અડાલજ, અમદાવાદ* | : | *રૂા. ૧૧,૧૧૧/-* |
| *૨.* | *શ્રી દિનેશ પ્રેમચંદ શાહ* | : | *રૂા. ૭,૫૦૦/-* |
| *૩.* | *શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ શાહ* | : | *રૂા. ૭,૫૦૦/-* |
| *૪.* | *ડૉ. હિમાંશુ રમેશચંદ્ર શાહ* | : | *રૂા. ૫,૦૦૦/-* |
| *૫.* | *સ્વ. શશીકાંત હરિલાલ શાહ, હ. ભૂમિકા દવે* | : | *રૂા. ૫,૦૦૦/-* |
| *૬.* | *શ્રી દિલીપ કુંવરજી દંડ* | : | *રૂા. ૪,૦૦૦/-* |
| *૭.* | *શ્રી હરખચંદ પોલડિયા* | : | *રૂા. ૨,૫૦૦/-* |
| *૮.* | *રશ્મિ અનિલ સંઘવી* | : | *રૂા. ૧,૦૦૦/-* |
| *૯.* | *અનિલ મગનલાલ સંઘવી* | : | *રૂા. ૧,૦૦૦/-* |

અંતમાં બધા જ ડૉક્ટરો કે જેમણે પોતાની વ્યસ્ત જિંદગીમાંથી ભાગ્યે જ રજા મળતા, રવિવારના દિવસે અમૂલ્ય સમય આપી મનોરંજન કરાવ્યું તેમનો વયસ્ક સમિતિ તરફથી આભાર માનવામાં આવ્યો હતો.

***કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગીત ગાઈને, મનભાવતા ભોજનને ન્યાય આપીને સૌ વડીલો કાર્યક્રમને વાગોળતા વિખૂટા પડ્યા હતા.***

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. – ૪/૫*

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : યુવા વિકાસ સમિતિ

નવલા નોરતાની નવલી રાત્રે નોમ અને દસમના વાદળો સાથે સંતાકૂકડી કરતાં અડધા ચંદ્રમાને જોઈને થનગનતા યુવાનોનું હૈયું બોલી ઉઠે છે... આધા હૈ ચંદ્રમા રાત આધી, રહ ન જાયે આજ ગરબે ઘૂમનેકી બાત આધી... થનગનતા યુવાનોના થડકતા પગોને તાલ-સૂર અને ગરબાના સથવારે ઝુમતા કરવાનો એક અનોખો કાર્યક્રમ યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૧૨-૧૦-૨૦૨૪ના રોજ પાલડી ભવનના પટાંગણમાં યોજાઈ ગયો.

ઓરકેસ્ટ્રા તેજસભાઈના વિવિધ વાજીંત્રોમાંથી ઉઠતાં ધ્વનિથી મસ્તક ડોલવા લાગતું પણ તેમના ગાયક કલાકારના સુંદર સ્વરોમાં ગવાતા ગીતોથી યુવાનોના હૃદય પર કાબૂ ન રહી શક્યો અને વિવિધ વસ્ત્રભૂષામાં સજ્જ પગના થડકારે અંગોની અંગિમાઓ સાતે હિલોળે હીંચવા લાગ્યા. આવું ગરબાનું અદ્‌ભુત દૃશ્ય જોઈને સમાજનો પ્રેક્ષક વર્ગ ખૂબ જ ખુશ થઈ ગયો.

રાસ ગરબાની અવિરત હેલી પછી યુવા વર્ગને થોડો આરામ આપવા અને રીફ્રેશ કરવા સમિતિ તરફથી ખૂબ જ સ્વાદિષ્ટ વ્યંજનોથી લગભગ ૨૫૦ જેટલા ગરબે ઘૂમનાર અને તેમના ગરબા જોઈ આનંદ માણનાર સમાજના સભ્યોએ ઉદર તૃપ્તિ કરી.

આ નાનકડા બ્રેક બાદ ફરીથી સંગીતના સથવારે બીજું સેશન શરૂ થયું. આ સેશનમાં દાંડિયા રાસ, ત્રણ તાલી ગરબા, ભાંગડા, સનેડો વગેરે ધૂનો પર સૌ આનંદના મહાસાગરમાં સરી પડ્યા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન વૈશાલીબેન અને પરિલબેને પોતાની દીર્ઘદૃષ્ટિથી જુદા જુદા વિભાગોના વિજેતાઓને શોધી કાઢી તેમના નામ ઘોષિત કર્યા હતા.

| *૬ વર્ષ સુધીના દરેક બાળકોને કોમ્પ્લિમેન્ટરી ગીફ્ટ આપવામાં આવેલ.* | | | | |
|---|---|---|---|---|
| *વય : ૭ થી ૧૫* | Male<br>Female | (૧) જીયાંગ જૈન<br>(૧) મોક્સા દેઢિયા | (૨) પ્રિયાન્સ રાંભિયા<br>(૨) વિયોના | |
| *વય : ૧૬ થી ૩૦* | Male<br>Female | (૧) બીનોય ગોગરી<br>(૧) પંકિની મહેતા | (૨) પ્રજ્ઞેશ શાહ<br>(૨) ઉષ્મા શાહ | (૩) જૈનમ શાહ<br>(૩) વૃષ્ટિ મહેતા |
| *વય : ૩૧ થી ૫૦* | Male<br>Female | (૧) ચિરાગ ગાલા<br>(૧) શ્વેતાબેન વોર | (૨) ધનરાજ દેઢિયા<br>(૨) અંજુબેન મહેતા | |
| *વય : ૫૧થી ઉપર* | Male<br>Female | (૧) જીજ્ઞેશભાઈ શાહ<br>(૧) નંદિનીબેન શાહ | (૨) ડૉ. કેતન શાહ<br>(૨) ભાવિનીબેન જૈન | (૩) ગિરીશભાઈ દેઢિયા<br>(૩) સુલુબેન શાહ |
| *બેસ્ટ ડ્રેસ* | Male<br>Female | (૧) વિરાજ<br>(૧) નિધિ | | |
| *બેસ્ટ જોડી* | Male<br>Female | (૧) જય છાડવા<br>(૧) ચાર્મિ છાડવા | | |
| *બેસ્ટ પરફોર્મન્સ* | Male<br>Female | (૧) મનીષભાઈ છાડવા<br>(૧) ઈલાબેન છાડવા | | |
| *ઓલ ઈન વન* | Male<br>Female | (૧) કલ્પ ગાલા<br>(૧) દૃષ્ટિ મહેતા | | |
| *જજ તરીકે* | | વૈશાલીબેન અને પરિલબેન | | |
| *ઓરકેસ્ટ્રા* | | તેજસભાઈ શાહ | | |

આ બધા વિજેતાઓને સમાજના ટ્રસ્ટી શ્રી ગિરીશ દેઢિયા, કારોબારી સભ્ય અને કન્વીનર ડૉ. કેતન શાહ, કારોબારી સભ્ય શ્રી રોહિત સંઘવી, શ્રીમતી અમીબેન શાહ, શ્રી ચૈતન્ય રાંભિયા અને સમાજના સભ્ય શ્રીમતી કૃપાલી રાંભિયા અને શ્રી અનિલભાઈ મહેતા દ્વારા ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

અંતમાં કન્વીનર ડૉ. કેતન શાહે બધા જ ખેલૈયાઓ, સમાજના ટ્રસ્ટી, કારોબારી સભ્યનો, અન્ય સભ્યોનો, જજનો, ઓરકેસ્ટ્રાનો, ડેકોરેટર્સનો, કેટરર્સનો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજનો આભાર માન્યો હતો.

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. – ૪૦/૪૧*

***ડૉ. કેતન શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## કાંસ્ય થાળી થેરાપી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણ મેડિકલ સેન્ટર (પાલડી, બોપલ અને જશોદાનગર)ના ફિઝીયોથેરાપી વિભાગમાં આપણે એક નવું મશીન – કાંસ્ય થાળી પગના પંજામાં મસાજ તથા એક્યુપ્રેશર માટે વસાવ્યું છે.

પહેલાના જમાનામાં કાંસાના વાટકાથી પગના પંજામાં માલીશ કરવામાં આવતી, જે હવે મશીનથી થઈ શકશે.

***આ સારવારથી થતા લાભોની સૂચિ નીચે પ્રમાણે છે:***

★ આંખોની થકાવટ દૂર કરવામાં અને માંસપેશીઓને ઉત્તેજિત કરવામાં સહયોગ કરે છે.
★ આંખોની નીચેના કાળા ડાઘ ઓછા કરે અને ચહેરા પરથી કાળા ડાઘ ઓછા કરે છે.
★ ચામડી પરની ડ્રાયનેસ તથા કરચલી અને ચહેરાના ખીલ ઓછા કરે છે.
★ એક્યુપ્રેસરના પોઈન્ટ સક્રિય કરીને તેમાં ઉર્જાનો સંચાર કરે છે.
★ સુગરના કારણે થતી પગની ધ્રુજારીને દૂર કરવામાં ઉપયોગી છે.
★ શરીરનાં હાનિકારક તત્ત્વોને ઓછા કરવામાં મદદરૂપ થાય છે.
★ વાળ ખરવાનું ઓછું થાય છે તથા ડેન્ડ્રફમાં પણ ઉપયોગી.
★ ઘુંટણના દુખાવો તથા સાંધાના દુખાવામાં ફાયદો થાય છે.
★ શરીરમાં બ્લડ સરક્યુલેશનને નિયમિત કરે છે.
★ ચહેરા ઉપર તાજગી અને ગ્લો આવી જાય છે.
★ પાચનક્રિયાને સતેજ કરવામાં ઉપયોગી છે.
★ શરીરમાં પિત્તની માત્રાને ઓછી કરે છે.
★ એસિડિટીની તકલીફમાં ફાયદો કરે છે.
★ પગમાં સુજન મટાડે છે.
★ ઊંઘ સારી આવે છે.

***આશા છે કે વધુને વધુ લોકો આ સેવાનો લાભ લેશે...***

***– લક્ષ્મીચંદ વીરા***

*પાણી અમૂલ્ય છે, બસ ઈચ્છાઓ પર ના ફરવું જોઈએ.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૯-૦૯-૨૦૨૪થી તા. ૧૮-૧૦-૨૦૨૪ સુધી**
**'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | દેવાંગ પ્રફુલ શાહ | અમદાવાદ | ૨૧-૦૯-૨૪ |
| ૨. | મૈત્રી હાર્દિકપુરી ગોસ્વામી | કચ્છ | ૨૭-૦૯-૨૪ |
| ૩. | જતીન ભોગીલાલ મહેતા | ભુજ | ૨૭-૦૯-૨૪ |
| ૪. | રમેશ મણિલાલ ચંદુરા | અમદાવાદ | ૨૮-૦૯-૨૪ |
| ૫. | દિપેન બાબુલાલ જે. શાહ | અમદાવાદ | ૧૮-૧૦-૨૪ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | દામજી વેરશી છેડા | મુંબઈ | ૦૯-૧૦-૨૪ |
| ૨. | વિશાલ હરખચંદ કે. સાવલા | અમદાવાદ | ૧૫-૧૦-૨૪ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | સોમચંદ માણેકજી શિયાડ | અમદાવાદ | ૨૫-૦૯-૨૪ |
| ૨. | રમેશ માલસી નરશી ગોસર | મુંબઈ | ૨૭-૦૯-૨૪ |
| ૩. | વિલાસ રવિલાલ ઝવેરી | અમદાવાદ | ૦૮-૧૦-૨૪ |
| ૪. | જયેશ નાગજીભાઈ શાહ | અમદાવાદ | ૦૩-૧૦-૨૪ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ધીરેન નાનજી દેઢિયા | અમદાવાદ | ૦૫-૧૦-૨૪ |

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે સમાજની અંગદાન સમિતિ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન રક્તદાન કરનારા સભ્યો...**



## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે સમાજની અંગદાન સમિતિ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન રક્તદાન કરનારા સભ્યો...



## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત સ્નેહ મિલન કાર્યક્રમની કેટલીક તસવીરી ઝલક







જમણવાર સમિતિના સભ્યો,
વોલન્ટિયર્સ અને
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
સભ્ય પરિવારજનો તથા કારોબારી સભ્યો

ડૉ. ગાર્ગીબેન વસાવડા દ્વારા
ગીતની પ્રસ્તુતિ





પપ્પાનું મહત્ત્વ સમજાવતું નાટ્ય રૂપાંતર
કલાકારો : દૃષ્ટિ મહેતા, ડા. બીનલબેન,
વૃષ્ટિ, ચેશા તથા પ્રીતભાઈ

પુરસ્કાર સમિતિના સભ્યો



# યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત ગરબાના કાર્યક્રમની તસવીરી ઝલક

























## શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં નવા સોનોગ્રાફી મશીનનું ઇન્સ્ટોલેશન ★ તા. ૧૭-૧૦-૨૦૨૪



(તસવીરમાં ડાબેથી જમણે) શ્રી નરેન્દ્ર કોઠારી, રેડિયોલોજિસ્ટ ડૉ. શેફાલી શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિન સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી હિમાંશુ શાહ




સોનોગ્રાફી મશીન – ગુજરાતમાં સૌ પ્રથમ
શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં - ઇન્સ્ટોલેશન સમયની કેક



(તસવીરમાં ડાબેથી જમણે) શ્રી નરેન્દ્ર કોઠારી, કેક કાપતાં ડૉ. શેફાલી શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિન સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રજનીકાંત પારેખ,

## મહિલા ઉત્કર્ષ સમિતિ ★ કેન્સર વિશેની જાગૃતિ ફેલાવતી સ્કીટની તસવીરી ઝલક





## મહિલા ઉત્કર્ષ સમિતિ ★ પ્રિ-નવરાત્રી ગરબા કાર્યક્રમની તસવીરી ઝલક










**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અંગદાન સમિતિ દ્વારા સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ દરમિયાન તા. ૧૫-૯-૨૦૨૪ના રોજ ટાગોર હોલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં સમાજ પરિવારજનોએ ખૂબ મોટી સંખ્યામાં રક્તદાન કરીને પ્રશંસનીય કાર્ય કરેલ...**

## ઉડતી નજરે.... *માસ સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ૬૫૮<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ૪૮<br>● બોડી ચેક-અપ ૩૩૩<br>● સોનોગ્રાફી ૧,૨૯૪<br>● ટી.એમ.ટી. ૩૯<br>● ઑપરેશન ૯<br>● ઈકો ૨૭૬<br>● અન્ય ૯,૦૬૫ | ૧૧,૭૨૨ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● લાભ લેનારી વ્યક્તિઓ ૬૧૪<br>● કેન્ટીન ૪,૦૨૫ | ૪,૬૩૯ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● પુરુષો ૧૨૨<br>● સ્ત્રીઓ ૨૫<br>● બાળકો ૧ | ૧૪૮ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૬૩ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ૧,૭૪૫<br>● મ્યુઝીયમ ૯૨૦<br>● કેન્ટીન ૩,૬૧૨<br>● જલારામ અન્નક્ષેત્ર ૪૧૦<br>● ડિસ્પેન્સરી ૬૯ | ૬,૭૫૬ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૫૭૨ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા***<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● બોડી ચેક- અપ ૨૧૮<br>● સોનોગ્રાફી ૨૬૩<br>● ઑપરેશન ૧૪<br>● માઈનોર ઓ.ટી. ૮<br>● ફિઝીયોથેરાપી ૧,૦૮૫<br>● અન્ય ૫,૮૯૭ | ૭,૪૮૫ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૬૨ |

| | | |
|---|---|---|
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● એક્સ-રે ........ **૩૩**<br>● સોનોગ્રાફી ........ **૫૫**<br>● બોડી ચેક-અપ ........ **૭૬**<br>● ઈકો ........ **૨**<br>● અન્ય ........ **૮૩૪** | **૧,૦૦૦** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● એક્સ-રે ........ **૧૦૪**<br>● સોનોગ્રાફી ........ **૫૯**<br>● ફિઝીયોથેરાપી ........ **૨૯૬**<br>● ડેન્ટલ ........ **૯૫**<br>● બોડી ચેક-અપ ........ **૩૧**<br>● ઈકો ........ **૧૪**<br>● પેથોલોજી ........ **૧૮૯**<br>● ઈ.સી.જી. ........ **૫૪**<br>● અન્ય ........ **૪૨૬** | **૧,૨૬૮** |
| *માસ સપ્ટેમ્બર – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | | **૩૪,૦૧૫** |

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### સરસ્વતી સન્માન અને વિશિષ્ટ પુરસ્કાર સમિતિ

રૂા. ૨૦,૦૦૦/- શ્રી રસીક ખીમજી મહેતા - અમદાવાદ
રૂા. ૧૧,૦૦૦/- શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા - અમદાવાદ
રૂા. ૧૧,૦૦૦/- શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી - અમદાવાદ
રૂા. ૬,૦૦૦/- ડૉ. રાગેશ કે. ફડિયા - અમદાવાદ

### વૈયાવચ્ચ યોજના

રૂા. ૫૧,૦૦૦/- પ્રા. પૃથ્વી નરેન્દ્ર શાહ - અમદાવાદ
રૂા. ૧,૧૪૦/- શ્રી રિતેશ જયેન્દ્ર લાલન - મુંબઈ

### જનરલ ડોનેશન

રૂા. ૯૫,૦૦૦/- શ્રી દર્શન હરિક્રિષ્ના નાયક - ગાંધીનગર
રૂા. ૫,૦૦૦/- નૈશીબેન કાંતાબા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- મત્યાબેન કાંતાબા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- દિશીબેન કાંતાબા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- હેમીબેન કાંતાબા - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રી મૌલિક હરેશકુમાર ગાંધી - અમદાવાદ

### વયસ્ક સમિતિ

રૂા. ૭,૫૦૦/- શ્રી દિનેશ પ્રેમચંદ શાહ - અમદાવાદ
રૂા. ૭,૫૦૦/- શ્રીમતી કોકિલાબેન ભોગીલાલ શાહ (કોરડિયા) - અમદાવાદ
રૂા. ૫,૦૦૧/- શ્રી ભૂમિકા અંકિત દવે - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- ડૉ. હિમાંશુ રમેશભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૪,૦૦૦/- શ્રી દિલીપ કુંવરજી દંડ - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી હરખચંદ નાનજી પોલડિયા - અમદાવાદ

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૫,૦૦૧/- શ્રી પ્રીતેશ ચંદુલાલ એકલવેના - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રી વિનોદભાઈ કાનજીભાઈ વાઘેલા - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી ચંદ્રકાંત મોદી શ્રી દત્તેશ મોદી - અમદાવાદ

### કેળવણી સહાય યોજના

રૂા. ૫,૦૦૦/- ડૉ. નીતુબેન પરીખ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*વાણીમાં જ અજબ શક્તિ રહેલી હોય છે. કડવું બોલનારનું 'મધ' વેચાતું નથી અને મીઠું બોલનારના 'મરચાં' પણ વેચાઈ જાય છે.*

# સમાજ દર્પણ

## અવસાન નોંધ

● **શનિવાર, તા. ૫-૧૦-૨૦૨૪**

**અ.સૌ. કિરણબેન સિધ્ધાર્થભાઈ શાહ** (ઉં.વ. ૭૨) (અમદાવાદ - ભુજ)નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

● **સોમવાર, તા. ૧૪-૧૦-૨૦૨૪**

**અ.સૌ. કલ્પનાબેન હરખચંદ પોલડિયા** (ઉં.વ. ૬૩) (અમદાવાદ - તલવાણા)નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

● **સોમવાર, તા. ૧૮-૧૦-૨૦૨૪**

**સુધાબેન રામજી ગાલા** (ઉં.વ. ૭૦) (અમદાવાદ - ફરાદી)નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના...*

## સરનામા ફેરફાર

● **ધર્મેન્દ્ર બાબુલાલ પ્રભુલાલ બાબરીયા**
ડી-૪૦૧, પુષ્કર-૪
વિતરાગ સોસાયટીની સામે, પી.ટી. કૉલેજ રોડ,
શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૭૪૩૩૮ ૯૫૭૭૧, ૯૪૦૮૧ ૬૯૧૦૧

# ચક્ષુદાતાઓ



**કાંતિભાઈ રામજીભાઈ શાહ**
**(ગામ : રામાણિયા)**
**(ઉં.વ. ૭૮)**
**(તા. ૨૨-૯-૨૦૨૪)**



**કલ્પનાબેન હરખચંદ શાહ**
**(ગામ : તલવાણા)**
**(ઉં.વ. ૬૩)**
**(તા. ૧૪-૧૦-૨૦૨૪)**



**સુધાબેન રામજી ગાલા**
**(ગામ : ફરાદી)**
**(ઉં.વ. ૭૦)**
**(તા. ૧૮-૧૦-૨૦૨૪)**

છેલ્લા એક મહિનામાં આપણા સમાજની ઉપરોક્ત ત્રણ વ્યક્તિઓએ ચક્ષુદાન કરેલ છે.

કાંતિભાઈમાં રામજી વસ્યા અને એઓશ્રી ચક્ષુદાન કરી અંધજનોને કાંતિ આપતા ગયા એટલે કે તેજ - રોશની આપતા ગયા.

કલ્પનાબેને ચક્ષુદાનની કલ્પના કરી લીધેલી અને જતા જતા ચક્ષુદાન કરતા ગયા. હવે જે અંધજનોને દૃષ્ટિ મળી છે તે આ સુંદર દુનિયાનો નજારો સગી આંખે જોઈ, કેવી સરસ મજાની કલ્પનાઓ કરતા થઈ જશે.

સુધાબેને તો અંધજનોના અંધકારમય જીવનમાં સુધારસ રેડી અંધજનોનું જીવન અમૃતમય બનાવી દીધું.

વાહ! વાહ! આ ત્રણેય વ્યક્તિઓએ જીવતે જીવ તો જે સત્કાર્યો કર્યા હોય, મૃત્યુ બાદ પણ પોતાના નામ પ્રમાણેના ગુણો બતાવી બીજાના જીવનમાં ઉજાશ ફેલાવતા ગયા અને પોતાનું જીવન પણ સાર્થક કરતા ગયા.

*ખૂબ ખૂબ ધન્યવાદ.*

*ઉપરોક્ત દરેકના આત્મા પરમ શાંતિ પામે અને મોક્ષ તરફ પ્રયાણ કરે એવી આપણા સૌ વતી ફરી એકવાર પ્રભુને પ્રાર્થના.*

*કમલેશભાઈ બાબુભાઈ શાહ, કન્વીનર - અંગદાન સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**તા. ૨-૧૦-૨૦૨૪**

- આજ રોજ બંધારણ સમિતિની મીટિંગ મળી હતી. જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન શાહ, શ્રી હસમુખ ગઢેચા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી દેવેશ દંડ, શ્રી નરેન્દ્ર કોઠારી વગેરે હાજર રહ્યા હતા. આ મીટિંગમાં બંધારણના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે વિસ્તૃત થતા જતા શ્રી કચ્છી જૈન સેવા સમાજના હોદ્દેદારોની જવાબદારીને એક કરતાં વધારે વ્યક્તિઓમાં વહેંચણી કરવી.

  હાલના કાયદા પ્રમાણે બધી જ જવાબદારી ટ્રસ્ટી લોકોની આવતી હોવાથી હોદ્દેદારોની નિમણુંક ટ્રસ્ટીઓમાંથી કરવા તેમજ દાતા ટ્રસ્ટીઓની નિમણુંક કરવા બાબતે વિસ્તૃત ચર્ચા કરીને બંધારણને બંધારણ અને નિયમાવલી એમ બે ભાગમાં વ્યવસ્થિત વહેંચણી કરવા માટે બંધારણ સમિતિને આ વિષય પર વિગતવાર તૈયાર કરી હવે પછીની મીટિંગમાં રજૂ કરવાનું કહેવામાં આવ્યું હતું.

**તા. ૩-૧૦-૨૦૨૪**

- આજ રોજ શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકભાઈ ગોસરે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ શાહીબાગ ખાતે ભવન અને ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધી હતી. ત્યાંના પેશન્ટો અને પેસેન્જરો સાથે વાર્તાલાપ કરી, એમના અભિપ્રાયો લીધા હતા.

**તા. ૪-૧૦-૨૦૨૪**

- આજ રોજ શ્રી પ્રતાપ દંડ, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી કે.ડી. શાહે વિવિધ સમિતિઓની કામગીરીનું નિરીક્ષણ કર્યું અને અમુક સમિતિઓનું એકબીજામાં વિલીનીકરણ કરવાનું નક્કી કર્યું.

**તા. ૫-૧૦-૨૦૨૪**

- આજે શ્રી કે.ડી. શાહ અને HR ખુશ્બુ શાહે આપણા લેબર કન્સલ્ટન્ટ શ્રી અશોકભાઈ શુક્લા પાસેના પેન્ડિંગ કામો અંગે ચર્ચા કરી અને વહેલી તકે એમના બદલે બીજા કન્સલ્ટન્ટ અંગે વિચાર કરવાનું હોદ્દેદારો સાથે ચર્ચા કરી નક્કી કર્યું હતું.

**તા. ૬-૧૦-૨૦૨૪**

- આજ રોજ કારોબારી સમિતિની મીટિંગ મળેલ હતી. જેમાં ૨૧ સભ્યો હાજર હતા. આજની મીટિંગમાં વયસ્ક સમિતિ તરફથી અને મહિલા ઉત્કર્ષ સમિતિ તરફથી આવેલા પત્રનું વાંચન કરી આગામી ખર્ચ માટેની મંજૂરી આપવામાં આવેલ હતી.

  અન્ય મુદ્દાઓમાં કારોબારી સમિતિ હેઠળ આવતી વિવિધ સમિતિઓના કન્વીનરોની નિમણુંક કરવામાં આવેલ હતી. આ સાથે આ વખતે જરૂરી સમિતિઓમાં કો-કન્વીનરની પણ નિમણુંક કરવામાં આવી હતી. આ ઉપરાંત દરેક સમિતિના કન્વીનરોને તેમના દ્વારા થનારા આગામી કાર્યક્રમ અને તે અંગેના ખર્ચના બજેટ રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું.
- આજ રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. જેમાં ૨૪ સભ્યો હાજર હતા. આજની મીટિંગનો મુખ્ય એજન્ડા બંધારણ અંગેનો હતો. બંધારણની ચર્ચા કરતાં શ્રી હસમુખ ગઢેચાએ જણાવ્યું હતું કે આગામી સમયમાં આપણે ગવર્નમેન્ટના કાયદા પ્રમાણે સોશિયલ સ્ટોક એક્સચેન્જ સ્કીમમાં જઈએ તો આપણે જાહેર જનતા પાસેથી પબ્લિક ઇસ્યુ દ્વારા ઝીરો કૂપન દ્વારા ડોનેશન મેળવી શકીએ તેનું ધ્યાન રાખીને આપણે બંધારણ તૈયાર કરવું જોઈએ.

**તા. ૭-૧૦-૨૦૨૪**

- નવનીત ભવન - બહેરામપુરામાં એકાદ ખાલી થયેલ ફ્લેટને જરૂરતમંદ કુટુંબને ટેમ્પરરી ભાડેથી આપવા અંગે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકભાઈ ગોસરે ચર્ચા વિચારણા કરી, સમિતિ સાથે ચર્ચા કરી નિર્ણય લેવો એવું નક્કી કરવામાં આવ્યું.
- આજે હિસાબી સમિતિની મીટિંગમાં શ્રી વિમેશ શાહ, શ્રી દેવેન છેડા, શ્રી દેવેશ દંડ અને શ્રી કે.ડી. શાહ હાજર હતા. જશોદાનગરના મેડિકલ સેન્ટરનું HDFC બેંકમાં ખાતું ખોલાવવા અંગે ચર્ચા કરી. ગૂગલ પેમેન્ટ જે આવે છે એને વ્યવસ્તિત રીતે એકાઉન્ટીંગ થાય એની ચર્ચા કરી. કાઉન્ટર પર રહેતી વ્યક્તિ દ્વારા કેસના મેનેજમેન્ટ અંગે ચર્ચા કરી હતી.

**તા. ૧૧-૧૦-૨૦૨૪**

- શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી કે.ડી. શાહે આજે જશોદાનગર નવનીત મેડિકલ સેન્ટરની મુલાકાત લીધી. સ્ટાફ અને ડૉક્ટરો સાથે વાર્તાલાપ કર્યો.

**તા. ૧૨-૧૦-૨૦૨૪**

- આજ રોજ યુવા વિકાસ સમિતિ તરફથી રાત્રે ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. તેમાં સમાજ પરિવાર અને સ્ટાફ પરિવારના ૨૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

**તા. ૧૪-૧૦-૨૦૨૪**

- શ્રી નિરંજનભાઈ મૈશેરી, શ્રી કે.ડી. શાહ અને શ્રી નરેન્દ્ર કોઠારીએ આજે સમાજ સુરક્ષા સમિતિમાં બે-ત્રણ ફાઈલોનો નિકાલ કર્યો હતો.

**તા. ૧૫-૧૦-૨૦૨૪**

- આજે HR સમિતિની એક મીટિંગ મળી હતી. શ્રી વિમેશ શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રીમતી ખુશ્બુ શાહ HR અને શ્રી કિશોર ઠક્કર હાજર હતા. કાઉન્ટર સ્ટાફના વર્તન અને કાર્ય અંગે ચર્ચા કરી હતી. ત્રણે ભવનના કાઉન્ટરોના ક્લાર્કની ડ્યુટી અંગે ચર્ચા કરી હતી.

**તા. ૧૬-૧૦-૨૦૨૪**

- ક્રેડિટ સોસાયટીની લોન સમિતિની મીટિંગ આજે ભવન પર મળી હતી. એમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી અને શ્રી દેવેશ દંડ હાજર હતા. લોન માટે આવેલ એક અરજીની ચકાસણી કરી લોન મંજૂર કરવામાં આવી હતી. જે લોન ખાતાઓમાં હપ્તાઓ બાકી છે એમની ચર્ચા કરી હતી અને વહેલી તકે ખાતાઓ રેગ્યુલર કરવા પ્રયત્ન કરવાનું નક્કી કર્યું હતું.

## મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૧-૧૦-૨૦૨૪**

- આંખ વિભાગમાં ચશ્માના નંબર અને મોતિયાના ઑપરેશન માટેનું KLB Instrument તરફથી Nidek Company નું નવું Autorefractometer – Keratometer ઈન્સ્ટોલ કરવામાં આવ્યું. જૂનું મશીન બાયબૅકમાં આપવામાં આવ્યું. જેની સામે KLB Company તરફથી તા. ૮-૧૦-૨૦૨૪ના રોજ રૂા. ૯૫,૦૦૦/-નો ડોનેશનનો ચેક આપવામાં આવ્યો.

**તા. ૧૦-૧૦-૨૦૨૪**

- સોનોગ્રાફી વિભાગમાં G.E. Wipro કંપનીનું Versana Premier R3 મશીન આવ્યું. જૂનું સોનોગ્રાફી મશીન P9R2 (G.E. Wipro) નું નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે મોકલવાનું છે.
- ફૂટ મસાજ માટે કાંસા થાળી મશીન GST સાથે રૂા. ૨૪,૦૦૦/-નું ખરીદવામાં આવ્યું.

**તા. ૫-૧૦-૨૦૨૪**

- કચ્છી જૈન ભવનના બેઝમેન્ટ હોલમાં ભવનના સર્વે સ્ટાફના ગરબાનું HR શ્રી ખુશ્બુ શાહના સહયોગથી બપોરે ૨ થી ૩.૩૦ દરમિયાન આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૦થી ૨૨ સ્ટાફના સભ્યો ઢોલીના સંગે ગરબામાં ઝુમ્યા હતા. સૌને ખૂબ આનંદ આવેલ હતો.

**તા. ૧૭-૧૦-૨૦૨૪**

- આજરોજ નવા સોનોગ્રાફી મશીનનું ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યું અને G.E. તરફથી શ્રી હિમાંશુ શાહ ટ્રસ્ટી ગણ માટે કેક લઈને આવ્યા હતા. **આ મશીન Versana Premier R3 જેમાં Upgraded AI Technology વાપરવામાં આવી છે, તે ગુજરાતમાં સૌપ્રથમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરમાં મશીન આવેલ છે.** શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી અશ્વિન સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી રમણિકભાઈ ગોસરની હાજરીમાં ડૉ. શેફાલી શાહ પાસે કેક કટીંગ કરાવવામાં આવેલ. ડૉ. શેફાલી શાહે મશીન ખૂબ જ સરસ છે તેમ જણાવેલ. ડૉ. હિતેન્દ્ર શાહે જણાવ્યું કે શ્રી હિમાંશુ શાહે (Meditech Systems – G.E. Wipro) આપણને અત્યાર સુધી ખૂબ જ સાથ આપ્યો છે, ને ભવિષ્યમાં પણ આપતા રહેશે તેમ જણાવેલ.

**Versana Premier R3 સોનોગ્રાફી મશીન જેમાં Upgraded AI Technology વાપરવામાં આવી છે, તે સૌપ્રથમ સમગ્ર ગુજરાતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં આવેલ છે. તેના માટે સમાજના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, સેન્ટરના બધા જ ડૉક્ટર્સ ગૌરવ અનુભવે છે.**

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૧-૧૦-૨૦૨૪**

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતેનો સપ્ટેમ્બર-૨૦૨૪ માસનો મંથલી રીપોર્ટ આપવામાં આવ્યો. જેમાં ટોટલ ૭૪૮૫ દર્દીઓએ સારવાર લીધેલ હતી. ડાયાલિસિસમાં ૨૬૨ દર્દીઓએ લાભ લીધેલ હતો.

**તા. ૪-૧૦-૨૦૨૪**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું હતું.

**તા. ૫-૧૦-૨૦૨૪**

- આજ રોજ પ્રથમ માળે વોર્ડ બનાવવા અંગેનું કામ શરૂ થયેલ હતું.

**તા. ૯-૧૦-૨૦૨૪**

- આજ રોજ ઇ.એન.ટી. ડિપાર્ટમેન્ટમાં માઈક્રોસ્કોપ ઈન્સ્ટોલ કરવામાં આવ્યું હતું.

## પરમકૃપા મેડિકલ સેન્ટર – ચાંગોદર

**તા. ૧૬-૦૯-૨૦૨૪**

- આજ રોજ સેનોલેટ લાઈફ સાયન્સ - ચાચરવાડી, વાસણા ગામે કંપનીમાં મુલાકાત લીધી અને તેમની કંપનીમાં જે વર્કરના મેડિકલ બ્લડ રીપોર્ટ કરાવેલ હતા, તેમના બીલનું ફૉલો અપ લીધું.

**તા. ૧૭-૦૯-૨૦૨૪**

- આજ રોજ મહાદેવ પલ્સીસ પ્રા.લિ. કંપનીમાં સીરાજભાઈને તથા સિધ્ધિ વિનાયક વેજ ફૂડ પ્રા.લિ. કંપનીમાં મનોજભાઈ (HR)ને મળ્યા અને સેન્ટરમાં થતી સારવાર તેમજ કંપનીમાંથી પેશન્ટને સેન્ટર ઉપર સારવાર કરાવવા માટે મોકલવાની ભલામણ કરવામાં આવેલ.

**તા. ૧૯-૦૯-૨૦૨૪**

- આજ રોજ ચાંગોદર ખાતે આશ્રય મલ્ટીસ્પેશિયાલિટી અને કેર એન્ડ ક્યોર મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં MO ને મળવામાં આવ્યા અને સોનોગ્રાફી, ૨-ડી ઈકો, PRT રીપોર્ટ તેમજ બ્લડ રીપોર્ટના પેશન્ટ મોકલી શકે તેવી ચર્ચા કરવામાં આવી.

**તા. ૨૦-૦૯-૨૦૨૪**

- આજ રોજ મોરૈયા ગામ ખાતે નીચે જણાવેલ ડૉક્ટરોને મળવામાં આવ્યા. ફરીવાર મળીને સોનોગ્રાફી, PRT, બ્લડ રીપોર્ટ તેમજ ૨-ડી ઈકોના તેમજ અન્ય મેડિકલ સારવાર માટેના પેશન્ટ સેન્ટર ઉપર મોકલવા જણાવાયું : ડૉ. અલ્પેશ ઠક્કર, ડૉ. ચિરાગ અગ્રવાલ, ડૉ. મેહુલ પટેલ, ડૉ. કોમલ ઠક્કર, ડૉ. સંગીતા ગુપ્તા, ડૉ. વિક્રમ આહિર.

**તા. ૨૧-૦૯-૨૦૨૪**

- આજ રોજ ચાંગોદર ગામ ખાતે ડૉ. વિજય રાઠોડ, ડૉ. પ્રદીપ મુંધવા, ડૉ. ફાલ્ગુન પરીખ – તમામ ડૉક્ટરને મળવામાં આવ્યા અને સેન્ટર વિશે માહિતી આપવામાં આવી અને મેડિકલ સારવાર માટેના પેશન્ટ સેન્ટર ઉપર મોકલવા ભલામણ કરવામાં આવી.
- આજ રોજ ચાંગોદર ગામ ખાતે શ્રી રામ એન્જિનિયરીંગ પ્રા.લિ. અને હિમેશ ફાર્માસ્યુટીકલ કંપનીમાં મુલાકાત લીધી અને સેન્ટર વિશે માહિતી આપવામાં આવી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપવામાં આવ્યા.

**તા. ૨૩-૦૯-૨૦૨૪**

- આજ રોજ જોન ડિયર ટ્રેક્ટર અને પાસ્કા પોલીમર્સ તેમજ રવિ એન્જિનિયરીંગ કંપનીમાં મુલાકાત લેવામાં આવી અને જે તે જવાબદાર વ્યક્તિ સાથે સેન્ટર વિશે માહિતી આપવામાં આવી તેમજ જરૂરી ડોક્યુમેન્ટ્સ આપ્યા.

**તા. ૨૪-૦૯-૨૦૨૪**

- આજ રોજ મોરૈયા ગામ ખાતે ત્રિવેણી માર્બલમાં હિરેનભાઈ શાહ (મેનેજર), આર્ટ-ઓ-પ્રિન્ટ કંપનીમાં મનોજભાઈ (HR), આયુકલ્પ ફાર્મા કંપનીમાં નીરજભાઈ સેવક (ડાયરેક્ટર), પ્રાર્થના ઍલોયમાં હિતેશભાઈ (HR)ને ફરીવાર મળવામાં આવ્યા. મેડિકલ સારવાર માટેના પેશન્ટ્સ સેન્ટર ઉપર મોકલવામાં મદદ કરે તેવી ભલામણ કરવામાં આવી.

**તા. ૨૫-૦૯-૨૦૨૪**

- આજ રોજ કે.કે. કેટરર્સ કંપની સરી ગામ કંપનીના ૬ વર્કરનું મેડિકલ ફિટનેસ કે જે તા. ૨૪-૯-૨૦૨૪ના રોજ કરવામાં આવેલ હતું, તેમની ફાઈલ સુપરવાઈઝર જીતુભાઈને આપવામાં આવી.

**તા. ૨૬-૦૯-૨૦૨૪**

- આજ રોજ હેમસ્ટાર ફિલામેન્ટ્સ કંપનીમાં આનંદભાઈને મળવામાં આવ્યા અને તેમની કંપનીના ૩ કર્મચારીના મેડિકલ ફિટનેસ ફાઈલ આપવામાં આવી.
- આજ રોજ ડૉ. દેવાંશી ફિઝીશિયન પાલડી ભવનથી પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદરમાં મેડિકલ સારવાર માટેની સેવા આપવા માટે થોડા દિવસ માટે આવશે.

**તા. ૨૮-૦૯-૨૦૨૪**

- આજ રોજ મોરૈયા ગામમાં સુવાસ - પ્રવેશ સોસાયટીમાં કાર્યકર્તા શ્રી કનુભાઈને મળવામાં આવ્યા અને સોસાયટીને સેન્ટરની માહિતી આપવા બાબતે ચર્ચા કરી અને પેશન્ટને મેડિકલ સારવાર કરવા સેન્ટર ઉપર આવવા ભલામણ કરી.

● આજ રોજ મોરૈયા ગામ ખાતે પંચગીની સોસાયટીમાં કાર્યકર્તા સાથે મીટિંગ કરવામાં આવી અને સેન્ટર વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી.

**તા. ૩૦-૦૯-૨૦૨૪**

● આજ રોજ સેનોલેટ લાઈફકેર ગામ સરી કંપનીમાં શ્રી સચીનભાઈ - ડાયરેક્ટરને મળવામાં આવ્યા અને મેડિકલ ફિટનેસ જે સેન્ટર ઉપર કરવામાં આવે છે તેમજ પેશન્ટને સર્વિસ બાબતે કોઈ તકલીફ નથી ને તે બાબતે ચર્ચા કરવામાં આવી અને ઓગસ્ટ-૨૦૨૪ માં જે વર્કરના મેડિકલ ફિટનેસ કરવામાં આવેલ હતા તેમનું બીલનું પેમેન્ટ લીધું.

● આજ રોજ મેઘા કંપની - મોરૈયા ખાતે સપ્ટેમ્બર-૨૦૨૪ના તમામ પેશન્ટનું બીલ શ્રી શ્રીકાંતભાઈને આપેલ છે.

**તા. ૨-૧૦-૨૦૨૪**

● આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને ડૉ. કડિયાવાલા અને સેન્ટરના સ્ટાફ સાથે કામ બાબતે તેમજ પેશન્ટ બાબતે ચર્ચા કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું.

**તા. ૩-૧૦ તથા ૪-૧૦-૨૦૨૪**

● આજ રોજ મોરૈયા, ચાંગોદર, સરી ગામ ખાતે ૧૬ કંપનીમાં મુલાકાત કરવામાં આવી અને જે તે જવાબદાર વ્યક્તિને મળીને સપ્ટેમ્બર-૨૦૨૪ના બીલો આપવાનું કામ શરૂ કરવામાં આવ્યું.

**તા. ૫-૧૦-૨૦૨૪**

● આજ રોજ પાલડી ભવન ખાતે મુલાકાત કરી અને પેથોલોજી તેમજ મેડિસીન ડિપાર્ટમેન્ટનો સામાન કિન્નરીબેન પાસેથી લીધો અને ચાંગોદર સેન્ટરે પહોંચતો કર્યો.

● આજ રોજ જિલ્લા પંચાયત લાલ દરવાજા PNDT ડિપાર્ટમેન્ટમાં જઈને સપ્ટેમ્બર-૨૦૨૪ના ૫ પેશન્ટની એન્ટીનેટલ સોનોગ્રાફીના ફોર્મ જમા કરાવવાનું કામ પૂરું કર્યું.

**તા. ૭-૧૦-૨૦૨૪**

● આજ રોજ સલામતી સિક્યોરીટીનાં સુપરવાઇઝર સંજયભાઈ રાઠોડને મળીને સપ્ટેમ્બર-૨૦૨૪ની મેડિકલ ફિટનેસની ફાઈલ આપવામાં આવી. તેમજ સપ્ટેમ્બર-૨૦૨૪ના ૧૩ સિક્યોરીટી ગાર્ડની મેડિકલ ફિટનેસનું બીલ પણ આપ્યું.

**તા. ૮-૧૦-૨૦૨૪**

● આજ રોજ હેમલોન સિન્થેટીક કંપની - ચાંગોદર ખાતે મુલાકાત લીધી અને સપ્ટેમ્બર-૨૦૨૪નું બીલ પેમેન્ટ લીધું. ત્યારબાદ નજીકના વિસ્તારમાં પાંચ કંપનીની મુલાકાત લેવામાં આવી અને જે તે જવાબદાર વ્યક્તિઓને મળીને સેન્ટરમાં થતી સારવારની માહિતી આપવામાં આવી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપવામાં આવ્યા કે જેથી તેઓ પેશન્ટને દવા કરાવવા મોકલી શકે.

**તા. ૮-૧૦ તથા ૯-૧૦-૨૦૨૪**

● આજ રોજ પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે એમનીલ ફાર્માસ્યુટીકલ કંપની દ્વારા ૩૭ વર્કરનું મેડિકલ ફિટનેસ સેન્ટરમાં કરવામાં આવ્યું. શ્રી અશોકભાઈ વાઘેલા (કોન્ટ્રાક્ટર)નો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે.

**તા. ૧૦-૧૦-૨૦૨૪**

● આજ રોજ હેમા રેમેડાઈઝ - સરી ગામ ખાતે મુલાકાત લેવામાં આવી અને કંપનીના HR મિલનભાઈને મળીને સપ્ટેમ્બર-૨૦૨૪નું બીલ પેમેન્ટ લીધું. ત્યારબાદ સરી ગામમાં ૪ કંપનીની મુલાકાત લીધી અને સેન્ટર વિશે માહિતી આપવામાં આવી.

**તા. ૧૫-૧૦-૨૦૨૪**

● આજ રોજ મોરૈયા ગામ ખાતે પાંચ કંપનીની મુલાકાત લીધી અને ટાઈ-અપ કરેલ કંપનીમાં જે તે જવાબદાર વ્યક્તિને મળીને પેશન્ટ બાબતે ચર્ચા કરી અને પેશન્ટને સારવાર દરમિયાન સર્વિસ બાબતે ચર્ચા કરવામાં આવી.

**તા. ૧૭-૧૦-૨૦૨૪**

● આજ રોજ હેમસ્ટાર ફિલામેન્ટ્સ, હેમટેક ઇન્ડસ્ટ્રીઝ, હેમલોન સિન્થેટીક્સ કંપનીમાં ૨૨૯ કારીગરોને મેડિકલ કાર્ડ આપવામાં આવ્યા.

● આજ રોજ પરમકૃપા મેડિકલ સેન્ટરનું જાહેરાતનું મેઈન લાઈટીંગવાળું બોર્ડ, જે બગડી ગયેલ હતું તે શ્રી હિરેન શાહના કહેવાથી શ્રી નિખિલભાઈ તેમની ટીમ સાથે આવ્યા હતા અને પ્રતીક વ્યાસ સાથે હાજર રહીને નવું બોર્ડ લગાવવાનું કામ પૂરું કરવામાં આવ્યું હતું.

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૨૬-૦૯-૨૦૨૪**

● આજ રોજ સેન્ટરના એડમિન સ્નેહલભાઈ ભાવસારના રેફરન્સથી ચંદન પાર્ક ટેનામેન્ટ, જશોદાનગરમાં નિઃશુલ્ક બ્લડ સુગર, બ્લડ ગ્રુપ તથા બી.પી.ની તપાસનો કેમ્પ યોજાયેલ. જેમાં ૫૭ લોકોએ કેમ્પનો લાભ લીધો. આ

કેમ્પમાં ડૉ. કોમલ, લેબ ટેકનિશિયન પ્રિયા પ્રજાપતિ તથા હેતલ ચાવડાએ સેન્ટર તરફથી સેવા આપી હતી.

**તા. ૨૯-૦૯-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. આ સાથે એમણે ઓપ્થેલ્મોલોજિસ્ટ અને ડેન્ટીસ્ટના ઈન્ટરવ્યુ લીધા અને સેન્ટર પર એમની નિમણુંક માટે ચર્ચા કરી હતી.

**તા. ૩૦-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી દ્વારા HR ખુશ્બુ શાહે જશોદાનગરના સ્ટાફ માટે ટ્રેનિંગ સેશનનું આયોજન કરેલ. જેમાં ટ્રેનર હેતાબેન દ્વારા જ્ઞાન સાથે ગમ્મત થાય એવી સુંદર ટ્રેનિંગ આપવામાં આવી.

**તા. ૩-૧૦-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધી અને સેન્ટરના મંથલી રીપોર્ટની માહિતી મેળવી.

**તા. ૫-૧૦-૨૦૨૪**

- આજ રોજ રોટરી ટ્રેનિંગ સેન્ટર - મણિનગર (રોટરી ક્લબ દ્વારા સંચાલિત) ખાતે સેન્ટર દ્વારા નિઃશુલ્ક બ્લડ સુગર, બ્લડ ગ્રુપ તથા બી.પી.ની તપાસનો કેમ્પ રાખવામાં આવ્યો. જેમાં કુલ ૪૮ લોકોએ કેમ્પનો લાભ લીધો. આ કેમ્પમાં ડૉ. કોમલ દવે, દીપક ત્રિવેદી, સ્નેહલ ભાવસાર, અલ્પા મોદી, અનુષ્કા સોની, શૈલેષ સોલંકી તથા ધ્રુવ પારેખે સેવા આપી.

**તા. ૯-૧૦-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર ગાયનેકોલોજિસ્ટ ડૉ. રાજશ્રી મોદીની નિમણુંક કરવામાં આવી. જે બુધવારે અને શનિવારે સાંજે ૫ થી ૬.૩૦ની ઓ.પી.ડી.માં આવશે.
- આજ રોજ સેન્ટર પર કાંસ્ય થેરાપીનું મશીન આવ્યું જેની ટ્રીટમેન્ટ ફિઝીયોથેરાપી વિભાગમાં કરવામાં આવશે.

**તા. ૧૧-૧૦-૨૦૨૪**

- આજ રોજ સેન્ટર પર આંખ વિભાગના નવા ડૉ. હર્ષલ પટેલની ઓ.પી.ડી. શરૂ થઈ. જે ઓ.પી.ડી.માં સોમથી શનિવાર સવારે ૯.૦૦થી ૧૦.૩૦ દરમિયાન આવશે.
- આજ રોજ જશોદાનગર સેન્ટરની, ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ તથા રમણિકભાઈ ગોસરે મુલાકાત લીધી અને સેન્ટરની કામગીરી વિશે ચર્ચા કરી.

**તા. ૧૨-૧૦-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર સેન્ટર ખાતે ગાયનેકોલોજિસ્ટ ડૉ. રાજશ્રી મોદીની નિમણુંક થઈ. જે સેન્ટર પર ઓ.પી.ડી.માં બુધવાર અને શનિવારે સાંજે ૫.૦૦થી ૬.૩૦ આવશે.

**તા. ૧૬-૧૦-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. તેમણે રેડિયોલોજિસ્ટની નિમણુંક માટે ચર્ચા કરી અને કાંસ્ય થેરાપીના મશીન વિશે જાણકારી મેળવી હતી.

**તા. ૧૮-૧૦-૨૦૨૪**

- આજ રોજ સેન્ટરના એડમિન. સ્નેહલ ભાવસારના રેફરન્સથી ઈન્દ્રપુરી ટાઉનશિપ - જશોદાનગર ખાતે નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફ્રી રેન્ડમ બ્લડ સુગર, બ્લડ ગ્રુપ અને બી.પી.ની તપાસ કરવામાં આવી. આ કેમ્પમાં કુલ ૮૩ લોકોએ લાભ લીધો.

**તા. ૧૯-૧૦-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર સેન્ટરની નવનીત પ્રકાશનના CSR ઓફિસર રાજશ્રીબેન રાવલ તથા પાલડી ભવનના એડમિન ધરાબેને મુલાકાત લીધી હતી. તેમણે સેન્ટરનો ગ્રોથ કેવી રીતે કરવો તેની વિસ્તારથી ચર્ચા કરી. ■

## હકારાત્મક વિચાર

હે માનવ!
તું હકારાત્મક વિચાર, હકારાત્મક વિચાર!
જિંદગીના ચોપડે સમય સરકતી રેતી છે,
હકારાત્મક વિચાર જ સમયની ખેતી છે.
સદાચારનો પાક લણવા નિત્ય તું વિચાર,
હે માનવ! તું સદા હકારાત્મક જ વિચાર!

ભાવશૂન્ય બની ઉદાસીનતા ઓઢી ન લે,
મુક્ત હાસ્ય રેલાવી ચિત્તને નિર્મળ કરી લે.
ગુમરાહ ઈન્દ્રિયોને વશ કરી, કર અહંનો ત્યાગ,
હે માનવ! તું સદા હકારાત્મક જ વિચાર!

ક્ષણભંગૂર જિંદગીની દરેક પળ ખુશીથી ગુજાર,
અતીતની કડવી વાતો ભૂલી, વર્તમાનને સુધાર.
તર્ક-વિતર્કના કુંડાળામાંથી મનને મુક્ત કર,
હે માનવ! તું સદા હકારાત્મક જ વિચાર!

*ભૂપેન્દ્ર ત્રિવેદી - ગાંધીનગર*
*મો. ૯૮૯૮૪ ૫૩૧૭૨*

# અતીતના ઓવારેથી.... : મણકો-૧૫

*'અતીતના ઓવારેથી'ના મણકા-૧૫ વિભાગમાં 'મંગલ મંદિર'ના મે-૨૦૦૫ના અંકમાં પ્રસારીત કરવામાં આવેલ બે લેખ અત્રે ફરીથી પ્રસિદ્ધ કરીએ છીએ.*

*આજથી ૨૦ વર્ષ અગાઉની આપણા સભ્યની અંગત ક્ષેત્રે કરવામાં આવેલ કાર્યવાહી અને આપણા સમાજ માટે કરવામાં આવેલ કાર્યવાહી અત્રે નીચેના લેખ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ છે કે જે કોઈના પણ હૃદયને સ્પર્શી જશે.*

*૧. અમદાવાદમાં કચ્છીઓની એક વધુ ભેટ : કૉલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર.*

*૨. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત યાદ શક્તિના વર્કશોપનું અદ્‌ભુત પરિણામ*

*– તંત્રી મંડળ*

### અમદાવાદને કચ્છીઓની એક વધુ ભેટ

## કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર

● *અશોક મહેતા* ●

ગત વર્ષે "અમદાવાદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી" (એ.આઈ.ટી.) નામની એક એન્જિનિયરિંગ કોલેજની સ્થાપના નખત્રાણા વિભાગના એક કચ્છી સપૂત શ્રી શામજીભાઈ હંસરાજભાઈ વાલજીભાઈ પટેલ (શ્રી હંસરાજભાઈ કચ્છી સમાજ - અમદાવાદના એક અગ્રીમ કાર્યકર છે) દ્વારા અમદાવાદમાં કરવામાં આવી, કે જેમાં કોમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિક્સ, મિકેનિકેલ તથા ઈલેક્ટ્રીકલ એમ એન્જિનિયરિંગના ચાર વિભાગ, દરેક વિભાગ દીઠ ૬૦ વિદ્યાર્થી મળી ૨૪૦ વિદ્યાર્થીઓથી શરૂઆત કરવામાં આવી. અમદાવાદને કચ્છીઓ તરફથી મળેલ આ એક સુંદર ભેટ હતી.

ચાલુ વર્ષ દરમિયાન એટલે કે વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં તેવી જ એક વધુ સુંદર ભેટ અમદાવાદને કચ્છીઓ તરફથી મળી રહેલ છે, કે જે "કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર"ના નામે એક ડેન્ટલ કોલેજની છે.

જેના માટે સંપૂર્ણ તૈયારી થઈ ચૂકેલ છે તેવી આ ડેન્ટલ કોલેજને "ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા"ની પરમિશન મળી શકશે તો જુલાઈ-૨૦૦૫ દરમિયાન "મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ" સંચાલિત આ કોલેજ પ્રથમ વર્ષે ૧૦૦ વિદ્યાર્થીઓની કેપેસિટીથી શરૂ કરવામાં આવનાર છે. અંજાર સ્થિત ગૂર્જર જૈન પરિવારના વડીલ બંધુ ડૉ. મધુકાંત મોહનલાલ શાહ, M.B.B.S. ડોક્ટર છે કે જેઓ હાલે આ કૉલેજના બાંધકામ વગેરે કાર્ય પર પૂર્ણ દેખરેખ રાખી રહેલ છે. તેમનાથી નાના બંધુ ડૉ. રાજેન્દ્ર મોહનલાલ શાહ રેડિયોલોજિસ્ટ છે અને તેઓશ્રી ગાંધીધામ - કચ્છમાં પોતાની પ્રેક્ટિસ કરે છે, કે જેઓ આ કોલેજ સાથે પણ સંકળાયેલ છે. સહુથી નાના બંધુ ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ ડેન્ટલ સર્જન - M.D.S. છે અને અમદાવાદમાં પાલડી - ભઠ્ઠા વિસ્તારમાં ડેન્ટલ સર્જન તરીકે પ્રેકટિસ કરે છે કે જેઓ પણ આ કૉલેજના અનેકવિધ ટેકનિકલ કામો સાથે સંકળાયેલ છે.

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિના સભ્ય તરીકે અને હાલે તેઓ છેલ્લા કેટલાયે વર્ષોથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ચાલતા મેડિકલ સેન્ટરની સમિતિના કન્વીનર તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આ નાતે વિશેષ ગર્વ અને આનંદ છે કે આ સમાજ પણ આ ડેન્ટલ કૉલેજની સ્થાપના પાછળ કોઈક રીતે સંકળાયેલ છે.

અત્રે એ વાતનો ઉલ્લેખ કરવો જરૂરી બની રહે છે કે આ શિક્ષિત કુટુંબમાં ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહના અર્ધાંગિની ડૉ. સૂચિ હિતેન્દ્ર શાહ પણ M.D.S. - ડેન્ટલ સર્જન છે અને તેઓશ્રીએ પણ પોતાની પ્રેકટિસ અલગથી જારી રાખેલ છે.

"વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન" - W.H.O.ના એક રિપોર્ટ પ્રમાણે ડેન્ટલ ડૉક્ટરની સગવડતા દર ૧૦,૦૦૦ વ્યક્તિએ એકની હોવી જોઈએ, કે જે ભારતભરમાં ૮૦,૦૦૦ વ્યક્તિએ એક ડૉક્ટરની છે. આ રેશિયો ઘટાડવા અને પરિસ્થિતિને સુધારવા સરકારશ્રી ડેન્ટલના અભ્યાસ માટે "સેલ્ફ ફાઈનાન્સ - Self Finance" કૉલેજ માટેની જરૂરી મંજૂરી આપે છે. "શાહ" ફેમિલીને ઉપરોક્ત વાતે પ્રેરણા મળી અને તેઓએ આ તકને ઝડપી લીધી. સમગ્ર ગુજરાતની વાત કરીએ તો ગુજરાતની પાંચ કરોડની જનતાની વચ્ચે હાલે ૧૭૦૦ ડેન્ટીસ્ટ

પ્રેકટિસ કરી રહેલ છે કે જેનો રેશિયો ૩૦,૦૦૦ વ્યક્તિએ એક ડૉક્ટરનો ગણવામાં આવી શકે.

"મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ" દ્વારા ચાલુ થઈ રહેલ "કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર"માં દર વર્ષે ડેન્ટલના સ્નાતક કક્ષાના અભ્યાસ માટે ૧૦૦ વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવશે. દરેક વિદ્યાર્થીએ દર વર્ષે રૂા. ૧,૧૦,૦૦૦/-ના હિસાબે આ અભ્યાસની ફી તરીકે, આ સેલ્ફ ફાઈનાન્સ કોલેજને ચૂકવવાની રહેશે.

ડેન્ટલ સાયન્સનો સ્નાતક કક્ષાનો કોર્ષ ૪ વર્ષનો છે અને બીજી વિદ્યાશાખાઓની જેમ આ શાખામાં પણ વિદ્યાર્થીને ધોરણ-૧૨ (સાયન્સ) પાસ કર્યા પછી એડમિશન આપવામાં આવે છે. આ અભ્યાસમાં દાખલ થવા માટે ઓછામાં ઓછા માર્કસનું ધોરણ ૫૫ ટકા છે. પરંતુ ગયા વર્ષે અમદાવાદમાં આ એડમિશન લગભગ ૯૦ ટકા પર અટકેલ હતું. આ ૧૦૦ વિદ્યાર્થીઓમાંથી ૫૦ ટકા સીટો એલિજિબિલિટીના ધોરણ પર સરકારશ્રી દ્વારા ભરવામાં આવે છે, બાકીની ૫૦ ટકા સીટો "પેરા મેડિકલ એસોસિએશન" દ્વારા એન્ટ્રન્સ ટેસ્ટ લઈ ભરવામાં આવે છે. આ ધારધોરણમાં સરકારશ્રી જરૂરિયાત મુજબ ફેરફાર પણ કરી શકે છે.

ત્યારબાદ એક વર્ષ માટે ઈન્ટર્નશિપ કરવાની હોય છે અને ત્યારબાદ જો માસ્ટર ઓફ ડેન્ટલ સર્જન - M.D.S.નો અભ્યાસ કરવાનો હોય તો અન્ય ત્રણ વર્ષ લાગે છે.

હાલે ભારતભરમાં અંદાજિત ૧૯૧ ડેન્ટલ કૉલેજ છે કે જે દ્વારા દર વર્ષે અંદાજિત ૧૨,૦૦૦થી વધુ ડેન્ટલ ડૉક્ટર્સ બહાર આવે છે.

ગુજરાતની વાત કરીએ તો દર વર્ષે ગુજરાતમાંથી ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ (સિવિલ હોસ્પિટલ - અમદાવાદ)થી ૧૦૦ વિદ્યાર્થી, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ (ઈરવિન હોસ્પિટલ - જામનગર)થી ૬૦ વિદ્યાર્થી, એક પ્રાઈવેટ ટ્રસ્ટ દ્વારા સંચાલિત "અમદાવાદ ડેન્ટલ કૉલેજ", રાંચરડા, અમદાવાદથી ૪૦ વિદ્યાર્થી અને વડોદરાની બે કૉલેજમાંથી ૧૦૦ + ૪૦ = ૧૪૦ વિદ્યાર્થી, એમ બધા મળીને ૩૪૦ ડેન્ટલ સર્જન દર વર્ષે બહાર પડે છે.

મંગળવાર, તા. ૧૯-૪-૨૦૦૫ના દૈનિક "દિવ્ય ભાસ્કર"ના અહેવાલ મુજબ આગામી વર્ષથી ડેન્ટલ કૉલેજ શરૂ કરવા ગુજરાતમાંથી ૭ કૉલેજે "ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા"માં અરજી કરેલ છે અને જો તે સહુને પરમિશન મળશે તો ગુજરાતભરમાં અન્ય ૨૮૦ ડેન્ટલ સર્જનો દર વર્ષે બહાર પડશે.

"મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ" સંચાલિત સૂચિત "કૉલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર" પથી ૬ એકર જેટલા વિશાળ વિસ્તારમાં સ્થપાયેલ છે કે જેમાં કૉલેજ બિલ્ડિંગ, હોસ્ટેલ બિલ્ડિંગ, સ્ટાફ ક્વાર્ટર્સ ઉપરાંત પ્લે ગ્રાઉન્ડ તથા ગાર્ડનની સુવિધાની ચીવટ રાખવામાં આવેલ છે.

બે માળનું કૉલેજ બિલ્ડિંગ મુખ્યત્વે ત્રણ બ્લોકમાં વહેંચાયેલ હશે. "એ" બ્લોકમાં હોસ્પિટલ બિલ્ડિંગ કે જેમાં દર્દીઓને દાંતની સારવાર આપવામાં આવશે. "બી" બ્લોકમાં લેબોરેટરી અને પ્રિ-ક્લિનિક હશે કે જેમાં વિદ્યાર્થીઓને પ્રેકટિકલ, ટ્યુટોરિયલ, ડેમોન્સ્ટ્રેશન વગેરેની સગવડતા પ્રાપ્ત કરવા દેવામાં આવશે. "સી" બ્લોકમાં એડમિનિસ્ટ્રેશન બ્લોક તથા લેક્ચર હોલની સુવિધા રાખવામાં આવશે. આ કૉલેજ બિલ્ડિંગનું બાંધકામ એ રીતે કરવામાં આવેલ છે કે દરેક બ્લોકમાં હવા-ઉજાસની સગવડતા પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકે. તદુપરાંત આ કેમ્પસમાં જીમખાના, કેન્ટીન વગેરેની સગવડતા પણ વિદ્યાર્થીઓને પ્રાપ્ત રહેશે.

પ્રથમ સ્ટેજના લગભગ ૫૦,૦૦૦ ચો. ફૂટનું બાંધકામ લગભગ પૂર્ણતાને આરે આવીને ઊભેલ છે અને દર વર્ષે તેમાં ૨૦,૦૦૦ ચો. ફૂટના બાંધકામનો વધારો કરી ચાર વર્ષને અંતે અંદાજે ૧,૦૦,૦૦૦/- ચો. ફૂટના બાંધકામવાળી આ કૉલેજ બનાવવામાં આવશે. હોસ્ટેલ તથા સ્ટાફ ક્વાર્ટર્સ માટે અંદાજિત ૨૦,૦૦૦/- ચો. ફૂટનું બાંધકામ પણ અહીં કરવામાં આવેલ છે.

પ્રથમ વર્ષે ૪૦ જેટલા ટીચિંગ સ્ટાફ અને ૩૦ જેટલા ક્લેરિકલ સ્ટાફની સંખ્યાથી શરૂઆત થઈ ચાર વર્ષના અંતે ૧૨૦ જેટલા ટીચિંગ સ્ટાફ અને ૧૦૦ જેટલા ક્લેરિકલ સ્ટાફની આ કૉલેજને જરૂરિયાત રહેશે.

કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટ ૪ વર્ષને અંતે પ્રથમ ૧૦૦ જેટલા ડેન્ટલ સર્જન બહાર પાડી શકશે. આપણે આ "શાહ" પરિવારને આ તબક્કે તેઓએ લીધેલ ભેખમાં સંપૂર્ણપણે સફળતા પામે તેવી આશા અને શ્રધ્ધા રાખીએ અને ખૂબજ સારા વાતાવરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધામાં ગુજરાતને સારામાં સારા ડેન્ટલ ડૉક્ટર્સની ભેટ આપે તેવી શુભેચ્છા પાઠવીએ. ■

॥ શુભેચ્છા સહ... ॥
**ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ**
**હ. જયંતીભાઈ નીસર**

# કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત યાદ શક્તિના વર્કશોપનું અદ્‌ભુત પરિણામ

● હિરેન કે. શાહ ●

માનવ મગજ એક વિશાળ પુસ્તકાલય જેવું છે. પરંતુ તેમાં જો પુસ્તકોનું કેટલોગ ન હોય અથવા તેની વ્યવસ્થિત ગોઠવણી ન હોય તો આપણને મનગમતું પુસ્તક મેળવવા માટે એક - એક પુસ્તક જોવું પડે. આમ કદાચ આપણને ગમતું પુસ્તક મળી જાય અને કદાચ ન પણ મળે. જો ન મળે તો આપણે કહીશું કે, તે પુસ્તક પુસ્તકાલયમાં નથી. ખરેખર તો તે પુસ્તક પુસ્તકાલયમાં છે જ, પરંતુ આપણે તેને શોધી કાઢવામાં અસફળ રહ્યા છીએ. આવી જ સ્થિતિ મગજની છે.

અત્યાર સુધીમાં આપણે જોયેલી, વાંચેલી, સાંભળેલી, શીખેલી, અનુભવેલી, માણેલી કે સુંઘેલી તમામ માહિતી આપણા મગજના એક કે બીજા ભાગમાં સંગ્રહાયેલી હોય જ છે. પરંતુ આપણે કોઈ માહિતીને યાદ કરવી હોય ત્યારે આપણી યાદશક્તિના પુસ્તકાલયમાં આમ તેમ શોધીએ છીએ અને જો તે શોધવામાં અસફળ રહ્યા તો આપણે જાહેર કરીએ છીએ કે આપણે ભૂલી ગયા છીએ. આનો ઉકેલ આપણા મગજમાં વ્યવસ્થિત કેટલોગ બનાવવાનો છે.

વર્ષ ૧૯૮૧માં નોબેલ પ્રાઈઝ વિજેતા ડૉ. રોજર સ્પેરી નામના એક સર્જન અને વૈજ્ઞાનિકના મત અનુસાર માનવ મગજ બે ભાગમાં વહેંચાયેલું છે : ડાબું મગજ અને જમણું મગજ. બંનેની ક્ષમતાઓ અલગ અલગ છે. ડાબું મગજ Logical Brain છે. તે તર્ક કરે છે, પૃથક્કરણ કરે છે અને વિશ્લેષણ કરે છે. જ્યારે જમણું મગજ Creative Brain છે. તે કલ્પના કરે છે, કલાને જન્મ આપે છે અને સ્વપ્ન જુએ છે. તે ખૂબ જ રચનાત્મક છે. તેને Intuitive Brain પણ કહે છે.

એક વૈજ્ઞાનિક સંશોધન અનુસાર જો જમણા મગજને વધારે કાર્યક્ષમ બનાવવામાં આવે તો યાદશક્તિ અનંત થઈ શકે છે.

માનવ મનના બે પ્રકાર હોય છે : (૧) જાગૃત મન અને (૨) અર્ધજાગૃત મન.

જાગૃત મનની યાદશક્તિ ટુંકાગાળાની છે તે કાયમી નથી. જ્યારે અર્ધજાગૃત મનની યાદશક્તિ લાંબાગાળાની છે અને તે કાયમી છે.

અર્ધજાગૃત મનને કેળવીને દરેક માહિતીને લાંબાગાળાની યાદશક્તિમાં સંગ્રહિત કરી શકાય છે.

યાદશક્તિ સારી અથવા ખરાબ કે વધારે અથવા ઓછી હોતી નથી. પરંતુ કેળવાયેલી યાદશક્તિ અને બિનકેળવાયેલી યાદશક્તિ હોય છે. તમે તમારી યાદશક્તિને કેળવીને Super Powerમાં બદલી શકો છો. આપણે જોઈએ છીએ કે ઘણાનો સ્વભાવ ભૂલકણો હોય છે. વિદ્યાર્થીઓને વાંચેલું યાદ રહેતું નથી, ખૂબજ મહેનત કરવી પડે છે. ઘણાને નામ, ટેલિફોન નંબર, તો ઘણાને પોતાની વસ્તુ ક્યાં મૂકી છે તે યાદ નથી હોતું. આ સારી અથવા ખરાબ યાદશક્તિની નિશાની નથી. પરંતુ કેળવાયેલી અને બિનકેળવાયેલી યાદશક્તિની નિશાની છે. તમે મન અને મગજની શક્તિનો ઉપયોગ કરીને યાદશક્તિને કેળવી શકો છો અને ૯૦% કરતાં વધુ માહિતી કાયમ માટે યાદ રાખી શકો છો.

● **વર્કશોપનો હેતુ :**

★ આ વર્કશોપમાં તમે જુદા જુદા પ્રકારની વૈજ્ઞાનિક પધ્ધતિઓ શીખશો જે અભ્યાસમાં વ્યવહારિક રીતે ખૂબજ ઉપયોગી સાબિત થયેલ છે.

★ અભ્યાસમાં જ્વલંત સફળતા મેળવવા માટે યાદશક્તિની વૈજ્ઞાનિક પદ્ધતિઓનું સંશોધન થયેલું છે. આ પદ્ધતિઓ ઉપર પ્રભુત્વ મેળવવું અઘરું નથી. પરંતુ એક વખત તાલીમ લીધા બાદ તમે અઘરામાં અઘરા વિષય કે અભ્યાસક્રમને પણ ખૂબજ સહેલાઈથી યાદ કરી શકો છો.

★ આ પદ્ધતિઓનો ઉપયોગ કરવાથી ઓછા સમયમાં વધુ યાદ રાખી શકાય છે. તેમજ ટૂંકાગાળાની યાદશક્તિને લાંબાગાળાની યાદશક્તિમાં ફેરવી શકાય છે.

★ આ પદ્ધતિઓથી અભ્યાસમાં એકાગ્રતા, આત્મવિશ્વાસ, મનોબળ, નિર્ણય શક્તિ, ઝડપી વાંચન, ગ્રહણ શક્તિ તથા રચનાત્મક વિચારો વધારી શકાય છે અને યાદ શક્તિ મજબૂત બનાવી શકાય છે.

★ તમારા બંને મગજ અને અર્ધજાગૃત મનની શક્તિ ખીલવી શકાય છે.

★ અભ્યાસ દરમિયાન તથા દરરોજ આલ્ફા અવસ્થામાં રહેતાં શીખી શકાય છે.

જર્મન સાયકોલોજિસ્ટ અને વૈજ્ઞાનિક Ebbinghams તથા Radosavljevichનાં સંશોધન અનુસાર આપણે વાંચેલી કે સાંભળેલી માહિતીમાંથી એક કલાક પછી ૮૨% જ યાદ રાખી

શકીએ છીએ. ૧ દિવસ પછી ૧૮%, એક અઠવાડિયા પછી આશરે ૧૪% અને એક મહિના પછી લગભગ ૧૦% જેટલી માહિતી યાદ રાખી શકીએ છીએ.

આનો ઉપાય એ છે કે આપણે વાંચેલી કે સાંભળેલી માહિતીનું વારંવાર પુનરાવર્તન કરવું જોઈએ. આ ઉપરાંત આ વૈજ્ઞાનિકોના મત અનુસાર જો માહિતીને લાંબાગાળા સુધી યાદ રાખવી હોય તો visualisation power એટલે કે કલ્પના શક્તિ કે જે જમણા મગજનું તથા અર્ધજાગૃત મનનું કાર્ય છે તેનો ઉપયોગ કરવો જોઈએ.

આ વર્કશોપમાં બાળકોને વૈજ્ઞાનિક પધ્ધતિથી અસરકારક અને સફળ અભ્યાસ કરવાની જુદી જુદી પધ્ધતિઓની સઘન તાલીમ આપવામાં આવે છે તેમજ બાળકોનો Visualisation Power વધે તથા તેમનાં જમણા તથા ડાબા મગજનો વધુ ઉપયોગ થાય તે માટેની વૈજ્ઞાનિક પધ્ધતિઓની તાલીમ આપવામાં આવે છે.

વર્કશોપમાં પ્રથમ દિવસે દરેક વિદ્યાર્થીના મગજનો ટેસ્ટ લેવામાં આવે છે જેમાં તેનાં ડાબા અને જમણા મગજનો કેટલો હિસ્સો વપરાય છે તે નોંધાય છે અને છેલ્લા દિવસે આજ ટેસ્ટ ફરીથી લેવામાં આવે છે. આ ટેસ્ટ જોતાં એવું માલૂમ પડ્યું હતું કે દરેક વિદ્યાર્થીનું જમણું મગજ પહેલાં કરતા વધુ કામ કરતું હતું, જે ખૂબજ અસરકારક છે.

તા. ૧૯ જૂન, ૨૦૦૫ના રોજ દરેક વિદ્યાર્થીનાં વાલીને ભવન ખાતે રાખેલ Parents Meetingમાં બોલાવવામાં આવ્યા હતા.

આ મીટિંગમાં દરેક વિદ્યાર્થીઓએ યાદ શક્તિના અદ્‌ભુત પ્રયોગો કરીને વાલીઓને દંગ કરી દીધા હતા.

- કુ. સોનમ રાંભિયા નામની ધોરણ-૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની રસાયણ વિજ્ઞાનમાં આવતાં ૧૦૯ તત્વોનો કોઠો (આવર્ત કોષ્ટક) માત્ર ૨ કલાક જેટલા સમયમાં તેના પરમાણુ ક્રમાંક સાથે યાદ રાખીને બોલી ગઈ હતી.
- કુ. હીર એચ. શાહ નામની ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ૪૦૦ વસ્તુઓનાં નામ યાદ રાખીને તેમને Sequenceમાં (ક્રમમાં) સીધા કે ઊંધા અને વચ્ચેથી બોલી બતાવ્યા હતા.
- કુ. કિન્નરી સંઘવીએ ૪૦ વસ્તુઓના નામ નંબર સાથે માત્ર ૩૦ સેકન્ડમાં યાદ કરીને બધાને દંગ કરી દીધા હતા.
- જેકીન નંદુ તથા આર્ષ શાહ નામના ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ના વિજ્ઞાન વિષયના એક પાઠનું એક પેઈજ માત્ર ત્રણ જ મિનિટમાં ઝડપી વાંચન નામની વૈજ્ઞાનિક પધ્ધતિથી યાદ રાખીને વાલીઓ સમક્ષ ખૂબજ ઝડપથી બોલી ગયા હતા.

વર્કશોપના ટ્રેઈનર શ્રી મૌલિક સોનીના મત અનુસાર દરેક વિદ્યાર્થીઓમાં યાદશક્તિ રહેલી હોય જ છે. જરૂર છે માત્ર તે શક્તિઓને જગાડવાની અને વેગ આપવાની....

### ***વર્કશોપમાં ભાગ લઈ રહેલ વિદ્યાર્થીઓના અભિપ્રાય***

★ "I loved attending this workshop. The Sir is very nice. I don't have any words to describe this beautiful workshop. It is an excellent workshop I have ever attended."

***Hemangi Sanghavi (Ph. : 26871925)***

★ "The trainer is excellent. The techniques that we teaches are mind blowing and the way he teaches those techniques is excellent. I am pleased with the programme."

***Jekin K. Nandu (Ph. : 25467816)***

★ "I have learned a lot and have increased my memory by this workshop."

***Ushma Shah (Ph. : 30960358)***

★ The training was excellent. Now I have developed many skills which I was totally unaware of. There are so many techniques with which I will be able to reach my goal easily.

***Heer Shah (Ph. : 26747925)***

★ "This technique is excellent. The techniques which Maulik Sir taught will be very helpful in our study."

***Zankhana B. Trivedi (Ph. : 25890836)***

★ "This was an excellent training which is going to help me in my further studies. Now, I am confident that I am going to top in my new school.

***Sonam Rambhia (Ph. : 55236516)***

હાર્દિક શુભકામનાઓ સાથે...

**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**

**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૧૯

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. ભારતની પ્રથમ મેટ્રો ટ્રેન ________________ ને ફાળવાઈ. (ભુજ, ચેન્નાઈ, મુંબઈ)

૨. વિશ્વ શિક્ષક દિન : ________________
(૧૦ નવેમ્બર, ૨ ઓક્ટોબર, ૫ ઓક્ટોબર)

૩. નાણા તીર્થમાં મૂળનાયક ________________ ભગવાન છે. (પાર્શ્વનાથ, મહાવીર સ્વામી, શાંતિનાથ)

૪. ઓગસ્ટ માસમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં કેટલાક પેસેન્જરે લાભ લીધો? ________________
(૨૨૧૨, ૫૯૦, ૨૧૬૨)

૫. સમાજનો વાર્ષિક સ્નેહમિલન - સ્વામિવાત્સલ્ય તા. ________________ના રોજ યોજાયો હતો.
(૧૫ ઓગસ્ટ, ૧૫ સપ્ટેમ્બર, ૩૦ ઓગસ્ટ)

૬. હજારો વર્ષ જીવતો અજાયબ છોડ : ________________ (વેલ્વેશિયા, ચેમ્બુરીયા, બોટેવીયા)

૭. હવે દિવાળી પછી વિક્રમ સંવત ________________ મું આવશે.
(૨૦૮૧, ૨૦૮૦, ૨૦૮૨)

૮. સરસ્વતી સન્માન સમારોહ સંચાલન સમિતિના કન્વીનર કોણ હતા? ________________
(પ્રતાપભાઈ દંડ, મનીષભાઈ વીરા, રજનીભાઈ પારેખ)

૯. નવદુર્ગાના કેટલા સ્વરૂપ છે? ________________ (નવ, અગિયાર, સાત)

૧૦. ભગિની નિવેદીતાનો જન્મ ________________ દિવસે થયો હતો.
(૧૩ ઓક્ટોબર ૧૯૧૧, ૨૮ ઓક્ટોબર ૧૮૬૩, ૨૬ જાન્યુઆરી ૧૯૨૫)

## • મણકા–૧૮ ના સવાલોના સાચા જવાબો •

૧. સમાજની **૩૭**મી વાર્ષિક સામાન્ય સભા તા. **૨૫-૮-૨૦૨૪**ના રોજ મળી હતી.

૨. નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરનું ઉદ્‌ઘાટન તા. **૭-૮-૨૦૨૪** ના રોજ થયું.

૩. દુનિયામાં **૮૭** % લોકો જમણેરી છે.

૪. શ્રી દિયાણા તીર્થના મૂળ નાયક **શ્રી મહાવીર સ્વામી** ભગવાન છે.

૫. પાલડી મેડિકલ સેન્ટરમાં જુલાઈ માસમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ **૧૧૮૧૮** હતા.

૬. સુનિતા વિલિયમ્સને સ્પેસ યાત્રામાં **૫ જૂનના** દિવસે મોકલવામાં આવી હતી.

૭. પ્રિન્ટીંગ ટેકનોલોજીની શરૂઆત કોણે કરી? **જહોન ગુટેનબર્ગ**

૮. જીવનસાથી તરીકે એવી વ્યક્તિ પસંદ કરો કે જે **આર્થિક** અને **ભાવનાત્મક** રીતે સ્થિર હોય.

૯. તેં જિનમંદિરો રચ્યા હોત, નવી પ્રતિમાઓનું નિર્માણ કર્યું હોત, મંદિરોના જીર્ણોધ્ધાર કરાવ્યો હોત તો મારું હૃદય અપાર પ્રસન્નતાનો અનુભવ કરત... – આ શબ્દો કોણ ઉચ્ચારે છે? **સમ્રાટ સંપ્રતિની માતા.**

૧૦. અમદાવાદમાં ‘શ્રેયસ’ સ્કૂલ પહેલા કયા સ્થળે શરૂ થઈ? **શાહીબાગ અંડરબ્રિજ**

***મણકા-૧૮ (મંગલ મંદિર ઓક્ટોબર-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૨. અજય અશ્વિનભાઈ રાણા – અમદાવાદ
૩. જિનલ નીલેશ કારાણી – અમદાવાદ
૪. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૫. નવનીત ત્રિકમલાલ પટેલ – અમદાવાદ
૬. અવ્વાબરાજ એ. શેખ – અમદાવાદ
૭. ઝરણા પારેખ – અમદાવાદ
૮. અશોક વી. શાહ – ગાંધીનગર
૯. નરેન્દ્ર પ્રજાપતિ – અમદાવાદ
૧૦. લુબનાબેન આઈ. શેખ – અમદાવાદ
૧૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૧૨. સ્મિતા શાહ – અમદાવાદ
૧૩. કામિનીબેન સ્નેહલકુમાર શેઠ – અમદાવાદ
૧૪. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૫. કિંજલ દિવ્યેશ શેઠ – અમદાવાદ
૧૬. રેખા પરમાર
૧૭. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૧૮. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૧૯. હેમાબેન જગતકુમાર શાહ – અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | **રોનકબેન આઈ. શેખ** | **– અમદાવાદ** | **મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫** |
| ૨. | **અશોક વી. શાહ** | **– ગાંધીનગર** | **મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯** |
| ૩. | **મીનાળી પારેખ** | **– અમદાવાદ** | **મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧** |
| ૪. | **રેખા પરમાર** | **– અમદાવાદ** | **મો. ૯૮૨૫૦ ૦૭૫૦૮** |
| ૫. | **હેમાબેન જગતકુમાર શાહ** | **– અમદાવાદ** | **મો. ૬૩૫૪૩ ૧૧૦૮૬** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

**મારો સમાજ... મારું મુખપત્ર... મારો મનગમતો વિભાગ...**

**KISHOR ROADWAYS**
**Pratik K. Lalka**
**M. : 98250 65844, 98986 58444, 88498 27053**
**FLEET OWNER'S & TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT**
**BS-7, Radhe Business Empire, S.P. Ring Road, Opp. Fire Station, Aslali, Ahmedabad.**

## NanoNine® શબ્દ રમત-૨૧૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ■ | ૬ | ■ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | ■ | ૧૦ | | ૧૧ | |
| ■ | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ■ | | ■ |
| ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ |
| | ■ | ૨૦ | | | ■ | ૨૧ | | ૨૨ | ■ | ■ | |
| ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | | |
| ૨૯ | | ■ | ૩૦ | ■ | | ■ | ૩૧ | ૩૨ | | ■ | ■ |
| ■ | ૩૩ | ■ | ૩૪ | | | ૩૫ | ■ | ૩૬ | | ૩૭ | ૩૮ |
| ૩૯ | | ૪૦ | | ■ | ૪૧ | | ૪૨ | | ■ | ૪૩ | |
| | ■ | | ■ | ૪૪ | ■ | ૪૫ | | ■ | ૪૬ | | |
| ૪૭ | | | | | ■ | ૪૮ | ૪૯ | ૫૦ | ૫૧ | ■ | |
| | ■ | ૫૨ | | | | ■ | ૫૩ | | | ■ | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૧૧-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. રાત્રે ન દેખી શકાય એવું (૪)
૪. આમ જનતા, જન સાધારણ (૩)
૮. કામદેવ (૩)
૯. કીંમતી ચીજવસ્તુ (૩)
૧૦. સ્વભાષા, પોતાની ભાષા (૪)
૧૨. પાંડુના દીકરા (૩)
૧૩. પત્નીનો ભાઈ (૨)
૧૪. અજય દેવગનની પત્ની (૩)
૧૬. પતિ, વર, નાથ (૪)
૧૮. અગ્નિ, આગ, બળતરા (૩)
૨૦. વાહનના પૈડાની રબ્બરની વાટ (અં) (૩)
૨૧. વટેમાર્ગુ, મુસાફર (૩)
૨૩. રંગની તીણી રેખા (૩)
૨૫. યુવાનીમાં આવેલો છોકરો (૩)
૨૭. ધીરું, ધીમું, ચુસ્ત (૪)
૨૯. ઘરની બાજુની દીવાલ (૨)
૩૧. ખાંડના પાસાદાર ગાંગડા (૩)
૩૨. હાથ વેરો (૨)
૩૪. સભાનો સભ્ય, મેમ્બર (૪)
૩૬. સરખા વજનનું, સરખું, સમાન (૪)
૩૯. નવરાશનો સમય (૪)
૪૧. રાજા પાસે ભરાતો ડાયરો (૪)
૪૩. અણું, ધૂળનો કણ, કસ્તર (૨)
૪૫. અઠવાડિયાનો દરેક દિવસ, ત્રણ ફૂટ જેટલું માપ (૨)
૪૬. પહેરેલા સાડલાનો લટકતો છેડો, આશરો, શરણ (૩)
૪૭. કિનારો, હદ, સીમા (ઈ) (૩)
૪૮. પલાયન થવું, જતું રહેવું (હિં) (૪)
૫૨. જ્ઞાન, ડહાપણ (૪)
૫૩. શહેર, પૂર (૩)

### ઊભી ચાવીઓ

૧. એક અંગ્રેજી શરાબ (૨)
૨. એક ભાજી (૪)
૩. પૈસો, નાણું, એક રાશિ (૨)
૪. વરની તહેનાતમાં રહેનારો મિત્ર (૪)
૫. ગંધ, દુર્ગંધ (૨)
૬. બાપ, પૂર્વજો મરી ગયેલા બાપ દાદાઓ (૨)
૭. પરોઢ, મળસ્કાનો સમય (૨)
૯. અણસમજુ, મૂર્ખ (૫)
૧૦. પક્ષીઓનું ઘર (૨)
૧૧. આપણો દેશ (૩)
૧૩. રથને હાંકનાર (૩)
૧૪. વિક્રમ સંવતનો પ્રથમ મહિનો (૪)
૧૫. આંટો ફેરો, ચક્કર (૩)
૧૬. રામના વનવાસ વખતે રાજ્ય ચલાવનાર ભાઈ (૩)
૧૭. મૂડી, પૂંજી, નાણું (૩)
૧૯. સો વરસનું (૩)
૨૨. જરૂરી જ ખર્ચ કરવો, ત્રેવડ (૫)
૨૩. અનુકૂળ વખત, લાગ (૨)
૨૪. મોટું તળાવ, જળાશય (૪)
૨૬. નોકરીમાંથી છૂટા કરવા તે (૪)
૨૮. ઉનું (૩)
૩૦. ખેપિયો, સંદેશો લાવનાર (૩)
૩૨. ઘટ, ખોટ, ખામી (૩)
૩૩. પતિ (૨)
૩૫. દરવાજો સાચવનાર દ્વારપાળ (૪)
૩૭. અંજારમાં જેસલ ______ની સમાધિ છે. (૩)
૩૮. લજાવવું, લાજે તેમ કરવું (૪)
૩૯. પગથી રમાતી મોટા દડાની રમત (૪)
૪૦. સમાન કે એકરસ વાળું, સારી રીતે ભળી ગયેલું (૪)
૪૨. જેમાં માલ ભર્યો હોય તે ખાલી પાત્ર, કોથળો (૪)
૪૪. દેવું, ઋણ (૩)
૪૫. વર્ણ, શરીરનો રંગ, માલ લઈ જવાની મોટી ગાડી (૨)
૪૬. ભાગોળ, ગામ આગળનું મેદાન (૩)
૪૭. દડો (ઈં) (૨)
૪૯. ધર્મબુદ્ધિથી આપવું (૨)
૫૦. નસ, બનૂસ, ધાબળો (૨)
૫૧. ઉંદર કે અન્ય જીવોને રહેવાની જગ્યા (૨)

*દુનિયાનું સૌથી કિંમતી ઘરેણું વ્યક્તિનો 'પરિશ્રમ' છે અને જિંદગીનો સૌથી ઉત્તમ દોસ્ત વ્યક્તિનો 'આત્મવિશ્વાસ' છે.*

## NanoNine® શબ્દ રમત-૨૧૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રે | ટી | ના | | મે | દ | | ચા | ક | ર | | હ |
| લ | પ | | કા | ચ | ર | સ | | પ | દ | ર | વ |
| ગા | | દો | શી | | રો | | લો | ટી | | જ | ન |
| ડી | ઝ | લ | | રા | જ | ઘા | ટ | | | ની | |
| | વે | ત | ર | ણ | | ત | | હ | મે | શ | |
| પ | રી | | મ | | મ | ક | બ | રો | | | ઓ |
| ન | | સ | ખા | વ | ત | | પો | ળ | | બા | ટ |
| ઘ | ડ | પ | ણ | | લ | વા | ર | | પ | સ | લી |
| ટ | | નું | | અં | બ | ર | | ગ | ર | મ | |
| | શ | | ન | ગ | | સા | બ | ર | મ | તી | |
| તા | રા | મ | તી | | અ | ગ | ર | | ધા | | ધા |
| રા | બ | | જો | ગી | | ત | ડ | | મ | જા | ક |

*સપ્ટેમ્બર-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૦ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. વંદના શાહ – અમદાવાદ
૩. મિત્તલ પટેલ – અમદાવાદ
૪. દિશા પટેલ – અમદાવાદ
૫. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૬. ઝરણા પારેખ – અમદાવાદ
૭. મુકેશ શાહ – અમદાવાદ
૮. રોનકબેન શેખ – અમદાવાદ
૯. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૦. સ્મિતા શાહ – અમદાવાદ
૧૧. યેશા મહેતા – અમદાવાદ
૧૨. મહેન્દ્ર પુંજ – અમદાવાદ
૧૩. દમયંતી દંડ – અમદાવાદ
૧૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૫. જયશ્રી સાવલા – અમદાવાદ
૧૬. કામિની શેઠ – અમદાવાદ
૧૭. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૮. રાજકુમારી શાહ – અમદાવાદ
૧૯. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૨૦. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૧. જય ગોગરી – અમદાવાદ
૨૨. કિંજલ શેઠ – અમદાવાદ
૨૩. વાસંતી વોરા – અમદાવાદ
૨૪. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૨૫. પ્રભા શેઠિયા – વલસાડ
૨૬. શીલા ગાલા – મુંબઈ
૨૭. સરોજ ચંદુરા – સુરત
૨૮. કંચનબેન મોરબીયા – ભુજ, કચ્છ
૨૯. ફાલ્ગુની ડુંગાણી – આદિપુર, કચ્છ
૩૦. ઉષા સંઘવી – રાઉરકેલા (ઓરીસ્સા)
૩૧. શાંતિલાલ લાલકા – હુગલી (કલકત્તા)
૩૨. લીના લોડાયા – વડોદરા

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : ઉષા સંઘવી – રાઉરકેલા (ઓરીસ્સા)

# પ્રતિભાવ

## 'મંગલ મંદિર' નવ રંગોથી સજ્જ

મુખપૃષ્ઠ નવરાત્રીનાં થનગનાટને યાદ અપાવે તેવું છે. પ્રેરણાત્મક પ્રસંગો લેખ વાંચવાલાયક છે. સફળ નેતા, અભિનેતા કે કોઈપણ ક્ષેત્રની હસ્તી જ્યારે તેના કામમાં જાન રેડી દે છે ત્યારે તેનું પરિણામ કાબિલેદાદ હોય છે. સ્વાધીનતા સંગ્રામમાં ભગિની નિવેદિતાની કથા નોંધનીય છે. સ્વામી વિવેકાનંદની પ્રેરણાથી એક વિદેશી મહિલા ભારતની આઝાદીમાં ફાળો આપી યાદગાર બન્યા. એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં અંબાલાલ સારાભાઈનું વ્યક્તિત્વ સુંદર રીતે વર્ણવેલ છે. તેમનામાં સાદગી, નિરાભિમાની, નિયમોના પાલન કરવામાં અગ્રેસર જેવા ગુણોની જાણકારી મળી. તેઓ જૈન સમાજ માટે ગૌરવ કહી શકાય. તડાક અવાજ સાથે રૂપે મઢેલું ફાનસ ફાટી ગયું, દીવો પણ ઓલવાઈ ગયો... જાણે કે એક અધ્યાય યુગ સમાપ્ત થઈ ગયો. આવું ભાવસભર લખાણ લેખને ઉચ્ચ કોટીનો બનાવે છે. ચૌલા કુરૂવા દ્વારા 'નવરાત્રીના નવદુર્ગાના સ્વરૂપ'માં નવ દુર્ગાના સ્વરૂપ, તેમના વાહન તથા આરાધના માટેના શ્લોકો તથા તેના ફળ બાબતની જાણકારી પ્રસંગોચિત છે. પૂજ્ય બાપુની ખટમીઠી વાતોમાં વર્ણવેલ નાના પ્રસંગોમાં તેમની કુનેહ તથા માનવતાને ઉજાગર કરે છે. જીવન વૈભવ સમજાવતા પ્રશ્નોમાં દૃષ્ટિ મહેતા તથા યેશા મહેતાએ બાળપણના સંભારણા શબ્દચિત્ર દ્વારા ખૂબ સુંદર રીતે વર્ણવેલ છે. આજના વડીલોને ચોક્કસ આ બધું યાદ આવશે. મસ્તી, ટીખળ, નિર્દોષ આનંદ તથા રમતો – આ બધું માનસપટ પર સદાય છવાયેલું રહે છે. વિવિધ મેડિકલ સેન્ટરોના સમાચાર વાંચતા જ આનંદ થયો કે ઓગસ્ટ ૨૦૨૪ માસ દરમિયાન કુલ ૩૧,૭૨૫ વ્યક્તિઓએ આનો લાભ લીધો. ચૌલા કુરૂવા દ્વારા દેશ-વિદેશ લેખમાં સમાચારોની ઘટના પર એક વિહંગાવલોકન સુંદર છે. સમાજ દ્વારા આયોજિત વાર્ષિક સ્નેહમિલનનો સવિસ્તર અહેવાલ કાર્યક્રમ ચૂકી ગયેલાઓ માટે તો ખાસ વાંચવાલાયક છે. 'મંગલ મંદિર' ઓક્ટોબર-૨૦૨૪નો અંક નવરાત્રી જેવા નવ રંગોથી મઢેલું કહી શકાય.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

## NanoNine® Sudoku

**સપ્ટેમ્બર-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૮ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. રોનકબેન શેખ – અમદાવાદ
૨. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૩. લુબનાબેન શેખ – અમદાવાદ
૪. યેશા મહેતા – અમદાવાદ
૫. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૬. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૭. ઝરણા પારેખ – અમદાવાદ
૮. સ્મિતા શાહ – અમદાવાદ
૯. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૦. અમન ગોસર – અમદાવાદ
૧૧. સુશાંત સાવલા – અમદાવાદ
૧૨. નયના કારાણી – અમદાવાદ
૧૩. કામિની શેઠ – અમદાવાદ
૧૪. મીના ખરીદીયા – અમદાવાદ
૧૫. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૬. નયના ગોગરી – અમદાવાદ
૧૭. વાસંતી વોરા – અમદાવાદ
૧૮. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૯. અશોક શાહ – ગાંધીનગર
૨૦. પ્રભા શેઠિયા – વલસાડ
૨૧. સરોજ ચંદુરા – સુરત
૨૨. ઉષા સંઘવી – રાઉરકેલા (ઓરીસ્સા)

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : અશોક શાહ – ગાંધીનગર

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૭૦અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૭૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | | 1 | 2 | | 4 | |
| 2 | | 6 | | | 3 | 1 | 9 | |
| | | | 5 | | | 2 | | |
| 6 | | 9 | 7 | | 5 | 8 | | |
| | 2 | | 3 | 9 | | | 7 | |
| | | 4 | 8 | | | | 5 | 2 |
| | | 1 | | | 7 | 5 | | |
| | 5 | 2 | 9 | | | | 1 | 7 |
| | 7 | | 1 | 5 | | | 2 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 5 | 6 | | 1 | 9 | | |
| 4 | | | | | 7 | | 5 | 3 |
| | 8 | 6 | | 5 | | | | 1 |
| 8 | 1 | | 9 | | 6 | 7 | 3 | |
| | | 3 | | 8 | | 2 | | 9 |
| | 5 | | | | 4 | | | |
| 5 | 9 | 7 | | 6 | | 3 | 1 | |
| | | | 5 | | | | | 4 |
| | | 8 | 2 | | 3 | | | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 5 | | 9 | 8 | | | |
| | | | 3 | | 4 | 9 | | 2 |
| | 3 | 9 | | | | | 4 | 5 |
| 6 | 1 | | 2 | | | 7 | | |
| | 5 | | 9 | | 6 | | 2 | |
| | | 4 | | | 7 | | 1 | 6 |
| 5 | 8 | 3 | | | | 6 | 9 | 7 |
| | | 2 | | | 9 | | | |
| | | 6 | 8 | 7 | 5 | | | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | | | 3 | | 9 |
| | 9 | 3 | 5 | | 2 | | | |
| | | 1 | | 3 | | | 5 | 2 |
| | | 6 | 3 | | 1 | | 4 | |
| | | 5 | | | | 6 | | 8 |
| 7 | | 4 | 9 | | 6 | 1 | | |
| | 6 | | | 7 | | 9 | | 4 |
| | 7 | | 6 | | 4 | 2 | | |
| | 1 | 9 | | | | | | 7 |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૬૯**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 9 | 1 | 6 | 3 | 2 | 7 | 5 |
| 6 | 1 | 2 | 5 | 4 | 7 | 9 | 3 | 8 |
| 7 | 3 | 5 | 2 | 9 | 8 | 6 | 4 | 1 |
| 1 | 2 | 7 | 9 | 5 | 6 | 4 | 8 | 3 |
| 4 | 6 | 8 | 3 | 7 | 2 | 1 | 5 | 9 |
| 5 | 9 | 3 | 4 | 8 | 1 | 7 | 2 | 6 |
| 9 | 7 | 1 | 8 | 2 | 5 | 3 | 6 | 4 |
| 2 | 5 | 4 | 6 | 3 | 9 | 8 | 1 | 7 |
| 3 | 8 | 6 | 7 | 1 | 4 | 5 | 9 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 3 | 5 | 2 | 6 | 9 | 1 | 8 |
| 1 | 5 | 9 | 8 | 3 | 7 | 4 | 6 | 2 |
| 8 | 6 | 2 | 1 | 9 | 4 | 5 | 7 | 3 |
| 6 | 7 | 1 | 3 | 4 | 2 | 8 | 5 | 9 |
| 3 | 2 | 8 | 9 | 5 | 1 | 6 | 4 | 7 |
| 5 | 9 | 4 | 7 | 6 | 8 | 3 | 2 | 1 |
| 9 | 3 | 6 | 2 | 1 | 5 | 7 | 8 | 4 |
| 2 | 8 | 5 | 4 | 7 | 9 | 1 | 3 | 6 |
| 4 | 1 | 7 | 6 | 8 | 3 | 2 | 9 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 3 | 6 | 9 | 2 | 8 | 7 | 1 |
| 7 | 2 | 6 | 5 | 8 | 1 | 3 | 9 | 4 |
| 1 | 9 | 8 | 4 | 7 | 3 | 2 | 5 | 6 |
| 5 | 6 | 2 | 1 | 3 | 9 | 7 | 4 | 8 |
| 8 | 3 | 7 | 2 | 4 | 5 | 1 | 6 | 9 |
| 9 | 4 | 1 | 7 | 6 | 8 | 5 | 3 | 2 |
| 2 | 7 | 9 | 8 | 5 | 6 | 4 | 1 | 3 |
| 3 | 8 | 4 | 9 | 1 | 7 | 6 | 2 | 5 |
| 6 | 1 | 5 | 3 | 2 | 4 | 9 | 8 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 2 | 5 | 7 | 6 | 3 | 8 | 4 | 1 |
| 6 | 4 | 7 | 8 | 5 | 1 | 9 | 2 | 3 |
| 8 | 1 | 3 | 9 | 2 | 4 | 5 | 7 | 6 |
| 1 | 8 | 9 | 4 | 3 | 7 | 6 | 5 | 2 |
| 7 | 3 | 6 | 5 | 1 | 2 | 4 | 9 | 8 |
| 4 | 5 | 2 | 6 | 9 | 8 | 3 | 1 | 7 |
| 2 | 6 | 4 | 3 | 7 | 5 | 1 | 8 | 9 |
| 5 | 9 | 1 | 2 | 8 | 6 | 7 | 3 | 4 |
| 3 | 7 | 8 | 1 | 4 | 9 | 2 | 6 | 5 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# અન્ય સંસ્થાના સમાચાર

## રોટરી ક્લબ ઓફ અમદાવાદ સાઉથ : “પ્રેરણામૂર્તિ ઍવોર્ડ - ૨૦૨૪” સમારંભ

રોટરી ક્લબ ઓફ અમદાવાદ સાઉથનો “પ્રેરણામૂર્તિ ઍવોર્ડ - ૨૦૨૪” સમારંભ રવિવાર, તા. ૬-૧૦-૨૦૨૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ હતો કે જેમાં ક્લબના પ્રમુખ શ્રી એસ. રાજારામ, સેક્રેટરી શ્રી સુબોધ ત્રિવેદી, પ્રોજેક્ટ ચેરમેન શ્રી નવીનભાઈ શાહ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે રોટરી ઇન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી મોહન પરાસરે ઉપસ્થિત રહી આ કાર્યક્રમની શોભા વધારી દીધેલ હતી.

સૌપ્રથમ વિવિધ ગાયક તજજ્ઞો દ્વારા ગીત-સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. ત્યારબાદ સિનિયર સિટીઝન - સેટેલાઈટ, અમદાવાદના ગરબા ગ્રુપની બહેનો દ્વારા રાસ-ગરબાનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો કે જેણે આ કાર્યક્રમને સવિશેષ કાર્યક્રમ બનાવી દીધેલ હતો.

ત્યારબાદ ૯ જેટલા વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને “પ્રેરણામૂર્તિ ઍવોર્ડસ - ૨૦૨૪” મુખ્ય મહેમાન શ્રી મોહન પરાસરના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવેલ હતા.

ઉપરોક્ત “પ્રેરણામૂર્તિ ઍવોર્ડસ - ૨૦૨૪”ના અર્પણ સમયે બેસ્ટ પ્રેસિડેન્ટ, બેસ્ટ સેક્રેટરી, યોગ પ્રતિભા, ક્રિકેટર સ્ટાર, સિન્ગીંગ સ્ટારના ઍવોર્ડસ પણ અપાયેલ હતા. તદુપરાંત સિનિયર સિટીઝન સેટેલાઈટ - અમદાવાદના ગરબા ગ્રુપની બહેનોને એપ્રિસિએશન સર્ટીફિકેટ્સ એનાયત કરવામાં આવેલ હતા.

ત્યારબાદ ભોજન પ્રસાદની મજા માણી સૌ છૂટા પડ્યા હતા.

જે ૯ મહાનુભાવોને “પ્રેરણામૂર્તિ ઍવોર્ડસ - ૨૦૨૪” અર્પણ કરવામાં આવેલ હતા તેઓની જીવનગાથા વિશેષ સ્વરૂપે ટૂંકમાં નીચે મુજબ રહેવા પામેલ છે કે જે સાંભળીને સહુને હર્ષથી વધાવી લેવામાં આવેલ હતા.

### દર્શિતાબેન

તેઓ સોશિયલ વુમન આંત્રપ્રિન્યોર અને સામાજિક કાર્યકર છે. તેમના શરીરનો ૮૦ ટકા ભાગ પોલિયોગ્રસ્ત હોવા છતાં પોતાની શારીરિક તકલીફોને અવગણીને તેમણે વિવિધ ક્ષેત્રે ૬ માસ્ટર ડિગ્રી તથા ૨૧ જેટલી અન્ય ડિગ્રીઓ મેળવેલ છે. તેઓશ્રી છેલ્લા ૧૫ વર્ષથી દર્શુ કેર પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી છે અને અપંગ માનવ મંડળ જેવી અનેક સંસ્થાઓમાં કાર્યરત રહી દિવ્યાંગો માટે તેમના જીવન સુધારવા અનેકવિધ પ્રવૃત્તિઓ કરતા રહે છે. તેઓ દિવ્યાંગોને ટ્રાઈસિકલ, વ્હીલચેર, આર્ટીફિશિયલ પગ જેવી વસ્તુઓ આપી તેમને પગભર કરતા રહ્યા છે. ૧૫ જેટલી શાકભાજીની લારી પણ અપાવેલ છે. અત્યાર સુધીમાં તેઓ ૨૦૦૦થી પણ વધુ લોકોને મદદરૂપ થયા છે. તેમને ભારતના રાષ્ટ્રપતિ તથા ગુજરાત સરકાર તરફથી ઍવોર્ડસ પણ મળેલ છે.

### બિમલાબેન હુરરા

૯૦ વર્ષની જૈફ ઉંમરે પણ સ્ફુર્તિજનક બિમલાબેન જન્મે પંજાબી છે પરંતુ વર્ષોથી અમદાવાદમાં રહી તેઓ શુદ્ધ ગુજરાતી બની ગયેલ છે. તેમણે તેમની દીકરીને ગુજરાતી પરિવારમાં પરણાવેલ છે. તેઓ જ્યારે ૧૩ વર્ષની ઉંમરના હતા ત્યારે પિતાજી પાસેથી પૈસા લઈ ૨૦૦ પુસ્તકો વસાવી, બાળ પુસ્તકાલય શરૂ કરેલ અને બાળકોમાં શિક્ષણનો પ્રચાર - પ્રસાર કરી સામાજિક કામોના શ્રીગણેશ કરેલ હતા. ત્યારબાદ તેઓએ અંધ બાળકોને શિક્ષણની સગવડતા કરી આપી, કન્યાઓ માટે ફ્રી માં સ્પિકિંગ કોર્સ ચલાવ્યા. તેઓશ્રીએ અમદાવાદ સારવાર મંડળની સ્થાપના કરી હોસ્ટેલો, અંધ કન્યા હોસ્ટેલો, અપંગ લોકો માટેની સંસ્થાઓ, ઘરડાઘર, હોસ્પિટલો વગેરેમાં જઈને અનેક સેવાના કાર્યો કર્યા. તેઓશ્રીનું સન્માન અન્ય અનેક સંસ્થાઓ દ્વારા થઈ ચૂકેલ છે. આજે પણ તેઓ સારા એવા પ્રમાણમાં કાર્યરત રહેવા પામેલ છે.

### વિનોદભાઈ મહેતા

૮૮ વર્ષની જૈફ વયે તેઓ આજે પણ તંદુરસ્ત છે અને સંપૂર્ણ સમય વિવિધ પ્રકારના કાર્યોમાં પસાર કરે છે. તેમણે ૧૯૫૬માં એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજમાંથી બી.ઈ. (સિવિલ)ની ડિગ્રી મેળવ્યા બાદ ન્યુયોર્કમાં મેનહટનની આર.પી.આઈ. યુનિવર્સિટીમાંથી સ્ટ્રક્ચરલ એન્જિનિયરીંગમાં માસ્ટરની ડિગ્રી મેળવી ૧૯૬૨માં અમદાવાદ આવ્યા અને શ્રી ઉપેન્દ્ર પરીખ સાથે પાર્ટનરશિપમાં “આર્ગોન એન્જિનિયર્સ” ના નામે સ્ટ્રક્ચરલ કંપનીની સ્થાપના કરી. તેમણે ગુજરાતભરની વિવિધ ડેરીઓ તથા ગવર્નમેન્ટ અને મ્યુ.કોર્પો.ના વિવિધ

પ્રોજેક્ટ્સની સ્ટ્રક્ચરલ ડિઝાઈન બનાવી અનેકવિધ કાર્યો કર્યા છે. તેઓએ ૨૫થી પણ વધુ વિખ્યાત મંદિરના ડિઝાઈનના કાર્યો કરેલ છે. તેઓશ્રીએ પ્રોફેશનલ કામો ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ વિવિધ કાર્યો કરી અનેક સંસ્થાઓમાં મોટા પ્રમાણમાં ડોનેશન્સ આપેલ છે. તેઓ પોતે પણ રોટેરીયન છે.

## અશોકભાઈ મહેતા

તેમનો જન્મ વર્ષ ૧૯૪૦માં બર્મામાં થયો હતો. વર્ષ ૧૯૪૨ના દ્વિતીય વર્લ્ડવોરના સમયે તેમના પરિવારે રંગુન - બર્મા છોડી, પોતાની માતૃભૂમિ કચ્છમાં વસવાટ કરેલ હતો. શરૂમાં પોતાના ગામમાં અને ત્યારબાદ મુંબઈમાં અભ્યાસ કરી ૧૯૬૩માં ડિપ્લોમા સિવિલ એન્જિનિયર બન્યા. ૧૯૬૪માં અમદાવાદ આવી, ૬ વર્ષ અનુભવ મેળવી પોતાની કંપની "સ્ટીલ બિલ્ડ" ચાલુ કરી.

વર્ષ ૧૯૭૬થી તેઓએ સામાજિક કાર્યોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રત્યે લગાવ રાખી આ સંસ્થામાં છેલ્લા ૪૫થી પણ વધુ વર્ષોથી કાર્યરત રહેવા પામેલ છે. અહીં સમોવડિયા સામાજિક કાર્યકરના ગ્રુપમાં રહી ઉપરોક્ત સંસ્થાના ૪ મેડિકલ સેન્ટર, ૪ પરીક્ષણ કેન્દ્ર (મેડિકલ ચેક-અપ સેન્ટર), ૪ ફિઝિયોથેરાપી સેન્ટર, ૩ ડાયાલિસિસ સેન્ટર, ૨ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, ૩ અતિથિ ભવન, ૧ આવાસ યોજના, ૧ કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ વગેરે પ્રકારના પ્રોજેક્ટ્સને કાર્યરત કરવા અગ્રીમ ભાગ ભજવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વર્ષ ૨૦૦૧ના કચ્છના ધરતીકંપ સમયની કામગીરી, નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલના કામ શરૂ કરાવવા અંગેની કામગીરી, કચ્છમાં વિવિધ સ્થળે વૃક્ષારોપણની કામગીરીના સમયે પણ તેમણે અગ્રીમ ભાગ ભજવેલ હતો. તેઓશ્રી આજની તારીખમાં પણ ત્રણ અલગ અલગ સંસ્થાઓના માસિક મુખપત્ર, મુખ્યતંત્રી તરીકે રહી પ્રકાશિત કરી રહ્યા છે.

## ડૉ. મુકેશ બાવીસી તથા ડૉ. મૃદુલાબેન બાવીસી

ડૉ. મુકેશ બાવીસી વર્લ્ડ ક્લાસ ગાયનેક સર્જન, ફર્ટીલિટી સ્પેશિયાલિસ્ટ તથા ગાયનેક કેન્સર સર્જન પણ છે. તેઓશ્રી અમદાવાદમાં છેલ્લા ૩૬ વર્ષથી પ્રેક્ટીસ કરે છે. તેઓએ ૪ સ્ટીચલેસ સર્જરી એટલે કે સાંધા વગરની સર્જરીની શોધ કરેલ છે કે જેમાંની એક સર્જરી તેમની પત્નીના નામ પાછળ વિદુલાસ ઑપરેશન તરીકે ઓળખાય છે. તેઓશ્રીએ ૪ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરેલ છે કે જેમાંના એક રેકર્ડમાં એક ચેરીટી કેમ્પમાં ૧૬ કલાકમાં ૫૦ મેજર સર્જરી કરવા અંગેનો છે. તેઓએ ૧૮,૦૦૦થી પણ વધુ સ્ત્રીઓની કેન્સરની સર્જરી સફળતાપૂર્વક કરીને સ્ત્રીઓને જીવતદાન આપેલ છે. તેઓશ્રીએ તેમના પત્ની વિદુલાબેન સાથે રહી છેલ્લા ૨૭ વર્ષથી ફ્રી સર્જિકલ કેમ્પ્સ અને છેલ્લા ૧૮ વર્ષથી ફ્રી પેપ ટેસ્ટ્સના કેમ્પ કરી રહ્યા છે. તેઓશ્રીને ૫ આંતરરાષ્ટ્રીય અને ૧૭ નેશનલ ઍવોર્ડ્સ મળેલ છે.

ડૉ. વિદુલાબેન બાવીસીએ ગાયનેકની સાથે લૉ ની ડિગ્રી પણ મેળવેલ છે. તેઓશ્રીએ એલ.એલ.બી.ના છેલ્લા વર્ષમાં ૯ ગોલ્ડ મેડલ મેળવેલ છે. વર્ષ ૨૦૨૨થી ૨૦૨૩ દરમિયાન રોટરીના પ્રેસિડેન્ટ રહી ચૂક્યા છે અને તે દરમિયાન તેમના સામાજિક કાર્યો માટે તેમને ૨૪ ડિસ્ટ્રીક્ટ ઍવોર્ડ મળેલ છે.

## ડૉ. પરેશ સી. દાણી

આઠ લાખથી પણ વધુ લોકોને દારૂ / ડ્રગ જેવા દૂષણો છોડાવવાની અને શાકાહારી તથા આધ્યાત્મિક બનાવવાની પ્રેરણા આપનારા ડૉ. પરેશ સી. દાણી, કાશીથી પી.એચ.ડી. થયેલ છે અને આયુર્વેદિક, યોગ, રેકી, ન્યુમરોલોજી, વાસ્તુશાસ્ત્ર, ફેંગશુઈ, એસ્ટ્રોલોજી, પામિસ્ટ્રી, ફેસ રીડિંગ, સામુદ્રિક શાસ્ત્ર વગેરેમાં નિષ્ણાત છે. તેઓશ્રીએ નામી સેલિબ્રિટીઓ અને હસ્તીઓ જેવી કે વડાપ્રધાન ઇંદીરા ગાંધી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ, શ્રી મુકેશ અંબાણી, શ્રી લક્ષ્મી મિત્તલ, શ્રી રતન ટાટા, અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ બીલ ક્લિન્ટન, બોલીવુડના સુપર સ્ટારો વગેરેના સચોટ જ્યોતિષી સલાહકાર અને માર્ગદર્શક રહ્યા છે. દુનિયાના ૧૦ લાખથી પણ વધુ લોકોને વિવિધ સ્થળે અને વિવિધ પ્રકારના વર્કશોપ યોજીને જ્યોતિષી અને આધ્યાત્મિક જ્ઞાન આપેલ છે. તેઓશ્રીને દેશ-વિદેશના અનેક ઍવોર્ડસથી નવાજવામાં આવ્યા છે. તેઓશ્રીએ પોતાના વિષયોની અનેક બુક્સ પ્રસારીત કરેલ છે. તેઓશ્રી દર વર્ષે ૧૫૦૦થી પણ વધુ બાળકોને જમાડે છે તેમજ ૨૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરી ડૉક્ટર, એન્જિનિયર, વકીલ વગેરે બનાવવામાં મદદ કરે છે.

## નીતિનભાઈ ત્રિવેદી

પરમાર્થ સેવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નીતિનભાઈ ત્રિવેદી એમ.કોમ., એલ.એલ.બી., યોગાચાર્ય અને જ્યોતિષ મહર્ષિની પદવીઓ ધરાવે છે. ગુજરાત રાજ્યના સિવિલ ડિફેન્સ, અમદાવાદ શહેરના ડેપ્યુટી ચીફ ઓફિસર તરીકે માનદ્ સેવા આપતા શ્રી નીતિનભાઈને ભારત સરકાર તરફથી તાજેતરમાં ૧૫મી ઓગસ્ટના રોજ બ્રોન્ઝ મેડલ અર્પણ કરવામાં આવેલ છે. અમદાવાદની સી.એન. અને એ.જી. જેવી નામી સ્કૂલો તથા એલ.જે., એચ.કે., સોમ લલિત, નવગુજરાત તથા ગુજરાતની અન્ય કૉલેજોના વિદ્યાર્થીઓને સ્ટ્રેસ મેનેજમેન્ટ તથા વ્યક્તિત્વ વિકાસ જેવા વિષયોની તેઓશ્રીએ તાલીમ આપેલ

છે. તેઓશ્રી મંદ બુદ્ધિના બાળકોને યોગ કરાવે છે. 'જ્યોતિષ એક વિજ્ઞાન' વિષય પર તેઓશ્રીએ અનેક સ્થળોએ પ્રવચન આપેલ છે. નવચંડી કરતાં ૧૦ ગણો મોટો પ્રભાવિક શતચંડી યજ્ઞમાં તેઓશ્રીએ આચાર્યનું સ્થાન ગ્રહણ કરેલ છે. તેઓશ્રી અનેક મહાનુભાવોના વરદ્ હસ્તે સન્માનિત થયેલ છે. તેઓશ્રીએ બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ ચેક-અપ કેમ્પ, નોટબુક્સનું વિતરણ, પેરાલીગલ ટ્રેનિંગ અને ચાઈલ્ડ લેબર પ્રોટેક્શન, હેપેટાઈટીસ અને રક્તપિત્ત જેવા રોગોની સારવાર જેવી અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સવા લાખથી પણ વધુ લોકોને લાભ પહોંચાડેલ છે.

### રૂપેશભાઈ શાહ

શ્રી રૂપેશભાઈ જીવતા માણસમાં ભગવાનને જોવાનો પ્રયત્ન કરે છે તથા તેમને 'એન્જલ'નું નામ આપી તેમની સેવા કરે છે. વર્ષ ૨૦૦૮થી ૨૦૨૪ સુધીમાં નાત, જાત અને સંપ્રદાયના ભેદભાવ વગર ૮૪થી વધુ એન્જલ પરિવારોના જીવનમાં ચમત્કારિક તથા હકારાત્મક પરિણામ લાવવામાં નિમિત્ત બન્યા છે. તેઓશ્રીએ અત્યાર સુધી ૭૨થી વધુ એન્જલ્સના જરૂરી ઑપરેશન કરાવેલ છે. એન્જલ પરિવારના સભ્યને જરૂરી સ્કૂલ / કોલેજ ફી તથા ભણતર માટેનું યોગ્ય માર્ગદર્શન આપી તેમને ડૉક્ટર, એન્જિનિયર, ફિઝીયોથેરાપિસ્ટ તથા સી.એ. જેવી ઉચ્ચ ડિગ્રી અપાવવામાં તેઓશ્રી સાધન સ્વરૂપ બન્યા છે. તદુપરાંત તેઓશ્રીએ અનેક એન્જલ્સ પરિવારને ઘરનું ભાડું, કરિયાણું, ધંધા રોજગાર માટે લોન - સહાય આપી તેમની જીવન નૈયાને પાટે ચડાવી છે. ટિફીન સેવા દ્વારા ૨૪ પરિવારોને રોજગારી અપાવી અને તે ટિફીન દ્વારા ૨૦૨૦થી આજ દિવસ સુધી ૧,૪૮,૫૦૧ એન્જલ્સને ભોજન અપાવેલ છે. તેઓશ્રીએ ૪૦૦થી વધુ લોકોને વ્યસનમુક્ત બનાવેલ છે, ૨૦થી વધુ સંસ્થાઓમાં જઈ વધુને વધુ એન્જલ્સને ગીત-સંગીત અને મેડિટેશનના લાભ અપાવેલ છે. તેઓશ્રીએ ધોમધખતા તાપમાં ૫૦,૦૦૦થી વધુ એન્જલ્સને માથા પર ઢાંકવા કૅપ પહોંચાડેલ છે. આ પ્રકારના અનેક પુણ્ય કાર્યો તેઓ કરતા આવેલ છે અને હાલ પણ કરી રહેલ છે.

### કમલભાઈ પરમાર

શ્રી કમલભાઈ છેલ્લા ૨૫ વર્ષથી આંબાવાડીમાં ફૂટપાથ ઉપર સાંજના સમયે સ્કૂલ ચલાવે છે કે જેમાં હાલે ૭૦થી પણ વધુ બાળકો ભણવા માટે આવે છે. સાંજે ૭ થી ૧૦ વાગ્યા સુધી સ્કૂલ ચાલે છે કે જેમાં અગાઉ ભણી ગયેલા વિદ્યાર્થીઓ જ અહીં અન્ય બાળકોને ભણાવે છે. અહીં અભ્યાસ કર્યા બાદ અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરીને ઉચ્ચ પગારની નોકરીએ લાગેલ છે. તેઓશ્રી દરેક વિદ્યાર્થીને સાંજના નિયમિતપણે ભોજન પણ આપે છે. તેઓશ્રીની પ્રવૃત્તિઓ સરાહનીય રહેવા પામેલ છે.

## શ્રી કચ્છી જૈન ગૂર્જર મંડળ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન ગૂર્જર મંડળ - અમદાવાદ દ્વારા આયોજિત હસુમતીબેન ધીરજલાલ કરશનજી સંઘવી તીર્થ દર્શન યોજના અંતર્ગત બે દિવસનો યાત્રા પ્રવાસ શુક્રવાર, તા. ૨૦-૯-૨૦૨૪ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે અમદાવાદથી દ્વારકા જવા બે એ.સી. લક્ઝરી સ્લીપર કોચથી રવાના થઈ બીજા દિવસે સવારે ૬.૩૦ વાગે દ્વારકા પહોંચી ગયા હતા.

સવારે પહોંચીને બધાને રૂમો ઍલોટ કરીને તૈયાર થઈને દર્શન-સેવા-પૂજા તથા નવકારશી વાપરીને ૧૧.૩૦ સુધી બધું પતાવીને બપોરની સાધર્મિક ભક્તિ માટે પધારવા જણાવેલ. બપોરના ૧૨.૪૦ વાગ્યાથી સિધ્ધચક્ર પૂજન શરૂ થવાનું હતું. જે મંડળના ૧૦ સભ્ય પરિવારોએ રૂા. ૧,૩૦,૦૦૦/- આપી લાભ લીધેલ અને અમદાવાદથી શ્રી હાર્દિકભાઈ (લાંભાવાળા) વિધિકારનું ગ્રુપ તથા સંગીત માટે શ્રી શ્રેયાંસભાઈ (બહેરામપુરાવાળા) ગ્રુપ આવેલ. જેમણે ખૂબ જ ભાવપૂર્ણ વાતાવરણમાં પૂજા ભણાવેલ. રાત્રે તેઓએ જ ભાવનામાં પણ સંગીતના સૂરો સાથે પ્રભુની ભક્તિમાં બધા જ સભ્યો રસ તરબોળ થઈ ગયા હતા.

ભાવના બાદ ૨૧ સભ્યોએ સંઘ પૂજનનો લાભ લીધેલ. તેના કવરો બધા સભ્યોને ચાંદલો કરીને આપેલ. મંડળ વતી નિમેષભાઈએ સર્વે સભ્યોને યાત્રામાં ઉમંગભેર ભાગ લઈ યાત્રાને સફળ બનાવેલ તથા કિરણભાઈએ બધા દાતા પરિવારોનો આભાર માનેલ. તથા તીર્થ દર્શન યોજનાના દાતા પરિવારના મોભી શ્રી ધીરજલાલભાઈ કરશનજી સંઘવીનું માળા પહેરાવી બહુમાન કરેલ.

ત્રીજા દિવસે રવિવાર, તા. ૨૨-૧૦-૨૦૨૪ના સવારે નવકારશી વાપરીને ૧૦ વાગે હાલાર તીર્થ જવા રવાના થયા. સવારે ૧૧ વાગે ત્યાં પહોંચી દર્શન સેવા-પૂજાનો લાભ લીધેલ. ત્યાં મ્યુઝીયમ પણ સરસ હતું. તેનો પણ સભ્યોએ લાભ લીધો. બપોરની સાધર્મિક ભક્તિનો લાભ લઈ ૨.૩૦ વાગે નાગેશ્વર જવા રવાના થયા. ૪.૩૦ વાગે નાગેશ્વર પહોંચી ચા-પાણી કરીને દર્શન તથા સામૂહિક ચૈત્યવંદન કરેલ. સાંજના ચૌવિહાર કરીને ૭.૧૫ વાગે અમદાવાદ પાછા આવવા નીકળ્યા. રાત્રે લગભગ ૧૨ વાગે અમદાવાદ પહોંચી સુખદ સંભારણા વાગોળતા બધા છૂટા પડ્યા હતા.

***– કિરણ મહેતા***

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

★ **મદ્રાસ હાઈકોર્ટનો સદ્‌ગુરુને સવાલ**

*તમારી દીકરીના લગ્ન કરાવ્યા; બીજાની દીકરીઓને સંન્યાસી બનવાનું કેમ કહો છો?* *(તા. ૯-૧૦-૨૦૨૪)*

★ **સાંઈ ચાંદ મિયાં છે... કહીને મૂર્તિઓ ઉખાડી:** *ક્યાં ફેંકી કોઈને નથી ખબર, હિંદુ સંગઠને કહ્યું- ૧૨ રાજ્યમાંથી હટાવીશું, સાંઈબાબા ફરી વિવાદમાં*

૨૯મી સપ્ટેમ્બરે રાત્રે ૧૦ વાગ્યા છે. કાશીના બડા ગણેશ મંદિરમાં ૬ લોકો પ્રવેશ્યા. તેમના હાથમાં લોખંડનો સળિયો, હથોડી-છીણી અને સફેદ કપડું હતું. બધાએ પહેલા હિંદુ દેવી-દેવતાઓ સામે હાથ જોડી દીધા. પછી એક પછી એક મંદિરના ખૂણામાં આવેલી સાંઈની મૂર્તિઓ ઉઠાવી લેવાઈ.

*(તા. ૧૦-૧૦-૨૦૨૪)*

★ **રાજકોટમાં આહિરાણીઓ ૧૧૨ કરોડના ઘરેણા સાથે ગરબે ઘુમી:** *૧૫૦૦ મહિલાએ ૧૫૦૦૦ તોલાના સોનાના આભૂષણો પહેર્યા હતા, કેડ સુધીના હારથી ગ્રાઉન્ડ ગોલ્ડન બન્યું..*

નવરાત્રિ પર્વ દરમિયાન રાજ્યભરમાં વૈવિધ્યસભર નોરતા મનાવવામાં આવે છે. પ્રત્યેક સમાજ પોતાની આગવી ઓળખ અને પરંપરા સાથે નવરાત્રિ પર્વ મનાવતું હોય છે. આહિર સમાજની પણ એક પરંપરા સાથે નવરાત્રિ મનાવાય છે.

*(તા. ૧૨-૧૦-૨૦૨૪)*

★ **ક્ષત્રિયોએ ખુલ્લી તલવાર સાથે રક્ષા કરી :** *અમદાવાદમાં માતાના જયઘોષ સાથે પલ્લી નીકળી, એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા; જય અંબેના નાદ સાથે ગુંજી ઉઠ્યા રોડ..*

અમદાવાદના નરોડામાંથી છેલ્લાં ૧૪૦ વર્ષથી પરંપરાગત રીતે માતાજીની પલ્લી નીકળે છે. દશેરાના પર્વ નિમિત્તે રાતે નરોડાના દરબારવાસથી માતાજીની પલ્લી નીકળી હતી. અઢી કિલોમીટર સુધી ફરી રાંદલ માતાના મંદિરે પૂરી થઈ હતી. જેમાં એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા હતા. *(તા. ૧૨-૧૦-૨૦૨૪)*

★ **૨૬મી નવેમ્બરે સંસદનું સંયુક્ત સત્ર બોલાવવાની તૈયારી :** બંધારણ દિવસના ૭૫ વર્ષ પૂર્ણ થવા અંગે મોદી સરકાર નિર્ણય લઈ શકે છે. *(તા. ૧૩-૧૦-૨૦૨૪)*

★ **મોદી બોલ્યા : વિદેશ કરતાં ભારતમાં ડેટા ૧૦ ગણો સસ્તો :** *ભારતનું મિશન દુનિયાને જોડવાનું, અંબાણીએ AI ડેટા સેન્ટર માટે ઈન્સેન્ટિવ માગ્યું.*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૧૫ ઓક્ટોબરે નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે ૨૦૨૪ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસની આઠમી એડિશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમાં ભારતમાં 6G ડેવલપમેન્ટ પર અપડેટ્‌સ રજૂ થાય તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમ ૧૮ ઓક્ટોબર સુધી યોજાશે. *(તા. ૧૫-૧૦-૨૦૨૪)*

★ **૫ વર્ષની બાળકી ૧૦૦થી વધુ શ્લોક કડકડાટ બોલે છે :** *શ્રી કૃષ્ણાષ્ટકમના ૯ શ્લોક ૨.૪૯ મિનિટમાં બોલી ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કર્યો, માતાએ કહ્યું- બાળકોને મોબાઈલ નહીં સંસ્કૃતિનું નોલેજ આપો..*

વડોદરામાં રહેતો હિરપરા પરિવાર પોતાની પાંચ વર્ષની દીકરીને સંસ્કૃત ભાષાના શ્લોક શીખવી રહ્યો છે. પાંચ વર્ષની વેદા બે વર્ષની હતી ત્યારથી જ કડકડાટ સંસ્કૃત શ્લોકો બોલે છે. વેદાએ શ્રી કૃષ્ણાષ્ટકમ સ્ત્રોત્રના ૯ શ્લોકને માત્ર ૨ મિનિટ અને ૪૯ સેકન્ડમાં પઠન કરી રેકર્ડ બનાવ્યો છે.

*(તા. ૧૪-૧૦-૨૦૨૪)*

★ **ભારત અમેરિકા પાસેથી ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદશે** : *૩૨ હજાર કરોડની ડિલ ફાઈનલ, ત્રણેય સેનાઓને મળશે. મેઈન્ટેનન્સ ફેસિલિટી દેશમાં જ બનાવવામાં આવશે*

અમેરિકા અને ભારત વચ્ચે મંગળવારે ૩૨ હજાર કરોડ રૂપિયાની ડિફેન્સ ડિલ ફાઈનલ થઈ ગઈ છે. આ અંતર્ગત ભારત અમેરિકા પાસેથી ૩૧ પ્રિડેટર (MQ-9B હન્ટર કિલર ડ્રોન) ડ્રોન ખરીદશે. આ અમેરિકન MQ-9 રીપર ડ્રોનનો એક પ્રકાર છે.

*(તા. ૧૩-૧૦-૨૦૨૪)*

★ **બોમ્બની ધમકી બાદ ૪ ફ્લાઇટ્‌સનું ઇમર્જન્સી લેન્ડિંગ :** *૩ દિવસમાં ૧૪ ફ્લાઈટ્‌સને ધમકીઓ મળી; અકાસા એરલાઈન્સની દિલ્હી-બેંગલુરુ ફ્લાઈટ અમદાવાદ ડાઈવર્ટ.*

બુધવારે વધુ ચાર ઈન્ડિયન એરલાઈન્સ ફ્લાઈટને બોમ્બની ધમકી મળી હતી. ઈન્ડિગોની મુંબઈ-દિલ્હી ફ્લાઈટને ટેકઓફ કર્યા બાદ દિલ્હી પરત ફરવું પડ્યું હતું, જ્યારે Akasa એરલાઈન્સની દિલ્હી-બેંગલુરુ ફ્લાઈટને અમદાવાદ ડાઈવર્ટ કરવામાં આવી. *(તા. ૧૫-૧૦-૨૦૨૪)*

★ **ડાયમંડ નગરીમાં ચમકી સોનાની ઘારી... :** *એક કિલોના ૧૧ હજાર. સુરતીલાલાઓ જ નહીં વિદેશીઓમાં પણ ખાવાનું ઘેલું; કોર્પોરેટ ગિફ્ટમાં પણ આપી શકશો.*

કહેવત છે કે, 'સુરતનું જમણ ને કાશીનું મરણ નસીબદારને જ મળે'. વિશ્વભરમાં સુરતીલાલાઓ ખાણીપીણી માટે પ્રખ્યાત છે અને જ્યારે ચંદી પડવાનો પર્વ આવે ત્યારે કરોડો

રૂપિયાની ઘારી ગણતરીના કલાકોમાં સુરતના લોકો આરોગી જાય છે. જોકે, આ વખતે સૌથી વધારે ડિમાન્ડ ગોલ્ડન ઘારીની છે. *(તા. ૧૮-૧૦-૨૦૨૪)*

★ **દિવાળી પહેલાં જ સુરતમાંથી પરપ્રાંતિયોએ વતનની વાટ પકડી :** *ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ૧ કિમી લાંબી લાઈન.*

સુરત મિની ભારત તરીકે ઓળખાય છે. ગુજરાત સહિત અલગ અલગ રાજ્યોમાંથી લોકો અહીં રોજગારી મેળવવા માટે આવતા હોય છે. તહેવારના સમયે આ તમામ લોકો પોતાના વતન જતા હોય છે. જેને લઈને મોટો ધસારો ટ્રેનમાં જોવા મળતો હોય છે. *(તા. ૧૭-૧૦-૨૦૨૪)*

★ **દિલ્હી, શ્રીનગર સહિત દેશભરમાં જોવા મળ્યો સુપરમૂન :** ગુરુવારે સમગ્ર વિશ્વમાં સુપરમૂન જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન ચંદ્રનું કદ સામાન્ય કરતાં ૧૪% મોટું દેખાયું. ચંદ્ર પણ ૩૦% વધુ તેજસ્વી દેખાયો. જ્યારે પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર સૌથી ઓછું થઈ જાય ત્યારે સુપરમૂન થાય. *(તા. ૧૭-૧૦-૨૦૨૪)*

## વિદેશના સમાચાર

★ **માર્ક ઝકરબર્ગ વિશ્વના બીજા સૌથી ધનિક વ્યક્તિ બન્યા :** *જેફ બેઝોસ અને બર્નાર્ડ આર્નોલ્ટને પાછળ છોડીને ઝકરબર્ગની કુલ સંપત્તિ ૧૭.૭૩ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી*

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ઝકરબર્ગની કુલ સંપત્તિ હવે ૨૧૧ અબજ ડોલર એટલે કે ૧૭.૭૩ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. જ્યારે ટેસ્લાના CEO ઈલોન મસ્ક $263 બિલિયન (રૂ. ૨૨.૦૯ લાખ કરોડ)ની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ છે. *(તા. ૭-૧૦-૨૦૨૪)*

★ **લંડનમાં ગુજરાતીઓએ રાસની રમઝટ બોલાવી :** *કચ્છી લેઉવા પટેલ સમાજનું આયોજન.*

ગુજરાતીઓ ગમે તે દેશમાં જાય તેમને ગરબા રમવાનો બસ મોકો જોઈએ. *(તા. ૮-૧૦-૨૦૨૪)*

★ **આફ્રિકાના સહારા રણમાં પૂર :** ૫૦ વર્ષથી સૂકાયેલું તળાવ ફરી જીવંત થયું, મોરોક્કોમાં ૨ દિવસમાં વર્ષ જેટલો વરસાદ થયો.. *(તા. ૧૨-૧૦-૨૦૨૪)*

★ **ટ્રમ્પની ચીમકી : સત્તામાં પાછો ફરીશ તો ભારત પર બમણો વેરો નાખીશ :** અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીમકી આપતાં કહ્યું છે કે પોતે ફરી સત્તામાં પાછા આવશે તો ભારત પર બે ગણો ટેક્સ નાખશે. અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રીપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ટ્રમ્પે કહ્યું કે ચીન ૨૦૦ ટકા ટેક્સ વસૂલે છે. બ્રાઝિલ પણ. *(તા. ૧૦-૧૦-૨૦૨૪)*

★ **બાંગ્લાદેશમાં મંદિરમાંથી મા દુર્ગાના મુગટની ચોરી :** PM મોદીએ ૩ વર્ષ પહેલાં અર્પણ કર્યો હતો, મુગટ ચોરી કરતો વ્યક્તિ CCTVમાં કેદ થયો. *(તા. ૧૦-૧૦-૨૦૨૪)*

★ **મિડલ ઈસ્ટના બદલાપુરનો અંત :** ૧૨ મહિનામાં જ ઈઝરાયલે દુશ્મનનો ખાત્મો બોલાવ્યો, યાહ્યા સિનવારના મોતથી કાળચક્ર પૂરું થવાની અણીએ. હવે હમાસનો નવો ચીફ કોણ એ સવાલ છે. *(તા. ૧૭-૧૦-૨૦૨૪)*

★ **ભારતીય મૂળના ઉદ્યોગપતિ પંકજ ઓસ્વાલની પુત્રી યુગાન્ડામાં કેદ :** *લોહી અને ગંદકીથી ભરેલા બાથરૂમમાં રાખવામાં આવે છે; યુએનને મુક્તિ માટે અપીલ કરી હતી*

ભારતીય મૂળના ઉદ્યોગપતિ પંકજ ઓસવાલે UGANDA વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રમાં અપીલ દાખલ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેણે દાવો કર્યો છે કે તેની ૨૬ વર્ષની દીકરી વસુંધરા ઓસવાલને છેલ્લા ૧૭ દિવસથી યુગાન્ડામાં ગેરકાયદેસર રીતે નજરકેદ રાખવામાં આવી છે. *(તા. ૧૭-૧૦-૨૦૨૪)*

## અસાંજી જાત

કરિઉં ગાલ્યું ન ખોટી કોઈ, અસાંજી જાત માસ્તરજી,
(ડૉ.) રાધાકૃષ્ણન અસા મીંજા, અસાંજી જાત માસ્તરજી.

પગાર વધ્યા બોરા ઐં, તેં સેં ચૂક આવઇ કિં?
અસાંજી થિઈ કધર ઇ ચો, અસાંજી જાત માસ્તરજી.

અસામેં આય ત્રેવડ ને હી પરચો વતાયુંતા,
સીખો હિકડાઈ જ સગતિ, અસાંજી જાત માસ્તરજી.

ન છોરા ભણે ને નાય ઈનજી માયતરે કે પૈ,
ઇ ચિંધા અસાંકે અઇ, અસાંજી જાત માસ્તરજી.

ન વૈ ટ્યુશન જી આધત મૂર, માયતરે સીખાઈયેંતા,
ન ગીનો લાંચ ક રુશ્વત, અસાંજી જાત માસ્તરજી.

બારા ડિસૌ ત લેન લમી, માસ્તર ભનેલા ઐં,
એડી પાવન ઈજ્જતદાર, અસાંજી જાત માસ્તરજી.

પોલીસ ને પરધાન મિડે, ચેલા અસાંજા ઐં,
'ગુરૂ-ઋણ'સે કરીએ નમન, અસાંજી જાત માસ્તરજી.

કરીઉંતા રત-પાણી હિકડો ને સંસ્કાર સીંચીઉતા,
મોરારીદાસ અસા મીંજા 'શ્રેયસ', અસાંજી જાત માસ્તરજી.

***જગદીશચંદ્ર છાયા***

***(મૂળ કવિ શ્રી રવિભાઈ પેથાણીની રચનાની પેરોડી)***

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## કલગીવાળી રંગબેરંગી બતક : મેન્ડારીન ડક

બગલા, બતક અને હંસ જેવા જળાશયના કિનારે રહેવાવાળા પક્ષી મોટેભાગે સફેદ હોય છે. પરંતુ જાપાન અને પૂર્વ એશિયાના કેટલાક દેશોમાં રંગબેરંગી બતક મેન્ડારીન ડક જોવા મળે છે. બતકની બધી જ જાતોમાં સૌથી સુંદર એવી આ બતક છે. ૪૧થી ૫૦ સે.મી. લંબાઈની આ બતકની પાંખો ૬૦થી ૭૦ સે.મી.નો ઘેરાવો ધરાવે છે.

મેન્ડારીન બતકની જોડી એશિયાના કેટલાક દેશોમાં પ્રેમનું પ્રતીક મનાય છે. લાલ ચાંચ, ગુલાબી માથુ અને આંખો ઉપર સફેદ કલગી સાથે રંગબેરંગી પૂંછડી અને શરીર તેને સુંદરતા આપે છે.

બતકની આગવી ચાલ તેની ઓળખ છે. તે જ રીતે મેન્ડારીન પણ ડોલતું ડોલતું ચાલીને ફળો અને વનસ્પતિ ખાઈને જીવે છે. સુંદર પક્ષીના શોખીન, મેન્ડારીન ડકને એશિયામાંથી પોતાના દેશોમાં પણ લઈ જાય છે. એ કારણે હવે તે ઘણા દેશોમાં જોવા મળે છે. આ બતકની જાતનો શિકાર કરવામાં આવતો નથી. એટલે તે જાપાનમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે.

## પક્ષીઓનું અજાયબ જગત

★ લક્કડખોદની જીભ તેની ચાંચ કરતાં ચાર ગણી મોટી હોય છે. જીભની ટોચ ખાંચાવાળી અને ખરબચડી હોય છે. તે ઝાડના થડની બખોલમાં જીભ ખોસીને જીવજંતુનો શિકાર કરે છે.

★ હની બર્ડ નામનું પક્ષી મધપૂડો તોડી શકતું નથી. એટલે તે બીજા મોટા પ્રાણીઓને અવાજ કરી મધપૂડા તરફ દોરી જાય છે અને મધ મેળવે છે.

★ દરજીડો બે પાંદડા સીવીને માળો બનાવે છે. પાંદડાને જોડવા માટે તે કરોળિયાના જાળાના તારનો ઉપયોગ કરે છે.

★ આલ્બાટ્રોસ વિશ્વનું સૌથી લાંબી પાંખો ધરાવતું પક્ષી છે. તેની પાંખોનો ઘેરાવો વિશાળ હોવાથી તે આકાસમાં પાંખો હલાવ્યા વિના જ ૧૦,૦૦૦ કિ.મી. જેટલું અંતર કાપી શકે છે.

★ ટીટોડી બોલે ત્યારે અંગ્રેજીમાં 'ડીડ યુ ડુ ઈટ' જેવો અવાજ સંભળાય છે.

★ ભારતીય પક્ષીઓમાં હીલ મેના સૌથી વધુ ગીત ગાતું પક્ષી છે.

★ પોપટનું મગજ પક્ષીઓના શરીરના કદના પ્રમાણમાં સૌથી વજનદાર હોય છે. આફ્રિકાનો ગ્રે પેરોટ સૌથી વધુ શબ્દ યાદ રાખી શકે છે.

★ ભારતમાં પોપટ જોવા મળતા નથી પરંતુ પેરોટ જેવા સૂડા અને તૂઈ હોય છે. જેને પેરોટ નહીં, પેરાકિટ કહે છે.

★ શાહમૃગ એવું પક્ષી છે કે જેના લક્ષણો ઊંટ જેવા હોય છે.

## ઓસ્ટ્રેલિયાનું સુંદર પક્ષી : કાળા હંસ

હંસ જળાશયના કિનારે રહેનારું સુંદર પક્ષી છે. લાંબી મરોડદાર ડોકથી તે સુંદર લાગે છે. ગૃહ સુશોભનોમાં હંસનું ચિત્ર લોકપ્રિય છે. હંસ સફેદ હોય છે અને પાણીમાં તરીને શિકાર કરે છે.

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં કાળા હંસ જોવા મળે છે. કાળા હંસની ડોક સફેદ હંસ કરતાં વધુ લાંબી હોય છે. અને તે હંમેશાં અંગ્રેજી 'એસ' આકારના મરોડદાર વળાંકમાં રહે છે. કાળા હંસની ચાંચ અને પગ પણ કાળા હોય છે.

પુખ્ત કાળા હંસ ત્રણથી ચાર ફૂટ લાંબા હોય છે. તેની પાંખોનો ઘેરાવો દોઢથી બે મીટર હોય છે. કાળા હંસનો અવાજ બ્યુગલ જેવો સંગીતમય હોય છે. આકાશમાં ઉડતી વખતે તે ડોક આગળ લંબાવેલી રાખે છે. આકાશમાં કતારબંધ ઉડતું હંસનું ટોળું નયનરમ્ય હોય છે.

કાળા હંસ નદી કે તળાવના કિનારે જમીન પર કે છીછરા પાણી વચ્ચે માળો બાંધે છે.

## શિકારી પક્ષીઓની વિશેષ વાતો

★ શિકારી પક્ષીઓ નાના પક્ષીઓ અને પ્રાણીઓનો શિકાર કરે છે અને માત્ર માંસાહાર કરે છે. સૌથી ઉંચે ઉડનારા અને સૌથી મોટા કદના આ પક્ષીઓની અન્ય વિશેષતાઓ પણ રસપ્રદ છે.

★ શિકારી પક્ષીઓ અન્ય શિકારી પક્ષીઓની હદમાં માળા બાંધતા નથી. તેઓ પોતાના રહેણાંકની હદનું મોટા અવાજ કરીને સતત ઉડતા રહી સીમાંકન કરે છે. અન્ય પક્ષીઓને પોતાની હદમાં આવવા દેતા નથી. મોટા શિકારી પક્ષીઓને ખોરાકની વધુ જરૂર પડે છે. એટલે તેમનો વિસ્તાર પણ મોટો હોય છે. ગોલ્ડન ઈગલનું ક્ષેત્ર લગભગ ૨૫ ચો.કિ.મી. હોય છે.

★ નાના બાજ અને ઘુવડ જેવા શિકારી પક્ષીઓ પોતાની હદમાં સમૂહમાં રહે છે.

★ શિકારી પક્ષીઓના પીંછા બરછટ અને લગભગ કાળા કે રાખોડી હોય છે. તે આકર્ષક કે રંગીન હોતા નથી.

★ શિકારી પક્ષીઓનાં બચ્ચા પુખ્ત થાય ત્યાં સુધી નબળાં અને નિઃસહાય હોય છે. ઉડતા શીખે પછી જ તે શક્તિશાળી બને છે.

★ શિકારી પક્ષીઓની દૃષ્ટિ તીવ્ર હોય છે. આકાશમાં ઉડતા આ પક્ષીઓ જમીન પરના નાના ઉંદરને પણ જોઈ શકે છે. પાણીમાં તરતી માછલીને આ શિકારી પક્ષીઓ સીધી દૃષ્ટિએ જોઈ શકે છે. વક્રીભવનની અડચણ તેમને નડતી નથી.

## પક્ષીઓની પગની રચનામાં વૈવિધ્ય

આકાશમાં ઉડનારા પક્ષીઓને જમીન પર ખોરાકની શોધમાં ચાલવું અને દોડવું પડે છે. પક્ષીનું શરીર ઉડવા માટે અનુકૂળતાવાળું અને હળવું હોય છે. પરંતુ તેના પગ મજબૂત અને વિશેષ રચના ધરાવે છે. પક્ષીને પાતળી ડાળી કે તાર ઉપર બેસીને ઊંઘ લેવાની હોય છે, જે શરીરના વજનથી જકડાયેલા રહે છે અને પક્ષી ઊંઘમાં હોય તો પણ પડી જતા નથી.

પક્ષીના પગ પાતળા અને ઓછા વજનના હોય છે. ચકલી, કાબર, બુલબુલ જેવા પક્ષીઓ બંને પગ ઊંચકીને કૂદકા મારીને ચાલે. બગલા, બતક, ચાતક જેવા પક્ષીઓને જળાશયમાં માછલી શોધવાની હોય. એટલે તેમના પગ લાંબા બન્યા. તે હળવે હળવે ડગલા ભરીને ચાલે.

પક્ષીના પગમાં ચાર આંગળી હોય છે. ત્રણ આગળ અને એક પાછળના ભાગે ટૂંકી આંગળી. શિકારી પક્ષીની આંગળીમાં તીક્ષ્ણ નહોર હોય છે. લક્કડખોદને ઝાડના થડ ઉપર ચઢવાનું અને બેસવાનું એટલે તેના નખ હૂક જેવા તીક્ષ્ણ હોય છે. બતકને પાણીમાં તરવાનું એટલે તેના આંગળા પાતળી ચામડી વડે જોડાઈને હલેસા જેવા બન્યા. પક્ષીના પગના આંગળા માત્ર નીચેની તરફ વળી શકે, ઉપરની તરફ નહીં. એટલે જમીન પર ચાલવામાં તકલીફ પડે.

કેટલાક પક્ષીઓ તો ચાલવાને બદલે પાંખો ફફડાવી ટૂંકા અંતરની ઉડાન ભરી આગળ વધે છે. ઉડતી વખતે પક્ષીના પગ પાછળની તરફ સીધા થઈ જાય છે. એટલે હવાનું ઘર્ષણ ઓછું લાગે.

## મધમાખી વિશે જાણવા જેવું

★ મધમાખી ૧ લાખ કિ.મી. જેટલો પ્રવાસ કરી લાખો ફૂલો ઉપર જાય ત્યારે માંડ ૫૦૦ ગ્રામ જેટલું મધ એકઠું કરી શકે છે.

★ મધમાખીની પાંખ ૧ સેકન્ડમાં ૧૧૦૦ વખત ફફડે છે અને કલાકના લગભગ ૨૫ કિ.મી.ની ઝડપે ઉડે છે.

★ મધમાખીને છ પગ અને ચાર પાંખો હોય છે.

★ પૃથ્વી પર મધમાખી એક કરોડ વર્ષ પહેલાથી અસ્તિત્વ ધરાવે છે.

★ મધમાખી એક ટ્રીપમાં લગભગ ૧૦૦ ફૂલ ઉપરથી મધ લઈને મધપુડામાં મૂકવા આવે છે.

★ મધમાખી નૃત્ય દ્વારા સંકેત કરીને બીજી મધમાખીને ફૂલની દિશા બતાવે છે.

★ માદા મજૂર મધમાખી હોય છે તે દરરોજ ૨૫૦૦ ઈંડા મૂકવા સિવાય કંઈ કામ કરતી નથી.

★ મધમાખીના ડંખ થોડા ઝેરી હોય છે. મધ તેમજ આ ઝેરનો સારવારમાં ઉપયોગ થાય છે. તેને એપીથેરાપી કહે છે.

## આફ્રિકાના જંગલી હાથી : ફોરેસ્ટ એલીફન્ટ

ધરતી પરના સૌથી મોટા પ્રાણી હાથી મુખ્યત્વે એશિયન અને આફ્રિકન એમ બે પ્રકારના હોય છે. આફ્રિકામાં ઘણી જાતના હાથી જોવા મળે છે. તેમાં ફોરેસ્ટ એલીફન્ટ વિશેષ છે. દોઢથી અઢી મીટર ઊંચા આ હાથીના પગ લાંબા હોય છે અને સૂંઢ પણ લાંબી હોય છે. આ હાથીના આગલા પગમાં પાંચ નખ હોય છે.

મધ્ય આફ્રિકાના જંગલમાં જોવા મળતા ફોરેસ્ટ એલીફન્ટના દંતશૂળ પણ લાંબા હોય છે. આ હાથી પરિવારમાં રહે છે. બચ્ચાં ૧૫ વર્ષ સુધી પરિવારની સાથે રહે છે અને પુખ્ત થતાં અલગ પરિવાર વસાવે છે. આ હાથીના કાન મોટા અને ગરદન ટૂંકી હોય છે.

ફોરેસ્ટ એલીફન્ટ મોટેભાગે વનસ્પતિ ફળો ખાઈને જીવે છે. સૂકી ઋતુમાં ઘાસ ખાય છે. આફ્રિકાના ગરમ પ્રદેશમાં રહેતા હોવાથી આ હાથીની ચામડી સુંવાળી હોય છે અને તે ગરમીનો સારી રીતે પ્રતિકાર કરે છે.

ફોરેસ્ટ એલીફન્ટના દંતશૂળ હાથ કરતાં લાંબા પણ પાતળા હોય છે. તે દોઢ મીટર લાંબા અને લગભગ ૩૦થી ૩૫ કિલો વજનના હોય છે. ■

*મુશ્કેલ પરિસ્થિતિમાં સંઘર્ષ કરવાથી એક બહુમૂલ્ય સંપત્તિનો વિકાસ થશે કે જેનું નામ છે 'આત્મબળ.'*

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૧૮ : 'સાસુની વિદાય બાદ વહુનો પત્ર'
# મણકો - ૧૯ : એવોર્ડનું ગૌરવ

• સંકલન •
ડૉ. આશિષ ચોક્સી

## 'સાસુની વિદાય બાદ વહુનો પત્ર'

(અમદાવાદમાં એક ડૉક્ટર કુટુંબમાં માતાની વિદાય પછી પ્રાર્થના - ભજનના શ્રદ્ધાંજલિ વખતે કુટુંબની વહુએ વાંચેલ પત્રનો સારાંશ.)

***બા, તમે હવે અમારી સાથે નથી.***

તમારો સ્વભાવ તમારી હાજરીમાં હું સમજી જ ના શકી. હું ગમે તેટલી ગુસ્સે થાઉં પણ તમે શાંત જ રહેતા હતા. તમે મને દીકરી બનાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ હું જ તમને મા તરીકે ના જોઈ શકી. મારા આ ઘરમાં વહુ તરીકે આવ્યા બાદ મારે નવી જગ્યામાં અનુકૂળ થવાનું હોય, પરિસ્થિતિ પ્રમાણે મારે બદલાવાનું હોય પણ તમે તમારા દીકરાને અને મને અનુકૂળ થવાય તે રીતે તમારી જાતને બદલતા ગયા.

ઘરનાં નાનાં-મોટાં કેટલાં બધાં કામ તમે જાતે કરી લેતાં હતાં. ઘરમાં અમુક વસ્તુઓ ખલાસ થાય તેની મને ક્યારેય ખબર નહોતી પડતી. તમારે લીધે મારું રોજનું કામ કેટલું સરળ બનતું છતાં મને એમ જ લાગતું કે તમારું ધ્યાન ઘરમાં છે જ નહીં અને સેવા-પૂજામાં જ છે. તમારી હાજરીથી હંમેશાં ઘરમાં પોઝીટીવ વાઈબ્રેશન રહેતા તે હવે અમને સમજાય છે.

દરેક તહેવાર અને પ્રસંગો તમારી હાજરીથી જીવંત બની રહેતા. ઘરે કોઈ પણ મહેમાન આવતું તો તમે હંમેશાં મારા વખાણ કરતાં પણ મને તેની કદર જ ન હતી. તમારા દરેક કામને જ હું ખોટી રીતે જોતી હતી.

તમે એક પણ શિખામણ ના આપી છતાં તમારા જ શ્રેષ્ઠ સંસ્કાર મારામાં આવતા ગયા તેની મને પણ ખબર જ ના પડી. તમારી કેટલી મહાનતા હતી.

તમારી ગેરહાજરીમાં હવે તમારું વ્યક્તિત્વ મને સમજાય છે પણ તમે હવે અમારી સાથે નથી. ઈશ્વર શક્ય હોય તો આવતા જન્મમાં હું તમારા જ ખોળે દીકરી તરીકે જન્મ લઉં તેવો મોકો આપે.

- **છેલ્લો બોલ :**

'ન જાને ક્યું, હોતા હૈ યે જિંદગી કે સાથ..., અચાનક યે મન, કિસીકે જાને કે બાદ..., કરે ફિર ઉસકી યાદ, છોટી છોટી સી બાત...' ફિલ્મ : છોટી સી બાત (૧૯૭૬).

## એવોર્ડનું ગૌરવ

૨ ડિસેમ્બર, ૨૦૨૦ના દિવસે બ્રિટનની NGO સંસ્થા બરકે ફાઉન્ડેશને ગ્લોબલ શિક્ષક ઍવોર્ડ જાહેર કર્યો. આ ઍવોર્ડ માટે દુનિયાભરમાંથી ૧૨,૦૦૦ શિક્ષકોની એન્ટ્રી આવેલી હતી. તેમાંથી છેલ્લાં રાઉન્ડમાં ૧૦ શિક્ષક નક્કી થયા હતા. આ દસ શિક્ષકોમાંથી પ્રથમ સ્થાન મહારાષ્ટ્રના એક નાનકડા ગામના પ્રાયમરી શિક્ષક રણજિતસિંહ ડિસાલેને મળ્યું.

રણજિતસિંહે પાઠયપુસ્તકોમાં QR કોડની ટેક્નોલોજી શરૂ કરાવી હતી. QR કોડને લીધે સ્ટુડન્ટ પોતાની માતૃભાષામાં પુસ્તક વાંચી શકે. પોતાની ભાષામાં વીડિયોથી વાર્તા અને કવિતા પણ સાંભળી શકે. આપોઆપ બાળકોની ભણવામાં રૂચિ વધી. આપણા દેશની ઘણી શાળાઓએ આ પ્રોજેક્ટ અપનાવ્યો. તેની નોંધ વિદેશમાં પણ ઘણા માધ્યમોએ લીધી.

રણજિતસિંહને આ ઍવોર્ડ મળ્યો તે ખરેખર આપણા દેશ માટે એક ગર્વ લેવા જેવી વસ્તુ હતી જ. તેમના કામ કે QR કોડ વિશે તો ઘણા માધ્યમમાં ઘણું લખાયું પણ આપણે રણજિતસિંહના અન્ય એક ઉમદા કાર્યની વાત કરવાની છે.

ઍવોર્ડ પેટે તેમને ૧૦ લાખ ડૉલર જેટલી રકમ મળી – આશરે સાડા સાત કરોડ રૂપિયા. તેમણે તરત જાહેર કર્યું કે ઈનામની રકમમાંથી તેઓ અડધા પૈસા જ રાખશે. અડધા પૈસા ટોપ ટેનમાં આવેલ અન્ય નવ શિક્ષકોને સરખે ભાગે આપશે. આથી અન્ય નવ શિક્ષકોને પ્રત્યેકને ૪૦ લાખ રૂપિયા જેટલી રકમ મળશે. પ્રથમ દસમાં અન્ય નવ શિક્ષકોને પણ પોતાના જ જેટલા કાબિલ ગણી તેઓ પણ સંશોધન અને શિક્ષણ માટે પોતાના દેશમાં રકમ ખર્ચી શકે તે માટે તેમને મદદ કરવાનો વિચાર અને કાર્ય કેટલું ઉમદા ગણાય!

- **છેલ્લો બોલ :**

ચાલુ વર્ષે ભારતના પ્રખ્યાત ૯૪ વર્ષીય આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશીને ઈંગ્લેન્ડના રાણી વિક્ટોરિયાએ મંજૂર કરેલ 'રોયલ ગોલ્ડ મેડલ' આપવા અને સન્માનિત કરવા ઈંગ્લેન્ડની રોયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રિટિશ આર્કિટેક્ટના પ્રમુખ સાયમન ઑલ્ફ્રેડ ખુદ અમદાવાદ શ્રી દોશી સાહેબના ઘરે આવ્યા અને તેમને સન્માનિત કર્યા અને ઍવોર્ડનું ગૌરવ વધાર્યું.

*કિસ્મતથી શું મળે તેની મને ખબર નથી પણ મહેનતથી ઘણું બધું મળે છે તેની ખબર છે.*

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# મણકો - ૧૧ : સરદારસિંહ રાણા

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૧૦ એપ્રિલ, ૧૮૭૦*

*મહાપ્રયાણ : ૨૫ મે, ૧૯૫૭*

માતૃભૂમિની મુક્તિ કાજે તન, મન અને ધન સમર્પિત કરી દેનારા ક્રાંતિકારી સરદારસિંહ રાણા સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પાસેના કંથારિયા ગામના વતની હતા. તેમનો જન્મ ૧૦મી એપ્રિલ, ૧૮૭૦ ના રોજ થયો હતો. રાજકોટની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તેઓ ગાંધીજીના સહાધ્યાયી હતા. પછીથી મુંબઈની એલ્ફિન્સ્ટન અને પૂણેની ફર્ગ્યુસન કોલેજમાં અભ્યાસ કરીને લીંબડીના રાજવીની મદદથી બાર ઍટ લૉ થવા ઇંગ્લેન્ડ ગયા. ઇંગ્લેન્ડ જઈને તેઓ વકીલ થવાને બદલે હીરાના પારખુ બન્યા. હીરા-ઝવેરાતના ધંધામાં તેમણે જમાવટ કરી. શ્યામજી કૃષ્ણવર્માના સંપર્કમાં આવતાં તેઓ ક્રાંતિના રંગે રંગાયા. ઇન્ડિયા હાઉસની સ્થાપનામાં શ્યામજીની સાથે જ રહ્યા. પછીથી પોલેન્ડ, તુર્કસ્તાન જઈ બૉંબ બનાવવાની પદ્ધતિ શીખી આવ્યા. આ પદ્ધતિ તેમણે સેનાપતિ બાપટ અને મિર્ઝા અબ્બાસને શીખવી ભારત મોકલ્યા. તે પછી બ્રિટિશ શાસન વિસ્ફોટથી ધ્રૂજી ઊઠ્યું. લંડનમાં મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીની હત્યા કરી, એ પિસ્તોલ પણ સરદારસિંહ રાણાની હતી. ૧૯૦૭માં જર્મની ખાતે દ્વિતીય આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ મળી તેમાં તેમણે મેડમ કામા સાથે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તેમના આગ્રહથી જ મેડમ કામાએ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ પહેલીવાર વિદેશની ધરતી પર લહેરાવ્યો. તેઓ હવે બ્રિટિશ સરકારની આંખે ચડી ગયા. તેમના નામનું વોરંટ નીકળ્યું. પરંતુ ફ્રેન્ચ નાગરિકત્વ ધરાવતા હોવાથી પકડી ન શકાયા. પ્રથમ વિશ્વયુદ્ધમાં ફ્રાંસ અને ઇંગ્લેન્ડ મિત્ર બની ગયા.

સરદારસિંહની ધરપકડ થઈ અને પનામા પાસેના માટેનિક ટાપુ પર દેશનિકાલ કરાયા. તેમની મિલકત પણ જપ્ત કરાઈ. જીવનનિર્વાહ કરવા તેમણે ઢોર ચરાવ્યા. પાછા ફ્રાંસ આવીને ઝવેરાતનો ધંધો સંભાળ્યો. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. નાઝીઓ ફ્રાન્સમાં પ્રવેશ્યા ત્યારે નાઝીઓને મદદ કરવાનો ઈનકાર કરતાં જર્મન કોન્સન્ટ્રેશન કેમ્પમાં કેદ થયા. સુભાષચંદ્ર બોઝ જર્મની આવ્યા ત્યારે એમણે પહેલું કામ સરદારસિંહને છોડાવવાનું કર્યું. ફ્રેન્ચ સરકારે તેમની આ નિષ્ઠાની કદર કરી તેમને ફ્રેન્ચ લિજિયન ઓફ ઑનરનું પ્રતિષ્ઠિત સન્માન આપ્યું. વિદેશમાં આટલી વ્યસ્તતા વચ્ચે પણ તેમનો દેશવાસીઓ સાથે સંપર્ક જીવંત હતો. વર્ષો બાદ સ્વદેશ આવ્યા ત્યારે સુદામા સમા મિત્ર ગાંધીજીને મળવાનું ન ભૂલ્યા. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો. તેના થોડા સમય પછી તેમના પર પક્ષાઘાતનો હુમલો થયો. ૧૯૫૦ થી તેઓ કાયમને માટે સ્વદેશ આવતા રહ્યા. સ્વાસ્થ્ય ન સુધર્યું. વેરાવળના દરિયાકિનારે હવાફેર કરવા ગયા ત્યાં જ તારીખ ૨૫ મે, ૧૯૫૭ના રોજ તેમનું નિધન થયું.

## મંગલ મંદિરનું લવાજમ

• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | : | રૂા. | ૧૫૦/- |
| ૨ વર્ષનું લવાજમ | : | રૂા. | ૩૦૦/- |
| ૩ વર્ષનું લવાજમ | : | રૂા. | ૪૦૦/- |
| ૫ વર્ષનું લવાજમ | : | રૂા. | ૬૦૦/- |
| ૧૫ વર્ષનું લવાજમ | : | રૂા. | ૧,૫૦૦/- |

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- ***IFSC** કોડ* : CNRB0017007

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૮ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૧

# અકબરનાં બેગમ જોધાબાઈ રીસાઈને અમદાવાદ આવ્યા હતા

• લેખક •
દેવેન્દ્ર પટેલ

શેઠ શાંતિદાસ ઝવેરી.

અકબર બાદશાહે તેમને અમદાવાદના નગરશેઠનું પદ આપવા ફરમાન કર્યું હતું. શેઠ શાંતિદાસને જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ સાથે પણ નિકટનો સંબંધ હતો.

અકબરના બેગમ જોધાબાઈ એક વાર રીસાઈને અમદાવાદ આવ્યાં હતાં.

વાત એમ બની કે બાદશાહની અનુમતિ વગર જોધાબાઈ અમદાવાદ આવ્યાં હોઈ મોગલ સુબા કે કોઈ અમલદાર તેમની ખાતરબરદાસ્ત કરવા તૈયાર નહોતું. શાંતિદાસ ઝવેરી તે વખતે અમદાવાદમાં હતા. તેથી બેગમ જોધાબાઈની આગતાસ્વાગતા કરવાનું કામ સુબાએ તેમને સોંપ્યું. સમયપારખુ શેઠ શાંતિદાસે જોધાબાઈ માટે પોતાની એક હવેલી ખાલી કરી આપી અને તેમની તહેનાતમાં અનેક નોકરોચાકરો રોકી દીધા. આ આગતાસ્વાગતાથી જોધાબાઈ ખુશ થઈ ગયા અને તેમણે શેઠ શાંતિદાસને પોતાના ભાઈ બનાવી દીધા. ભાઈ બન્યા પછી શાંતિદાસે બહેન બનેલાં બેગમ જોધાબાઈને મૂલ્યવાન રત્નજડિત કંગન ભેટમાં આપ્યાં.

બે માસ પછી બાદશાહ અકબરે બેગમ સાહેબાને તેડવા શાહજાદા સલીમ ઉર્ફે જહાંગીરને અમદાવાદ મોકલ્યો. અગાઉની વાત એ હતી કે શાહજાદા સલીમનું વર્તન ઉચ્છંખલ હોઈ તે બાબતે જોધાબાઈનો બાદશાહ અકબર સાથે ઝઘડો થયો હતો. જોધાભાઈની ફરિયાદ હતી કે શાહજાદા સલીમને સુધારવા માટે વધુ પડતાં સખત પગલાં લેવાતાં હતાં. પરંતુ છેવટે એના સમાધાનરૂપે જ અકબરે શાહજાદા સલીમને તેની માતા જોધાબાઈને તેડવા અમદાવાદ મોકલ્યો હતો. સલીમ અમદાવાદ આવ્યો ત્યારે માતા જોધાબાઈએ ખૂબ આદર સાથે શેઠ શાંતિદાસની ઓળખાણ કરાવી. તે દિવસથી શાહજાદા સલીમે (જહાંગીર) શેઠ શાંતિદાસને 'ઝવેરી મામા' તરીકે સંબોધવાનું શરૂ કર્યું.

બેગમ દિલ્હી પહોંચ્યા તે પછી જોધાબાઈએ બાદશાહ અકબરને શેઠ શાંતિદાસે કરેલા ભવ્ય આદર સત્કારની વાત કરી. આ સાંભળી અકબરે ખુશ થઈ શેઠ શાંતિદાસને પોતાના દરબારના પ્રથમ પંક્તિના અમીર તરીકે નિમણુંક આપી. પોશાક તથા પાઘડી પણ ભેટ મોકલ્યાં.

તે દિવસ બાદ શેઠ શાંતિદાસ ઝવેરીનો અકબરના રાજદરબાર સાથે ઘરોબો વધ્યો. તેઓ બાદશાહના જનાનખાનામાં પણ જઈ શકતા. તેમણે એટલો બધો વિશ્વાસ સંપાદન કર્યો કે અન્ય બેગમોએ તેમને ભાઈ માન્યા. શેઠ શાંતિદાસ ઘણા દિવસ સુધી દિલ્હી રોકાયા હતા. એક દિવસ તેમણે દિલ્હીમાંથી વિદાય લેવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે બેગમોએ કહ્યું કે ભાઈને ખાલી હાથે જવા ના દેવાય. બેગમોએ બાદશાહને વિનંતી કરી કે, 'અમારા ભાઈ શાંતિદાસને કંઈક આપો.'

બાદશાહે રીતિરિવાજ મુજબ અમુક ગામ ભેટ આપવા વિચાર્યું. પરંતુ શેઠ શાંતિદાસે કહ્યું : 'મારે ગામો નથી જોઈતાં. મને આપવું જ હોય તો અમદાવાદની નગરશેઠાઈ આપો.'

શેઠ શાંતિદાસ દીર્ઘદૃષ્ટિવાળા હતા. તેમણે વિચાર્યું હતું કે નગરશેઠાઈ મળે તો અમદાવાદ જેવા મોટા શહેર પર તેમનો પ્રભાવ રહે અને આ પદ પોતાના પૂરતું મર્યાદિત ન રહેતાં તેમના ભાવિ સંતાનોને પણ તેમનો લાભ મળે. તેથી ગામો કરતાં નગરશેઠાઈનું મહત્ત્વ ઘણું મોટું છે.

કહેવાય છે કે બાદશાહ અકબરે તરત જ શેઠ શાંતિદાસને અમદાવાદના નગરશેઠ તરીકેનું પદ આપવા તે સમયના અમદાવાદના સુબા અજયખાનને ફરમાન કર્યું. જોકે કેટલાક ઈતિહાસકારો એમ માને છે કે શેઠ શાંતિદાસને જહાંગીરે નગરશેઠનું બિરૂદ આપ્યું હતું. બીજા એક ઈતિહાસકારના મતે શેઠ શાંતિદાસ છેક ઔરંગઝેબના શાસન વખતથી અમદાવાદના નગરશેઠ તરીકે ઓળખાયા હતા. પરંતુ એ વાત નક્કી છે કે મોગલ શાસન વખતે જ તેઓ અમદાવાદના નગરશેઠ તરીકે પદ પામ્યા હતા.

અમદાવાદના પ્રથમ નગરશેઠ શાંતિદાસ ઝવેરીનો જન્મ બાદશાહ અકબરના શાસનકાળના છેલ્લાં એક-બે દસકામાં થયો હતો. અલબત્ત અકબરના મૃત્યુ પછી મોગલોના સુવર્ણયુગ સમા જહાંગીર અને શાહજહાંના સમયમાં શેઠ શાંતિદાસ જૈન શાસનના વિકાસ અને સંવર્ધન માટે અત્યંત સક્રિય રહ્યા. બધા જ મોગલ બાદશાહો સાથે તેમને ઘનિષ્ઠ સંબંધ હતો.

નગરશેઠ બનતા પહેલાં તેમને શાહી ઝવેરી તરીકેનું પણ સ્થાન કેવી રીતે મળ્યું તે અંગેની કથાઓ પણ રસપ્રદ છે.

એક દિવસની વાત છે.

આગ્રાના દિવાનેઆમમાં બાદશાહ અકબર રાજદરબાર ભરીને બેઠા હતા. ચર્ચાઓ થતી હતી. કોયડાઓ રજૂ થતા હતા. પ્રજામાંથી બુદ્ધિશાળી પ્રતિભાની ખોજ માટે અકબર

બાદશાહ પ્રશ્નો રજૂ કરતા. બાદશાહે તે દિવસે હિન્દુસ્તાનના મશહૂર ઝવેરીઓને એકત્ર કર્યા હતા. તેમની સમક્ષ બાદશાહે એક હીરો રજૂ કરી તેની કિંમત આંકવા કહ્યું. બાદશાહે કહ્યું : 'જો કોઈ તેનું પારખું ખોટું કરશે તો તેને મૃત્યુદંડ મળશે.'

બધા ઝવેરીઓ ગભરાયા. ભાદશાહની શરતમાંથી છૂટવા બીજા દિવસે એક છોકરાને પકડી લાવ્યા. ઝવેરીઓ વિમાસણમાં પડી જાય તેવો તે હીરો હતો. આવો પાણીદાર હીરો કોઈ દિવસ જોવામાં આવ્યો નહોતો. બાદશાહને તો પોતાનો અપેક્ષિત જવાબ જ જોઈતો હતો. એક યુવાન ઝવેરી ઊભો થયો અને હીરાને આમતેમ ફેરવી જોયો. કાટલાં કાઢી જોખી જોયો. સૂર્યના પ્રકાશમાં અને છાંયડામાં પણ ચકાસ્યો. ઉપર કાચ મૂકીને પણ નિરીક્ષણ કર્યું. ઊંચાઈ અને પહોળાઈ જોઈ. પાસા જોયા. હીરાની બરાબર પરીક્ષા કર્યા બાદ એ યુવાન ઝવેરીએ બાદશાહને કહ્યું : 'આપની અનુમતિ હોય તો હું હીરાની કિંમત કહું.'

બાદશાહે અનુમતિ આપી.

યુવાને કહ્યું : 'આ હીરામાં તો કીડો છે.'

હીરાને ભાંગવામાં આવ્યો અને ખરેખર તેમાંથી કીડા જેવો કાળો ટુકડો નીકળ્યો.

બાદશાહ ખુશ થયા.

બાદશાહે યુવાનને સોનાનાં કડાં અને પાલખી તથા સરપાવ આપ્યાં. અકબરના દરબારમાં તે યુવાનને ઝવેરી તરીકેનું સ્થાન મળ્યું. તે યુવાન શાંતિદાસ હતો. ખરેખર તો તે કોઈ કામની શોધમાં આગ્રા દિલ્હી ગયો હતો. એક ઝવેરીને ત્યાં તે યુવાન ઉતર્યો હતો અને અકસ્માત જ તેને બાદશાહ સમક્ષ જવાની તક મળી હતી.

શાંતિદાસ શાહી ઝવેરી કેવી રીતે બન્યા તેની વધુ એક કથા પણ છે. તદ્નુસાર બાદશાહ અકબરના મૃત્યુ પછી જહાંગીર ગાદીનશીન થયા હતા. શાંતિદાસની પરીક્ષા કરવા માટે બાદશાહે ચાર ગોળા બનાવ્યા. બહારથી એકસરખા લાગે પરંતુ અનુક્રમે તે (૧) જવાહિર, (૨) સોનું, (૩) તાંબુ અને (૪) લોઢાના બનેલા હતા.

બાદશાહે પૂછ્યું : 'આ બધામાં સૌથી વધુ કિંમતી ગોળો કયો છે?'

શાંતિદાસ શેઠે ચિંતામણી મંત્રના પ્રભાવે બહારથી એકસમાન લાગતા હોવા છતાં જેમાં જવાહિર હતું તે જ ગોળો બતાવી દીધો.

બાદશાહની પરીક્ષામાં શાંતિદાસ પાસ થઈ ગયા.

એવો જ બીજો એક પ્રસંગ.

શાંતિદાસ યુવાન વયે દિલ્હી ગયા હતા. તેઓ એક ઝવેરીના ઘેર ઊતર્યા હતા. તે દિવસોમાં બાદશાહે રાજસભામાં પ્રશ્ન કર્યો : 'મારી કિંમત કરો.'

આવો વિચિત્ર પ્રશ્ન સાંભળીને સભા સ્તબ્ધ થઈ ગઈ. તત્કાળ કોઈ જવાબ આપી શક્યું નહીં. એટલે કોઈએ કહ્યું : 'આપ તો કિંમતી જવાહિર છો. જવાહિરની કિંમત તો કોઈ ઝવેરી જ કરી શકે.' બીજા દિવસે ઝવેરીઓને સભામાં બોલાવવામાં આવ્યા. ફરી એનો એ જ પ્રશ્ન દોહારાવવામાં આવ્યો. બાદશાહની કિંમત કયા શાસ્ત્રના આધારે કરવી તેની ખબર ઝવેરીઓને પડતી નહોતી. તેથી ઝવેરીઓએ એક અઠવાડિયાની મહેતલ માંગી.

એ દરમિયાન યુવાન શાંતિદાસ ઝવેરીના ત્યાં ઊતર્યો હતો. તેણે આ વાત જાણી એટલે બાદશાહને જવાબ આપવાની જવાબદારી સ્વીકારી.

અઠવાડિયા પછી ઝવેરીઓ શાંતિદાસને સારાં કપડાં પહેરાવી સભામાં લઈ ગયા. બાદશાહે તેને પોતાની કિંમત આંકવાનું કહ્યું.

શાંતિદાસે બાદશાહને પૂછયું, 'આપની કિંમત જાહેરમાં આંકુ કે ખાનગીમાં?'

બાદશાહે કહ્યું : 'જાહેરમાં.'

શાંતિદાસે ઝવેરાત જોખવાનો કાંટો મંગાવ્યો. એના એક પલ્લામાં એક રતિ મૂકી અને બીજા પલ્લામાં બીજી રતિ મૂકી. ત્રાજવાનાં બંને પલ્લા સરખા થયા. હવે તેણે બીજા પલ્લામાં એક વધુ રતિ મૂકી અને તે પલ્લું નમી ગયું.

શાંતિદાસે બાદશાહને નમેલું પલ્લું દર્શાવી કહ્યું : 'આપનું મૂલ્ય થઈ ગયું.'

બાદશાહે કહ્યું : 'મને કાંઈ સમજ પડી નહીં.'

શાંતિદાસે કહ્યું : 'આપનું મૂલ્ય રતિ છે, માત્ર રતિ જ જુઓ, જહાંપનાહ! ત્રાજવાનાં બંને પલ્લામાં પહેલાં એક એક રતિ હતી. એ દૃષ્ટિએ આપ અને પ્રજા બધા મનુષ્ય છો. માટે પહેલાં બધા સરખા હતાં. પ્રજાને જે ઇન્દ્રિયો છે તે જ બાદશાહને છે પરંતુ બીજાં બધાં રૈયત છે ને આપ બાદશાહ છો. કારણ કે આપની પાસે એક રતિ વધારે છે અને તે છે ભાગ્ય. એ કારણથી આપ બાદશાહ છો. આ એક વધારાની રતિ તે આપનું મૂલ્ય.

જવાબ સાંભળી જહાંગીર પ્રભાવિત થયો અને શાંતિદાસને શાહી ઝવેરી તરીકેનું સ્થાન આપ્યું, જે પાછળથી નગરશેઠ બન્યા. શેઠ શાંતિદાસ ઝવેરીની પ્રસન્ન મુખમુદ્રા, શાંત સ્વભાવ, મીઠી જુબાનમાં વાત કરવાની આકર્ષક ઢબ અને વ્યવહારમાં સજ્જનતાથી તેઓ સહુને મંત્રમુગ્ધ કરતા હતા. ■

સાંપ્રત

# દીપાવલી પર્વનો મહિમા અને મહત્ત્વ

દિલીપ આચાર્ય 'દિલકશ'

આપણી ભારતીય સંસ્કૃતિ પરંપરામાં ઉત્સવનું ખૂબ જ મહત્ત્વ છે અને જે દર વર્ષે આવે છે. જેને ઉમંગથી હર્ષભેર ઉજવીએ છીએ. આ પર્વ આપણે વરસોથી મનાવતા આવીએ છીએ છતાં પર્વના હાર્દને પારખવા અને મૂલવવામાં આપણે ટૂંકા પડીએ છીએ. પ્રારંભ વિજ્યા દશમીથી થાય છે જે વિજયોત્સવ એટલે ભગવાન રામે આસૂરી શક્તિ પરાસ્ત કરીને પ્રજાને ત્રાસથી ભયમુક્ત કર્યા હતા એ મા દુર્ગા આસુરી સંહારક શક્તિ રૂપે બિરાજે છે. જે રામ ભગવાનના આગમનથી આનંદ ઉત્સવ બની ગયો. તે પર્વ આપણે દીપોત્સવી રૂપે આપણે દર વર્ષે ઉજવીએ છીએ. જેનો પ્રારંભ ધનતેરસથી ભાઈ-બીજ સુધીનો માનવામાં આવે છે.

ધનતેરસ એટલે લક્ષ્મી (ધન)ની પૂજાનો શ્રેષ્ઠ અવસર છે. જેમાં લક્ષ્મી રૂપે સંપત્તિ (ધન) સાથે જોડાયેલી છે. તેની કથા ઘણી વિગતો સાથે સંકળાયેલ છે. જેમાં કુબેર પૂજન, ધનવંતરી જન્મદિન, યમરાજને દીપ દાન વગેરે રીતે મનાવવામાં આવે છે. જેનું પૂજન અલગ અલગ હેતુ માટે કરવામાં આવે છે એમ ખેડૂત સાથેની વાતની પણ માન્યતા છે. જેમાં લક્ષ્મી પૂજન કરવાથી વિષ્ણુકૃપાથી લક્ષ્મી કૃપા થતા એ વરદાનથી ખેડૂતની વૃદ્ધિ થયેલ હતી. તેના માનમાં ધનતેરસના દીવા કરવાથી સમૃધ્ધિ જળવાઈ રહે તેવી માન્યતા રહેલી છે. આમ ધનતેરસ માટે ઘણી જ માન્યતા સાથેની અનેક પરંપરા પૂજન માટેની અલગ અલગ રહેલી છે.

કાળી ચૌદસ આ દેવી શક્તિને ઈષ્ટની પ્રાપ્તિ કરાવતું પર્વ માનવામાં આવે છે. જેમ નવરાત્રી પછી દશેરાના અનિષ્ટોને શક્તિ રૂપે માતાજીના બે સ્વરૂપે છે. એ કાળી ચૌદશના કાળીના રૂદ્ર રૂપની પૂજા થાય છે. જેમાં આ પર્વના મંત્ર - તંત્ર વિદ્યાનું મહત્ત્વ માનવામાં આવે છે. ઉપરાંત ચતુર્દશી રૂપે ચૌદસને ઓળખવામાં આવે છે. જેને નર્ક ચૌદસી કહેવામાં આવે છે. જેની પાછળ અનેક સાચી ખોટી માન્યતા છે. જેમાં ભૂત-પ્રેત (ભૂત પલીત)ની મુક્તિ માટે હનુમાનજી કષ્ટ ભંજન, મંગલમૂર્તિ માનવામાં આવે છે. જેમાં પૂજનમાં તેલ, અડદ, કાળા તલ વગેરે આ દિવસે ચઢાવવામાં આવે છે. તે નકારાત્મક પીડાને હરે છે. આમ અનેક રૂપે તેને રક્ષા કવચ માનવામાં આવે છે.

આમ દીપોત્સવી પર્વ એ આનંદ મોજ-શોખ માટે નથી. તેની પાછળ ધાર્મિક સંસ્કૃતિની પરંપરા રહેલી છે. તે દિવડા પ્રગટાવી લક્ષ્મી પૂજન થાય છે. આ વરસનો છેલ્લો દિન હોઈ તેને આનંદથી ઉજવવામાં આવે છે.

નવું વર્ષ એટલે પડવા તરીકે નવા વરસના પ્રારંભનો દિવસ એટલે આનંદથી હળવા-મળવાનો દિવસ માનવામાં આવે છે. જેમાં રક્ષા બંધનની બાંધેલ રાખડી છે, તે રાખડી છોડવામાં આવે છે તેમજ અન્ય બલીરાજા ભાઈબીજ એટલે ભાઈ બહેનના પર્વ રક્ષા બંધન ભાઈ બહેનનું મહત્ત્વ સમજાવવા અને તે રૂપે મનાવવામાં આવે છે. આમ તે અનુરૂપ મહત્ત્વ હતું પણ હવે આધુનિક યુગમાં મહત્ત્વ ઓછું થતું જાય છે. પરંતુ પ્રાચીન પરંપરાની હજુ કેટલીક કથામાં આવે છે તે મુજબ ઉજવવામાં આવે છે. તે મહત્ત્વ આપણે ત્યાં હજુ માનવામાં આવે છે

આમ દીપોત્સવી પર્વનું પ્રાચીન સમયમાં ખૂબ જ મહત્ત્વ સંસ્કૃતિ અનુરૂપ હતું. પણ હવે આધુનિક યુગમાં મહત્ત્વ ઓછું થતું જાય છે. પરંતુ હજુ પ્રાચીન પરંપરાની કેટલીક પ્રથા પ્રસંગ અનુરૂપ ગ્રામ્ય વગેરે કક્ષાએ ઉજવવામાં આવે છે.

*ભુજ, કચ્છ*

*બીજાના પડછાયામાં ઉભા રહેવાથી*
*પોતાનો પડછાયો ક્યારે પણ દેખાતો નથી.*
*પોતાનો પડછાયો નિર્માણ કરવા માટે*
*પોતે તડકામાં ઉભા રહેવું પડે છે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

ઉત્સાહની ઉજવણી

# રંગોળી

ડૉ. મિહિર એમ. વોરા

સૌ પ્રથમ સૌને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ... દીપોત્સવી ઘોંઘાટ, બુલંદ ધડાકા કે આંખો બાળી નાખે તેવા ભડાકાના પ્રદર્શનનો તહેવાર નથી. તે તો રંગોળી, શાંત તેજના દીવડા અતિથિપ્રેમ, સ્નેહમિલન અને ઉમંગભરી ઉજવણીનો ઉત્સવ છે.

દીપોત્સવી એટલે 'આપણે સૌ સાથે સુખી થઈએ' એવી ભાવનાનો ઉત્સવ. સમયની સાથે બધું બદલાય છે. દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ – આ બધા દિવસોની ઉજવણી આજે પણ ઉત્સાહ અને ઉમંગપૂર્વક થાય છે. દિવાળી દરમિયાન વિવિધ રંગોળી ડિઝાઇન ઘરના બારણે દોરવામાં આવે છે અને વિવિધ રંગો સાથે શણગારવામાં આવે છે.

રંગોળી શબ્દ એ 'રંગાવલી' સંસ્કૃત શબ્દ ઉપરથી આવેલો છે. રંગોળી શિલ્પ અને પેઇન્ટિંગ કરતાં આગળ છે, જે એક કળા છે. તે શુભ અને કોઈપણ ધાર્મિક વિધિ માટે પ્રારંભિક જરૂરી હોય છે. તે પવિત્ર તહેવાર, ધાર્મિક ઉત્સવ, લગ્ન જેવા શુભ કાર્ય, ધાર્મિક પૂજા વગેરે ઉપર દોરવામાં આવે છે. રંગોળી ચિત્રના બે હેતુઓ સુંદરતા સાક્ષાત્કાર અને કલ્યાણ સંપાદનની અસર પેદા કરે છે.

આ રંગોળી દોરવામાં સાંકેતિક સ્વરૂપોનો ઉપયોગ કરવામાં આવે છે. એક વક્ર રેખા સીધી દોરવા કરતા તેનો આકાર વધારે સુંદર અસર પેદા કરે છે.

રંગોળી બનાવવા માટે પાવડર એક ચપટી, આંગળી અને અંગુઠો ઉપયોગમાં લેવામાં આવે છે. આ રંગોળી બનાવા માટે ખાસ નરમ સફેદ પાવડરને તર્જની અને અંગુઠો ચપટીમાંથી ધીમે ધીમે જમીન ઉપર નાખવામાં આવે છે અને તેમાંથી અવનવા આકારની રંગોળી બને છે. રંગોળીના બે મુખ્ય પ્રકારો છે : (૧) પ્રભાવી સ્વરૂપ : રંગોળીના આ પ્રકારમાં, રેખાઓ, ચોરસ અને વર્તુળો પ્રમાણમાં દોરવામાં આવે છે અને (૨) સુશોભન સ્વરૂપ : રંગોળીના આ પ્રકારમાં ફૂલો, પાંદડા, વૃક્ષો, વેલ, પ્રાણીઓ અને પક્ષીઓ માટે મહત્ત્વ આપવામાં આવે છે.

રંગોળીનો આ પ્રકાર પ્રભાવી કરતાં વધુ આકર્ષક છે. શંખ, સ્વસ્તિક, ચંદ્ર, સૂર્ય રંગોળી. બે સમાંતર રેખાઓ આમાં દોરવામાં આવે છે. એક સાંકળ બનાવવા માટે, જેથી લીટીઓના મધ્યમાં બે વક્ર રેખાઓ દોરવામાં આવે છે.

આ સાંકળ સર્પ દંપતી રજૂ કરે છે. આમાં આઠ પાંદડીઓ આઠ દિશાઓ સાથે બ્રહ્માંડ તેમજ સૂર્ય અને ભગવાન વિષ્ણુનું પ્રતિનિધિત્વ કરે છે.

કમળ દેવી લક્ષ્મીના સાંકેતિક તેમજ પ્રજોત્પાદન માટે ઊર્જા છે. તેથી તે ભગવાન વિષ્ણુ પૂજાને ખાસ મહત્ત્વ આપવામાં આવે છે. એક બાજુ શુભ પ્રતીક સાથે રંગોળીઓ ઉપરાંત આઠ બાજુ સાનુકૂળ પ્રતીક અને તમામ પક્ષોને પણ ધાર્મિક રીતિરિવાજ માટે દોરવામાં આવે છે.

આ પ્રકારમાં એક ચોરસ નાના ચોરસમાં વિભાજિત થયેલ છે. નાના ચોરસ પછી ચોક્કસ રીતે ચળકતો રાતો રંગ (કુમકુમ) સાથે ભરવામાં આવે છે. રંગોળી અન્ય પ્રકાર બિંદુઓની મદદ સાથે દોરવામાં આવે છે. પ્રથમ બિંદુઓ જમીન પર કરવામાં આવે છે અને પછી ઊભી અને આડી લાઇન્સ વગેરે સાથે એક મોર, એક કાચબો, કમળ, એક લતા કે વિવિધ આકાર બનાવવા માટે. જેથી આ બિંદુઓ સાથે આ રંગોળી દોરવામાં આવે છે.

રંગોળીના આધ્યાત્મિક મહત્ત્વ વિશે વિચારીએ તો હિંદુ ધર્મમાં રંગોળી દરેક તહેવાર, શુભ પ્રસંગે, ધાર્મિક વિધિ, વગેરે તહેવારો, શુભ પ્રસંગોએ, વિધિ, દેવતા સિદ્ધાંતો સાથે સંકળાયેલ છે. શુભ પ્રસંગો દરમિયાન જ દોરવામાં આવે છે. આ દિવસો દરમિયાન ચોક્કસ દેવતા દિવ્ય સિદ્ધાંત સંબંધિત તહેવારના દિવસે મોટા પ્રમાણમાં વાતાવરણમાં હાજર છે અને ધાર્મિક વિધિ કરવામાં આવે છે.

ઉપરાંત તે દેવતાને નજરમાં રાખીને રંગોળી દોરવામાં આવે છે. શબ્દ, સ્પર્શ, સ્વાદ, ગંધ અને તેમની ઊર્જા સહ અસ્તિત્વ ધરાવે છે જે નાના તફાવત સ્વરૂપે રંગોળીમાં રંગ પૂરવામા આવે છે. તેના સ્પંદનો આધ્યાત્મિકતાના સિદ્ધાંત અનુસાર દેવતાના પ્રતીકરૂપે રંગોને સજાવવામા આવે છે.

આમ ખરેખર રંગોલી, રંગોળી કે સાથિયો એ દરેકના જીવનમાં નવી ઉર્જા, શક્તિ અને પ્રાણ લાવે છે અને તહેવારોમાં દરેક ઘરમાં અમન્, પ્રેમ, સમૃદ્ધિ, ખુશી લાવે છે અને ઘરમાંથી કલેશ, ક્રોધ, મોહ, માયા, લાલચ જેવી બીમારીઓ દૂર કરે છે.

તો આવો, આ વખતે આપણે સૌ આપણા ઘરમાં રંગોળી બનાવીને જીવનમાં નવા વિચારો, આચારો, આયામોને આગળ વધારીએ. અને ખાસ... મિત્રો, પ્લાસ્ટિક રંગો કે પ્લાસ્ટિક પેપરની નહીં પણ હાથથી બનાવેલી અને ઇકો ફ્રેન્ડલી રંગોવાળી રંગોળી બનાવીએ.

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

સાંપ્રત

# જાતિ આધારિત વસ્તીગણતરી

પ્રવીણ ક. લહેરી

ગણિતની પરિભાષામાં 'સેન્સસ' એટલે તમામ વ્યક્તિઓ કે તમામ વસ્તુઓની સંપૂર્ણ ગણતરી. 'સેન્સસ' એ આજે મુખ્યત્વે દર દસ વર્ષે યોજાતી વસ્તીગણતરી માટે વપરાતો શબ્દ બન્યો છે. વસ્તીગણતરી દ્વારા આપણને દેશના લોકો અંગે વિવિધ જાણકારી પ્રાપ્ત થાય છે. આ માહિતીના આધારે નીતિઘડતર તેમજ કાર્યક્રમો નક્કી કરવા માટે જરૂરી વિગતો પ્રાપ્ત થાય છે. વસ્તીગણતરીમાં માત્ર લોકોની સંખ્યા જ નથી ગણવામાં આવતી, પણ તેની સાથે ધર્મ, ઉંમર, અભ્યાસ, ભાષા, દિવ્યાંગતા, સ્ત્રી-પુરુષ-બાળકોનું વર્ગીકરણ તેમજ શહેરો અને ગામડાંઓ વિશે અનેક ઉપયોગી બાબતો આપણને જાણવા મળે છે. વસ્તીગણતરીનું કામ ખાસ કરીને વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતા ભારત જેવા દેશમાં કેટલું વ્યાપક અને જટીલ હોઈ શકે તેની કલ્પના કરવી સહેલી નથી.

ભારતમાં ૧૮૩૦માં સૌપ્રથમ ઢાકા સ્થિત બ્રિટીશ અધિકારી હેનરી વોલ્ટરે વસ્તીગણતરી હાથ ધરી હતી, તેથી તેમને ભારતમાં 'વસ્તીગણતરીના પિતા' તરીકે ઓળખવામાં આવે છે. ભારતની આઝાદી બાદ પ્રથમ વસ્તીગણતરીનો પ્રારંભ ૯ ફેબ્રુઆરી, ૧૯૫૧માં કરવામાં આવ્યો હતો, તેથી ૯મી ફેબ્રુઆરીને 'રાષ્ટ્રીય વસ્તીગણતરી દિન' તરીકે મનાવવામાં આવે છે.

૧૮૯૧થી દર દસ વર્ષે વસ્તીગણતરી થઈ છે, તેથી ૨૦૨૧માં જે વસ્તીગણતરી કરવાની હતી તે સોળમી વસ્તીગણતરી છે. ભારત સરકારે સોળમી વસ્તીગણતરી માટે સૂત્ર આપ્યું છે 'જનભાગીદારી દ્વારા જનકલ્યાણ'. વર્ષ ૨૦૨૧માં કોરોના મહામારીના કારણે વસ્તીગણતરી મોકૂફ રહી હતી. હવે વસ્તીગણતરી શરૂ થવાની હોઈ સપ્ટેમ્બર-૨૦૨૪ની વસ્તીગણતરી આપણા દેશ માટે ખૂબ મહત્ત્વની ઘટના બની રહેશે. સૌપ્રથમ આવાસોની ગણતરી અને ત્યારબાદ વ્યક્તિઓની ગણતરી એમ બે તબક્કામાં આ કામગીરી પૂર્ણ થશે. વર્ષ ૨૦૨૪ની વસ્તીગણતરીની લોકો જાતે નોંધણી કરાવશે અને તેની ગણતરી 'ડિજિટલ' પદ્ધતિથી થશે. આ વખતની વસ્તીગણતરીમાં સંખ્યા ગણવા સાથે સામાજિક અને આર્થિક માપદંડો સાથે ખૂબ ઉપયોગી વિગતો એકત્ર કરવાનું નક્કી કર્યું છે. લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં લોકપ્રતિનિધિઓની સંખ્યા નક્કી કરવામાં વસ્તીગણતરીના આંકડાઓનો આધાર લેવામાં આવે છે. વિવિધ જ્ઞાતિઓની ટકાવારીના ધોરણે અનામતોમાં ટકાવારી નક્કી કરવાની હોય છે. દિવ્યાંગોની અનામત માટે પણ દિવ્યાંગોની વસ્તીની ટકાવારી મહત્ત્વની છે.

ભારતીય બંધારણ સભામાં ૧૯૪૮માં ભારતીય વસ્તીગણતરી અંગે એક કાયદો પસાર કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ વસ્તીગણતરી, માહિતી ગુપ્તતા સહિત અનેક બાબતો અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે. વસ્તીગણતરીમાં સાક્ષરતા ઉપરાંત વ્યક્તિની શૈક્ષણિક લાયકાત, આવક, સંપત્તિ વગેરે માહિતી પણ મેળવી શકાય છે. હવે જેનો પ્રારંભ થઈ રહ્યો છે તે વસ્તીગણતરી વિશ્વમાં મોટું અભિયાન બની રહેશે. વસ્તીગણતરી બાદ એકત્ર થયેલ માહિતીનું વિશ્લેષણ આ વખતે કમ્પ્યુટરોમાં સોફ્ટવેરની મદદથી ખૂબ ટૂંકા સમયમાં આપણને ઉપલબ્ધ થશે. જે ત્રણ વર્ષનો વિલંબ થયો છે તે સામે ઝડપી પૃથક્કરણ પ્રાપ્ત થતાં અનેક ક્ષેત્રોમાં શું શું પરિવર્તનોની આવશ્યકતા છે, તે પણ આપણી સમક્ષ ઉજાગર થશે. વિશ્વમાં સૌથી વધારે વસ્તી ધરાવતા દેશ ઉપરાંત આપણી વસ્તીમાં યુવાનોની ખૂબ મોટી સંખ્યા, વરિષ્ઠ નાગરિકોની વધતી જતી ટકાવારી, આયુષ્યની સરેરાશમાં થઈ રહેલો વધારો, સ્ત્રી-પુરુષના પ્રમાણમાં વધી રહેલું અસંતુલન અને શહેરીકરણની ઝડપી આગેકૂચ સહિત અનેક બાબતોની જાણકારી મળતાં વિવિધ મુદ્દાઓ અંગે શું કરવું જોઈએ તેની ચર્ચા નવેસરથી શરૂ થશે.

આ વખતે વસ્તીગણતરીમાં દરેક વ્યક્તિની જ્ઞાતિ પૂછીને લખવી કે નહીં તે મુદ્દો ખૂબ જ વિવાદાસ્પદ બન્યો છે. સત્તાધારી ભારતીય જનતા પક્ષે પોતાનો મત જાતિ આધારિત વસ્તીગણતરી ન જ કરવી જોઈએ તેમ દર્શાવ્યો. સામે પક્ષે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, સમાજવાદી પક્ષ, જનતા પક્ષ વગેરેએ આ વસ્તીગણતરીમાં જાતિનો સમાવેશ કરવો જ જોઈએ તેવો આગ્રહ રાખ્યો છે. તાજેતરમાં રાષ્ટ્રીય સેવક સંઘે જાતિ આધારિત વસ્તીગણતરીમાં જાતિનો ઉલ્લેખ હોય તેમાં કોઈ હરકત નથી, પરંતુ તેનો ઉપયોગ રાજકીય હેતુ માટે ન થવો જોઈએ. જોકે આ અપેક્ષાનું પાલન થવાની કોઈ શક્યતા નથી.

જાતિ આધારિત વસ્તીગણતરીનો ઈતિહાસ તપાસીએ તો ૧૯૩૧ની વસ્તીગણતરીમાં તત્કાલીન અંગ્રેજ શાસકોએ ધર્મ અને જાતિ સાથે વસ્તીગણતરી કરી હતી. ભારતમાં કુલ ૪૧૪૭ જ્ઞાતિઓ નોંધાઈ હતી. આ સમયે સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગ્રેસર એવા કોંગ્રેસ પક્ષે જાતિ આધારિત ગણતરીથી અંગ્રેજો

આપસમાં ફૂટફાટ પડાવી રહ્યા છે, 'ભાગલા કરો, શાસન કરો'ની કૂટનીતિ અપનાવી રહ્યા છે તેમ કહીને તેનો સખત વિરોધ કર્યો હતો. આઝાદી બાદની પ્રથમ વસ્તીગણતરી ૧૯૫૧માં યોજાઈ તેમાં અનુસૂચિ જાતિ જનજાતિની નોંધણી સિવાય જ્ઞાતિની માહિતી એકત્ર ન કરવી તેવો નિર્ણય કર્યો હતો. ભારતનું બંધારણ સૌ નાગરિકોની જ્ઞાતિ, ધર્મ, ભાષા, લિંગના ભેદભાવ વિના સમાનતા બક્ષે છે. આ સમાનતાની કલ્પના વાસ્તવિક્તાથી ઘણી દૂર છે.

ભારતીય સમાજ સદીઓથી જન્મ આધારિત વર્ણવ્યવસ્થા અને હજારો જ્ઞાતિઓ વચ્ચે ઉચ્ચ-નીચના ભેદભાવ સાથે અન્યાય અને શોષણયુક્ત વ્યવસ્થાને વળગી રહ્યો છે. સામાજિક, આર્થિક અને રાજકીય કારણોસર જ્ઞાતિવિહીન સમાજની જગ્યાએ જ્ઞાતિને સર્વોપરી માનતો વર્ગ નભ્યો છે અને મજબૂત પણ બન્યો છે. જ્ઞાતિ આધારિત વસ્તીગણતરી ભલે થાય પણ તેનો રાજકીય ક્ષેત્રે દુરુપયોગ ન થવો જોઈએ તેવો રાષ્ટ્રીય સેવક સંઘનો અભિપ્રાય સારો છે, પણ સ્થિતિ એ છે કે જ્ઞાતિ આધારિત ચૂંટણી લડવા માટે આધારભૂત આંકડાઓ મેળવવા માટે અને આ જ્ઞાતિને વધારે મળે છે, આ જ્ઞાતિને અન્યાય થાય છે - તેવા વિવાદો ઊભા કરવા માટે જ જ્ઞાતિ આધારિત વસ્તીગણતરીનો દુરાગ્રહ રાખવામાં આવે છે.

જ્ઞાતિ આધારિત વસ્તીગણતરી બાદ દરેક જ્ઞાતિ પોતાના માટે સપ્રમાણ અનામત માંગશે તેમાં શંકા નથી. દલિત અને આદિવાસી માટેની અનામતમાં ૧૯૯૦માં તત્કાલીન વડાપ્રધાન શ્રી વી. પી. સિંહે 'મંડલ કમિશન'ની ભલામણના આધારે સામાજિક, શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિઓને અનામત આપતાં જે ભારેલો અગ્નિ દાવાનળની જેમ ફેલાયો હતો તે દર્શાવે છે કે જ્ઞાતિ આધારિત વસ્તીગણતરીથી મારી જ્ઞાતિને શું ફાયદો થાય? મને કે મારા પક્ષને શું રાજકીય લાભ થાય? તે પ્રશ્નો પેદા થવાના જ છે. આપણે અરાજક્તાને આમંત્રણ આપીએ છીએ તેવા મતમાં વજૂદ છે.

જ્ઞાતિ, એ ભૂમિગત વાસ્તવિક્તા છે. તેને સ્વીકારવાથી નીતિ નિર્ધારણમાં આધારભૂત માહિતી મળશે. જ્ઞાતિઓને મળતા લાભોમાં થતો અન્યાય નિવારી શકાશે. જ્ઞાતિ આધારિત વસ્તીગણતરીના સમર્થકોની આ દલીલ સાચી નથી. કોંગ્રેસ પક્ષ જે બંધારણ ઘડતરથી સમાનતાનો આદેશ સ્વીકારે છે તે જ્ઞાતિ આધારિત ગણતરી કે ફાયદાઓને કેમ ટેકો આપી શકે? રામ મનોહર લોહિયાએ સમાજવાદી પક્ષને 'જ્ઞાતિ તોડો' ઝુંબેશ માટે આહ્વાન આપ્યું હતું, અટકો જ્ઞાતિદર્શક છે તો તેનો ત્યાગ કરવા કહ્યું હતું તે સમાજવાદી પક્ષ આજે તો યાદવ-મુસ્લિમોની મતબેંક અને અરાજકતાનો પર્યાય બની ગયો છે.

પાટીદાર, ગૂર્જર, મરાઠા વગેરે જ્ઞાતિઓનાં અનામત આંદોલનોને ઠારવા માટે ભારત સરકારે આર્થિક રીતે પછાત સૌ માટે ૧૦ ટકા અનામત આપી અને ધિરાણ અને રોકડ સહાયની યોજનાઓ બનાવી. તેથી જરૂરિયાતમંદ પરિવારોને જરૂરથી રાહત થઈ છે. એક બાજુ શિક્ષણનો ખર્ચ વર્ષે લાખો રૂપિયામાં હોય તો બીજી બાજુ જ્ઞાતિ આધારિત અનામતો હોય તો મધ્યમવર્ગના તેજસ્વી યુવાન/યુવતીનું ભવિષ્ય શું? આ પ્રશ્ન પણ ધ્યાને લેવા જેવો છે.

જ્ઞાતિ અને પેટાજ્ઞાતિઓ વર્ણવ્યવસ્થામાં ઉદ્ભવી હોય કે નહીં, પરંતુ ભારતીય સમાજ માટે એકતા આડે આવતો સૌથી મોટો અવરોધ હોય તો તે જ્ઞાતિના ધોરણે સમાજનું વિભાજન. જ્ઞાતિ એ માત્ર જૂની પરંપરા જ નથી. આજે તો જ્ઞાતિપ્રથા સુદૃઢ કરવા દરેક જ્ઞાતિના આગેવાનો જોરશોરથી મચી પડ્યા છે. ચૂંટણીમાં ઉમેદવારની પસંદગી હોય કે મંત્રીમંડળની રચના, જ્ઞાતિ આધારિત પસંદગી સ્વીકાર્ય બની છે. દેશનું બજેટ બનાવવામાં અધિકારીઓની જ્ઞાતિ કઈ છે તેવો વિવાદ ઊભો કરીને વિપક્ષના નેતાએ આ મુદ્દે ધમસાણ મચાવવાનો હેતુ જાહેર કર્યો છે. એક વખત જ્ઞાતિ આધારિત વસ્તીગણતરી થશે તો તે માહિતીનો ઉપયોગ સમાજના વિભાજન માટે થશે અને દેશને પારાવાર નુકસાન થશે. વસ્તીગણતરીને જાતિ સાથે સાંકળવાનાં ભયસ્થાનો સ્વાર્થી રાજકારણીઓ ન સમજે પણ સમાજનો પ્રબુદ્ધ વર્ગ પણ જ્ઞાતિને નારાજગી થાય તેવું કશું કરવાથી ડરે છે. જ્ઞાતિ દ્વારા પ્રકાશિત સામયિકો હોય કે સોશિયલ મીડિયાનાં પ્લેટફૉર્મ - જ્ઞાતિવાદનો ઝેરી વાઇરસ જીવનનાં અનેક ક્ષેત્રોમાં પેસી ગયો છે. આપણે બંધારણના આમુખમાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાને પાયાના આદર્શો માની ગૌરવ લઈએ છીએ. જ્ઞાતિની વિભાવના આ પાયાના આદર્શોનો ઈન્કાર છે.

આ મહિને વસ્તીગણતરીની કામગીરી શરૂ થવાની સંભાવના છે ત્યારે સૌની મીટ એ વાત પર મંડાયેલી છે કે જ્ઞાતિ આધારિત વસ્તીગણતરી માટે ભારત સરકાર શું નિર્ણય કરશે? સાંપ્રત સંજોગોમાં ભારત સરકાર જ્ઞાતિવાદીઓના દબાણ સામે ઝૂકી જશે તેવી શક્યતા પ્રબળ છે. વર્ષ ૨૦૨૨માં બિહાર રાજ્યે જ્ઞાતિ આધારિત વસ્તીગણતરી કરતાં જણાયું કે ૧૫ ટકા લોકો 'ઉચ્ચ જ્ઞાતિ'ના છે, જ્યારે ૮૫ ટકા લોકો 'પછાત જાતિ'ના છે. સરકારી નોકરીમાં અનામતનો મુદ્દો વારંવાર સળગતો રહે છે. દરેક જ્ઞાતિને અનામત જોઈએ છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૬ ઉપર)**

ગાંધીજી – વોટ્સએપ પર

# ગાંધીને ગાળો આપો

મયુર દેઢિયા

સૌથી પહેલાં તો ગાંધીજી માટે ફકત 'ગાંધી' શબ્દ વાપરવા બદલ માફી માંગુ છું. પણ શું કરું આજકાલની WhatsApp યુનિવર્સિટીમાં અને You-tube ઉપર પોતાના podcast ચલાવતા આલિયા માલિયા લોકો પોતાનું અધકચરું જ્ઞાન એ રીતે આપે છે, જાણે તેઓ ગાંધીજીથી મહાન હોય! જાણે તેઓ ગાંધીજીને ગયા જન્મથી જાણતા હોય. અરે! ઘણા તો તેમને તુંકારે સંબોધન કરતાં હોય છે. આવા બે કોડીના મેસેજ અને યુ-ટ્યુબ વીડિયો આપણામાંથી ઘણા કોઈ જાતના પોતાના સંશોધન વગર, દે ઠોક ગર્વ સાથે forward કરે છે.

આ લેખ લખવાનો આશય એટલો જ છે, કે આજકાલ આવા મેસેજ અને વીડિયોની ભરમાર ચાલી છે. કોઈ તેમને મુસ્લિમ ચીતરે છે. કોઈ તેમની માતાને મુસ્લિમ બનાવે છે. કોઈ તેમને વ્યભિચારી ચીતરે છે અને ઘણી બધી મનઘડંત કહાની મોકલે છે. સૌથી વધુ લોહી તો એ જાણીને ઉકળે છે, કે થોડા સમયથી નથુરામ ગોડસેને હીરો બનાવવાની ચાલ ચાલી રહી છે. અરે મૂર્ખ લોકો! કોઈ ખૂની, હીરો કઈ રીતે હોઈ શકે. ખેર! મારું માનવું એમ છે, કે દરેક મહાન આત્મા કે મહાત્માનો અંત કદાચ આવી રીતે જ આવતો હોય છે. પછી એ કૃષ્ણ હોય, ઈશુ હોય, ગાંધી હોય કે ઓશો હોય. સૃષ્ટિનો કદાચ આવો કોઈ નિયમ હશે.

જો નાથુરામ ગોડસે ખરેખર દેશભક્ત હોત, તો તેણે આઝાદી પહેલાં મહમદ અલી જીન્હાને માર્યા હોત. એમ થયું હોત, તો અલગ દેશ પાકિસ્તાનનું અસ્તિત્વ જ ના હોત. પણ ના! તે તો અહિંસાના એક હિમાયતી અને સત્યના નિહથ્થા પૂજારીને મારીને જાણે બહુ મોટું કામ કર્યું હોય, તેમ પાછો ગર્વથી કહે છે કે મેં તેમનો વધ કર્યો છે અને આજના અણસમજ લબર મુછીયાઓ, સસ્તી પબ્લિસિટી માટે તેને હીરો બનાવે છે. અને કદાચ ગાંધીજી મુસ્લિમ પણ હોત, તો પણ માનવ તરીકે મને એ સ્વીકાર્ય છે.

હમણાં હમણાં એક ફેશન ચાલે છે. કાંઈ પણ હોય, તો ગાંધીજીને ગાળો આપો અને પ્રખ્યાત થઈ જાવ. બહુ જ ઓછા youtube પર podcast ચલાવવાવાળા પોતે સંશોધન કરે છે. મને ખુશી છે કે ધ્રુવ રાઠી જેવા અમુક youtube વાળા સાચો વીડિયો લાવવાનો પ્રયત્ન કરે છે. ધ્રુવ રાઠીનો ગાંધીજી અને ભગતસિંહનો વીડિયો ખાસ જોવાનો આગ્રહ કરીશ.

ચાલો, આજે લોજિકલ વાત કરીએ કે જેમાં કંઈ તથ્ય હોય. ચાલો એકવાર એવું ધારી લઈએ કે કદાચ ૧૮૫૭માં આપણને આઝાદી મળી ગઈ હોત, તો આ દેશ ઉપર રાજ કોણ કરત? કારણ કે આપણો દેશ આંતરિક વિખવાદ અને ટાંટીયા ખેંચ માટે જાણીતો છે. જો ૧૮૫૭માં આઝાદી મળી હોત, તો દેશના ટુકડે ટુકડા થયા હોત. આ પરિસ્થિતિનો વિચાર કરી ફક્ત કલ્પના કરો.

ચાલો, બીજો મુદ્દો લઈએ. સમજો કે સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજ, મોટું લશ્કર લઈ અંગ્રેજો સામે લડી હોત, તો પણ સામે લડવાવાળા કોણ હોત? અંગ્રેજો? અરે ભાઈ! અંગ્રેજો વતી લડવાવાળા તો આપણા દેશના જ જવાનો હતા. મતલબ કે આપણા જ લોકો, આપણા જ લોકોની સામે લડીને આઝાદી મેળવવાનો પ્રયત્ન કરે, તો નુકસાન કોને થાત?

ચાલો, એવું માની લઈએ કે આપણે હિંસાનો માર્ગ અપનાવી અને લડત આપી હોત, તો પોલીસમાં કે અંગ્રેજ સેનામાં સમજો આપણે કોઈને મારવા હોત, તો કોને મારત? ચોરીચોરાના પોલીસ સ્ટેશનવાળી ઘટના પછી ગાંધીજીએ જે આંદોલન પાછું ખેંચી લીધું, તે ખૂબ જ યોગ્ય હતું, એ આજે સમજાય છે. ઘટના સ્થળે જે પોલીસોને જીવતા બાળવામાં આવ્યા, તે તો આપણા હિંદુઓ હતા અથવા કહો કે હિન્દુસ્તાનના જ લોકો હતા.

ચાલો, હજી આગળ વિચારીએ. સમજો કે હિંદુ - મુસલમાનનું ખૂબ જ મોટું તોફાન કોઈ જગ્યાએ થાય છે. ત્યારે આજના કયા નેતાની એટલી તાકાત છે, કે તે પોતે હિંસક વિસ્તારમાં કોઈ પણ શસ્ત્ર વગર, કે કોઈપણ જાતની સુરક્ષા વગર, એકલા સૌને સમજાવવા નીકળે??? દેશ જ્યારે આઝાદીનો જશન મનાવતો હતો, ત્યારે એક પોતડી પહેરેલો અદનો આદમી, નોઆખલીમાં તોફાનીઓને સમજાવવા તેમની વચ્ચે હતો.

ચાલો, હજી આગળ વધીએ. ગાંધીજીની વાત હતી ૧૯૨૨ની. આજે છે ૨૦૨૪. જ્યારે આપણી પાસે બધી જ સગવડ છે, પણ તેમ છતાં મને કોઈ એક નેતા એવો બતાવો કે જેના એક વાક્ય ઉપર આખો દેશ અહિંસક રીતે લડવા તૈયાર થાય. એક બાજુ સત્યાગ્રહીઓ લાકડી ખાધા પછી પણ એક શબ્દ નહોતા બોલતા. ને આજે કોઈ એક નેતાનું ઉદાહરણ આપો કે જેના શબ્દો ઉપર કોઈ એક નાગરિક કોઈપણ જાતનો અત્યાચાર સહન કરવાનો દાખલો આપે.

અરે, આ WhatsApp વાળા કે YouTube વાળાને એક ખુલ્લી ચેલેન્જ છે, કે તમે કોઈ એક માણસને તૈયાર કરો, કે જે એક લાફો ખાઈને પણ સામેવાળાને પલટવાર ના

કરે. સાહેબ, આ દુબળા પાતળા ગુજરાતી માણસે આખા દેશને એક લિંકમાં બાંધીને આંદોલન ચાલુ કર્યું હતું.

આપણી સામે કેટલા બધા ઉદાહરણ છે જેમ કે પાકિસ્તાને આપણાથી લડીને ભાગલા કર્યા. આજે એની હાલત શું છે? બાંગ્લાદેશે લડીને આઝાદી લીધી, આજે એની હાલત શું છે?

આવી ઘણી બધી વાતો આ લેખમાં લખી શકું છું, પરંતુ લેખ બહુ લાંબો થશે.

મારો આશય ખાસ કરીને યુવા પેઢીને સજાગ કરવાનો છે, કે જેઓ આવા ફાલતુ WhatsApp મેસેજને સાચા માને છે. મારી હાથ જોડીને તેમને વિનંતી છે, કે તમે ઇતિહાસ થોડો વાંચો. આપણા જૈન ધર્મ માં જેમ કહ્યું છે, તેમ અનેકાંતવાદના સિદ્ધાંત ઉપર ગાંધીજીને તોલો. કોઈ પણ મેસેજની ખરાઈ કર્યા વગર, કોઈ જાતના સંશોધન વગર ખાલીખાલી કોઈને આગળ મોકલશો નહીં. જો તમે આવા મેસેજ વાંચશો કે આગળ ફોરવર્ડ કરશો, તો અસત્યની એક આખી શૃંખલા ચાલુ થઈ જશે. મને હિટલરની એક વાત યાદ આવે છે, કે કોઈ પણ જૂઠને ૧૦૦ વાર કહેશો, તો લોકો એને પણ સત્ય માની લેશે.

તો ચાલો, આપણે સત્યના પૂજારી બનીએ, નહીં કે નથુરામ ગોડસે ના.... ■

## જાતિ આધારીત વસ્તીગણતરી

(અનુસંધાન : પાના નં. – ૭૪ ઉપરથી ચાલુ)

અનામત ઉચ્ચ-નીચના ભેદ મિટાવવાનું એક સાધન છે પણ તેનો ઉપયોગ અને અસરો મર્યાદિત છે. હવે અનામત સંવર્ગની જ્ઞાતિઓમાં જે સુખી છે – 'ક્રિમી લેયર'ને (વાર્ષિક આવક રૂ. ૮ લાખથી ઓછી હોય) અનામતથી બાકાત કરવાના સુપ્રીમ કોર્ટનાં સૂચનોનો દેશવ્યાપી વિરોધ થયો. સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત પરિવારોને જ્ઞાતિના સંદર્ભ વિના સારા અને નિઃશુલ્ક શિક્ષણની વ્યવસ્થા કરી આપવામાં આવે તો આપણે બંધારણનું સમાનતાનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં આગળ વધી શકીશું. જ્ઞાતિ આધારિત અનામત અનુસૂચિત જાતિ જનજાતિ રાખીને બાકીના સૌને અનામતના બદલે જરૂરી સવલતો આપવાની યોજનાઓ બનશે તો જ્ઞાતિનો પ્રભાવ ક્રમશઃ ઘટશે. જ્ઞાતિ આધારિત વસ્તીગણતરી એટલે પોતાના પગ પર કુહાડો મારવા જેવી મૂર્ખામી છે. રાજકારણીઓ તેમની ટૂંકી દૃષ્ટિ અને રાજકીય ફાયદો મેળવવા આમ કરશે તો આપણા સૌ માટે એક મોટી કરુણતા હશે.

*'વિશ્વ વિહાર'ના સૌજન્યથી*

## મહેફિલ

*સંપાદક : મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

પાપણોના હોજમાં તરવા મલે
હોઠ વચ્ચે અર્થને હસવા મલે
છું મનોમન રેશમી સંસારમાં
તોય ચિતા કાષ્ટની બળવા મલે.

*ઉમેશભાઈ જોષી - અમરેલી*

★

કેશુડાના રંગમાં રંગાઈ જવું ગમે છે
પ્રિયાના પાલવમાં વિંટળાઈ જવું ગમે છે
પરવળા શા અધરોની બનીને લાલી
એ લાલીના રંગમાં રંગાઈ જવું ગમે છે.

*સી. જી. રાણા - ગોધરા*

★

શું કહું તને કે તારા જ વિચારોની વાત છે
દિવસો વહી ગયા ને બચેલી રાત છે
વિશ્વાસના અમન ખીલવા જોઈએ ફૂલ
પણ કહી કંટકો બદનામ ને ફૂલોથી થતો વિશ્વાસઘાત.

*મોર્ય તેજલ 'તેજ' – ચાંદલોડિયા*

★

તમારા વિયોગની વેદના અસહ્ય હોવાથી
પ્રેમ ભરેલા નયને આવ્યા હતા
તડપતી માછલી જેવી દશા જોઈ તમારી
પ્રેમ રૂપી જળ લઈ અમે આવ્યા હતા.

*હરેશભાઈ ગઠા - હાલાપુર*

## ફરિયાદ છે

ફરી ફરી યાદ આવી એ જ ફરિયાદ છે
સમયનો સંજોગ છે કે મને મનનો ઉન્માદ છે?
પ્રણયનો પ્રસ્તાવ પુષ્પની કરામત નથી,
હૃદયનો આદેશ છે ને મૌનનો સાદ છે.
શરારતો કરવી મારું કામ ક્યાં છે સનમ,
નજરનો ટકરાવ તો નયનની બસ દાદ છે!
સવાલ પૂછી જુઓ સ્વયંને ક્યારેક તો,
જવાબ દેશે જબાન : 'તું જ જલ્લાદ છે!'
સલામ છે શ્વાસને જરાયે જંપે છે એ?
શરીરનો શો ઘડો? સ્વયંનો અવસાદ છે!

*કેશવ સુથાર – વાઘાસણ (થરાદ, બનાસકાંઠા)*
*મો. ૯૬૨૪૬ ૬૪૩૭૯*

જળ વ્યવસ્થાપન

# ગુજરાતનાં જળ વ્યવસ્થાપનનો મેનિફેસ્ટો

ડૉ. નાનકભાઈ ભટ્ટ

૧૯૬૦ના દાયકાથી શરૂ થયેલ હરિયાળી ક્રાંતિના કારણે ખેતીના મુખ્ય પાકોની ઉત્પાદકતામાં ૨૬ થી ૩૦ ટકાનો વધારો થયો છે. આથી ગુજરાત જેવા વ્યાપારી રાજ્યમાં પણ ૭૦% લોકો ખેતી પર આધાર રાખી આર્થિક વિકાસ સાધી શકે છે. નર્મદા અને આનુષંગિક યોજનાઓ કાર્યાન્વિત થતાં રાજ્યની કુલ જમીનમાં ૩૨.૭% અર્થાત ૩૬.૫૪ લાખ હેક્ટરમાં પિયતનો લાભ મળશે. ત્યારે કહી શકાય કે આઝાદ ભારતમાં આ બદલાવ હરિયાળી ક્રાંતિએ આપેલ સુધારેલાં બીજ, ખાતર, ખેતીની દવાઓ અને કૃષિ ઉદ્યોગ પ્રત્યેના સંકલિત અભિગમને આભારી છે.

જોકે હરિત ક્રાંતિનું શસ્ત્ર ૭૫ વર્ષ બાદ હવે વસ્તીના વધારાની વ્યાપક માંગને પહોંચી વળે તેવું ધારદાર રહ્યું નથી. ત્યારે કૃષિ ઉત્પાદનમાં હજુ વધારો કરવા માટે રાસાયણિક ખાતરો સાથે જૈવિક ખાતરનો સુમેળ, પરંપરાગત બિયારણના બંધારણમાં ફેરફાર કરી તેને વધુ ઉત્પાદક બનાવવા સાથે કૃષિ ઓજારો અને સિંચાઈના પ્રમાણસર ઉપયોગની પદ્ધતિ દાખલ કરવી પડશે. હરિયાળી ક્રાંતિના કેન્દ્રસ્થાન એવા ખેડૂત, જમીન, પાક, પાણી અને રાસાયણિક ખાતર-દવાને બીજા તબક્કામાં પહોંચાડવા કૃષિ ઉત્પાદનને સમગ્રતાથી જોવું પડશે.

પાણી પાક ઉત્પાદનનું અગત્યનું અંગ છે. પિયત બીજાં બધાં પરિણામોની તુલનામાં પાક ઉત્પાદનમાં ૩૭% જેટલો સહયોગ આપે છે. પરંતુ પિયતનું પાણી ખૂટતું જાય છે. વાસ્તવિક્તા તો એ છે કે ગુજરાતમાં આજે પણ ૬૨% કૃષિ આકાશી મહેર ઉપર નભે છે. અનિયમિત અને ઓછો વરસાદ ખેડૂતની તમામ અરમાનોને ભોંય ભેગી કરી દે છે. આ સ્થિતિમાં ગુજરાતના જે વિસ્તારમાં સિંચાઈનું પાણી ઉપલબ્ધ બની શકે તેમ નથી ત્યાં વરસાદી પાણીના ઉપયોગ માટે જળસ્રાવ વિકાસ અભિગમને વધુ અસરકારક બનાવવો જોઈએ. ખેત-તલાવડી અને ગ્રામ્ય તળાવ યોજનાને ઉત્તેજન આપવું જોઈએ. જમીનમાં ભેજસંરક્ષણ માટે ઊભા પાકોમાં મલ્ચિંગ ટેકનોલોજી વિકસાવી શકાય તો પાકમાં નીંદણ ઘટે, જમીનમાં ભેજ વધે અનિયમિત વરસાદી હવામાનને અનુકૂળ પાકોનું પૂરક આયોજન પણ કરી શકાય. સાથોસાથ ભૂગર્ભ જળસંચય માટે કૂવા, બોરવેલ રીચાર્જ, નાળાં, વોકળા પર આડબંધ, કન્ટુર બન્ડિંગ, ખેત તલાવડી દ્વારા વરસાદના પાણીને વહી જતું અટકાવવા સંકલિત કામગરીને પક્ષોનાં મેનિફેસ્ટોમાં પ્રાધાન્ય આપવું જરૂરી બને છે.

ઇઝરાયલની તહાલ એન્જિનિયરિંગ નામની કંપનીએ ગુજરાતના જળ વ્યવસ્થાપનની વર્તમાન અને ભાવિ જરૂરિયાતોને લક્ષમાં રાખી પોતાના એક અહેવાલમાં જણાવ્યું છે કે : (૧) સરદાર સરોવર પ્રોજેક્ટની નર્મદા કેનાલનું બાકી કાર્ય ત્વરાથી પૂર્ણ કરવું. જેથી પાણીની જરૂરિયાતવાળા સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાઓમાં પાણી પહોંચે. (૨) સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં જ્યાં નહેરનો લાભ નથી મળવાનો ત્યાં નાની કેનાલોને મુખ્ય નહેર સાથે જોડી દેવી. જેથી ચોમાસામાં નર્મદામાં આવતા વધારાના પાણીના જથ્થાનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકે. (૩) શહેરોમાં વરસાદી પાણીના રીચાર્જ માટે વૈજ્ઞાનિક અભિગમથી તૈયાર કરેલ કૂવાઓની ડિઝાઈન પ્રચલિત કરવી. (૪) ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા તેમજ મધ્ય સૌરાષ્ટ્રના પ્રદેશોમાં જ્યાં પાણીનાં તળ ઊંડાં ગયાં છે અને નદીના પટ સૂકા થયા છે, ત્યાં સૂકી નદીના પટમાં રીચાર્જ કૂવા કરવા. જેથી ચોમાસાનું પાણી નદીના પૂરમાં વહી જતું અટકે, જમીનમાં ઉતરે અને માટીના ક્ષારો ધોવાય. (૫) પથરાળ જમીનવાળા સૌરાષ્ટ્ર અને કચ્છમાં જ્યાં ઊંડા કૂવા કરવા શક્ય નથી, ત્યાં પણ નદી આસપાસ તળાવો ખોદી વહી જતા પાણીને જમીનમાં ઉતારવું જોઈએ. રાજ્ય સરકાર દ્વારા તમામ ગ્રામ પંચાયતોને પોતાની સીમ હદમાં રહેલ જળ સંગ્રહ માટેની સાઇટના નકશા આપવામાં આવે.

ગુજરાત રાજ્યમાં ભૂગર્ભજળનો ઉપયોગ ૫૮ ટકા છે, જ્યારે જમીન પરનાં તળાવ અને નદીઓનાં પાણીનો ઉપયોગ ૪૨ ટકા થાય છે. પરિણામે નદીનાં પાણી દરિયામાં વહી જાય છે અને ભરાઈ રહેલા તળાવનાં પાણી બાષ્પીભવનથી ખાલી થઈ જાય છે. એકંદરે ગુજરાતમાં ભૂગર્ભ જળનો વપરાશ વધારે છે. આથી તળાવ, નદી, ખેત તલાવડી ઉપયોગમાં લેવાનો અભિગમ પ્રચલિત કરવો જરૂરી છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં જ્યાં ભૂગર્ભજળના અનિયંત્રિત વપરાશથી દરિયાનાં પાણી મીઠા જળના સ્રોતોમાં પ્રવેશ્યા છે અને પાણી ખારાં થયાં છે, ત્યાં રીવર્સ ઓસ્મોસિસ જેવી ટેકનોલોજી અપનાવવાથી ખારું પાણી મીઠું થઈ શકે છે. દરિયાકાઠાંના વિસ્તારોના કૂવા વરસાદી પાણીથી રીચાર્જ કરવાથી દરિયાનું પાણી કૂવામાં પ્રવેશતું અટકશે. ઇઝરાયલના કૃષિ ઈજનેરો જણાવે છે કે જળસ્રોત વ્યવસ્થાપન ચૂંટાયેલ રાજ્ય સરકારોનો વિષય હોઈ, ગુજરાતમાં પિયત વ્યવસ્થામાં ખેડૂતોની ભાગીદારી સુસ્પષ્ટ કરવી જરૂરી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને

ખેડૂતોની જળ-વ્યવસ્થાપનમાં સક્રિયતા વધારવી. સિંચાઈ અને કૃષિ વિભાગ એક જ વહીવટ હેઠળ લાવવા અથવા તો સરકાર કક્ષાએ જરૂરી સંકલન કરવું. અહેવાલ જણાવે છે કે પાક સંરક્ષણ માટે વૈજ્ઞાનિક અભિગમ ખૂબ મહત્ત્વનો છે. ખેડૂત રોગ અને જીવાત વિશેની વૈજ્ઞાનિક માહિતીના અભાવે દવાના વેપારીઓની ભલામણ પ્રમાણે દવાઓ છાંટતો હોય છે. પરિણામે ખેતીને લાભ મળતો નથી. આવા સંજોગોમાં, કૃષિ યુનિવર્સિટી, રાજ્યનું ખેતીવાડી ખાતું અને વિસ્તરણ શિક્ષણ વિભાગે શિબિરો યોજી ખેતી અને ખેતીને નુકસાન કરતા કીટકોના વિષયે ખેડૂતોને પ્રશિક્ષિત કરવા જોઈએ, જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. દવાની માત્રા અંગે માહિતી આપી ખેતીનો ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થવું જોઈએ.

ગુજરાતમાં ૬૬ ટકા વિસ્તારમાં કૂવાનાં પાણી મહદાંશે ભાંભળા (ખારાં) અને જરૂરિયાત કરતાં ઓછા છે. તેના કારણે લાખો હેકટર જમીન તરસી રહે છે, પરંતુ ભૂજળનો કાળજીપૂર્વક ઉપયોગ કરાય, તો જમીનને ખરાબ અસર પહોંચાડ્યા સિવાય વધારાનું ખેત ઉત્પાદન મેળવવાની શક્યતા છે. પાણીનો ઉપયોગ કરતી વખતે ખેડૂતો પાસે પાણી, જમીન અને પાકની માવજત તથા પિયત પદ્ધતિની જાણકારી હોવી આવશ્યક છે. પાણીમાં કેવા પ્રકારના અને કેટલા પ્રમાણમાં ક્ષાર છે તેની માહિતીથી ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી શકે છે. ચોમાસામાં વરસાદના કે નદી, ઝરણાંના પાણીને કૂવામાં ફિલ્ટર પદ્ધતિથી જમીનમાં ઉતારી ભૂજળનો જથ્થો વધારવાથી કૂવાના પાણીની ગુણવત્તા સુધરે છે. કૂવાના પાણીમાં સોડિયમ ક્ષારોનું પ્રમાણ વધારે હોય, ત્યારે પાણીને જીપ્સમનાં થરોમાંથી પસાર કરવાથી પાણીની પી.એચ. ઘટાડી શકાય છે.

દેશને સ્વતંત્રતા મળી ત્યારે આપણે અન્નક્ષેત્રે પરાવલંબી હતા. દુષ્કાળ અને અતિવૃષ્ટિમાં અન્નનો પુરવઠો મેળવવા ઘણી મુશ્કેલી પડતી હતી. વિશ્વના બીજા દેશો પર આધાર રાખવો પડતો હતો. પરંતુ ખેત સુધારણા વડે આપણે સ્વાવલંબી બન્યા છીએ. એટલું જ નહીં, બીજા દેશોને મદદ કરતાં થયા છીએ ત્યારે ખેડૂત સમાજને સંકલિત કૃષિ વ્યવસ્થાપનના માર્ગે વાળીએ. ખેડૂતો સંગઠિત રહી દબાણની નીતિ આચરે તે પહેલાં રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરાથી લઈ ચૂંટાયેલ સરકારની પ્રાથમિકતામાં કૃષિ ઉદ્યોગને આવરી લઈએ.

***મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯***

## માણસાઈના દીવા

મા-બાપને માથુ ઊંચું રાખીને જીવવા દે...
ઘડપણમાં લાકડી બનીને રહે...
એનું નામ સંતાનો...

સંકટમાં ખભેથી ખભા મિલાવીને ઊભા રહે
એનું નામ ભાઈઓ...

સુખ દુઃખમાં સહભાગી અને ગરીબીમાં સાથ આપે
એનું નામ ધર્મપત્ની...

થોડું આપો કે ઘણું આપો, સંતોષ માણીને ખુશ થઈ જાય
એનું નામ બહેન દીકરીઓ...

ગમે એટલા મતભેદો હોવા છતાં ભેગા બેસીને પ્રસંગ સુધારે
એનું નામ કુટુંબ...

કોઈ પણ સંકટ કે દુઃખમાં સાથ આપે
એનું નામ સગાવહાલા ને મિત્રો...

અંદરોઅંદર ઈર્ષ્યા ને ટાંટિયાખેંચ ના કરે,
બહારના સંકટમાં એકડે એક થઈને સાથ આપે
એનું નામ સમાજ...

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## SKILL DEVELOPMENT

In our country each & every year there is an Election anywhere.

During the election a lot of promises are given to the youngsters on jobs.

But where are the jobs?

Since 25/30 years, we are seeing how the technology has advanced and replacing the human jobs to the technology.

And now the era of AI (Artificial Intelligence) has started, and will create more havoc in the jobs sector.

We all have to think very seriously on our age old education system, which is creating Degrees only but no jobs.

In schools arithmatic, geometry, history, geography are being taught, but in today's time do not fine any importance of it, as all these are available on the finger's touches.

From schools to colleges skill development courses must be introduced, thus the youngsters can learn it and do self employment instead of holding degrees and look for jobs.

***Harakh B. Savla - Kolkata***
***M. 98300 51966***

૭૭ વર્ષ પછી

# પરતંત્રતા અને સ્વતંત્રતા!

વસંત કચ્છ 'કેસરી'

પરતંત્રતા અને સ્વતંત્રતા – આ બંને શબ્દોની વ્યાખ્યા શું?

પરતંત્રતા એટલે શારીરિક રીતે પરાધીનતા? આર્થિક રીતે પરાવલંબન? નોકરીમાં શેઠના હુકમનું પાલન? કે પછી સાસરિયામાં સાસુ અને પતિના કહેવામાં રહેવું ? .........

સ્વતંત્રતા એટલે શું? સ્વસ્થ શરીર? આર્થિક સદ્ધરતા? પોતાનો વ્યવસાય? કે પછી સાસરિયામાં કોઈનું સાંભળવું નહિ?....

કદાચ આ પૃથક્કરણ દરેક વ્યક્તિની વિચારધારા પર આધાર રાખે!! ખરેખર તો આ એક મનની સ્થિતિ છે. જીવનમાં શિસ્ત અને અનુશાસન હોવું એને પરતંત્રતા સમજાવાઈ છે!

શિસ્તને કોરે મૂકી તથા અનુશાસનને બોજ સમજવું એ સ્વતંત્રતા? ના જી! આ સ્વચ્છંદતા કહેવાય! ઘણા સ્વતંત્રતાને આઝાદી માને છે! વિશ્વમાં આઝાદ ફક્ત પક્ષીઓ છે જે ગગનવિહારી રહીને પોતાના અનુશાસનમાં જીવે છે. પશુઓને પણ જીવવાના નિયમ હોય છે. જંગલી પશુઓ માટે એમના સરહદી વાડા બંધાયેલા હોય છે તેમ પાળેલા પશુઓને માનવ વસ્તીનો આધાર હોય છે!

ભારત દેશ ૧૯૪૭ની સાલમાં સ્વતંત્ર થયો. કેટલાય કહે છે કે દેશ આઝાદ થયો. દેશ એટલે શું? સેંકડો માઈલમાં ફેલાયેલો માનવ વસ્તી ધરાવતો જમીનનો ટુકડો એ દેશ કહેવાય. માનવી જયારથી 'આ તારું અને આ મારું' એવા હિસાબ કરતો થયો ત્યારથી સ્વતંત્ર અને પરતંત્ર જેવા વિચાર ઉત્પન્ન થયા. મારું - તારું કરતો માણસ હોશિયાર નહીં પણ લાલચુ, સ્વાર્થી અને આક્રમક થયો. વિશ્વમાં આજે તો સરહદના નાના ટુકડા માટે માનવી યુદ્ધ કરી, ક્રૂરતા આચરતા અચકાતો નથી.

૧૯૪૭ની સાલ પહેલાં ભારત દેશ, અંગ્રેજ રાજના વ્યાપારિક તથા દેશી રજવાડાના રાજકીય શાસનના અમલમાં હતું ત્યારે શું પરતંત્રતા હતી? પ્રજા દુખી હતી? શું દુઃખ હતું? જીવન જરૂરિયાતની સામગ્રી પૂરતા પ્રમાણમાં મળતી હતી. શાંતિનું નિર્ભય જીવન હતું. કોઈ સરકારી દમન નહોતું. હા, રજવાડાઓમાં લગાન (કર) લેવાતું તે રાજ ચલાવવાના ખર્ચ અને પ્રજાની સુવિધાઓ સાચવવાના ખર્ચ માટે રાજના કારભારીઓ ઉઘરાવતા. કોઈ પણ રાજ્યનો વહીવટ છે.

કોઈ નવ દાયકા વટાવી ગયા હોય એવા વડીલને પૂછી જોજો કે એ અંગ્રેજ રાજમાં કેવું જીવન જીવતા હતા અને ૧૯૪૭માં સ્વતંત્રતા મળ્યા બાદનું જીવન કેવું લાગે છે? પરતંત્રતા અને સ્વતંત્રતાના ફરક અંગેનો જવાબ મળી જશે.

ભારત દેશમાં અંગ્રેજ રાજ હતું ત્યારે ખરેખર તો રાજ રજવાડાઓના તાબે જ હતું. અંગ્રેજો તો ફક્ત વેપાર અને આંતરિક સુરક્ષામાં રસ ધરાવતા હતા! રાજયોના કારભાર તો દરેક પ્રાંતીય દેશી રજવાડાઓને હસ્તક જ હતા. રાજાઓ પ્રજા વત્સલ હતા જે પ્રજાના હિતને પ્રાથમિકતા આપતા. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી, ગોંડલના ભગવતસિંહજી, લાઠીના કલાપીજી, કચ્છના લાડીલા ખેંગારજી બાવા, રાજકોટના લાખાજી, મહારાણા પ્રતાપજી તથા મૈસૂરના રાજા કૃષ્ણરાય જેવા ઉમદા રાજવીઓના નામ તો સોનેરી અક્ષરોથી ઈતિહાસમાં લખાયેલા છે.

આપણા દેશને સ્વતંત્ર બનાવવા પાછળ અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવાનો જ ફક્ત ધ્યેય હતો, જેમાં માનનીય રાજા રજવાડાઓનો ભોગ લેવાયો. શૂરવીરતા સાથેની રક્ષા પણ ગઈ. રાજાઓના સાલિયાણા બાંધી આપી, આપણા શ્રી વલ્લભભાઈ પટેલે એ રજવાડા ભારત દેશમાં ભેળવી લીધા હતા. આપણા સ્વાર્થી અને ભ્રષ્ટ નેતાઓએ થોડા વર્ષ પછી એ સાલિયાણા પણ બંધ કરી રાજા મહારાજને રંક બનાવી રસ્તે રઝળતા કરી દીધા.

કથિત સ્વતંત્રતા માટે એ સમયના સેનાનીઓમાં જે પાયાના નેતાઓ હતા તેમાં મોટાભાગના નેતાઓએ બાળપણથી જ અંગ્રેજ સંસ્કૃતિ સાથે જીવનની શરૂઆત કરી હતી જે સર્વવિદિત છે. તેઓનું પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ પણ અંગ્રેજી ભાષાની અસર નીચે જ થયું હતું. ઉચ્ચ શિક્ષણ મેળવવા તેઓએ, પુખ્ત વયે, અંગ્રેજોના દેશ બ્રિટનમાં જઈને લીધું હતું.

ત્યારે અંગ્રેજો પ્રત્યે કોઈ તિરસ્કાર નહોતો તેમજ પરતંત્રતા અને સ્વતંત્રતા વિશે કોઈ વિચાર જ નહોતા. આ તો આપણા સર્વોચ્ચ નેતા મહાત્મા ગાંધીજી, ઈંગ્લેન્ડમાં રહી, કાયદા શાસ્ત્રના નિપુણ બૅરિસ્ટર થયા અને વકીલાતની શરૂઆત આફ્રિકાની પ્રજાની, અંગ્રેજોની દમન નીતિ સામેના કેસોની લડતથી કરી. એમના આફ્રિકાના વસવાટ દરમિયાન એક ગોરા વહીવટદારની તિરસ્કારિત વર્તણૂક અને ભાષાને લીધે એમના મનમાં અંગ્રેજો પ્રત્યે અણગમાની ગાંઠ બંધાઈ ગઈ. આફ્રિકાથી ભારત આવી તેમણે ભારતની પ્રજા માટે કોઈ વકીલાત કરી હોય તેવો દાખલો નથી. તેમણે તો ફક્ત અંગ્રેજો પ્રત્યેના અંગત અણગમાને લીધે, અંગ્રેજો ભારતમાં ન જોઈએ એ અભિયાન માંડ્યું. ભારતની ભલી ભોળી પ્રજાની ઉશ્કેરણી શરૂ થઈ. અંગ્રેજો વેપાર કરી દેશને લૂંટે છે એની વિરુદ્ધ ભારતીય અવાજ ઉઠાવવો જોઈએ એવો પ્રચાર શરૂ કર્યો.

સરકાર સાથે કાયદા વિરુદ્ધ અસહકારની હાકલ પડી અને ટોળાંશાહીનું બળ મળ્યું. રાજાઓના રજવાડાઓમાં આંતરિક સુરક્ષાની, શિસ્ત અને અનુશાસનની વ્યવસ્થા અંગ્રેજો પાસે હતી. તેથી પ્રજાની અસહકારની પ્રવૃત્તિથી થતું નુકસાન ટાળવા યોગ્ય તે પગલાં લેવા આવશ્યક થઈ ગયું. આ સ્થિતિને સરકારી દમન ગણાવી મહાત્મા ગાંધીએ ઉપવાસ અને હડતાળનો સહારો લઈ આંદોલનો ચાલુ કર્યા. ક્યાંક એક ધર્મગુરુના વ્યાખ્યાનમાં સાંભળ્યું છે કે, "નરસિંહ મહેતાની ખડતાલ, સ્વામિનારાયણ બાપાની વડતાલ અને મહાત્મા ગાંધીની હડતાળ ભારતમાં ખૂબ વખણાય." આ હડતાળનું તોફાની ભૂત હજી પણ ભારતમાં છાશવારે કૂદતું હોય છે, જે જાહેર જાનમાલનું ભારે નુક્સાન કરી જાય છે. જાહેર જનતાની, અંગ્રેજો પ્રત્યે દુર્ભાવના જગાડવા પ્રયત્નો થયા. ગાંધીજી સિવાયના અન્ય કથિત નેતાઓ દેશનું રાજકાજ પોતાના હસ્તક લેવાની મહત્વાકાંક્ષી ઈચ્છાથી જ આ 'સ્વતંત્રતા' મેળવવા ગાંધીજી સાથે જોડાયા હતા. જુદા જુદા પ્રાંતોમાં લોકો જોડાવા લાગ્યા જેમાં આવા સ્વાર્થી નેતાઓ પણ આગેવાન બન્યા. ઈંગ્લેન્ડની ભૂમિ પર રહી, અંગ્રેજી ભાષા, પોશાકમાં સજ્જ થયેલા, પશ્ચિમી રંગે રંગાયેલા, આ સ્વતંત્ર સેનાનીઓએ એક સમયે, વિદેશી માલનો બહિષ્કાર કરી હોળીઓ પ્રગટાવી સ્વદેશી વસ્તુઓ અપનાવવા દેશવાસીઓને હાકલ કરી હતી. દેશવ્યાપી આવા અસહકારના આંદોલનો, મોરચા અને હળતાલોથી અંગ્રેજો તંગ આવી, ૧૯૪૬ની સાલમાં ભારતના આ ચળવળિયા 'નેતાઓને' રાજ કરવાનું સુકાન સોંપી દેવાનું મન બનાવ્યું. એ સમયે બ્રિટનના પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે કહેલું કે, 'આ ભાંગફોડિયા નેતાઓને દેશની ધૂરા અપાય નહીં, પણ ત્યાંની ધારાસભાએ બહુમતીથી નિર્ણય લઈ ૧૯૪૭ની સાલમાં ભારતમાંથી રવાના થયા. ઈંગ્લેન્ડના આ રાજકીય હસ્તાંતરને આપણા વરિષ્ઠ નેતાઓએ રૂપકડું નામ આપ્યું "સ્વતંત્રતા" કે "Independence"!! ભોળી પ્રજા તો રાજી રાજી થઈ ગઈ. જે લોકોએ રાજકારભાર ચલાવવાનું શિક્ષણ કે પ્રત્યક્ષ અનુભવ ના લીધું હોય, તેમના હાથમાં તંત્રની સત્તા આવી. દેશનું બંધારણ લખાયું એ પણ પ્રથમ અંગ્રેજી ભાષામાં કેમ કે હિંદી ભાષા ત્યારે આ બની બેઠેલા સ્વાર્થી નેતાઓને કયાં આવડતી હતી?? ખેર...

આજે ભારતના નાગરિકો કઈ રીતે સ્વતંત્ર છે? દરેક જીવન નિર્વાહના ક્ષેત્રમાં સરકારી બાબુઓ તથા નેતાઓ પર નિર્ભરતા છે. કોઈ વ્યવસાય ચાલુ કરો ત્યારે ૪૦ સરકારી ખાતાઓના અમલદારો પાસેથી પરવાનગી લેવી પડે. એમાં પણ ભ્રષ્ટાચાર તો ખરો જ. રાજાઓ લૂંટતા હતા કે અત્યારે લૂંટાઈ જઈએ છીએ? આજે ૭૭ વર્ષે પણ આપણે કયાં સ્વતંત્ર છીએ? કાયદાનું ઉલંઘન ધરાર કરવું એવી સ્વચ્છંદતા આવી ગઈ છે. અંગ્રેજો ગયા પણ હજી આજે પણ એમના બનાવેલા કાયદાઓથી આપણે જીવી રહ્યા છીએ.

શાંતિથી વિચારજો. કહેવાતી સ્વતંત્રતાથી સૌ આપણે દેશવાસીઓએ શું મેળવ્યું અને શું ગુમાવ્યું. વડીલો સાથે આ અંગે ચર્ચા કરજો. ઘણું તથ્ય મળશે.

ભારતની ભૂમિ પર ફરી સુખ શાંતિનું રાજ સ્થપાય એવી અભિલાષા સાથે....

*મુલુંડ, મુંબઈ.*

---

## એક ગઝલ

નથી પૂર્ણ રીતે હજી હું પમાયો
કદી ક્યાંક નરસિંહ કણ્ઠે ગવાયો

ઈજા પણ નથી થઈ મને કોઈ યુધ્ધે
ફક્ત આપની આ નજરથી ઘવાયો.

કદી આપનાથી, કદી એમનાથી
અકારણ સકારણ સતત હું રમાયો

સતત ધ્રુજતી આંગળીથી મથ્યો પણ
કુશળતાનો સંદેશ કૈં ના લખાયો.

અમારા બધાને સતત સાચવ્યાં છે
છતાંયે રહ્યો કાં હજીયે પરાયો?

*અલ્પ ત્રિવેદી - મહુવા, જિ. ભાવનગર • મો. ૯૯૭૮૯ ૦૯૨૯૦*

## નઉં વરે

હથમેં કીંક નઉં વરેં ડે લાય અચેતો,
ખુસીજી છાબ ઘર-ઊંભરે ડે લાય અચેતો.

નયે વરેંજી, નઇ પિરોંજા કિરણ,
ઉમંગજી હવા હરેં ડે લાય અચેતો.

નયેં અરમાનેજા, નયાં જ સિરનામા,
હથોહથ ડિસ! ઘરેં ડે લાય અચેતો.

નઇં ઇચ્છાએં ભેરા નયા પગુઠિયા,
ચડેલા બર-આબર અરે! ડે લાય અચેતો.

જીવી બુજો ત લાટ આય હી જીયણ,
સીખામણ હી આખરે ડે લાય અચેતો.

*કેતના છેડા 'કેતુ'*

મૂલ્યાંકન

# તટસ્થ મૂલ્યાંકન પ્રજાને સચેત રાખશે અને સ્વસ્થ વિકાસ તરફ જ દોરશે

હરેશ ધોળકિયા

સ્વસ્થ પ્રગતિનું લક્ષણ એ છે કે આ પ્રગતિનું સમયાંતરે મૂલ્યાંકન થતું રહેવું જોઈએ. પ્રગતિ થાય જ છે એમ માનીને તેના પ્રત્યે હળવું વલણ રાખવું યોગ્ય નથી. સંભવ છે, જેને પ્રગતિ મનાતી હોય તે કદાચ તે ન પણ હોય. અથવા કદાચ વધારે પડતી પ્રગતિ થતી હોય જે બીજા સંદર્ભમાં બિનજરૂરી અને કદાચ નુકસાનકારક હોય. એટલે જો થોડા થોડા સમયે તેનું અવલોકન અને મૂલ્યાંકન થતું રહે તો સાચું ચિત્ર સામે રહે.

વ્યકિત માટે આ જેટલું મહત્ત્વનું છે, તેટલું જ કોઈ સંસ્થા કે પ્રદેશ કે દેશ માટે પણ મહત્ત્વનું છે. આ બધાએ સતત પ્રગતિની દિશા અને દશાને તપાસતા રહેવાનું છે. તો જ ગાડી પાટા પર ચાલતી રહેશે.

આ મુદ્દો કચ્છને પણ લાગુ પાડી શકાય. કચ્છને સ્વતંત્ર થયે લગભગ પંચોતેર વર્ષ થઈ ગયા છે. પણ તેનું મૂલ્યાંકન બહુ ઓછું થયું છે. કદાચ થયું હશે તો પણ કેવળ ભૌતિક સંદર્ભમાં થયું હશે. પણ મૂલ્યાંકન તો સમગ્ર રીતે થવું જોઈએ.

આમ તો દર પચીસ વર્ષે આ મૂલ્યાંકન થાય તો યોગ્ય રહે. એક સદીના ચાર વિભાગ પાડીએ તો પચીસ વર્ષ થાય. દર પચીસ વર્ષે એ થાય તે જરૂરી છે.

આપણે ત્યાં દસ્તાવેજીકરણનો અભાવ હોવાથી પંચોતેર વર્ષનું મૂલ્યાંકન હવે કદાચ સરળ ન પડે. પણ હમણાં વિચાર્યું તેમ છેલ્લાં પચીસ વર્ષનું મૂલ્યાંકન થઈ શકે તેમ છે. આમ પણ કચ્છનો 'વ્યવસ્થિત' વિકાસ તો ૨૦૦૧ના ભૂકંપ પછી થયો એમ કહી શકાય. ૧૯૫૬માં પણ ભૂકંપ થયો હતો, પણ ત્યારે બધું જ સ્થાનિક ક્ષેત્રે થયું હતું. વળી ત્યારે આજ જેટલું જગત વિકસિત અને ટેકનોલોજી આધારિત ન હતું. પણ ૨૦૦૧ના ભૂકંપ વખતે તો તેના પ્રત્યેનો પ્રતિભાવ ચોવીસ કલાકમાં શરૂ થઈ ગયો અને તે પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે. સમગ્ર જગત કચ્છમાં પહોંચી આવ્યું અને તેને ઊભું કરવા મંડી પડ્યું. કચ્છ ઝડપથી ઊભું થઈ ગયું. આ વખતે સરકારે પણ કચ્છમાં ઔદ્યોગીકરણ શરૂ થાય તેવાં પગલાં લીધાં. પરિણામે કચ્છ ઝડપથી ઔદ્યોગિક થવા લાગ્યું. જેણે કચ્છને પાયાથી હચમચાવી નાખ્યું અને તેને એક નવી જ દિશામાં લઈ ગયું. ઈતિહાસના જામ લાખાથી ૨૦૦૧ સુધી જે કુલ વિકાસ થયો તેના કરતાં છેલ્લાં ચોવીસ વર્ષમાં અગણિત વિકાસ થયો. સમગ્ર કચ્છનો ચહેરો જ બદલી ગયો. ખેતી અને પશુપાલન ગૌણ થઈ ગયાં અને ઉદ્યોગો મહત્ત્વના બની ગયા. જે ઝડપથી કચ્છનો વિકાસ થયો છે તેને લોકો કે સરકાર કે ખુદ સંશોધકો પણ નથી સમજી શક્યા. તેનો કોઈ જ વ્યવસ્થિત અભ્યાસ નથી થયો. વિવિધ ક્ષેત્રોના નાના અભ્યાસો થયા છે. પણ એક વ્યાપક સંદર્ભમાં અભ્યાસ નથી થયો જે એક સુગ્રથિત ચિત્ર આપે. એટલે છેલ્લાં ચોવીસ વર્ષના વિકાસ વિશે વિચારવું હોય તો અવલોકન, નાના અભ્યાસો અને સમાચારોના આધારે અંદાજ કરી શકાય. એ જ સંદર્ભમાં આપણે આ સમયનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરીએ.

### • આર્થિક વિકાસ :

વિકાસ એટલે પાયામાં તો આર્થિક વિકાસ એમ જ મનાય છે. એટલે પહેલાં એ પાસું તપાસીએ.

૨૦૦૧ પહેલાં કચ્છ ખેતીપ્રધાન મુલક હતો. ખેતી, પશુપાલન અને હસ્તકળાઓ મુખ્ય વ્યવસાયો હતા. ઉદ્યોગો નહિંવત હતા. છેક ૧૯૯૮ આસપાસ અદાણી અને સાંઘી આવ્યા હતા. પણ હજી તે વિકસતા હતા. હજી તેનો પ્રભાવ શરૂ થયો ન હતો. પણ ભૂકંપ પછી જે "ટેક્સ હોલીડે" શરૂ થયો, તેણે બહુ ઝડપથી સમગ્ર ચિત્ર બદલાવી નાખ્યું. તેના પ્રભાવે કચ્છમાં ચારસો જેટલા ઉદ્યોગો આવી ગયા અને સમગ્ર કચ્છ ધમધમવા લાગ્યું. તેનો પ્રભાવ ખેતી, જમીન, વ્યવસાયો, શિક્ષણ... બધા પર પડ્યો. કચ્છમાં અઢળક પૈસો ઠલવાવા લાગ્યો. પેટા ઉદ્યોગો શરૂ થયા. વાહન વ્યવહાર પર અસર થઈ. જમીનો વેચાવાથી ખેડૂતો માલામાલ થવા લાગ્યા. આ બધાની અસર બજાર પર પડવા લાગી. મધ્યમ વર્ગ આર્થિક રીતે આગળ આવવા લાગ્યો. જે વર્ગ અત્યાર સુધી પછાત રહ્યો હતો તે હવે આગળ આવવા લાગ્યો. તેમની આવક વધવા લાગી. તેમનામાં શિક્ષણની ભૂખ જાગી. તેનો પ્રભાવ શિક્ષણ પર પડ્યો. આ બધાનો પાછો અર્થકારણ પર પ્રભાવ પડવો શરૂ થયો. આમ એક આર્થિક ચક્ર શરૂ થઈ ગયું. આજની સ્થિતિ પર નજર કરીએ તો ટેક્સ હોલીડે જવાથી ઉદ્યોગોની સંખ્યામાં થોડો ઘટાડો થયો છે, પણ સમગ્ર ચિત્ર તો ઔદ્યોગિક વિકાસનું જ નજરે પડે છે. કચ્છના ખૂણેખૂણામાં નાના મોટા ઉદ્યોગો ધમધમે છે. બધા જ વિસ્તારોમાં લોકોને સરળતાથી રોજગારી મળે છે. ઉદ્યોગોના કારણે રોજગારીનાં પણ નવા નવા ક્ષેત્રો ઉત્પન્ન થયાં છે. સ્વ-રોજગારીની પણ તકો વધી છે. ટેકનોલોજીના પ્રભાવે પણ નવા નવા વ્યવસાયો આવ્યા

છે જેનો યુવાનો લાભ લે છે. મીડિયા અને ઈન્ટરનેટના પ્રભાવે સ્વ-રોજગારી વધે છે. હવેના યુવાનો સમગ્ર જગત સાથે કામ કરવા સક્ષમ બન્યા છે અને વધારે આવક મેળવે છે. શિક્ષણ વધતું જાય છે. તેના પ્રભાવે પણ યુવાનો વિવિધ ક્ષેત્રોમાં રોજગારની તકો મેળવે છે. આમ, આર્થિક સંદર્ભમાં કચ્છ ખૂબ જ વિકસિત થઈ ગયું છે એમ કહી શકાય. અન્ય પ્રદેશોની જેમ કચ્છમાં પણ પૈસો ખૂબ ગતિશીલ રીતે ફરે છે.

**• સામાજિક ક્ષેત્ર :**

આર્થિક વિકાસ સમાજનાં વલણોને પણ પ્રભાવિત કરે છે. ૨૦૦૧ પહેલાંનો સમાજ ખેતી પ્રધાન હતો. સ્થગિત હતો. તકો બહુ જ ઓછી હોવાથી વિવિધતા ન હતી. ખેતી બાદ કરતાં શિક્ષિતો માટે સરકારી નોકરી જ મહત્ત્વની હતી. ગામડાંઓ દુકાળ વગેરેનો સામનો કરતાં હતાં જેના પ્રભાવે હસ્તકળા વિકસી હતી. પ્રગતિ કરવા તો યુવાનોએ બહાર જ જવું પડતું હતું. કચ્છમાં ખાસ કોઈ તક ન હતી. તક હતી તો તે માટેની શૈક્ષણિક લાયકાતો યુવાનો પાસે ન હતી.

પણ છેલ્લા ચોવીસ વર્ષમાં સમગ્ર ચિત્ર બદલાઈ ગયુ છે. ભૂકંપે સમાજને હલબલાવી નાખ્યો છે. પૂર્વ-મધ્ય કચ્છમાં ભૂકંપે વ્યાપક નુકસાન કર્યું. પરિણામે શહેરો કે ગામોને પાયામાંથી પુનઃ ઊભા કરવાની નોબત આવી પડી. બહારથી જે મદદો આવી તેમણે શહેરીકરણના પ્રભાવે નવાં ગામોને એ રીતે ઢાળવા માંડયાં. એટલે હવે નવાં — પુનઃ ઊભા થયેલા ગામડાંઓ અર્ધ શહેરો બની ગયાં. શહેરોને પણ ખૂબ જ નુકસાન થયું હતું. એટલે અનેક સ્થળોએ જૂના વિસ્તારો ખાલી કરી નવી જ જગ્યાએ વિકાસ થવો શરૂ થયો. એટલે આગળ જે ફળિયા સંસ્કૃતિ હતી તેને બદલે સોસાયટી સંસ્કૃતિ વિકસવી શરૂ થઈ. આનો પણ વ્યાપક પ્રભાવ પડ્યો. નવી પેઢીમાં વ્યવસાયોમાં પણ પરિવર્તન આવ્યું એટલે હેરફેર વધી ગઈ. જેના પરિણામે કુટુંબ જીવન પર તેની અસરો પડી. ગામડાંઓનાં શહેરીકરણે વસ્ત્રો, ખાનપાન, રહેણી કરણી, મોજશોખ બધા પર અસરો કરી. આ બધાનો પ્રભાવ સંસ્કૃતિ પર પડ્યો.

બદલાવ એ આવ્યો કે આગળ સમાજમાં હિન્દુ- મુસ્લિમ હતા, પણ તેમના વચ્ચે ભેદભાવ ન હતો. આરામથી સાથે રહેતા હતા. પણ ભૂકંપ પછી જે શહેરોમાં પરિવર્તન આવ્યાં તેમાં બે કોમ અલગ થઈ ગઈ છે. આમ પણ ૨૦૦૨નાં હુલ્લડથી માનસિક અલગતા તો આવી જ ગઈ હતી. ભૂકંપે વિસ્તારોને પણ અલગ કરી દીધા. અલબત્ત, સદ્‌ભાગ્યે અહીં હજી બે કોમ વચ્ચે કોઈ ઝનૂન નથી.

સમાંતરે ઉદ્યોગો અને ખનીજો વગેરેના કારણે ટ્રક વગેરેના વ્યવસાય શરૂ થયા. એના કારણે આહિર, રબારી વગેરે પરંપરાગત રીતે જીવતા લોકો આ વ્યવસાયોમાં પ્રવેશ્યા અને તેમની આર્થિક સ્થિતિ સાથે સામાજિક સ્થિતિમાં પણ બદલાવ આવવો શરૂ થઈ ગયો. આજે તેઓ પણ આધુનિક જીવનશૈલી અપનાવવા મથી રહ્યા છે. મુશ્કેલી એટલી જ છે કે આધુનિકતા જોઈએ છીએ પણ પરંપરા છોડવી નથી. બે વચ્ચે ગુંચવાય છે. લગભગ બધી જ જ્ઞાતિઓની આ જ હાલત છે.

**• રાજકીય જીવન :**

પહેલા રાજકીય જીવનમાં થોડો ઘણો પણ નીતિનો પ્રભાવ હતો. પૈસાનું પ્રદર્શન કરતાં નેતાઓ અચકાતા હતા. પણ હવે આ ઔદ્યોગીકરણ આવવાથી પૈસાનું સામ્રાજય વધવા લાગ્યું. નેતાઓ પણ સેવાને બદલે આ પૈસા તરફ વળ્યા અને એવા વ્યવસાયોને સ્વીકારવા લાગ્યા જે ઝડપી પૈસો આપે. એટલે મીઠાંનો ઉદ્યોગ, જમીનના સોદા, બાંધકામ, વાહન વ્યવહાર જેવા વ્યવસાયો વધવા લાગ્યા અને નેતાઓ પાસે પૈસાનો વરસાદ વરસવા લાગ્યો. તેને આધારે ચૂંટણીઓ લડાવી શરૂ થઈ. તેને આધારે પક્ષની વફાદારીઓ બદલાવા લાગી. વિચારસરણી નહિંવત બની ગઈ અને કેવળ સત્તા પ્રાપ્તિ જ મહત્ત્વની બની. એટલે પક્ષોમાં આયારામ ગયારામની પ્રવૃત્તિઓ વધી. લોકોની જરૂરિયાતો નહીં, પણ પક્ષની માન્યતા પ્રમાણે કામો થવા લાગ્યાં. સમગ્ર કચ્છનું ચિંતન પણ અટકી ગયું. નેતાઓ અભ્યાસહીન બનવા લાગ્યા. પ્રજા સાથેનો સંપર્ક લગભગ અટકી ગયો. માત્ર પૈસા અને વ્યકિતપૂજાના આધારે ચૂંટણીઓ થવા લાગી. 'સેવા', પ્રજા સંપર્ક જેવા શબ્દો વ્યર્થ બની ગયા છે.

**• સમગ્ર અસરો :**

આ તો તથ્યાત્મક ચિત્ર છે. તેનો પ્રભાવ શું? અથવા તો મૂલ્યાંકન શું?

જ્યાં સુધી ભૌતિક બાબતોનું મૂલ્યાંકન કરવું હોય તો આરામથી કહી શકાય કે કચ્છ તેના સમગ્ર ઈતિહાસમાં પ્રથમ વાર ખરેખર વિકસી રહ્યું છે. હજારો વર્ષોથી દુકાળ, અછત, અભાવ વગેરેથી હેરાન હતું. અહીંના લોકોને આ બધા કારણોસર સતત સ્થળાંતર કરવું પડતું હતું. જે હવે ઓછું થવા લાગ્યું છે. કદાચ હવે 'રીવર્સ સ્થળાંતર' શરૂ થયું છે. ઉદ્યોગોના કારણે બહાર ગયેલા કચ્છીઓ વતનમાં પાછા ફરે છે અથવા પાછા ફરવા ઉત્સુક છે. આર્થિક રીતે પણ લોકો સમૃધ્ધ થવા લાગ્યા છે. ખેતી-પશુપાલન કરનારા લોકો પણ

સમાંતરે બીજા વ્યવસાયો અપનાવી આગળ વધી રહ્યા છે. ઉદ્યોગો પણ ધીમે ધીમે સ્થાનિકોને રોજગારમાં મહત્ત્વ આપે છે. એટલે તેમાં પણ કામ કરવાની તકો વધી છે. આ સંદર્ભમાં કચ્છનો ખૂણે ખૂણો ધમધમે છે. જોઈને આનંદ થાય.

જૂની આંખે જોવાય તો કચ્છમાં એવું પરિવર્તન થવું શરૂ થયું છે જે 'કચ્છીયત'ને ઝાંખી કરે છે.

કચ્છમાં ધીમે ધીમે શહેરીકરણ વધે છે. ભુજ, મુંદ્રા, ગાંધીધામ, અંજાર કે ભચાઉ તો વ્યવસ્થિત રીતે શહેરો થતા જાય છે. તેમની આસપાસના ઉદ્યોગોને અનુકૂળ થવા તે મથી રહ્યાં છે. આ ઉદ્યોગોમાં કામ કરનાર બહારના લોકોને રહેવાની સગવડ કરવા આ શહેરો પર દબાણ વધતું જાય છે. ખાસ કરીને મુંદ્રા એક વિચિત્ર શહેર બનતું જાય છે. તેની આસપાસ વધારે ઉદ્યોગો છે. એટલે તેમનો કામદાર વર્ગ વિશાળ છે. આ બધાને સમાવવા મુંદ્રા અને આસપાસનાં ગામડાંઓ પર દબાણ આવે છે. બાંધકામ વગેરે તો ઠીક છે, પણ આ વિવિધ રાજ્યોમાંથી આવેલા લોકોની રહેણીકરણીનો પ્રભાવ આ વિસ્તારો પર પડે છે. મોટા ભાગના એકલા અને કુંવારા આવે છે. તેનો પ્રભાવ સમાજો પર પડે છે. આ મુક્ત લોકોની સ્વચ્છંદી રહેણીકરણીના પ્રભાવે આ વિસ્તારોમાં મુક્ત જાતીયતા વધી છે. અહીંના વિસ્તારમાં રહેતી તરુણ અને યુવાન છોકરીઓ પર તેનો વધારે પ્રભાવ જોવા મળે છે. તેનાથી થતી ઝડપી કમાણી તેમને આકર્ષે છે. ક્યાંક તો વડીલોને પણ આકર્ષે છે અને નીતિ બાબતે તેમને ચૂપ રાખે છે. બે પેઢી વચ્ચે જાણે એક મૂંગો કરાર દેખાય છે કે પૈસો મળતો હોય તો કોઈ વાંધો ન લેવો. થયેલા સર્વે આ બાબત સૂચવે છે. આ આવકના પ્રભાવે મોજશોખની વસ્તુઓ, લક્ઝરી બાબતો, ખાનપાન વગેરેમાં ફેરફારો આવે છે. આ સંદર્ભમાં ઘરનું મૂલ્ય ઓછું થતું જાય છે. ખાવાપીવાનું બહાર થાય છે. લગ્ન બહાર સંબંધો થાય છે. ટેકનોલોજી સીધી વાતચીત ઓછી કરે છે. સંપર્કો ઓછા કરે છે. બે પેઢી વચ્ચેનો સંબંધ સપાટી પર થતો જાય છે. નવી પેઢીને જૂની પેઢી સમજવામાં નિષ્ફળ જાય છે. પણ સમગ્ર અસર એ છે કે બહારથી સમાજ સ્વસ્થ દેખાય છે, પણ સંબંધોમાં ઢીલાશ આવતી જાય છે.

શિક્ષણમાં ખાનગીકરણ વધવાથી શિક્ષણ મોંઘું થતું જાય છે એ તો જાહેર છે. પણ આ શાળા કોલેજોમાં જતા વિદ્યાર્થીઓને ત્યાં જે સગવડો મળે છે તે તેમના ઘેર નથી મળતી. માતા પિતા પેટે પાટા બાંધી ભણાવે છે. તેમનો ઈરાદો તો બાળક હરીફાઈમાં ટકે તે છે. પણ બાળક જુદા જ સંદર્ભમાં વિચારે છે અને સંસ્થાઓની લક્ઝરી તેમને આકર્ષે છે એવી લક્ઝરી તેમનાં ઘરોમાં નથી તે તેમને અસ્વસ્થ બનાવે છે. એટલે ઘેર તે આ બધાની માંગણી કરે છે. જેને સંતોષવા વડીલોની તાકાત નથી. આ બાબત બાળકોને વડીલો પ્રત્યે ઉદાસ બનાવે છે. બીજું, ખાનગી શાળાઓ કે કોલેજો મોંઘી ફી છતાં ધાર્યા પરિણામ બતાવવા સમર્થ બનતી નથી. એટલે બાળકોને ત્યાં મોકલવાથી કોઈ વિશેષ ફાયદો થતો નથી. નબળી કહેવાતી સરકારી કે ગ્રાન્ટ લેતી શાળાઓમાં બાળકોને જે શિક્ષણ મળે છે, તે આ કહેવાતી સારી શાળાઓમાં નથી મળતું. પણ બાળક ત્યાં કહેવાતી આધુનિકતા શીખે છે જે તેને અને તેનાં વડીલોને તકલીફ આપે છે.

ઉદ્યોગોમાં બહારના પ્રદેશોમાંથી આવતા લોકો દારૂ વગેરેનો સરળતાથી ઉપયોગ કરે છે. અહીં દારૂબંધી છે. આ લોકોને જોઈ સ્થાનિકો તેમની નકલ કરે છે. એટલે અહીં પણ દારૂનું પ્રમાણ વધતું જાય છે. દરરોજ જે દારૂની ટ્રકો પકડાય છે તે જ તેની નિશાની છે. આ સૂચવે છે કે કચ્છમાં પુષ્કળ દારૂ પીવાય છે. નવી પેઢીમાં પણ તેનો પ્રસાર વધતો જાય છે. એ પણ તેમનામાં અશિસ્ત વધારે છે.

જે રીતે કચ્છમાં પૈસાનો પ્રવાહ વધે છે અને જે રીતે તેનું પ્રદર્શન થાય છે, તે જોઈને યુવાનોને પણ ઝડપથી પૈસો કમાવાની લાય વધે છે. એટલે 'ગમે તે રીતે' કમાવાની દોડ ચાલે છે. તેમાં દારૂ અને ડ્રગ ઉમેરાય છે. પરિણામે ધીમે ધીમે કચ્છમાં ગુનેગારીનો ગ્રાફ વધતો જાય છે. જાતભાતના ઝઘડાઓના સમાચારો લગભગ રોજ જોવા મળે છે. હવે તો મારપીટ વધે છે. ગોળીબારોની સંખ્યા પણ વધે છે. ખૂનખરાબા પણ વધે છે. તેમાં રાજકીય લોકો કૂદે છે એટલે વિકરાળ બને છે. અને એક તો પોલીસ આ બાબતે તાલીમબધ્ધ નથી. તેને સતત તાલીમ મળની પણ નથી. વળી તેમની સંખ્યા પણ ઓછી છે. તેઓ પણ આ જ સમાજમાંથી આવે છે. તેમને પણ આ જ ઈચ્છાઓ છે. એટલે તેઓ પણ ક્યારેક કૂદી પડે છે. પરિણામે કાયદો અને વ્યવસ્થા અત્યંત નબળાં પડે છે. ક્યાંક કડક થવા જાય છે તો રાજકીય દખલગીરી આડી આવે છે. પણ આ બધાને પરિણામે કેટલાક લોકો બેફામ બનતા જાય છે અને કાયદાની ઐસીતૈસી કરે છે. તેમને ખ્યાલ હોય છે કે તેમને કશું થવાનું નથી. સત્તાને પૈસાથી ખરીદી શકાય છે! ભલે અન્ય સ્થળો કરતાં હજી અહીં ઓછું છે, પણ છાપાંના સમાચારમાં તેના વધતા સમાચારો ચેતવે તો છે જ.

ભૂકંપે જે રીતે લોકોને પોતાના સ્થાનોમાંથી ઉખેડી નાખ્યા અને સોસાયટી સંસ્કૃતિમાં ગોઠવ્યા, તેના કારણે બે ફેરફારો થયા. એક તો આગળ જે સાથે અને સંપથી રહેતા હતા તે હવે ટાપુની જેમ રહે છે. 'સોશિયલ મીડિયા'ના કારણે

કદાચ કોઈ અપીલથી મદદ કરવા કોઈ દોડે છે, પણ મદદ કરવી જોઈએ એ ભાવ ધીમે ધીમે અદશ્ય થતો જાય છે. આગળ બધી કોમો સાથે રહેતી હતી, તે હવે, રાજકીય પ્રભાવે, અલગ અલગ રહે છે. એકબીજા તરફ શંકાની નજરે જુએ છે. હા, હજી તેમાં ઉગ્રતા નથી આવી, પણ રાજકીય સંકુચિતતા અને ઝનૂન એકબીજાને સચેત અને સચિંત તો રાખે જ છે. હજી કચ્છમાં ખાસ ધાર્મિક ઝઘડા પ્રવેશ્યા નથી, પણ સંકુચિતતાનો ભોગ તો બધા જાણેઅજાણે બન્યા છે. સોશિયલ મીડિયાના પૂર્વગ્રહોના પ્રભાવે નવી પેઢીમાં તે વધે છે તે ભયંકર ચિંતાનો વિષય છે.

સાંસ્કૃતિક બાબતોમાં પણ ઝડપથી વ્યાપારીકરણ આવતું જાય છે. વધારે વળતરની અપેક્ષાએ ગુણવત્તાનો ભોગ લેવાય છે.

સૌથી મહત્ત્વની અને ન ગમે તેવી બાબત બની રહી છે સમાજ છીછરો થતો જાય છે. અભ્યાસ, સંશોધન, ઊંડાણ વગેરે ઘટતાં જાય છે. પૈસા વધવાથી ફિલ્મો, મોબાઈલો, કમ્પ્યુટરો વગેરે વધે છે, શાળા કોલેજો પણ વધે છે, પણ ક્યાંય અધ્યયન ઊંડાણ નથી વધતું દેખાતું. કચ્છમાં સવગડો આપતી સંસ્થાઓ ખૂબ વધતી જોવા મળે છે, પણ અભ્યાસની સંસ્થાઓ એક પણ વધતી નથી દેખાતી. પુસ્તકાલયો, પ્રયોગશાળાઓ, સંશોધન સંસ્થાઓ, ઉચ્ચ કક્ષાના સેમિનારો, ઉતમ વ્યાખ્યાનમાળાઓ વગેરે બાબને કચ્છ હજી ઘણું પછાત છે. અહીં અભ્યાસનું પ્રોત્સાહન અપાય છે, પણ તે માટેની તાલીમી વ્યવસ્થાની કોઈ જ સગવડ નથી દેખાતી. પ્રોત્સાહન પછી તાલીમની સગવડ ન મળે તો યુવાનો તરફડે છે. નાના નાના પ્રયોગો કદાચ થતા દેખાય છે, પણ કાયમી સગવડો નથી થતી. 'સ્પીપા' કે 'વિશ્વકોશ' જેવી સંસ્થાઓ નથી. ઉત્તમ લાઈબ્રેરીઓ નથી. યુનિવર્સિટી પણ હજી નવું કે 'આઉટ ઓફ બોક્સ' વિચારતી હોય તેવું પણ નથી દેખાતું. એ જ પરંપરાગત અને શુષ્ક શિક્ષણ અપાય છે. એટલે વિદ્યાર્થીઓમાં જીજ્ઞાસા નથી દેખાતી અને દેખાય છે તો તેને સંતોષવાની કોઈ સગવડ નથી. કોઈ ખમતીધર અને રાષ્ટ્રીય કક્ષાના અધ્યાપકો પણ નથી દેખાતા જેને જોઈને વિદ્યાર્થીઓ પ્રેરાય. બધું રગશિયાં ગાડાં જેવું ચાલે છે. એટલે તે બાબતે ભૌતિક સગવડો દેખાય છે, પણ અભ્યાસ અને સંશોધન બાબતે કોઈ પડકારો  જોવા નથી મળતા.

શિક્ષણમાં શાળાઓ તો વધે છે પણ તેમાં જ્ઞાતિવાદ અને ધર્મ મહત્ત્વનો ભાગ ભજવે છે. પરિણામે આ શૈક્ષણિક સંસ્થાઓ કદી વૈશ્વિક ચિતવાળી નથી બની શકતી. આધુનિકતાના નામે જૂનીપુરાણી પરંપરાઓ જ વિદ્યાર્થીઓના મનમાં ઘુસાડાય છે. આવા વિદ્યાર્થીઓ પાસેથી ભવિષ્યનાં વિઝનની આશા કેમ રાખી શકાય? આ બધાના કારણે સમાજની જે હાલત છે તેને એકવીસમી સદી શરૂ થઈ ત્યારે ભારત વિશે જે એક વિધાન થયું હતું તે બરાબર લાગુ પડે છે કે "આપણે વૈશ્વિક લોકો છીએ જેમનું માનસ આદિવાસી છાપ છે."

એટલે વિકાસના ઝળહળાટ વચ્ચે વધતું છીછરાપણું વિકાસને જ નબળો બનાવશે એ ખ્યાલ રાખવાનો છે. બાહ્ય વિકાસ સાથે માનસિક અને બૌધ્ધિક વિકાસ ચાલતો રહેવો જોઈએ. વૈશ્વિકરણમાં જ્ઞાતિ કે ધર્મને ભેળવવાથી વર્ણશંકર થવાય છે, પ્રગતિશીલ નથી થવાતું. પ્રગતિમાં જો સમાંતરે સંકુચિતતાનું ઝનૂન પણ ચલાવાશે, તો આવતી કાલે બાળકો આગળ નહીં વધી શકે.

એટલે પહેલાં પુખ્ત પેઢીએ સાચી આધુનિકતા અપનાવવાની છે. પણ આ આધુનિકતાનો સ્વસ્થ રીતે પોતાના લાભ માટે ઉપયોગ કરી શકાય માટે આધુનિક માનસ કેળવવું પડશે. જયાં જયાં સંકુચિતતા દેખાય તેને દૂર કરવી પડશે. બાળકોને બૌધ્ધિક અને વૈજ્ઞાનિક ચિત્તવાળા બનાવવાં પડશે. અને તેમાં જ્ઞાતિ કે સંપ્રદાયને કોઈ જ સ્થાન નહીં હોય. સમગ્ર વિશ્વને આલિંગન કરી શકે એવી પ્રખર બુધ્ધિ કેળવવી પડશે. હવેનાં સંતાનોમાં ગાંધીજીની વિશાળતા અને વિક્રમ સારાભાઈની વૈજ્ઞાનિક પ્રજ્ઞાનો સંગમ હોવો જોઇશે. તે માટે પ્રજાએ કેવળ વિશાળ ચિત્ત ધરાવતા નેતાઓ અને કેળવણીકારોને જ સ્વીકારવાના રહેશે.

આ બધા માટે સરકાર પર આધાર નહીં રાખી શકાય. પ્રજાએ પોતે જ પહેલ કરવી પડશે. નાના સ્તરે થાય પણ છે. પણ તેને ચળવળ બનાવવી પડશે. પ્રજાએ જ પોતામાંથી 'મહાજનો' તૈયાર કરવા પડશે અથવા કેવળ તેમને જ આદર આપતાં શીખવું પડશે.

નહીં તો બીજા વિસ્તાર ખૂબ આગળ વધતા હશે અને આપણે રૂઢીચુસ્તતામાં સબડતા હશું.

સ્વીકાર્ય છે?

નથી? તો સતત મૂલ્યાંકન કરવું જરૂરી છે.

પ્રગતિ તો થતી જ રહેવાની છે. તે અનિવાર્ય છે અને થવી જ જોઈએ.

પણ તટસ્થ મૂલ્યાંકન પ્રજાને સચેત રાખશે અને સ્વસ્થ વિકાસ તરફ જ દોરશે.

આ તો બાહ્ય મૂલ્યાંકન છે. હકીકતે બધાએ પોતપોતાનું મૂલ્યાંકન કરી પોતાના વિકાસને તપસાવાનો છે.

*કરાશે?*

પુરાતત્ત્વ

# સૌરાષ્ટ્ર-કચ્છના પુરાતત્ત્વિય સ્થાપત્યોમાં સમાનતા

નરેશ અંતાણી

આપણા ગુજરાત રાજ્યના નિર્માણ પછી અને એથીયે પહેલાં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત જ્યારે પશ્ચિમમાં સૌરાષ્ટ્ર – કચ્છ એવા કુદરતી કે રાજકીય ભાગ પડ્યા છે. અહી નોંધનીય બાબત એ છે કે, પશ્ચિમ ગુજરાત એવું કહેવાને બદલે સૌરાષ્ટ્ર-કચ્છ એજ રીતે આ પ્રદેશો ઓળખાયા છે. એટલે આરંભથી જ આ બંને પ્રદેશો એકમેકથી જોડાયેલા છે, સંકળાયેલા છે. કચ્છની વાત હોય કે, સૌરાષ્ટ્રની પણ કહેવાય સૌરાષ્ટ્ર-કચ્છ એક સાથે જ. આ બન્ને પ્રદેશના સંબંધો તો પૃથ્વી પર માનવ જીવનનો વિકાસ થયો અને માનવ સ્થળાંતરની પ્રક્રિયા થઈ હશે ત્યારથી જ બંધાયો હશે. દરિયાઈ સંબંધો પણ પ્રાચીનકાળથી જ હોવાનું નોંધાયું છે. સૌરાષ્ટ્ર એટલે મૂળ સૌરાષ્ટ્રની વાત કરીએ તો રાજકોટ, ગોંડલ, જામનગર, વાંકાનેર, મોરબી સાથેના સંબંધોના મૂળ પણ કચ્છથી જ શરૂ થાય છે. કચ્છના જાડેજા રાજવીઓએ કચ્છમાંથી થઈને જ આ પ્રદેશો પર પોતાની સત્તા સ્થાપી છે. અહીં વાત આપણે સૌરાષ્ટ્ર-કચ્છના સ્થાપત્યોમાં રહેલી સમાનતાની કરવાની છે ત્યારે સૌ પ્રથમ યાદ હડપ્પાકાલીન સંસ્કૃતિની આવે. આ સંસ્કૃતિની અનેક વસાહતો સૌરાષ્ટ્ર કચ્છમાંથી મળી આવી છે. એટલે આરંભ આ સંસ્કૃતિની વસાહતોથી જ કરીએ.

સૌરાષ્ટ્રમાં આવેલા રંગપુર, રોજડી અને પ્રભાસ જેવા સ્થળોએ કરાયેલાં પુરાતત્ત્વિય ઉત્ખનન દ્વારા સૌરાષ્ટ્રમાં સિંધુ સંસ્કૃતિના અસ્તિત્વ તથા એના વિસ્તાર અંગેની સારી વિગતો મળે છે. એજ રીતે કચ્છમાં પણ ધોળાવીરા, ખીરસરી, કાનમેર સહિતની અનેક હડપ્પીય વસાહતોમાંથી પણ એ સમયની સારી વિગતો મળે છે.

સૌ પ્રથમ સૌરાષ્ટ્રની હડપ્પીય વસાહતોની વાત કરીએ. સૌરાષ્ટ્રના રંગપુર, રોજડી અને પ્રભાસમાંથી મળેલા સિંધુ સંસ્કૃતિના અવશેષો તથા કચ્છ અને ગુજરાતની હડપ્પીય વસાહતોમાંથી મળેલા અવશેષોના આધારે આ સંસ્કૃતિનો સમયગાળો ઈ.સ. પૂર્વે ૨૩૦૦ એટલે ૪૫૦૦ વર્ષની અગાઉની આસપાસનો હોઈ શકે એવું પુરાતત્ત્વ સંશોધકોનું તારણ છે.

સૌરાષ્ટ્રના હડપ્પીય સ્થળોએથી મોટા પ્રમાણમાં પકવેલી માટીના વાસણો મળી આવ્યા છે, જે સિંધુ સંસ્કૃતિના માટીના વાસણો સાથે પૂર્ણ સામ્યતા ધરાવે છે. અત્યાર સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી પંદરથી વધારે સ્થળોએ ઉત્ખનન કરવામાં આવ્યું છે. જેમાં ધોળાવીરા, રોજડી અને પ્રભાસ મુખ્ય છે.

પ્રભાસમાં કરવામાં આવેલ ઉત્ખનન દરમિયાન માટીના એક નવા જ પ્રકારના વાસણો પ્રકાશમાં આવ્યા છે જે અન્ય સ્થળોથી મળી આવેલા પાત્રોથી જુદા પ્રકારના હોઈ તેને ખાસ 'પ્રભાસ વેર' તરીકે ઓળખવામાં આવે છે. પ્રભાસમાં મળી આવેલા પાત્રો સારી રીતે પકવેલા અને લાલ, ભૂરા કે રાખોડી રંગના છે. આ પાત્રોમાં વાટકા, રકાબી, દીવા અને થાળીઓનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આ પાત્રો પર જાંબલી કે કાળા રંગની વિવિધ રેખાકૃતિઓ દોરવામાં આવી છે.

સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના લીમડીના રંગપુર પાસેના એક ટીંબાનું સર્વેક્ષણ ૧૯૩૪માં ડૉ. ધ્રુવે કરી અહીં સિંધુ સંસ્કૃતિના અવશેષો મળી આવવાની શક્યતા વ્યક્ત કરી હતી અને એ પછી ૧૯૫૪-૫૫માં ડૉ. એસ. આર. રાવે પદ્ધતિસરનું ઉત્ખનન કરી સિંધુ સંસ્કૃતિના મહત્ત્વપૂર્ણ એવા અવશેષો શોધી કાઢ્યા હતા. અહીં કુલ ત્રણ તબક્કામાં ઉત્ખનન કરવામાં આવ્યું હતું. જેના અંતે એવું જણાયું કે, રાની પશુઓ અને નદીના પૂરથી બચવા એ સમયના લોકોએ પોતાના મકાનો ઊંચી બેઠકો પર બાંધેલા છે. અહીંથી ઉત્તમ પ્રકારની માટીના પાત્રો, અકીકના મણકા, ચોરસ વજનિયા, ચપ્પુ જેવી પથ્થરની પટ્ટીઓ, પકવેલી માટીના ત્રિકોણ આકારના પથ્થર અને તાંબાની કુહાડીઓ વગેરે મળી આવ્યા હતા, તો અહીંથી ડાંગર અને બાજરાના બળેલા દાણા પણ મળી આવ્યા છે. એટલે ડાંગર અને બાજરો, એ આ લોકોનો મુખ્ય ખોરાક હશે એવું માની શકાય. રંગપુર વસાહતનો વિનાશ નદીના ભારે પૂરના લીધે થયો હોવાનું નિષ્ણાતો અનુમાન કરે છે. એ રંગપુરના વિનાશ પછી નવું નગર પણ નિર્માણ થયું હોય એવા પ્રમાણો પણ મળી આવ્યા છે. એવું પણ અનુમાન કરાય છે કે, સિંધુ સંસ્કૃતિના સિંધુ ખીણ કરતાં પણ રંગપુરની વસાહત વધારે વર્ષો સુધી ટકી હશે.

રાજકોટ જિલ્લાના ગોંડલના શ્રીનાથગઢ પાસે અને ભાદર નદીના કાંઠે આવેલ રોજડી વસાહતનું પ્રાથમિક ઉત્ખનન ૧૯૫૦-૬૦ના દાયકામાં કરવામાં આવ્યું હતું. એ પછી એનું વિસ્તૃત ઉત્ખનન ગુજરાત સરકારના પુરાતત્ત્વ વિભાગ અને અમેરિકાની પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ૧૯૮૧થી ૧૯૯૪ દરમિયાન કરવામાં આવ્યું હતું. રોજડી વસાહત બે ટીંબામાં વહેંચાયેલી છે. બંને ટીંબા સરખા જ છે. આ વસાહતને અર્ધચંદ્રાકાર કિલ્લાથી સુરક્ષિત કરવામાં આવી છે. ભાદર નદી તરફનો ભાગ ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ ટીંબા પરના ઉત્ખનન દરમિયાન ઉપરના ભાગેથી ક્ષત્રપ સમયના અને એ પછી હડપ્પા સમયના અવશેષો મળી આવ્યા છે. જેનો અર્થ

એવો કરી શકાય કે, હડપ્પીઓના ગયા પછી બીજી-ત્રીજી સદીમાં અહીં ક્ષત્રપોએ પણ પોતાની વસાહત બનાવી હશે. ટીંબા નંબર બે માંથી વિશાળ અને મજબૂતાઈ ધરાવતા પાયાનું બાંધકામ મળી આવ્યું છે. અહીંથી મળેલા મોટાભાગના વાસણો પકવેલી માટીના અને સુરેખ આકારના મળ્યા હોઈ તે ચોક્કસ ચાકડા પર વ્યવસ્થિત રીતે બનાવાતા હશે. અહીંથી વિવિધ માટીના પાત્રો ઉપરાંત સોના તથા અકીકના મણકા, શંખની બંગડીઓ વગેરે પણ મળી આવ્યા છે.

*હવે કચ્છની હડપ્પીય વસાહતોની વાત કરીએ તો –*

કચ્છમાં ધોળાવીરા ઉપરાંત ખીરસરા, કુરન, દેશલપર ગુંતલી, કાનમેર, ધાણેટી સહિતના અનેક સ્થળોએથી હડપ્પીય વસાહતોનું ઉત્ખનન કરવામાં આવ્યું છે. એ પૈકી મહત્ત્વની વસાહતોની જ અહીં નોંધ લીધી છે.

● **ધોળાવીરા :**

હડપ્પીયન વસાહત ક્ષેત્રે કચ્છને વિશ્વભરમાં જાણીતું બનાવનાર વસાહત ધોળાવીરા પૂર્વ કચ્છના ખડીર બેટમાં આવેલી છે. આ બેટ ચારે તરફથી રણથી ઘેરાયેલો છે. ઇ.સ. ૧૯૭૦-૭૩ના વર્ષ દરમિયાન જગત્પતિ જોશીએ ધોળાવીરાનું આરંભિક ઉત્ખનન કાર્ય હાથ પર ધરતા આ સ્થળે વિશાળ હડપ્પીય નગર હોવાનું શોધી શકાયું.

આ પછી ૧૯૯૧ના ગાળામાં ભારત સરકારના પુરાતત્ત્વિય સર્વેક્ષણના વડા શ્રી બીસ્ટ અને તેમના સાથીદારોએ ઉત્ખનન કાર્યનો આરંભ કર્યો. પરિણામે ત્રણ ભાગમાં વહેંચાયેલું એક વિરાટ સિંધુ નગર પ્રકાશમાં આવ્યું. તમામ દૃષ્ટિએ જોતાં કંઈકને કંઈક વિશિષ્ટતાવાળું આ નગર સિંધુ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો પુરવાર થયો અને જેણે કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી દીધી. હડપ્પીય ધોળાવીરાની ખાસ ધ્યાન ખેંચે તેવી તેની કિલ્લેબંદી છે. મુખ્ય મહેલ કે જેને ‘સિટાડેલ’ કહેવામાં આવે છે, તે ખૂબ જ મજબૂત કિલ્લાથી રક્ષવામાં આવ્યો છે. બીજો કિલ્લો આ મહેલ તેમજ ઉપલા નગરની સુરક્ષા માટે બાંધવામાં આવ્યો છે.

અહીંના સુશોભિત સ્મારક સ્તંભો અહીંની વિશેષતા છે. સિંધુકાલીન લોકો કલાના ઉપાસક ન હતા એવી માન્યતાને ધોળાવીરાએ જબરી શિકસ્ત આપી છે. ધોળાવીરાના મહેલના ચારે દરવાજા કોતરણીવાળા પથ્થરોના બનેલા છે અને આ પ્રકારનું સ્થાપત્ય બીજે ક્યાંય પણ જોવા મળ્યું નથી.

ધોળાવીરામાંથી મળી આવેલું એક વિશાળ બોર્ડ પણ રસપ્રદ છે. જેના પર સિંધુ લિપિમાં અક્ષરો લખવામાં આવ્યા છે. આ બોર્ડ પર લુગદી જેવા પદાર્થ વડે ચોડીને મણકાઓથી લખાયેલા ૧૦ અક્ષરો કે સંજ્ઞાઓ છે.

પાણીની બચત કરવા માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવાના અને દૂરની નદી તેમજ ઝરણામાં પાણી લઈ આવવાની સુંદર યોજના અહીં જોઈ શકાય છે. મહેલમાં પાણીનું એક મોટુ ટાંકુ છે. જેમાં વિશાળ ગરનાળા દ્વારા નદીનું પાણી લાવવાની વ્યવસ્થા છે. અને આ ગરનાળું ભૂગર્ભમાં હોવાથી કિલ્લો બંધ હોવા છતાં પણ પાણીનો આ પ્રવાહ ચાલુ રહે છે. વરસાદી પાણી ભેગું થઈ તળાવમાં ભરાય તેવી રચના પણ છે. નહાવાનો એક મોટો હોજ પણ અહીં છે.

મહેલની બાજુમાં રમત ગમતનું વિશાળ મેદાન છે. મહેલથી થોડે દૂર ઉપલું નગર છે. જેમાં ધનિકો અને વેપારીઓ વસતા હશે. બે થી પાંચ ઓરડાવાળા મોટા મકાનો પથ્થરોના બનાવેલા છે. ખૂબ જ વ્યવસ્થિત કાટખૂણે કાપતા રસ્તાઓ છે. વપરાયેલા પાણીના નિકાલ માટે અહીં સુંદર ગટર વ્યવસ્થા જોવા મળે છે. ઘરેણા બનાવવાની, મણકા બનાવવાની અને તેમાં કાણા પાડવાની હાર પણ અહીં જોવા મળી છે.

આ ઉપલા નગરથી દૂર એક ગરીબ વસતી હોવાનું જણાય છે. જેને પુરાતત્ત્વવિદો નીચલું નગર કહે છે. અહીં કાચા-પાકા નાના મકાનો દેખાય છે. શ્રમિક વર્ગ માટે પણ મેલા પાણીના નિકાલની વ્યવસ્થા ઉપલા નગર જેવી જ છે. અહીંથી હડપ્પીય મુદ્રાઓ, વજનીયાઓ (કાટલા), હથિયારો, મણકા, સોનાના આભૂષણો મળ્યા છે. એકાદ માતૃકા પણ મળી છે.

છીપની એક ગોળાકાર રીંગ મળી છે. જેમાં ઉપરના ભાગમાં છ અને નીચેના ભાગમાં છ એમ ઉભા કાપા કરવામાં આવ્યા છે અને વિદ્વાનો આને પંચાંગની બાર રાશિઓના પ્રતિક અથવા નેવિગેશન કંપાસ (હોકાયંત્ર) હોવાનું તારણ કાઢે છે.

કચ્છના પાટનગર ભુજથી ૧૨૭ કિ.મી. દૂર આવેલું (ધ્રુડુલી - સાંતલપુર માર્ગે) આ સ્થાન ગુજરાત અને સૌરાષ્ટ્રથી આવતા પ્રવાસીઓ સામખિયાળીથી રાપરના માર્ગે ફંટાઈ ખડીર બેટ તરફ જઈ શકે છે. નજીકનું રેલવે સ્ટેશન સામખિયાળી છે. નજીકના હવાઈ મથક ભુજ તથા કંડલા છે. ગાંધીધામ અને ભુજથી પણ બસ તથા ખાનગી વાહનો મળી રહે છે. રહેવા માટે ધોળાવીરામાં ગુજરાત પ્રવાસન નિગમ તથા જંગલ ખાતાના અતિથિ ગૃહ છે. આ સિવાય રાપરમાં પણ હોટેલ તથા અતિથિ ગૃહો છે.

***ધોળાવીરા સિવાય પણ કચ્છમાં અનેક હડપ્પીય વસાહતો શોધાઈ છે, જેની પણ ટૂંકમાં વિગત મેળવીએ.***

● **ખીરસરા**

કચ્છના વાગડ વિસ્તારના ધોળાવીરા સહિત અને સ્થાનો

અને પચ્છમના કુરન પછી પશ્ચિમ કચ્છમાંય હડપ્પીય વસાહતીઓના પદચિહ્ન સંભળાઈ રહ્યા છે. નખત્રાણા તાલુકાના નેત્રા (માતાજીના) થી ૪ કિ.મી.ના અંતરે તથા પાટનગર ભુજથી ૭૦ કિ.મી. દૂર સ્થિત ખીરસરામાં ધોળાવીરા અને કુરન પછી કચ્છની સૌથી મોટી હડપ્પીય વસાહત શોધી શકાઈ છે. ઈ.સ. ૨૦૧૦ ડિસેમ્બર માસથી ભારત સરકારના પુરાતત્ત્વિય સર્વેક્ષણ વિભાગે ઉત્ખનન કાર્યનો આરંભ કર્યો. આ કાર્યના આરંભે જ મોટી વસાહત હોવાના અણસારો મળી રહ્યા છે. અહીં ધરબાયેલું નગર પણ ધોળાવીરાની માફક જ ત્રણ સ્તરનું છે.

અહીં મળી આવેલા નગરના અવશેષોમાં આયોજનબધ્ધ રીતે ચણાયેલી મકાનની દીવાલો પીળા રંગના પથ્થરની છે. સાતથી આઠ ફૂટની હારબંધ દીવાલો સુધીનું કરાયેલું ઉત્ખનન કાર્ય જોતાં જ પ્રથમ નજરે જ ભવ્ય સંસ્કૃતિનો અહેસાસ જોનારને થાય છે. ઉત્ખનન દરમિયાન વિવિધ આભૂષણો અને તેમાં ઉપયોગમાં લેવાતા મોતી મોટી સંખ્યામાં મળી આવ્યા છે. અહીંથી મળી આવેલું 'વેર હાઉસ' અનાજ સંગ્રહવાનો કોઠાર એ આ સ્થળની 'યુનિક' શોધ છે.

- **કુરન :**

કચ્છના રણકાંધીના પ્રખ્યાત કાળા ડુંગરની ગોદમાં આવેલા કુરન ગામની સીમમાં 'શહીદોના ગઢ' તરીકે જાણીતા વિસ્તારમાં સરસ્વતીની શોધ માટે આરંભિક ઉત્ખનન દરમિયાન જ આ સ્થળમાં રહેલા હડપ્પીય સભ્યતાના અનેક પ્રમાણો મળવાનું શરૂ થયું. આ સ્થળની મુલાકાત પછી જોવા અને જાણવા મળતી વિગતો મુજબ ધોળાવીરા ખાતેથી હજુ જે પ્રાપ્ત થયેલ નથી એવા અવશેષો અહીંથી મળી આવેલ છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગની વડોદરા કચેરી દ્વારા જાન્યુઆરી-૨૦૦૪ અહીં ઉત્ખનન શરૂ કરવામાં આવ્યું હતું.

અહીંથી માટીના પાત્રો, ઘરેણાં, માટીના અવશેષો, વાસણો, ગટરની પાકી નહેર અને ત્રણ પ્રકારના કિલ્લાઓથી રક્ષિત વસાહતો મળી આવે છે. ૪૧૦-૩૫૦ મીટરના વિસ્તારમાં આઉટર ફોર્ટીફિકેશન વૉલ (કિલ્લેબંધ) વિસ્તારમાં પથરાયેલ આ સ્થળના ૨૨૫-૨૨૦ મીટરના વિસ્તારમાં રાજભવન આવેલ છે. આ ઉપરાંત લૉઅર ટાઉન આવેલ છે.

આ અગાઉ શોધાયેલ સિંધ, બલુચિસ્તાન, ધોળાવીરા, સૂરકોટડા વગેરે હડપ્પીય નગરોના રાજભવનમાં કબ્રસ્તાન જોવા મળેલ નથી. જ્યારે નવ સંશોધિત કુરન વિસ્તારમાં આ જોવા મળ્યું છે કે મોટી ઉંમરની વ્યક્તિને રાજભવનની નજીક દફનાવવામાં આવી છે.

કચ્છના પાટનગર ભુજથી ૮૦ કિ.મી. દૂર આવેલું આ સ્થાન જોવા ભુજથી કાળો ડુંગર, ધોરડો સફેદ રણના પ્રવાસ દરમિયાન તે જોઈ શકાય છે.

- **કાનમેર :**

કચ્છના પ્રાચીન વાગડ વિસ્તારમાંથી ખનન કાર્યના આરંભમાં જ એક સુંદર નગર રચના ધરાવતું નગર રાપર તાલુકાના કાનમેર ગામ નજીક આવેલી ટેકરી પર ધરબાયેલું રહ્યું છે. જેનું ઉત્ખનન ગુજરાત સરકારના પુરાતત્ત્વ વિભાગ, રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદયપુરના પુરાતત્ત્વ વિભાગ તથા જાપાન સરકારના માનવ સંશાધન અને પ્રાકૃતિક સંપદા સંશોધન વિભાગના સંયુક્ત ઉપક્રમે કરાયું છે. ડૉ. એમ.કે. ધવલીકરના અનુમાન મુજબ આ નગર એક કેમ્પ હશે કારણકે આ નગરમાં એક જ સામૂહિક રસોડાના અવશેષો મળ્યા છે. નગરની અંદર મકાનો તથા માર્ગો પણ દેખાય છે. કાનમેરનું આ હડપ્પાકાલીન નગર એક સમયે દરિયાથી વધુ નજીક હોવાની સંભાવના છે અને જે તે સમયે તે એક મોટું વ્યાપારી મથક હોવાની સંભાવના પુરાતત્ત્વવિદો વ્યક્ત કરે છે. આ નગરમાં માત્ર ઉચ્ચ વર્ગના લોકો જ વસવાટ કરતા હશે અથવા તો આ નગરમાં તમામ સ્તરના લોકો એકસંપથી રહેતા હશે. ધોળાવીરાના પ્રવાસની સાથે આ સ્થાનની પણ મુલાકાત લઈ શકાય છે.

- **દેશલપર (ગુંતલી) :**

પાકિસ્તાનથી આવેલા પૂર્વ હડપ્પીયોએ આ વસાહત વસાવી હતી. અહીંથી મુદ્રાઓ, મુદ્રાંકો, વજનિયા અને આભૂષણો મળ્યા છે. અહીં પણ પ્રથમ કાચી ઈંટનો અને પછી પથ્થરથી મજબૂત કરવામાં આવેલો કિલ્લો ધ્યાનમાં આવ્યો છે. આ સ્થળ હાજીપીર જતાં રસ્તામાં આવે છે. જેનું વ્યવસ્થિત ઉત્ખનન હજુ બાકી છે.

- **શિકારપુર :**

કચ્છના ઉત્તર પૂર્વ કિનારે આવેલો ટીંબો એટલે રાપર તાલુકાનું શિકારપુર સામખિયાળીથી ૧૯ કિ.મી. દૂર હાઈવે પર આવેલો છે. અકીક, કાર્નેલિયમ, સ્ટીએરાઈટ પેસ્ટમાંથી બનેલા અસંખ્ય મણકા તેમાં કાણું પાડવા માટેની શારડીઓ, માછલી પકડવાનો હૂક, સુંદર ચિતરામણ કરેલા વાસણો, રમકડાં ગાડી, વૃષભ અહીંથી મળ્યા છે. સૌથી રસપ્રદ ઉપલબ્ધિ સ્વસ્તિકના ચિન્હવાળું લોકેટ છે. ધોળાવીરાના પ્રવાસની સાથે આ સ્થાન પણ જોઈ શકાય છે.

- **પાબુમઠ :**

રાપર તાલુકાના સૂવઈ ગામની નજીક છે. પ્રારંભિક

કાળમાં કાચા લાકડાંના અને પાછળથી પથ્થરના બનાવેલા રહેઠાણો અહીંથી મળ્યા છે. એક શિંગી પ્રાણીની મુદ્રા મળી છે. જેમાં હડપ્પન લિપિમાં લખાણ છે. અકીકના મણકા, શંખની બંગડીઓ, તાંબા અને કાંસાની બંગડીઓ તેમજ ઉત્કૃષ્ટ પ્રકારના વાસણો મળ્યા છે. અહીં પણ દક્ષિણ સિંધમાંથી સ્થળાંતરીત થયેલા લોકો વસ્યા છે એમ માનવામાં આવે છે.

**• ઇંટથી નિર્માયેલા સ્થાપત્યો :**

સૌરાષ્ટ્ર - કચ્છમાં હડપ્પીય વસાહતો ઉપરાંત પણ પુરાતત્ત્વની દૃષ્ટિએ મહત્ત્વના ગણી શકાય એવા ઇંટના બાંધકામ ધરાવતા સ્થાપત્યો પણ મળી આવ્યા છે. તેના બે જ નમુનાઓ તેના તુલનાત્મક અભ્યાસ માટે અહીં મૂક્યા છે. ફરક એટલો છે કે, સૌરાષ્ટ્રમાં મળેલું ઇંટનું બાંધકામ બૌદ્ધ સ્તુપ જેવું છે, જ્યારે કચ્છમાં મળેલ બાંધકામ એક કબ્રસ્તાનમાં કબરને ફરતે ચણવામાં આવેલા કૂબા છે.

જૂનાગઢથી પૂર્વમાં ૯ કિ.મી. ઇંટવા નામની એક ટેકરી છે જેમાં પુષ્કળ પ્રમાણમાં ઇંટો મળી આવતી હોઈ ૧૯૪૯માં સૌરાષ્ટ્ર રાજયના પુરાતત્ત્વ વિભાગે ઉત્ખનન કરતાં બૌદ્ધ વિહાર જેવું ઇંટનું બાંધકામ ધરાવતો સ્તૂપ મળી આવ્યો હતો. લંબચોરસ આકૃતિ ધરાવતા આ વિહારમાં નાના સાત ઓરડાઓ અને એક મોટો ખંડ તથા પરસાળ આવેલ છે. આ વિહાર બૌદ્ધ સાધુઓના નિવાસ, સાધના અને પ્રાર્થનાખંડ હોવાનું માનવામાં આવે છે. અહીંથી 'મહારાજ રૂદ્રસેન વિહાર ભિક્ષુસંઘસ્ય' લખાણ ધરાવતું મુદ્રાંકન પણ મળી આવ્યું છે. આ સ્તુપ વિહાર ઈ.સ. પૂર્વે ત્રીજી સદીનો હોવાનું અનુમાન કરાય છે.

આ જ રીતે કચ્છમાં પણ પાકી ઇંટોના બાંધકામ ધરાવતા કૂબા મળી આવ્યા છે.

પશ્ચિમ કચ્છના નલિયા અને લખપત વચ્ચે દરિયા કિનારાથી થોડેક જ કિ.મી. દૂર ગોલાય તથા પીપર ગામની સીમમાં એક વિશાળ કબ્રસ્તાનમાં અસંખ્ય કબરો આવેલી છે. આ દરેક કબર સંશોધન માંગે તેવી છે. આ કબરોની નજીક એક વિશાળ મેદાનમાં કેટલાક ડેલીબંધ કૂબાઓ આવ્યા છે. આ કૂબાઓની અંદર મોટી મોટી પ્લીન્થ ધરાવતી કબરો જ આવી છે પણ તે વિશિષ્ટ વ્યક્તિની હોઈ શકે કારણકે સામાન્ય કબરોથી સાત આઠ ફૂટ ઊંચી અને તેને ફરતે કૂબાનું બાંધકામ તથા તેનેય પાછી ડેલીબંધ કરી તેની આસપાસ ઇંટની દીવાલનું ચણતર કરવામાં આવ્યું છે.

આ કૂબાઓ અંગે સૌપ્રથમ નોંધ કચ્છના કેળવણી નિરીક્ષક દલપતરામ પ્રાણજીવન ખખ્ખરની મળે છે. તેમણે ઈ.સ. ૧૮૮૦માં કરેલી એક નોંધમાં આ કૂબાઓનો ઉલ્લેખ જોવા મળે છે. શ્રી ખખ્ખર આ કૂબા અંગે લખે છે કે, 'ચોરસ આકારના ડૉમ એ કૂબા તરીકે ઓળખાય છે. અહીંનો સૌથી જૂનો કૂબો ૩૨ સ્કવેર ફૂટ અને ૨૦ ફૂટની ઊંચાઈ ધરાવે છે. તેનું નિર્માણ સિંધની ઇંટો અને ચૂના વડે કરવામાં આવ્યું છે. તેને ફરતે દીવાલ બાંધવામાં આવી છે અને તેમાં પ્રવેશવા માટે ડેલી પણ બનાવવામાં આવી છે. અંદર પાછળની દીવાલમાં સુંદર મહેરાબ છે અને તેમાં આઠ કબરો આવી છે.

બીજા બે નાના કૂબા પાછળથી બન્યા હોય તેમ જણાય છે. તેની પરસાળ પીળા પથ્થરની બનેલી છે. કૂબાના બાંધકામમાં વપરાયેલી ઇંટો સારી જાતની છે. કૂબામાં પથ્થરનો એક શિલાલેખ આવ્યો છે. તેમાં જોવા મળતી નોંધ મુજબ આ કૂબો જામ હભાનો છે અને તેનું નિર્માણ સંવત ૧૬૧૨ ઈ.સ. ૧૫૫૬માં કરાયું છે.

**• સૌરાષ્ટ્ર કચ્છમાં પ્રાચીન શૈલગૃહો :**

ગુજરાતના સમૃધ્ધ શિલ્પ સ્થાપત્યના વારસામાં બૌધ્ધ ધર્મનું પ્રદાન પણ નોંધપાત્ર છે. ગુજરાતમાં બૌધ્ધ ધર્મના પ્રચાર અને પ્રસારના જે આધારો મળે છે એ મુજબ ઈ.સ. પૂર્વે ત્રીજી સદી અર્થાત્ સમ્રાટ અશોકના સમયથી થયો હોવાનું અનુમાન કરી શકાય કેમકે જૂનાગઢમાં ગિરનાર જવાના માર્ગમાં રહેલા અશોકના શિલાલેખની વિગતો પરથી આમ જણાય છે. આ ધર્મનો વધારે પ્રચાર ક્ષત્રપોના સમયમાં થયો હતો. કચ્છમાં પણ આજ સમય આસપાસના ક્ષત્રપ શિલાલેખો મળી આવે છે અને ક્ષત્રપો બૌધ્ધ ધર્મના અનુયાયી હતા. બૌધ્ધ સ્થાપત્યોમાં તેના ઇંટેરી તથા શૈલોત્કર્ણ ગુફાઓ એમ બંને પ્રકારના જોવા મળે છે. આ ઇંટેરી સ્થાપત્યની સાથે સાથે સૌરાષ્ટ્ર કચ્છમાં શૈલોત્કર્ણ ગુફાઓ પણ મોટી સંખ્યામાં જોવા મળે છે.

આજથી બે હજાર વર્ષ અગાઉના સમયની આસપાસ સૌરાષ્ટ્ર - કચ્છની ભૂમિ બૌદ્ધ ધર્મના પ્રચારથી રંગાઈ હતી. જેના અનેક પ્રમાણો આજે પણ સૌરાષ્ટ્ર - કચ્છમાંથી મળી આવે છે. આ અવશેષોમાં ચૈત્ય, સ્તૂપ અને વિહારનો સમાવેશ થાય છે. આ ચૈત્ય, વિહાર અને સ્તૂપમાં ચંદ્રશાળા જેવા મકાનો ધરાવતા શૈલગૃહો એટલે કે ગુફાઓની પણ ભારતીય સ્થાપત્યમાં વિશેષતા છે. આવાં શૈલ ગૃહો સૌરાષ્ટ્ર કચ્છમાં પણ છે.

જૂનાગઢમાં બાવપ્યારા, ખાપરા કોડિયા, ઉપરકોટની ગુફાઓ, માઈગઢેચી હજુ પણ ઊભા છે. સૌરાષ્ટ્રની શેત્રુંજી નદી પાસે તળાજાની તેમજ બાબરિયાવાડા ઉના પાસેની સાણાની ગુફાઓ, ભીમચોરીની ગુફાઓ, કચ્છમાં સિયોતની

ગુફાઓ અને નાડાપાની ગુફા આ પ્રદેશમાં બૌદ્ધ ધર્મના પ્રસારની ગવાહી આપે છે. આવી ગુફાઓનો ટૂંક પરિચય પણ મેળવીએ.

● **ઢાંકની ગુફાઓ :**

રાજકોટ જિલ્લાના ઉપલેટા પંથકના ઢાંક ગામની પશ્ચિમે આવેલી એક નાની ટેકરીના ઉપરની પશ્ચિમ દિશામાં કેટલીક શૈલ-ઉત્કીર્ણ ગુફાઓ જોવા મળે છે. આ ગુફાઓ જો કે જૈન ગુફાઓ હોવાનો સ્પષ્ટ મત જાણીતા પુરાતત્ત્વવિદ્ છોટાલાલ અત્રિનો છે.

અંદાજે ૭ x ૪ ફૂટની નાની પ્રથમ ગુફાની, પ્રવેશ દ્વાર સિવાયની, ત્રણ બાજુએ ૨૨ ઇંચની લંબાઈ-પહોળાઈવાળો એક-એક ગોખલો આવ્યો છે. દરેક ગોખલામાં જૈન તીર્થંકર આદિનાથની પદમાસનસ્થ દિગંબર પ્રતિમાઓ કંડારેલી પ્રતિષ્ઠિત કરાઈ છે. જેના શિરોભાગે ત્રિછત્ર, નીચેની બંને બાજુ ઉપર એક-એક ચામર વાહક અને ઉપરના ભાગે બંને તરફ એક-એક ઉડતો ગંધર્વ પણ કોતરાયેલો જોવા મળે છે.

આ ગુફાની ઉત્તર દિશા તરફ જતાં થોડે અંતરે ખડક ઉપર અલ્પમૂર્ત શિલ્પમાં કોતરાયેલી કેટલીક પ્રતિમાઓ પણ જોવા મળે છે. જે પૈકી આદિનાથ, શાંતિનાથ અને અંબિકા વગેરે ઉલ્લેખનીય પ્રતિમાઓ છે. તીર્થંકરોની પ્રતિમાઓની શિલ્પ કોતરણીના આધારે હમ ગુફાઓ ઈસવીસન ત્રીજી સદીની હોવાનું પણ શ્રી અત્રિ નોંધે છે.

● **ઝીંઝુરી-ઝરની ગુફાઓ :**

ઢાંકની પશ્ચિમે પાંચ માઈલ દૂર સિદ્ધસર ગામ પાસે ઝીંઝુરી-ઝર નામના સ્થાન પાસે કેટલીક ગુફાઓનો સમૂહ જોવા મળે છે. આ પૈકી એક ગુફામાં વેદિકાથી જોડાયેલા બે અષ્ટકોણ સ્તંભ પહેલી-બીજી શતાબ્દિના હોવાનું મનાય છે.

● **ખંભાલિડાની બૌદ્ધ ગુફાઓ – ગુજરાતની શિલ્પ સમૃદ્ધિ :**

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાનું ગામ ખંભાલિડા. આમ તો નાનું ગામ છે પરંતુ પુરાતત્ત્વની દૃષ્ટિએ અતિ મહત્ત્વનું એવું આ ગામ રાજકોટથી ૬૬ કિ.મી. અને જેતપુરથી ૧૦ કિ.મી. દૂર આવ્યું છે. અહીંના વિશાળ સાતવડા ડુંગરોની હારમાળામાં બૌધ્ધકાલીન ગુફા સમૂહ આવ્યો છે. આમ તો જ્યાં સુધી નજીક ન પહોંચીએ ત્યાં સુધી ખબર પણ ન પડે તેવા સ્થાને આ ગુફાઓ આવી છે. આ ગુફાઓ ૧૯૫૮ની સાલમાં મુંબઈ રાજ્યના પુરાતત્ત્વ વિભાગના ગુજરાત મંડળના પુરાતત્ત્વવિદ પી.પી. પંડ્યાએ શોધી છે અને જેની નોંધ ભારત સરકારના પુરાતત્ત્વ વિભાગના વર્ષ ૧૯૫૮-૫૯ના વાર્ષિક અહેવાલમાં કરાઈ છે.

આ ગુફાઓ અંગે સ્વ. પંડ્યાએ નોંધ્યું છે કે, સાતવડા ડુંગરોની ગોદમાં વસેલા ખંભાલિડા ગામ પાસે વહેતા અને ભાદર નદીને મળતાં એક ઝરણાનાં કાંઠે ક્ષત્રપ અને ગુપ્તકાળના સંક્રાંતિ સમયે નિર્માણ કરાયેલી આ ગુફાઓમાં વિહાર, સભામંડપો અને ચૈત્યગૃહ છે. ચૈત્યગૃહના પ્રવેશદ્વારની બંને બાજુએ છ ફૂટ ઊંચી બાધિસત્વો પદ્મપાણિ અને વજ્રપાણિની મૂર્તિઓ કંડારવામાં આવી છે. તેની બંને તરફ વૃક્ષોની છાયા તળે યક્ષ-યક્ષિણીઓના વૃંદો પણ કોતરાયેલા જોવા મળે છે. યક્ષિણીના ભરાવદાર શરીર, લચકતાં ગાત્રો અને મસ્તક પરનો પહેરવેશ આ શિલ્પો બીજી સદીના હોવાનું સૂચવે છે. તો મુખ પરની તરવરતી કુમાશ, અંગમરોડ, વસ્ત્ર પરિધાન, અલંકારના પ્રકાર અને ચૈત્ય ગવાક્ષોની સ્થાપત્ય શૈલી ગુપ્તકાળની અસર બતાવે છે. એકંદરે જોતાં આ ગુફાના જીર્ણ શિલ્પાવશેષો ઇસવીસન બીજા સૈકાની સમગ્ર ગુજરાતની શિલ્પકળાનું પ્રતિનિધિત્વ કરે છે.

ગુફાની બહાર કંડારાયેલા આ શિલ્પો તેની બારીક કોતરણીની દૃષ્ટિએ જોતાં ગુજરાતમાં આ પ્રકારના એકમાત્ર શિલ્પો છે. અહીં એક ખડકમાંથી ત્રણ ગુફાઓ કોતરવામાં આવી છે. મધ્ય ગુફા ચૈત્ય હોવાનું અનુમાન કરાય છે. જેની અંદરનો સ્તુપ ખંડિત હાલતમાં છે. ગુફાની બહાર જમણી બાજુએ કંડારાયેલ બોધિસત્વ પદ્મપાણિના હાથમાં કમળ છે, માથે મુકુટ અને અલંકારો ધારણ કરેલા છે. જ્યારે ડાબી બાજુએ કોતરાયેલ વજ્રપાણિની પ્રતિમામાં બુદ્ધે આયુધોના માધ્યમથી જીવનના પડકારોનો સામનો કરવા આપેલો સંદેશ વ્યક્ત કરાયો છે. આ બંને અવલોકિતેશ્વર પદ્મપાણિ અને વજ્રપાણિ બોધિસત્વો છે અને આ બોધિસત્વોને ગુફાના દ્વારે સ્થાપવાનો મર્મ એવો હોઈ શકે કે બોધિસત્વોની કૃપા પ્રાપ્ત થાય એ આત્માઓ જ નિર્વાણની આ ગહન ગુફામાં પ્રવેશ મેળવી શકે.

ખંભાલિડાની આ બૌદ્ધ ગુફાઓના દ્વારની ઉપરની પટ્ટીમાં ચૈત્યબારીઓ, રેલીંગ અને મનુષ્યની નાની શિલ્પાકૃતિઓ કોતરાયેલી જોવા મળે છે. જે પણ ૪થી સદીની હોવાનું મનાય છે. આ ગુફાઓ ઈલોરાની આઠ નંબરની ગુફા સાથે ઘણું સામ્ય ધરાવે છે.

સાતવડાની ગોદમાં આવેલો આ નીરવ શાંત પ્રદેશ એ સમયે વજ્રયાનની ગુપ્ત સાધના કરવા માટેનું ઉત્તમ સ્થળ હોઈ શકે. ઈતિહાસની દૃષ્ટિએ આ ગુફાઓનું મહત્ત્વ એટલા માટે વધી જાય છે કે, વજ્રયાન પંથકની આ જૂનામાં જૂની ગુફાઓ છે. અજંટા ઈલોરાની ગુફાઓ કરતાં પણ તે અત્યંત પ્રાચીન છે. મહાયાનના ઉદ્ગમ અને વિકાસને સમજવા માટે આ

ગુફાઓ શ્રેષ્ઠ પુરાવા સમાન છે.

● **સાણાની બૌદ્ધ ગુફાઓ :**

ગિર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં રૂપેણ નદીના વિસ્તારમાં સાણા-વાંકિયામાં અંગ્રેજી યુ આકારમાં ૬૨ જેટલી બૌદ્ધ ગુફાઓ આવેલી છે. જેમાં ચૈત્ય અને વિહાર એમ બંને પ્રકારની ગુફાઓ જોવા મળે છે. પ્રમાણમાં સાદી છતાં ગુજરાતમાં બૌદ્ધ ધર્મના પ્રસાર અંગેનો મોટો આધાર આ ગુફાઓ આપે છે.

આ ગુફાઓમાં સૌથી વધુ નોંધપાત્ર ત્રણ ગુફાઓ છે. જેમાંથી એક એભલમંડપ તથા ભીમચોરી તરીકે જાણીતી છે.

એભલમંડપ તરીકે ઓળખાતી આ ગુફા ૬૨ ગુફાઓમાં સૌથી મોટી છે અને નીચેના ભાગમાં આવી છે. ૬૮.૫ ફૂટ પહોળી, ૬૧ ફૂટ ઊંડી અને ૧૬.૫ ફૂટ ઊંચી આ ગુફાના આગળના ભાગમાં છ સ્તંભો છે પરંતુ એ પછી અંદરના ભાગે કોઈ સ્તંભ નથી. પ્રવેશથી અંદરના ભાગે ઓટલા જેવી રચના છે. શક્ય છે કે તે બેઠક માટે બનાવાયો હશે. આ ગુફાનો ઉપયોગ વિહાર તરીકે કરાતો હોવાનું જણાતું નથી એવું અનુમાન પુરાતત્ત્વવિદ મુનેન્દ્ર જોશી કરે છે. આ ગુફાનો ઉપયોગ આગળ કહ્યું તેમ પ્રવચન ખંડ કે સામૂહિક પ્રાર્થનાના ખંડ તરીકે કરાતો હશે. જૂનાગઢની ઉપરકોટની ગુફાઓમાં આ પ્રકારની રચનાવાળી ગુફા છે જેને પુરાતત્ત્વવિદો આનંદભવન કે પ્રમોદવન તરીકે ઓળખે છે. જેથી આ પ્રકારના સમારંભો કે ધર્મના પ્રચાર પ્રસાર માટે આ પ્રકારની ગુફાઓ પણ નિર્માણ કરાતી હશે એવું જણાય છે.

એભલમંડપની ગુફાથી બરાબર ૧૨૦ ફૂટ ઊંચે બીજી ગુફા છે જેને ભીમચોરી તરીકે સ્થાનિક પ્રજા ઓળખે છે. પૂર્વાભિમુખ ગુફામાં અંદરના ભાગે તેને ટેકવવા માટે આવૃકોણ સ્તંભો ઉભા કરાયા છે. ડૉ. સાંકળિયા આ ગુફાને નાસિકની નહપાન ગુફાઓ સાથે સરખાવે છે. આ ગુફા વિહાર હોવાનું જણાય છે. ભીમચોરી ગુફાની પાસે જ એક સાદું ૧૮.૩૧ ફૂટનું ગૃહ ચૈત્ય છે. જે ૧૩.૫ ફૂટ ઊંચું છે. સમતલ છાદ્ય ધરાવતા આ ગૃહની દીવાલ અર્ધવર્તુળાકાર છે. જેના આગળના ભાગે પથ્થરમાં કંડારવામાં આવેલો સ્તુપ પણ નિહાળી શકાય છે. સ્તુપનો ઘેરાવો ૭ ફૂટ ૧૦ ઈંચનો છે. આ ચૈત્યગૃહમાં કેટલીક ઓરડીઓ પણ છે જેની દીવાલોમાં કક્ષાસનની રચના છે.

ભીમચોરી ગુફા તથા ચૈત્યગૃહ પાસે પાણી સંગ્રહ માટે ટાંકાની રચના કરવામાં આવી છે જે બૌદ્ધ ભિક્ષુઓની જળ વ્યવસ્થાપન યોજનાનો પરિચય કરાવે છે.

● **કચ્છમાં કટેશ્વર (સિયોત) અને તેની ગુફા :**

કચ્છનાં અનેક તીર્થ સ્થાનોમાં લખપત તાલુકામાં આવેલું કટેશ્વર પણ એક પૌરાણિક તીર્થધામ છે. આ સ્થાન ભુજથી ૧૨૫ કિ.મી. દૂર છે.

પુરાતત્ત્વની દૃષ્ટિએ મહત્ત્વની કહી શકાય એવી સિયોત ગામ પાસે આવેલી કોટેશ્વરની ગુફાઓમાંથી ૧૯૯૦ના દાયકાના આરંભમાં હજારોની સંખ્યામાં કાચી માટીની બૌદ્ધ મુદ્રાઓ મળી આવી છે. જે કચ્છમાં બૌદ્ધ ધર્મના ફેલાવાના પૂરતા પ્રમાણો આપે છે. આ મુદ્રાઓ પૈકી બે મુદ્રાઓ પણ ભુજના કચ્છ મ્યુઝિયમમાં નિહાળી શકાય છે.

આ ગુફાઓ સૌપ્રથમ ઈ.સ. ૧૯૬૭માં ગુજરાતના વિદ્વાન વિદ્યાવાચસ્પતિ કે.કા. શાસ્ત્રીએ પોતાના કચ્છ પ્રવાસ દરમિયાન જોઈ હતી. આ ગુફાઓ પણ ઈ.સ. ત્રીજી શતાબ્દિની છે. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસના બીજા ગ્રંથમાં નોંધાયા મુજબ સૌરાષ્ટ્રની જેમ આ ગુફાઓ સાથે પણ જાણીતા બહારવટીયા ખાપરા-કોડિયાનું નામ જોડાય છે.

અહીંની બે ગુફાઓ પૈકી પૂર્વ બાજુની ઓસરીના ઘાટની ગુફા અને પશ્ચિમ ભાગની ગુફા આગળનો ઓસરીના જેવા ઘાટની ગુફાનો ભાગ નષ્ટ થઈ ગયો છે. અવિષ્ટ ભાગમાં ૮ x ૮ ફૂટના માપનો ખંડ અને એના પ્રવેશદ્વાર ઉપરનું અસ્પષ્ટ કોતરકામ ૧૦ x ૮ ફૂટના માપવાળો બીજો ખંડ પરસાળ તથા તેમાં આવેલા આઠ ફૂટના ઘેરાવાળા સ્તંભ નોંધપાત્ર છે. કચ્છમાં બૌદ્ધ ધર્મના અનુયાયીઓ ફેલાયેલા હતા તેવા સમયની આ ગુફાઓમાં આવેલા આ સ્તંભ અન્ય બૌદ્ધ સ્તંભોના ઘાટથી જ હોવાથી આ ગુફાઓ બૌદ્ધ ગુફા જ હોવાનો સ્પષ્ટ મત પુરાતત્ત્વવિદો આપે છે.

આજ રીતે ભુજ તાલુકાના નાડાપા ગામની સીમમાં પણ એક નાની બૌદ્ધ ગુફા આવેલી છે જેમાં બ્રાહ્મી લિપિમાં લખાણ પણ કંડારવામાં આવ્યું જોઈ શકાય છે. ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગના પૂર્વ સચિવ ડૉ. કે.કે. ચક્રવર્તીએ આ ગુફાના જતન માટે ભારત સરકારને રજૂઆત પણ કરી હતી પરંતુ આજ સુધી આ ગુફાને રક્ષિત કરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિવિધ કાળના મંદિર, મસ્જિદ, કિલ્લા, વાવ, કુંડ સહિતના અનેક સ્થાપત્યો આવ્યા છે જે દરેક એકમેકમાં સમકાલીન હોવાના કારણે ઘણું સામ્ય ધરાવે છે. પરંતુ અહીં માત્ર પુરાતત્ત્વિય મહત્ત્વ ધરાવતા સ્થાપત્યોની જ વાત કરાઈ છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ - માધાપર રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

વૈષ્ણવ જન

# ચિરંતન પ્રેરક ભજન : 'વૈષ્ણવજન...'

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

- **ભૂમિકા :**

માનવ સમાજની ઉત્ક્રાંતિને પરિણામે બોલચાલની ભાષાને 'શબ્દ' સ્વરૂપ પ્રાપ્ત થયું અને પછી અનેક સર્જકો દ્વારા ગદ્ય-પદ્ય સાહિત્યની રચના થતી ગઈ. ભારતમાં સૌ પ્રથમ ચાર વેદ, ઉપનિષદ લિપિબદ્ધ થયા. તેને સાતેક હજાર વર્ષનો સમય થયો છે તો પણ તેના અમર વારસામાંથી આજેય શ્રેષ્ઠ માનવ બનવાની દિશા મળ્યા કરે છે. નરસિંહરાવ દિવેટિયાની રચના 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી' કે હરિહર ભટ્ટના 'મંગલ મંદિર ખોલો' હૃદયને અભિભૂત કરી જાય છે. આવી જ એક ઉચ્ચકોટિના ભજનની ચર્ચા કરવી છે.

- **વૈષ્ણવજનઃ**

આદિકવિ ભક્ત નરસિંહ મહેતા દ્વારા ૪૫૦ વર્ષ પૂર્વે આશાવરી રાગમાં રચાયેલું ગાંધીજીને પ્રિય ભજન 'વૈષ્ણવજન'માં શ્રીમદ્ ભગવદ ગીતાના સોળમાં અધ્યાયમાં વર્ણવેલ દૈવી સંપત્તિના લક્ષણો ગેય સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે. તેના દરેક શબ્દ આજેય માનવજાતને આત્મચિંતન તરફ દોરી જવામાં નિમિત્ત બને છે.

### *વૈષ્ણવજન એટલે પરમાત્માનો પરમભક્ત કોને કહેવાય?*

૧. *જે પીડ પરાઈ જાણે રે :*
બહુજન સમાજની વેદના પારખીને તેમને યથાશક્ય મદદરૂપ થવા સંવેદના, સહાનુભૂતિ, દયા અને કરુણા હોય.

૨. *પર દુઃખે ઉપકાર કરે, મન અભિમાન ન આણે રે...*
બીજાને સહજભાવે ઉપયોગી થાય અને છતાં કર્તાભાવ ન હોય. આઈન્સ્ટાઈનના શબ્દોમાં "આપણને જે સમૃદ્ધિ અને સત્તા મળ્યા છે તે વર્તમાન અને દિવંગત લોકોના સહાયને આભારી છે." ત્યારે આપણાથી પાછળ રહી ગયેલાને ઋણભાવથી ઉપયોગી થવાનું છે. એ માટે કોઈ અહંકાર ન હોય. મુંબઈની તાજ હોટેલ ઉપર આતંકવાદીઓ ત્રાટક્યા ત્યારે ત્યાંના કર્મચારીઓ નાસી ન ગયા, ગ્રાહકોની સેવા કરી. રતન તાતાએ આ કર્મચારીઓના સમગ્ર પરિવારની નિષ્કામભાવે આજીવન ખેવના કરી.

૩. *સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કોની રે...*
અહીં હકારાત્મકતાનો ધ્વનિ પડઘાય છે. દરેકના ગુણ જોવાના છે, તેમની પ્રસંશા કરવાની છે. કોઈના દોષદર્શનમાં પડીએ નહીં.

૪. *વાચ કાછ મન નિચલ રાખે...*
જેના વાણી, વર્તન અને વ્યવહારની નિરંતર એકસૂત્રતા હોય તેજ ચારિત્ર્યવાન ગણાય. ગાંધીજીના સમગ્ર જીવનનું મૂલ્યાંકન નારાયણ દેસાઈએ એક જ વાકયમાં કર્યું : "મારું જીવન એજ મારી વાણી."

૫. *સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે...*
સમગ્ર સૃષ્ટિ માટે અદ્વૈત - એક જ ભાવ, કોઈ ભેદભાવ નહીં. જયારે વ્યક્તિ દરેકના આત્મા સાથે પોતાના આત્માનું અનુસંધાન કરે ત્યારે જ આ દૃષ્ટિ કેળવાય. તેને કોઈ આસક્તિ-તૃષ્ણા ન હોય. તેની બુદ્ધિ પ્રજ્ઞાવાન હોય.

"છોડીને કામના સર્વે, કરે જે નર નિસ્પૃહ, અહંતા, મમતા મૂકી તે પામે શાંતિ ભારત" અને તેનામાં હોય સ્ત્રી દાક્ષિણ્ય, સન્માનની ભાવના.

૬. *જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે...*
સત્ય એક મહાવ્રત છે. તેજ ઈશ્વર છે. જેના અંતરમાં આ ચિરંતન મૂલ્યની સ્થાપના થયેલી છે તે ગમે તેવા સંજોગોની વચ્ચે પણ ક્યારેય અસત્યનો આશ્રય લેશે નહીં. તેથી જ દક્ષિણ આફ્રિકામાં બેરિસ્ટર ગાંધી ઉપર લોકો વિશ્વાસ મૂકતાં. તેને પોતાનો કેસ સોંપતા. છેક ૧૮૯૨માં આ ગાંધીની માસિક આવક હતી ૫૦૦૦ પાઉન્ડ.

'પરધન' બીજાના ધન-સંપત્તિ મેળવવાની લાલચ નથી. પરિશ્રમ અને પ્રામાણિકતાથી જ જે પ્રાપ્ત થાય તેનાથી પરમ સંતોષ.

૭. *મોહ, માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય તેના તનમાં રે...*
ચિત્તમાં રહેલી છ વૃત્તિઓ પૈકી એક છે મોહ. જો વિવેકબુદ્ધિ જળવાય નહીં તો આ વૃત્તિ દુશ્મન બની જાય. મોહને કારણે આ જગતને આપણે સંસારમાં પરિવર્તિત કરીએ છીએ. વાસનાઓથી લેપાઈએ છીએ અને મોહ ક્યારે દૂર થાય જયારે વૈરાગ્ય રાગ-વૈષનો અભાવ હોય. કવિ નિષ્કુળાનંદ લખે છે 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.' અર્જુનમાં વ્યાપેલ મોહનું નિરસન કરવા જ વૈશ્વિક ગ્રંથ ગીતાજીની રચના થઈ.

૮. *રામ નામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે...*
રામ એટલે દશરથનંદન રામ માત્ર નહીં પણ તે પુરુષોત્તમનો પર્યાય છે. જયારે કોઈ મહેશ્વર રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઈશુખ્રિસ્ત કે મહંમદ પયગંબર ઉપર શ્રદ્ધા રાખીએ ત્યારે જાણે કે સમગ્ર તીર્થના દર્શન કર્યાની અનુભૂતિ થાય છે.

૯. *વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ જેણે માર્યા રે...*
ગીતાજીમાં વારંવાર ભગવાન સમજાવે છે કે કામ, ક્રોધ અને લોભ એ નરકના દ્વાર છે. કામમાંથી ક્રોધ અને લોભ જન્મે છે અને તે જો નિયંત્રણમાં નહીં રહે તો અંતે તેની બુદ્ધિનો વિનાશ થાય છે. આત્મજ્ઞાન મારફતે કામ, ક્રોધ, લોભમાંથી નિયંત્રણમાં રહે છે.

૧૦. *અંતિમ પંક્તિ છે : ભણે નરસૈંયો તેનું દરશન કરતાં કુળ એકોતેર તાર્યા રે...*
કોઈપણ વ્યક્તિ જયારે આ ભજનમાં દર્શાવેલ ગુણોનું સમ્યક્ દર્શન કરશે, તેને આત્મસાત્ કરશે તો જીવનમાં પરમાનંદનો અનુભવ મેળવવા સક્ષમ બનશે. એટલું જ નહીં બીજા અનેક જન્મમાં પણ તેનું શ્રેષ્ઠ પરિવારમાં અવતરણ થશે.

જવાહરલાલ નહેરુ, જેમ સમયના આયોજન અંગે રોબર્ટ ફ્રોસ્ટની કવિતા... 'A Miles to go before I sleep' પોતાના ટેબલ ઉપર રાખતાં, તેમ દૈવીગુણોનું ચિંતન, નિદિધ્યાસન કરવા માટે નરસિંહ મહેતાની આ કવિતા આપણી નજર સમક્ષ નિત્ય રાખીએ.

*વિશેષ વાંચન 'શબ્દવેદ' – નરસિંહ મહેતાની સમગ્ર કવિતા સંકલન : ઉર્વિશ વસાવડા મીડિયા પબ્લિકેશન.*

**ડી-૨૦૪, અભિષેક એન્ટીલીયા, સમા સ્પોર્ટસ કોમ્પ્લેક્સ સામે,**
**પુનીત નગર, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦ ૦૨૪.**
**મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦**

## ચોર

ખોસવા મુગટમાં પીંછુય આપી જાતો મોર
ને ગાંડી આ ગોપીઓ મને કહેતી રે ચોર
ના માખણ મેં ચોર્યા ના ચોર્યા મેં ચીર
પહોંચી પાંચાલાની પાસ મેં તો પૂર્યા છે ચીર
પૂર્યા છે ચીર ને લૂછ્યા છે નયનોના નીર
પીડિતોની પાસે હું જાગતો બારે પ્હોર
ને ગાંડી આ ગોપીઓ મને કહેતી રે ચોર.

**– અરવિંદ સોમૈયા**

## મૌન

મૌનનો ધબકાર,
હૃદયમાં અથડાય.
હૃદયનાં તાર ઝણહણે,
ના પૂછો મુજને,
મૌન ભેંકાર ગઢ!
નસેનસમાં મૌનની જવાળાઓ,
જવાળાઓ વચ્ચે મૌન!
મૌન સ્વપ્ન તરંગ,
મૌન ઘૂઘવતો સાગર,
પ્રિય સમાગમે વાચા પણ મૌન,
મૌન ધીખતો અગ્નિ!
મૌનના દાવાનળમાં બળે મૌન!
મૌન કેરું સામ્રાજ્ય,
વિશ્વના ગાઢ આલિંગનમાં,
મૌન ધીખતો તાપ,
મૌન હળવો તાપ!
મૌનની હરેક ક્ષણોમાં,
વિચારોનું યુદ્ધ અથડાતું,
મૌન મૌનથી શરમાય!
મૌન મૌનથી અકળાય!
મૌન મૌનથી નીરખે,
મૌન મૌનથી ઉકલે,
મૌન સૂકું ઘાસ,
મૌન લીલું ઘાસ!
મૌનને પણ હોય છે હદ,
મૌનને પણ હોય છે કદ!
મૌન પ્રભુની બક્ષીસ,
મૌન જીવન રક્ષિત,
મૌન મૌનથી મપાય,
મૌન મૌનથી કપાય!
મૌન મૌનથી ટહુંકે,
મૌન મૌનથી મહેકે!

**હસમુખભાઈ રામદેપુત્રા - રાજકોટ**
**મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭**

***સમસ્યા એટલી તાકાતવાળી નથી હોતી કે જેટલી આપણે તેને માનીએ છીએ! એવું ક્યારેય સાંભળ્યું છે કે અંધકારે સવાર જ ના થવી દીધી?***

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૮

દૃષ્ટિ મહેતા
યેશા મહેતા

***<u>પ્રશ્ન</u> : તમે ભાલાફેંકની સ્પર્ધામાં ભાગ લીધો છે? મોટાભાગનાએ નહીં લીધો હોય. તમારે કોઈ જાતની તાકાત બતાવ્યા વગર ફેંકવાની કળામાં પારંગત થવું છે? તો અહીંથી આરંભ કરો.***

તમે એ વાત તો સાંભળી જ હશે કે 'ગપ્પી કે ઘર ગપ્પી આયા, બોલો ગપ્પીજી બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી.' બસ! તમારે આ વાક્યથી પ્રેરણા લઈ એક મોટી ગપ મારવાની છે. ઉતાવળ કરવાની જરૂર નથી. આરામથી સૂતાં, બેસતાં, હરતાં-ફરતાં, મનમાં ફેંકવાના વિચાર દોડાવ્યા કરો અને પછી તમારા દિમાગની પ્રોડક્શનનું મજેદાર ગપ્પુ કહો.

***<u>જવાબ</u>*** : ના... ના... ભાલાફેંકની સ્પર્ધામાં તો મેં ભાગ નથી લીધો કારણકે શરીરની તાકાત અજમાવવી પડે... અને હું તો પાકી વાણિયણ... એમ ખોટી મહેનત ન કરું...

પણ હા... શબ્દોરૂપી ભાલા ફેંકવામાં મને બહુ કષ્ટ ના પડે... તે સ્પર્ધામાં તો ઓલિમ્પિક વિજેતા નીરજ ચોપરા પણ મારી સામે હારી જાય. તો જુઓ, હું કેવી ગપ્પ લગાવું છું.

એક વખત અચાનકથી અમારી શેરીમાં ૧૦ વર્ષનાં ડોશીમા સીરીયસ થઈ ગયા. અડોશ-પડોશ, ગામના લોકોમાં દોડાદોડી થઈ ગઈ... પછી તો શું! તાત્કાલિક ધોરણે ડોશીમાને લઇ જવા રસ્તામાં ટ્રાફિક ના નડે, તેવા જળમાર્ગે જવા સ્પેશિયલ કોરીડોર બનાવ્યો અને જળમાર્ગ મારફતે ડોશીમાને તાત્કાલિક ગેડી ગામથી બેલા લઈ જવા માટે સ્ટીમર ઉપાડી... ગેડીનો દરિયો એવો તે ઘેઘૂર... કે ઊંચા ઊંચા મોજા ઉછળે...

આપણા ડોશીમાની ઉંમર પાછી ૧૦ વર્ષ... કોણ જાણે કમોતે મોત લખ્યું હતું કે શું?... તેમની સ્ટીમર પર મગરનાં ટોળાએ હુમલો કર્યો. પણ ડોશીએ થોડાં સારાં કામો કર્યા હશે કે ICU નો ડૉક્ટર અત્યંત શક્તિશાળી નીકળ્યો. તેણે જોરદાર ફૂંક મારી, ને બધા જ મગર મૃત્યુ પામ્યા. આમ, સ્ટીમ મારફતે જળમાર્ગ પસાર કરી, બેલા ગામના દરિયાકાંઠે સ્ટીમર ઊભું રાખીને, ડોશીમાને ટીંગાટોળી કરીને નીચે ઉતાર્યા. નીચે ઉતાર્યા બાદ ૧૦૮ નંબરના ગાડામાં ડોશીમાને બેલાની મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરવા માટે લઈ જવામાં આવ્યા.

ડોશીમાને હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાંના પ્રાણીઓના મગજના નિષ્ણાત ડૉ. સી.એમ. ગાંડાલાલે ડોશીમાની તપાસ કરી. પૂછપરછ કરીને નિદાન કર્યું કે, ડોશીમાને 'લવેરિયા'નો રોગ લાગુ પડ્યો છે. તો ડોશીમાની સાથે ICU માં આવેલાં ડૉક્ટરે પૂછ્યું કે, ડૉક્ટર, તમને આની જાણ કેવી રીતે થઈ? તો ડૉ. ગાંડાલાલે જણાવ્યું કે, 'ડોશીમાને એકલું એકલું લાગે છે...', 'ડોશીમાને તો વારંવાર ઝાડે જવાનું મન થાય છે...', 'ડોશીમાને રાત્રે ઊંઘ નથી આવતી', 'ડોશીમાને રાત્રે સ્વપ્નમાં અમિતાભ જેવા કોઈ દેવનાં દર્શન થાય છે...' આમ ડોશીમાની આ બીમારી જણાવીને ડૉ. ગાંડાલાલે કહ્યું કે, 'મને માફ કરજો, આ કેસ મારાથી હેન્ડલ થાય તેમ નથી.'

ત્યારે ડોશીમાને સાજા કરવા... તાત્કાલિક ધોરણે ચાર્ટર્ડ પ્લેન કરીને ડૉ. પી.એમ. પાવૈયાને મોવાણાથી બેલા તેડાવવાનું નક્કી કરવામાં આવ્યું. યુદ્ધના ધોરણે ચાર્ટર્ડ પ્લેન મોવાણા લેન્ડ થયું અને તેમાં ડૉ. પી.એમ. પાવૈયા સવાર થયા. હજી તો ફ્લાઈટ ટેક ઑફ થઈ કે પક્ષીઓનું ટોળું ફ્લાઇટની સામે આવીને ઊભું રહી ગયું. પરંતુ પ્લેનનો ડ્રાઈવર એવો ઉસ્તાદ હતો કે તેણે જોરજોરથી હોર્ન મારવાનું ચાલુ કર્યું અને હોર્ન સાંભળતા જ પક્ષીઓનું ટોળું ભાગી ગયું... અને હેમખેમ ડૉ. સાહેબનું પ્લેન બેલામાં એન્ટર થવાની તૈયારી જ હતી કે પ્લેનનાં બ્રેક ફેઈલ થઈ ગયા.

પછી તો... પ્લેનના ડ્રાઈવરે ફોન કરીને સંદેશો આપ્યો કે... આ પ્લેન બ્રેક બગડવાનાં કારણે કોઈ રીતે ઊભું રહી શકે તેમ નથી. આથી તાત્કાલિક ધોરણે બેલાનાં પાપડતોડ પહેલવાનોને પ્લેનની સામે લંગર લઇને ઊભા રાખવા માટે બોલાવવામાં આવ્યા. અને જેમ તેમ કરીને આ પાપડતોડ પહેલવાનોએ આ પ્લેનને માંડ માંડ ઊભું રાખ્યું. પણ તોયે પ્લેન બેલાના બદલે જટાવાડા ગામમાં જઈને ઊભું રહ્યું.

ડૉક્ટર પહોંચ્યા નહોતા અને ડોશીમાની તબિયત તો હાલક ડોલક થવા લાગી. આ બાજુ ડૉક્ટરને બેલા પહોંચાડવા માટે 'રાપર-કરાંચીની એક્સપ્રેસ ટ્રેન'ની આગળ જઇને ૧૦ ગામલોકોએ ઊભા રહીને ટ્રેન ઊભી રખાવી, ડૉ. પાવૈયાને બેલા પહોંચાડવાની વ્યવસ્થા કરી અને જેમ તેમ કરીને ડૉક્ટર સાહેબને બેલા પહોંચાડ્યા.

ડૉ. પાવૈયાએ ૧૦ વર્ષની ડોશીની બીમારીની ઝીણવટપૂર્વક તપાસ કરી. તરત જ ૧૧ વર્ષના છોકરાને હોસ્પિટલમાં બોલાવ્યો. ડોશી જોડે કલાક સુધી છોકરાને વાતું કરાવી... પછી આવીને ડોશીને પૂછ્યું કે... 'હવે, તમને એકલું એકલું લાગે છે?' ડોશી કહે, 'ના.' ડૉ. કહે, 'હવે તમને સ્વપ્નમાં અમિતાભ દેવ આવે છે?' ડોશી કહે, 'ના.' ડૉ. કહે, 'હવે

તમને ઝાડે ફરવા જવાનું મન થાય છે?' ડોશી કહે, 'ના.' પછી ડૉક્ટર સાહેબ હસવા લાગ્યા.

હસતા હસતા ડૉક્ટર સાહેબે કહ્યું, 'ડોશીમા, ૧૦ વર્ષની ઉંમરમાં ૧૮ વર્ષની બીમારીમાં ના પડાય... નાની ઉંમરના યુવાન માજી... ઘરે જાઓ અને ખાઈ-પી ને મોજ કરો...'

પછી તો ડૉક્ટર સાહેબે સાથે આવેલાં દરેકને સમજાવ્યું કે – *'ગપ્પી કે ઘર ગપ્પી આયા... બોલો ગપ્પીજી... દસ વર્ષની ડોશીને... અઢાર વર્ષની બીમારી...'*

આ સાંભળતા સર્વે ખડખડાટ હસી પડ્યા.

● **જીવનશીખા**

આપણે જીવનમાં જરૂર વિના આવી ક્ષણે ક્ષણે ગપ્પ મારીને ટાઈમપાસ કરતાં હોઈએ છીએ. અન્યના જીવનનાં મર્મ ઉઘાડાં કરતા હોઈએ છીએ અને અનર્થ જીહવાને વેડફતા હોઈએ છીએ. કદાચ તે ક્ષણિક આનંદ પૂરતું યોગ્ય છે... પરંતુ એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે – 'હસવામાંથી ખસવું ન થઈ જાય.'

*૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી,*
*સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮*

## શોર્ટ સ્ટોરી : મીઠું-મરચું!

આભાની નણંદ આજે ઘરે આવવાની હતી. તે મનોમન વિચારી રહી હતી કે દીદી આજે પોતાની કઈ નવી ચીજનું પ્રદર્શન કરવાની છે? કેટલાક મહિનાઓથી બંનેમાં એક મૌન હરીફાઈ ચાલી રહી હતી. શરૂઆત આભાથી થઈ હતી. તેણે બે જોડી સોનાના પાટલા બનાવ્યા હતા અને નણંદજીના આવ્યા પહેલા પહેરી લીધા હતા. એ પછી તો દર વખતે બન્ને એકબીજાને મોંઘા કપડાં, ઘરેણાનો દેખાવ કરતી રહેતી હતી.

પણ આ એક મૌન હરીફાઈ હતી. જેનો ઘરના પુરુષોને અણસાર સુદ્ધાં આવ્યો નહોતો. આભા જાણતી હતી કે નણંદની આર્થિક પરિસ્થિતિ એનાથી કેટલાય ગણી ખરાબ છે. પણ તોય તે આ દેખાદેખી હરીફાઈમાં સામેલ થઈ ગઈ હતી. પણ ભલું થાય નણંદની નાની દીકરીનું કે તેણે મામીની ભૂલને જાણી અને મામીને વિશ્વાસમાં લઈને રહસ્ય ખોલી દીધું કે મમ્મી આસપાસના પાડોશીઓ પાસેથી સાડી, ઘરેણાં ઉધાર લઈને તમને દેખાડે છે! જે સાંભળતાં જ આભા સ્તબ્ધ થઈ ગઈ! તેને પોતાની ભૂલનો અહેસાસ થયો. તેણે ઘરે રાંધેલી વાનગીમાં મીઠું-મરચું સરખા પ્રમાણમાં નાંખવાનું નક્કી કર્યું અને નણંદની આતુરતાથી રાહ જોવા લાગી.

*– નજમા યુનુસ ગોલીબાર*

## JOB INTERVIEW

| | | |
|---|---|---|
| OFFICER | : | What is your name? |
| Manoj | : | M.P. sir |
| OFFICER | : | In full please |
| Manoj | : | Manoj Pandey |
| OFFICER | : | Your father's name? |
| Manoj | : | M.P. sir |
| OFFICER | : | What does that mean? |
| Manoj | : | Madan Pandey |
| OFFICER | : | Your native place? |
| Manoj | : | M.P. sir |
| OFFICER | : | What's that? |
| Manoj | : | Madhya pradesh |
| OFFICER | : | What is your qualification? |
| Manoj | : | M.P. |
| OFFICER | : | (angry) What is that?!!! |
| Manoj | : | Matric Pass |
| OFFICER | : | So why do you need a job? |
| Manoj | : | It is because of M.P. sir |
| OFFICER | : | Meaning? |
| Manoj | : | Money Problem |
| OFFICER | : | Would you explain yourself and stop wasting my time? What's your personality like? |
| Manoj | : | MP sir. |
| OFFICER | : | And what is that? |
| Manoj | : | Marvelous Personality |
| OFFICER | : | I see... I will get back to you. |
| Manoj | : | Sir, how was M.P. sir? |
| OFFICER | : | And what's that again? |
| Manoj | : | My Performance. |
| OFFICER | : | I think you have M.P. |
| Manoj | : | Meaning? Sir!!! |
| OFFICER | : | Mental Problem!!! |

## શોર્ટ સ્ટોરી : અમૂલ્ય મિલકત!

**બસમાં મુસાફરી કરી રહેલા સૂરજસિંહે બાજુમાં બેઠેલા રોહિતને કહ્યું, 'રોહિત, આગલી સીટવાળી સ્ત્રીના ખોળામાં બેઠેલા બાળકને જોયો? સૂકલકડી શરીર, પીળો ચહેરો, ઊતરી ગયેલી આંખો અને શરીર પર બારીક કપડાં. બિચારો, આવી જિંદગી જીવીને શું કરશે?**

**રોહિત બોલ્યો, 'મારા ભાઈ તેને 'બિચારો' ના કહીશ. એ તો ભાગ્યશાળી છે, તેની પાસે અમૂલ્ય મિલકત સમો છે ''મા''નો ખોળો!!'**

*– નજમા યુનુસ ગોલીબાર*

સરસ્વતી પુત્ર એકલવીર

# સરસ્વતીપુત્ર એકલવીર ધીરજ છેડાની જીવન કથા

વસંત મારૂ

એકલવીર તરીકે જાણીતા ધીરજભાઈના પિતા માવજીબાપા આજીવન ગામની સેવા માટે સમર્પિત. એમાંય ગામની હરિજન દીકરીના લગ્ન હોય તો એક મહિના પહેલાજ રૂપિયા પાંચ હજારની મસમોટી રકમ ચાંદલા તરીકે આપી આવે અને જે દિવસે જાન આવે એ દિવસે આખી રાત જાગી જાતે રસોઈ બનાવડાવે, જાનૈયાઓને હોંશે હોંશે જમાડે. છેક સવારે જાન વિદાય કરી મેલાઘેલા કપડે ઘરે પાછા ફરે ત્યારે હરિજન દીકરીની વિદાયનો સંતોષ માવજીબાપાના ચહેરા પર દેખાય. ધીરજ પિતાનો આ ખેલ નિયમિત જુએ અને અંતરથી હરખાય!

ધીરજના માતા નિર્મળા માં પાસે ભરતકામ-ગુંથણની અદ્ભુત કળા છે, આજે ચોર્યાસી વર્ષની ઉંમરે પણ ગામમાં રહીને કલાત્મક ગલેચી, સ્વેટર, શાલ ઈત્યાદિ બનાવતા જોઈ આફરીન થઈ જવાય! આમ જોવા જઈએ તો કળાનો વારસો માતા પાસેથી એમને મળ્યો છે.

બાળ કલાકાર ધીરજે 'જેસલ જાડેજા' નાટકમાં એક્ટીંગ કરી વાહ વાહ મેળવી. એટલે નાટક પતાવી સીધો જેસલપીરના સ્થાને દર્શને ગયો. ત્યાંજ એનાં મનમાં શ્રદ્ધાની સરવાણી ફૂટી અને મનોમન પોતાનેજ વચન આપ્યું કે એક દિવસ જેસલદાદાનું ભવ્ય મંદિર બાંધશે. અને મોટા થયા બાદ ખરેખર એક ભવ્ય મંદિર બાંધી પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી.

નાટકના પ્રસંગ પછી ગામના એક ડોશીમાં બાળ ધીરજના જબરા ફેન બની ગયા. રોજ સાંજે ધીરજને બોલાવી પોતે વતરો (ઘાસ ના ટુકડા) કરતા હોય ત્યારે દુહા, છંદ, સ્તવન કે લોકકથા સંભળાવવા આગ્રહ કરતા. વયોવૃદ્ધ ડોસીમાં અને બાળ ધીરજની જુગલબંધી રચાતી. બે જનરેશન વચ્ચેની એ દોસ્તી જામી. ત્યાં એક દિવસ માવજીબાપાએ ગામને સમાચાર આપ્યા કે ધીરજ મુંબઈ માટુંગા બોર્ડિંગમાં વધુ ભણવા જાય છે.

ગામનો લાડકો ધીરજ ડેપા ગામને અલવિદા કહી મહાનગર મુંબઈ આવી બોર્ડિંગમાં દાખલ થયો. બોર્ડિંગમાં ખરેખર એની કાયાપલટ થઈ. ઘરે મોજથી રહેવા ટેવાયેલો ધીરજ અહીં શિસ્તના પાઠ શીખ્યો. વક્તૃત્વ, સંગીત અને ખાસ કરીને આંગળી પર થાળી ફેરવવાની નૃત્ય કલામાં માસ્ટર બની ગયો. ત્રણ વર્ષમાં ત્રીસ વર્ષનો અનુભવ મળ્યો. જેમતેમ કરી એસ.એસ.સી.માં પહોંચ્યો. બધા સાથીદારો માનતા કે ધીરજ એકાદ વિષયમાં ફેઈલ ન થાય તો સારું. પણ ધીરજે બધાની ધારણા ખોટી પાડી. એ બધાજ વિષયમાં ફેઈલ થયો!!

એજ સમયે કુટુંબ આર્થિક સંકટથી ઘેરાયું. એટલે લબરમૂછાળા ધીરજભાઈ ચેમ્બુરમાં નોકરીએ લાગ્યા, એ પણ રોકડા અઢીસો રૂપિયામાં!! જાણે આઝાદ પંખી પીંજરામાં પૂરાઈ ગયું. તે વખતે મિત્રો કૉલેજમાં જઈ રૂપાળા સ્વપ્નો સજાવતા હતા અને પોતે દિવસરાત સંઘર્ષ કરતો હતો. એમણે મનમાં પોતાને પ્રોમિસ કર્યું કે એક દિવસ લક્ષ્મીને તો રીઝવીશ પણ સાથે સાથે સરસ્વતી દેવીને પણ રીઝવીશ.

પત્રીના વશનજીભાઈ ધરોડની દીકરી ભાવનાબેન સાથે લગ્ન રચાતા જાણે ભાગ્ય પલટાયું. એક બાજુ માવજીબાપાએ સેલવાસમાં ટાઈલ્સની ફેક્ટરી નાંખી અને બીજી બાજુ મહાલક્ષ્મી અને મા સરસ્વતી બંને હાથ ઝાલી ધીરજભાઈના જીવનમાં પ્રવેશી!! અને શરૂ થઈ આ "જૈન ગઢવી"ની સ્ટેજયાત્રા....

આજે એનાઉન્સર લાખો રૂપિયા ચાર્જ કરતા થઈ ગયા છે ત્યારે આ એકલવીરે પોતાની કલાનો એક પણ પૈસો લીધો નથી. પૈસા તો જવા દ્યો, સન્માન પણ સ્વીકારતા નથી. નહિં તો સંચાલનના કામમાંજ કરોડો રૂપિયા કમાવી લીધા હોત! કોઈ સામાજિક કે ધાર્મિક સંસ્થા પોતાના પ્રોજેક્ટ માટે પૈસા ભેગા કરવા માંગતી હોય તો ફંક્શનનું સુકાન ધીરજભાઈને સોંપી દે એટલે નચિંત બની જાય. માઈક હાથમાં લેતાંજ કંઠમાંથી રેશમી શબ્દો સરકવા લાગે. ઑડિયન્સમાં બેઠેલા એકએક પ્રેક્ષકોની અંદર 'દાનવીર કર્ણ' જાગૃત થઈ જાય અને દાનની ગંગા વહેવા લાગે. **આ રીતે ધીરજભાઈએ સામાજિક, ધાર્મિક કાર્યો માટે ઓછામાં ઓછા હજાર કરોડ રૂપિયા ભેગા કરી આપ્યા છે છતાં એનો ભાર મનમાં રાખ્યો નથી.**

થોડાંક વર્ષ પહેલા દેવલાલીમાં સૂવઈ ગામની સેનિટોરિયમના ફંડ રેઈઝીંગ પ્રોગ્રામમાં સંચાલન કરવા ગયા. રીના છેડા અને એકલવીરની જુગલબંધીએ રંગ રાખ્યો અને મોડીરાતે ટીના છેડાએ કહ્યું કે, છેક દેવલાલી આવી ધીરજભાઈએ પોતાની વાણીથી આપ સર્વેની અંદર બેઠેલા જગડુશા દાતારને જગાવી દીધો **અને ટાર્ગેટથી પણ વધુ એટલેકે રૂપિયા સાડા દસ કરોડ જમા કરી આપ્યા!! પણ ધીરજભાઈ આજે ખૂબ દુઃખી છે કારણકે દેવલાલી આવવા ઘરેથી નીકળ્યા ત્યારેજ એમને સમાચાર મળ્યા કે એમના અધા (પિતાજી)નું ગામમાં અવસાન થયું છે. છતાં તેઓ અહીં આવ્યા કારણકે શો મસ્ટ ગો ઓન. સ્ટેજ પ્રત્યેના એમના કમિટમેન્ટને વંદન કરું છું.**

બીજા દિવસે પ્લેનમાં કચ્છ જઈ મૃત પિતાજીના દર્શન કર્યાં. આજીવન સેવાધારી પિતાની અંતિમયાત્રામાં ભુજથી

બેન્ડ બોલાવી સ્મશાન સુધી પિતાને વાજતે ગાજતે જગતમાંથી વિદાય આપી, આવી દૃષ્ટિ કોઈ ફિલોસોફર (તત્ત્વચિંતક) માંજ હોઈ શકે અને ધીરજભાઈ ફિલોસોફર છે, જે બહુ ઓછા લોકો જાણે છે, પણ હું એમની ફિલોસોફીનો ચાહક છુ.

સંત કબીર અને ઓશો રજનીશ એ બંને ભારતના વિખ્યાત ફિલોસોફર (તત્ત્વચિંતક) ગણાય, પણ બંનેની ફિલોસોફી સામાસામા છેડાની, વિરોધાભાસી. આ બંનેની ફિલોસોફી પચાવવી કાચા પોચાનું કામ નહીં, ભાગ્યેજ કોઈ એક સાથે બંનેને સ્વીકારી શકે. પણ એક સમયે દસમું ધોરણ પણ પાસ ન કરી શકનાર ધીરજભાઈએ બંનેને જાણે લોહીમાં ભેળવી દીધા છે. ધીરજભાઈ પાસેથી ક્યારેક ફોન પર બંને વિશેની વાતો અને દૃષ્ટિબિંદુ સાંભળીએ ત્યારે એક અલગ મિજાજના ધીરજનો પરિચય થાય જ થાય!

ગેરકાયદે બાંધકામોથી મુંબઈને બાનમાં લેનારાઓ પર કાળ બનીને ત્રાટકનાર ગોવિંદ રાઘવ ખૈરનાર સાથે બંધુભાવ. ખૈરનાર અને ધીરજભાઈએ હ્યુમન ટ્રાફિકિંગનો ભોગ બનેલી અનેક કન્યાઓને દેહ વ્યાપારમાં ધકેલનાર ગુંડાઓ સામે કાળ બનીને કાર્ય કર્યું છે. જાનના જોખમે સેંકડો કન્યાઓને દેહ વ્યાપારના કાદવમાંથી બહાર કાઢી સારી જગ્યાએ સેટલ કરી છે જેની જનસામાન્યને કદાચ ખબર પણ નથી. એકવાર અહિંસામિત્ર અરવિંદ છેડાએ સમાચાર આપ્યા કે આરે ડેરી માં એક સાથે પચીસસો ગાયો ખાટકીવાડે વેચાવાની જાહેરાત આવી છે. કસાઈઓ એક સાથે પચીસસો ગાયો કતલખાનામાં થઈ જાય એ વાતથી કોઈ પણ અહિંસા પ્રેમી હચમચી જાય. પણ ધીરજભાઈ અને સાથીદારો હચમચીને બેસી રહે એવા નો'તા. બધી ગાયોને છોડાવવા કમર કસી.

આરેના અધિકારીને મળી, ગાયો કતલખાનામાં ન મોકલવા આ સરસ્વતીપુત્ર સમજાવવા સફળ તો થયા પણ સરકારે પચીસસો ગાયોની કિંમત પચીસ લાખ રૂપિયા રાખી હતી!! ભારે મહેનત કરી રકમ પણ જમા કરી ભરી દીધી, પણ આટલી બધી ગાયો રાખવી ક્યાં? ધીરે ધીરે ગાયોને વિવિધ ગૌશાળા કે પાંજરાપોળમાં મોકલવા સફળ થયા ત્યાં સુધી આખી મંડળી આરેના તબેલામાં ખાટલા નાખી દિવસો સુધી ગાયોની રખવાળી કરી કસાઈઓથી બચાવવા પુરુષાર્થ કર્યો.

મુંબઈમાં રખડતા કૂતરાઓને પકડી સુધરાઈ લઈ જાય. સુધરાઈના માણસો કૂતરાઓને ક્રૂરતાપૂર્વક કોથળામાં ભરી ગાડીમાં ફેંકે. ઉપરથી ફેંકાયેલા કોથળામાં પૂરાયેલા કુતરાના હાડકા ભાંગી જાય, કોથળામાં ગૂંગળાવા લાગે, દિવસો સુધી પાણી અને ખોરાક વગર અધમુઆ થઈ જાય. છેવટે એક દિવસ ઈલેક્ટ્રિક શોક આપી કૂતરાંઓને મારી નંખાય. આ ક્રૂર અને ઘાતકી રીતે કૂતરાઓને મારી નંખાતા જોઈ ભલભલા રડી પડે.

પણ ધીરજભાઈ રડીને માત્ર બેસી રહે એવા ક્યાં હતા? મુંબઈ સુધરાઈ પર વર્ષોથી શિવસેનાનું શાસન ચાલે છે. એટલે અહિંસા મિત્ર અરવિંદ છેડા એકલવીર અને બીજા કાર્યકરોને સીધા બાળાસાહેબ ઠાકરે પાસે લઈ ગયા. ધીરજભાઈની તાત કહેવાની કળાને કારણે બાળાસાહેબને આખી વાત સમજાઈ. પ્રાણીઓ માટેના કાયદાઓ ઈત્યાદિથી સાહેબ પ્રભાવિત થઈ તાત્કાલિક કૂતરા પકડી મારી નાંખવાની મનાઈ ફરમાવી. ધીરજભાઈ અને સાથીદારોને કારણે સુધરાઈએ કાયમી ધોરણે કૂતરાઓને મારવાને બદલે ખસીકરણ શરૂ કર્યું. આમ આજ સુધી લાખો કૂતરાઓનો જીવ બચી જવા પામ્યો છે.

પણ ધીરજભાઈએ ગ્લોબલ કચ્છ માટે ખૂબ ઉમદા કામ કર્યું છે. કૂવા રીચાર્જિંગથી લઈ વૃક્ષારોપણના કામનો ઉજળો હિસાબ આપવા બીજો એક લેખ લખવો પડે એમ છે. પર્યાવરણ માટે આખું જીવન એકલવીરે કચ્છને સોંપી દીધું છે.

એમના આવા સદ્કાર્યોને કારણે ઈશ્વર પણ એમના પર ઓળઘોળ થઈ ગયો છે. પરિણામે આયખું ઉજાળનાર પત્ની ભાવનાબેન ઉપરાંત દીકરો પંકિત જેણે અમેરિકા જઈ સોફ્ટવેર એન્જિનિયરિંગમાં માસ્ટર કર્યું. લાખો ડોલરનો પગાર છોડી દેશ અને માબાપ સાથે રહેવા ઈન્ડિયા આવી ગયો. પંકિતની વાઈફ ઉર્વિએ લંડનમાં માર્કેટિંગમાં માસ્ટર કર્યું છે.

જમાઈ વિશાલ સંગોઇ (સમાઘોઘા) ચાર્ટર્ડ એકાઉન્ટ થઈ પ્રોફેશનલ ખેતી કરે છે, તો દીકરી શ્રેણી ટોપ લેવલની ઈવેન્ટ મેનેજર છે. મુકેશ અંબાણી અને રીલાયન્સ માટે અનેક ઈવેન્ટ મેનેજ કરે છે. છેલ્લા કેટલાય વર્ષોથી મુંબઈ ઈન્ડિયન્સ (નીતા અંબાણીની ક્રિકેટ ટીમ) માટે આઈ.પી.એલ. માં મહત્ત્વનું આયોજન સંભાળી કચ્છીઓનું ગર્વ વધાર્યું છે! કચ્છ યુવક સંઘના પૂર્વ પ્રમુખ એકલવીરનો દોસ્ત અને ભાઈ સમાણા પ્રફુલભાઈ વીરાને કારણે એકલવીર હવે એકલવીર નથી રહ્યા.





ગીત ગુંજન

જૂના અને લોકપ્રિય ગીતો તેમજ બાળગીતોનો સંગ્રહ

99130 12120

કિંમત : રૂા. 150/-

પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન

વિવિધા

# પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી, નાણાંમંત્રીના આર્થિક સલાહકાર અને ભારતીય રીઝર્વ બેંકના ચૌદમા ગવર્નર ડૉ. આઈ.જી. પટેલ

સંજય પી. ઠાકર

*આપણા પ્રખર અર્થવિદ્, નાણાંમંત્રીના મુખ્ય આર્થિક સલાહકાર, ભારતીય રીઝર્વ બેંકના ૧૪મા ગવર્નર, આઈ.એમ.એફ.ના સલાહકાર, લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સના ડિરેક્ટર અને આઈ.આઈ.એમ. - અમદાવાદના નિયામક ડૉ. આઈ.જી. પટેલની જન્મ શતાબ્દિ પ્રસંગે એક સ્મરણાંજલિ...!*



ડૉ. આઈ. જી. પટેલ

ડૉ. ઈન્દ્રપ્રસાદ ગોરધનભાઈ પટેલ (૧૯૨૪-૨૦૦૫)નો જન્મ ૧૧ નવેમ્બર, ૧૯૨૪ના રોજ સુણાવ (તા. પેટલાદ, જિ. આણંદ) ખાતે થયો હતો. તેઓ આઈ.જી. પટેલ તરીકે વધુ જાણીતા હતા. ડૉ. પટેલે તે સમયની મેટ્રીક્યુલેશન પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેમણે બોમ્બે યુનિવર્સિટીની પોતાની જ કૉલેજમાં અધ્યાપક અને આચાર્ય તરીકે અધ્યાપનકાર્ય કર્યું અને પછી ૧૯૫૦માં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડમાં સલાહકાર તરીકે પસંદગી પામ્યા. ૧૯૫૪માં તેઓ નાણાંમંત્રીના મુખ્ય આર્થિક સલાહકાર બન્યા. આનાથી તેમની આર્થિક નીતિ ઘડતરમાં વિશિષ્ટ કારકિર્દીની શરૂઆત થઈ. તેઓ ભારતીય રીઝર્વ બેંક (૧૯૭૭-૧૯૮૨)ના ચૌદમા ગવર્નર હતા. ત્યારબાદ તેઓ આઈ.આઈ.એમ.માં ડિરેક્ટર તરીકે જોડાયા હતા.

સમગ્ર ૧૯૭૦ના દાયકા દરમિયાન IIMA જાહેર ક્ષેત્રના સંચાલનમાં ખૂબ જ સક્રિય રહ્યું હતું અને ડૉ. પટેલના ટૂંકા કાર્યકાળમાં આ ક્ષેત્ર પર સતત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પરંતુ આંતરરાષ્ટ્રીય પરિમાણની રજૂઆત સાથે, દાખલા તરીકે, જાહેર ક્ષેત્રના સાહસોના સંચાલન પર ૧૯૮૩માં આંતરરાષ્ટ્રીય પરિસંવાદે ક્રોસ-કન્ટ્રી અનુભવોને એકસાથે લાવવા માટે એક મંચ પૂરો પાડ્યો હતો. પરંપરાગત લાંબા ગાળાના કાર્યક્રમો, લાગુ સંશોધન અને કન્સલ્ટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખ્યું. સંસ્થામાં તેમના ટૂંકા રોકાણ દરમિયાન, ડૉ. પટેલે યુવા અધ્યાપકોને તેમના લેખન માટે પૂછીને અને તેના પર ટીપ્પણી કરીને સંશોધન કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે પ્રતિષ્ઠા વિકસાવી.

૧૯૭૦-૧૯૭૨ દરમિયાન કેન્દ્રિય નાણાં મંત્રાલયના અનુક્રમે ખાસ સચિવ અને સચિવ, ૧૯૬૮-૧૯૭૨ દરમિયાન પરમાણું ઉર્જા પંચના સભ્ય તરીકે કાર્ય કર્યું. ૧૯૭૨ની સાલમાં યુનોના ડેવલપમેન્ટ પ્રોગ્રામમમાં ઉપનિયામક લેવાયા હતા અને પાંચ વરસ સુધી પોતાની સેવાઓ આપી હતી. ૧લી ડિસેમ્બર, ૧૯૭૭થી ૧૫ સપ્ટેમ્બર ૧૯૮૨ સુધી તેઓએ ભારતની રીઝર્વ બેંકના ગવર્નરનો હોદ્દો સંભાળ્યો હતો. તેમના કાર્યકાળ દરમિયાન ભારતીય ચલણની ૧૦૦૦, ૫૦૦૦ અને ૧૦૦૦૦ રૂપિયાની નોટો વિમુદ્રિકરણ દ્વારા પાછી ખેંચવામાં આવી હતી. ડૉ. પટેલે લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ (૧૯૮૪-૧૯૯૦)માં ડિરેક્ટરનું પદ સ્વિકાર્યું ત્યારે સંસ્થામાં તેમનો કાર્યકાળ ઓછો કર્યો. આમ, યુનાઈટેડ કિંગ્ડમમાં પ્રતિષ્ઠિત ઉચ્ચ શિક્ષણ સંસ્થાના વડા તરીકે તેઓ પ્રથમ દક્ષિણ એશિયન બન્યા. બાદમાં તેઓ ૧૯૯૬થી ૨૦૦૧ સુધી એક ટર્મ માટે બોર્ડ ઑફ ગવર્નર્સના અધ્યક્ષ તરીકે IIM - અમદાવાદમાં પાછા ફર્યા. તેઓ આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામના ભારત ખાતેના ચેરમેન હોવા ઉપરાંત તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા હતા.

સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભવિદ્યાનગર દ્વારા ૧૯૮૦માં ડી.લિટ.ની માનાર્હ પદવી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી - વડોદરા તથા યુનિવર્સિટી ઓફ મોરેસિયસ દ્વારા ૧૯૯૦માં માનાર્હ ડૉક્ટરેટની પદવીઓ તેમને અર્પણ થઈ. ૧૯૮૫માં વિશ્વગુર્જરી ઍવોર્ડ, ૧૯૮૭માં કિંગ્ઝ કૉલેજ - કેમ્બ્રિજની ફેલોશિપ, ૧૯૯૦માં લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલીટીકલ સાયન્સ સંસ્થાની ફેલોશિપ અને તે જ વર્ષે ઈંગ્લેન્ડના રાણી દ્વારા ઑનરેબલ નાઈટહુડ - કેબીઈનો ખિતાબ, ૧૯૯૧માં ભારત સરકાર દ્વારા 'પદ્મવિભૂષણ' તથા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૯૮ ઉપર)

પ્રવાસ વર્ણન

## વન-ડે ટુર

અશોક વી. શાહ

અષાઢી માહોલ પૂરેપૂરો જામ્યો હતો અને પ્રકૃતિપ્રેમી મિત્રોની ફરમાઇશ થતાં અમે તા. ૨૯-૯-૨૦૨૪ને રવિવારના રોજ વન-ડે ટુરનું આયોજન કરી નીકળી પડ્યા. સૌ પ્રથમ ગાંધીનગરથી વિજાપુર પહોંચ્યા. અહીં પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી સવારની નવકારશીને ન્યાય આપી સાબલી મહાકાલીધામ પહોંચ્યા. હિંમતનગરથી અંદાજે ૨૨ કિ.મી. દૂર આવેલ આ જગ્યા ખૂબ જ રમણીય અને પ્રાકૃતિક છે. આ જગ્યાને 'મિનિ પાવગઢ' પણ કહે છે. અડધે સુધી વાહન જાય છે. પછી થોડાંક પગથિયા છે. ડુંગર ઉપર બંને તરફ રેલીંગ તથા વચ્ચે બેસવા / વિરામ માટે બાંકડા પણ છે. ડુંગર પરથી મોટા ખડકો તથા ડૅમનું પાણી સુંદર નજારો ઊભો કરે છે. મંદિરમાં મહાકાલીની મૂર્તિ ગુફામાં આવેલ છે. જ્યાં પાંચ જેટલા પગથિયા ઉતરીને જવું પડે છે. મંદિરની બાજુમાં આવેલ એક મોટી શિલાને પથ્થર વડે વગાડતાં મંદિરનો ઘંટનો ઘંટારવ જેવો અવાજ આવે છે. મિત્રોએ અહીં ઘણી ફોટોગ્રાફી કરી. આ સ્થળનો મોબાઈલ નં. : ૯૮૨૫૮ ૨૮૩૨૯.

આ જગ્યાથી અમે ઇડર નજીક આવેલ વડાલી પહોંચ્યા. અહીં ખોદકામ કરતાં મળી આવેલ પ્રાચીન પ્રતિમાઓ તથા પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી અહીં આવેલ ભોજનાલયમાં સાત્ત્વિક ભોજન લીધું. અહીં રહેવાની પણ સગવડ છે. (મો. ૯૮૨૮૭ ૭૨૫૧૯)

અહીંથી અમે ખેડબ્રહ્માથી ૧૨ કિ.મી. દૂર આવેલ વરતોલ ચામુંડાધામ પહોંચ્યા. સરોવર કિનારે આવેલ આ જગ્યા નયનરમ્ય છે. અષાઢી માહોલ સર્જાતાં આનંદમાં ઉમેરો થયો. અહીંથી અમે ખેડબ્રહ્મા પહોંચ્યા. અહીં ઝરમર વરસાદ વચ્ચે મા અંબાના દર્શન કરી, ચા/પાણી પી ૨૫ કિ.મી. દૂર આવેલ ગઢડા શામળાજી પહોંચ્યા. અહીં પણ દર્શન કરતી વખતે વરસાદી ઝાપટા શરૂ થયા. મંદિરની નજીક ડેમના કેચમેન્ટ એરિયાનું પાણી છલોછલ હતું. તે જોઈ આનંદ બેવડાયો. અહીં અગાઉથી જાણ કરી રહેવા / જમવાની સગવડ થઈ શકે છે. (મો. : ૯૯૨૪૫ ૫૮૨૨૦)

સાંજ ઢળતી હતી અને અમે ઘર તરફના પ્રયાણરૂપ હિંમતનગર ઉમિયાધામ પહોંચ્યા. અહીં મા ઉમિયાના દર્શન કરી, અહીં આવેલ ભોજનાલયમાં દાલ-બાટીનું ભોજન લઈ રાત્રે ૧૦.૩૦ કલાકે ગાંધીનગર પ્રવાસની મીઠી વાતો વાગોળતા પરત થયા. આ પ્રવાસમાં અમે આધ્યાત્મિક તથા પ્રાકૃતિક આનંદ પ્રાપ્ત કર્યો.

*ગાંધીનગર.*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

## ડૉ. આઈ. જી. પટેલ

**(અનુસંધાન : પાના નં. – ૯૭ ઉપરથી ચાલુ)**

૧૯૯૮માં વિદ્યાવિકાસ ટ્રસ્ટ દ્વારા ૧૯૯૭નો 'સારસ્વત ગૌરવ ઍવોર્ડ' જેવા અતિ પ્રતિષ્ઠિત માનસન્માનો તેમને એનાયત થયા હતા.

વિખ્યાત ભારતીય અર્થશાસ્ત્રી ડૉ. ડી.ટી. લાકડાવાલાના અવસાન પછી ગુજરાત ઇકોનોમિક એસોસિએશનના પ્રમુખપદે તથા એચ. એમ. પટેલના અવસાન પછી ચારૂતર વિદ્યામંડળના પ્રમુખપદે તેમની વરણી થઈ હતી. તેમના પ્રસિદ્ધ પુસ્તકોમાં 'એસે ઈન ઇકોનોમિક પોલિસી એન્ડ ઇકોનોમિક ગ્રોથ' (૧૯૮૬), 'ઑન ધ ઇકોનોમિક્સ ઓફ ડેવલપમેન્ટ' (૧૯૮૬), 'પોલિસીસ ફોર આફ્રિકન ડેવલપમેન્ટ' (૧૯૯૨), 'ગ્લીમ્પસિસ ઑફ ઇન્ડિયન ઇકોનોમિક પોલિસી' (૨૦૦૩) અને 'એન એન્કાઉન્ટર વિથ હાયર એજ્યુકેશન : માય યર્સ એટ લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ' (૨૦૦૪)નો સમાવેશ થાય છે. તેમના ઘણા સંશોધન - લેખો દેશ વિદેશનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થયેલા છે.

અગ્રણી ભારતીય અર્થશાસ્ત્રી ડૉ. પટેલનું ૧૭ જુલાઈ, ૨૦૦૫ના ન્યુયોર્ક (યુ.એસ.) ખાતે નિધન થયું હતું. ગુજરાતના ગૌરવશાળી અર્થવિદ ડૉ. આઈ.જી. પટેલની જન્મ શતાબ્દિના અવસરે આપણી સ્નેહાંજલિ અર્પીએ...

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

★ *ગણિત કદાચ એ નહીં શીખવાડી શકે કે હેપ્પીનેસનો સરવાળો કઈ રીતે થાય અને નિરાશાની બાદબાકી કઈ રીતે થાય? પરંતુ તે આપણને એક અગત્યની હકીકત શીખવે છે કે દરેક પ્રોબ્લેમના સોલ્યુશન હોય છે.*

★ *સદ્‌ગુણોથી શરૂઆત પોતાનાથી જ કરવી જોઈએ. જ્યાં સુધી પોતાની આંગળી કંકુવાળી ના થાય ત્યાં સુધી સામેવાળાના કપાળે તિલક ક્યાંથી થાય?*

માહિતી

## ઢીંગલા ઢીંગલીનો મેળો

મનીષ જોશી 'મૌન'

***આપણે જ્યારે નાના હતા ત્યારે ઢીંગલા ઢીંગલીની રમત રમતા હતા પણ..***
***ભરૂચ જિલ્લાના જીતાલી ગામે વર્ષોથી ઢીંગલા ઢીંગલીનો મેળો ભરાય છે***
***આજના ખર્ચાળ રમકડામાં ઢીંગલા ઢીંગલીની રમત જેવી મજા ભાગ્યે જ મળતી હશે.***

આપણે જ્યારે નાના હતા ત્યારે ઢીંગલા ઢીંગલીની રમત રમતા હતા. કારણ એ વખતે આધુનિક રમકડા તો હતા નહીં પણ ઢીંગલા ઢીંગલીની રમતમાં જે મજા હતી તે આજના ખર્ચાળ રમકડામાં કદાચ નહીં મળતી હોય એવું મારું માનવું છે.

ઢીંગલા ઢીંગલી શબ્દ આજે યાદ કેમ આવ્યો? એ પ્રશ્ન થતો હશે ખરું ને? પણ એક પ્રશ્ન મારે પૂછવો છે કયાંય સાંભળ્યું છે કે ઢીંગલા ઢીંગલીનો મેળો ભરાય? તો એનો જવાબ હા છે. ઢીંગલા ઢીંગલીનો મેળો ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક આવેલા જીતાલી અને દેસાડ ગામે વર્ષોથી ભરાય છે. એક વાયકા એવી છે કે કપડાંમાંથી બનાવેલા ઢીંગલા ઢીંગલીની રમત દરમિયાન લાકડાની તલવારથી ઢીંગલાનું માથું અલગ થઈ ગયું હતું ત્યારે આકાશવાણી થઈ હતી : 'અમારું દાંપત્ય તૂટ્યું છે તો તમે સુખી નહીં થાવ.' એ પછી ગામ મહામારીમાં ફસાયું હતું. તેનાથી ઉગરવા માટે જીત ભવાની માતાના મંદિર પરથી નામ પડેલા 'જીતાલી' ગામે ઢીંગલા ઢીંગલીનો મેળો શરૂ થયો. આ લોકવાયકા કેટલી સાચી તેમાં ઊંડા ઉતરવા કરતા આ મેળાના કારણે હિંદુ અને મુસ્લિમ સમાજ વચ્ચે ભાઈચારો - એખલાસ જોવા મળે છે એ ખૂબ જ મહત્ત્વનું છે. મેળાની શરૂઆત ૩૦ દિવસ પહેલા એટલે કે શ્રાવણ સુદ પુનમથી થાય છે. જીતાલીના જીતમ ભવાની મંદિરે પ્રતીકાત્મક ઢીંગલા ઢીંગલીના લગ્ન કરાવે છે. ગામના બે અલગ અલગ ફળિયામાં વર તથા કન્યા પક્ષ બની સગાઈ વિધિ યોજે છે. લગ્ન ગીતો પર નૃત્ય કરી શરૂઆત કરે છે. આ ભાતીગળ મેળો વર્ષોથી ભાદરવી અમાસના દિવસે ભરાય છે. ભાદરવી અમાસે પીઠા ફળિયામાંથી ઢીંગલી અને દેવીપૂજક ફળિયામાંથી ઢીંગલાનો વરઘોડો વાજતે ગાજતે નીકળે છે. જીતમ ભવાનીના મંદિરે રીત રસમ મુજબ લગ્ન કરાવાય છે. ઢીંગલા ઢીંગલીના લગ્નની વિધિ સંપન્ન થયા બાદ આદિવાસી ગ્રામજનો બે દિવસ સુધી મેળામાં અંકલેશ્વરના જીતાલી તેમજ વાલિયાના દેશાડ ગામના હજારો આદિવાસીઓ મહાલે છે.

આપ પણ મેળામાં મહાલવા માટે તૈયાર છોને?

- **સંવેદના :**

***પથ અને શપથ વિચારીને લેવા અને ટેક અને ટેકા ટકે એવા લેવા.*** ■


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે**

***ખાતાનું નામ*** :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]**

***બેંક*** : **કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ**
**[Canara Bank, Paldi Branch - Ahmedabad]**

***એકાઉન્ટ નંબર*** : **૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨**
**[70072010016032]**

***IFSC કોડ*** : **CNRB0017007**


### ગેસ – એસિડિટી

**(અનુસંધાન : પાના નં. – ૧૦૨ ઉપરથી ચાલુ)**

હોજરી તથા આંતરડાના શરૂઆતના ભાગની તપાસ થાય છે. જે એકદમ Safe અને ખાતરીપૂર્વકનું નિદાન છે.

- **એસિડિટીની અસરકારક સારવાર :**

૧. Antacis (પ્રવાહી દવા) જેમાં Aluminium Calcium Bicarbmate કે મેગ્નેશિયમ વપરાય છે (Digene, Sucralgate વગેરે).

૨. હિસ્ટામિન બ્લોકિંગ દવાઓ, Femotin, Ranitine.

૩. Proton pump innibitors – like pentapragole, Rabepragole વપરાય છે.

***Prevention is better than medicine.***

તંદુરસ્તી

# વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ
## ૧૦ ઓક્ટોબર

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

દર વર્ષે ૧૦ ઓક્ટોબર વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે મનાય છે.

વર્લ્ડ ફેડરેશન ઑફ મેન્ટલ હેલ્થના સૂચન તથા ભલામણને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની સામાન્ય સભાએ સ્વિકારી, ૧૦ ઓક્ટોબર ૧૯૯૨થી વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે મનાવવાનું સ્વીકાર્યું.

૧૯૯૨થી વિશ્વના ૧૫૦થી વધુ દેશો આ દિવસ મનાવે છે. ભારત પણ આમાંનો એક દેશ છે.

- **વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ શા માટે?**

૧. માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવા.
૨. નકારાત્મક વલણ વિશે ગેરસમજ દૂર કરવા.
૩. માનસિક બીમારીઓ વિશે ગેરસમજ દૂર કરવા.
૪. માનસિક બીમારીઓથી પીડાતા દર્દી પ્રત્યે સહાનુભૂતિપૂર્વકનું વલણ અપનાવવા.
૫. માનસિક બીમારીઓ વિશે યોગ્ય મનોવૈજ્ઞાનિક જાણકારી અપનાવવા.

ઉપરોક્ત ધ્યેયથી વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ મનાવવામાં આવે છે.

માનસિક સ્વાસ્થ્ય શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ મહત્ત્વનું છે, બલકે વધારે મહત્ત્વનું છે. (૧) માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ કાર્ય સારું તથા વ્યવસ્થિત કરે છે. (૨) એની ઉત્પાદન ક્ષમતા વધારે હોય છે. (૩) ગુણવત્તાભર્યું જીવન જીવે છે. (૪) સમાજને ઉચ્ચ સ્તરે લઇ આવે છે.

- **માનસિક સ્વાસ્થ્યની વ્યાખ્યા :**

માનસિક સ્વાસ્થ્યની વ્યાખ્યા માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવે છે.

૧. મનના કાર્યો (જેવા કે વિચારો, વર્તણુંક, વાણી, લાગણી, અનુભૂતિ, એકાગ્રતા, યાદશક્તિ, ગ્રહણશક્તિ, જવાબદારી વગેરે) યોગ્ય રીતે પૂરા કરે.
૨. આ બધાથી યોગ્ય પરિણામ મળે, સફળતા મળે.
૩. અન્યો જોડે પરસ્પરના સંબંધો બાંધે તથા સંબંધો જાળવી રાખે.
૪. બદલાયેલા સંજોગો પરિસ્થિતિને અનુકૂળ થાય.

ઉપરોક્ત વ્યાખ્યા અમેરિકન સર્જન જરનલના ૧૯૯૯ના રીપોર્ટમાં આપેલ છે.

- **૨૦૨૪નું સૂત્ર**

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે વર્લ્ડ ફેડરેશન ઓફ મેન્ટલ હેલ્થ તથા વિશ્વ આરોગ્ય સંસ્થા દર વર્ષે સૂત્ર (Theme) બહાર પાડે છે. એ વર્ષ દરમિયાન આ સૂત્રના વિષયને મહત્ત્વ આપીને કાર્યક્રમો યોજાય છે.

૨૦૨૪નું સૂત્ર છે : "માનસિક સ્વાસ્થ્યને કાર્યસ્થળ પર મહત્ત્વ આપવું." (It is time to prioritize Mental Health in Work place).

આપણે સૌ જાણીએ છીએ કે આજની ૨૧મી સદીના ડિજીટલ યુગમાં કામનું સ્ટ્રેસ ખૂબ જ વધારે છે. સામાન્ય રીતે એવી સલાહ આપવામાં આવે છે કે યુવાનોએ વર્ક-લાઇફ વચ્ચે સંતુલન જાળવવું જોઈએ. પરંતુ આજે નોકરીની સુરક્ષા જેવું કશું રહ્યું નથી. નોકરી બચાવવા માટે ૧૦થી ૧૨ કલાકથી પણ વધારે કામ કરવું પડે છે. મલ્ટીનેશનલ કંપનીમાં ગમે ત્યારે કર્મચારીઓની છટણી કરવામાં આવે છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (IOL) અનુસાર ભારતમાં ૫૧% લોકો દર અઠવાડિયે ૫૦ કલાક કે તેથી વધુ કામ કરે છે.

કામ પર પહોંચવાનો સમય નક્કી છે, જ્યારે ત્યાંથી સાંજના પાછા ઘરે આવવાનો સમય નક્કી નથી.

આજે દરેક ક્ષેત્રમાં ગળાકાપ હરીફાઈ વધી છે. તેમાં ટકવા માટે અથવા આર્થિક ઉપાર્જન માટે કામકાજનો ઢસરડો કરવો જ પડે છે.

કાર્યસ્થળ તથા કાર્ય વિષે મહત્ત્વના ફેરફારો થયા છે. ખાસ કરીને કોરોના સમય બાદ.

- **સ્ટ્રેસનું નિર્માણ :**

સ્ટ્રેસ માટે બે મહત્ત્વના પરિબળો છે : (૧) વ્યક્તિ પોતે અને (૨) બાહ્ય પરિબળ.

વ્યક્તિમાં આંતરિક પરિબળ જેવા કે જીનેટીક બંધારણ, સ્વભાવમાં લાગણીશીલતા, અપેક્ષાઓ, ક્ષમતાથી વધારે કામ, નિરાશા સહન કરવાની માનસિક ઊર્જાનો અભાવ, કૌટુંબિક તથા સામાજિક ઘટનાઓ સ્ટ્રેસનું નિર્માણ કરે છે.

બાહ્ય પરિબળમાં કામનો બોજો, ડેડલાઈન, ટારગેટ ડેટ્સ, સહ કર્મચારીઓનો સ્વભાવ તથા વલણ, ઉપરી અધિકારીઓ તથા મેનેજમેન્ટનું વલણ તથા અપેક્ષાઓ,

ટ્રાવેલીંગ, પરસ્પરના સંબંધો વગેરે સ્ટ્રેસનું નિર્માણ કરે છે.

વ્યક્તિગત (Personality) તથા બાહ્ય પરિબળો ભેગા થતાં સ્ટ્રેસનું નિર્માણ થાય છે.

- **લક્ષણો :**

ભારતીય કલ્ચરમાં સ્ટ્રેસના શારીરિક લક્ષણો કોમન છે તથા આ લક્ષણોને લઈને વ્યક્તિ ડૉક્ટરને કન્સલ્ટ કરે છે.

- **શારીરિક લક્ષણો :**

(૧) માથું ભારી થવું, (૨) માથાનો દુઃખાવો, (૩) શારીરિક નબળાઈ, (૪) શરીરમાં કળતર, (૫) અપચો, (૬) એસિડિટી, (૭) ગેસ, (૮) પેટમાં બળતરા, (૯) ગભરામણ થવી, (૧૦) છાતીમાં દુઃખાવો, (૧૧) વજન ઓછું થવું, (૧૨) હાથપગમાં ઝણઝણાટી.

- **માનસિક તથા ભાવનાત્મક લક્ષણો :**

(૧) ચીડિયાપણું, (૨) કામમાં એકાગ્રતા ઓછી થવી, (૩) ભૂલો થવી, (૪) ભૂલકણાપણું, (૫) નિર્ણયશક્તિ ઓછી થવી, (૬) બેચેની થવી, (૭) કામ પર અનિયમિત જવું / ગેરહાજર રહેવું, (૮) આત્મવિશ્વાસ ઓછો થવો, (૯) અસ્વસ્થ થવું, (૧૦) મુંઝારો થવો, (૧૧) નિરાશા, હતાશા, (૧૨) ઊંઘ ઓછી થવી, (૧૩) ઘણી વખત ઊંઘ વધારે આવવી, (૧૪) ચા-કોફીનું પ્રમાણ વધી જવું, (૧૫) ધૂમ્રપાન વધારે કરવું, (૧૬) દારૂનું પ્રમાણ વધી જાય.

- **શારીરિક બીમારીઓ :**

લાંબા સમયથી વ્યક્તિ સ્ટ્રેસથી પીડાતી હોય (Chronic Stress) તો લાંબાગાળાની શારીરિક બીમારીઓ જેવી કે (૧) હાઈ બ્લડપ્રેસર, (૨) ડાયાબિટીસ, (૩) હૃદયની બીમારીઓ, (૪) સ્થુળતા (Obesity) વગેરેની શરૂઆત થાય છે અથવા બીમારીનું પ્રમાણ વધી જાય છે.

***આપણે સૌ જાણીએ છીએ કંપનીઓના ઉચ્ચ પદે બિરાજનાર અધિકારીઓમાં આ બીમારીઓ સામાન્ય છે.***

- **ઉપાયો :**

૧. **કામનું લીસ્ટ બનાવો :** દરેક કામને ક્રમવાર અગ્રતાપણું (Priority) આપો. જે કામ વધારે મહત્ત્વનું હોય એને શરૂઆતનો નંબર આપો. ઓછા મહત્ત્વવાળા કામને પાછળ રાખો. વધુ મહત્ત્વના કામને પહેલા પૂરું કરો, પછી બીજા કામને.

૨. **વચ્ચે વિરામ લો :** કામની વચ્ચે થોડો વિરામ લો. માનસિક રીતે રીલેક્સ થાવ. પાંચ, દસ મિનિટ માટે બહાર ચક્કર મારો. આથી માનસિક ઉર્જા વધશે તથા કામમાં એકાગ્રતા વધશે.

૩. **અસરકારક સંવાદ કરો (Communicate Effectively) :** કર્મચારીઓ તથા અન્યો જોડે અસરકારક મુદ્દાસર વાતચીત કરો. પોતાની જરૂરિયાતો, પોતાની તકલીફો વિશે મુદ્દાસર વાતચીત કરો. જેથી ગેરસમજ ન થાય.

૪. **પોતાની ક્ષમતા :** પોતાની ક્ષમતા પ્રમાણે કામ કરો. ક્ષમતા પ્રમાણે લીમીટ નક્કી કરો. ક્ષમતાથી વધારે બોજો લેવાથી સ્ટ્રેસનું નિર્માણ થાય છે.

૫. **ના પાડતા શીખો :** ક્ષમતાથી વધારે જવાબદારી મેનેજમેન્ટ આપે તો ના પાડતા શીખો. મહત્ત્વનું છે ના પાડવાની પદ્ધતિ.

૬. **પૌષ્ટિક આહાર :** સમયસર પૌષ્ટિક આહાર લેવો ખૂબ અગત્યનું છે. કામના સમયમાં પોતાના જમવાનો સમય ફાળવવો ખૂબ જ જરૂરી છે. પૂરતા પ્રમાણમાં લીલા શાકભાજી, ફળો, વિટામિન્સ પરિસ્થિતિનો સામનો કરવાની માનસિક ઉર્જા વધારે છે.

૭. પૂરતી ઊંઘ જરૂરી છે.

૮. **કુટુંબનો સહયોગ :** કૌટુંબિક જીવન સ્વસ્થ હોવું જરૂરી છે. દરેક સફળ વ્યક્તિની પાછળ જીવનસાથી અથવા અન્ય નજીકની વ્યક્તિનો હાથ હોય છે.

૯. **પ્રોફેશનલ મદદ :** જરૂરત પ્રમાણે મનોચિકિત્સકની સલાહ લો. યોગ્ય સમયે મનોચિકિત્સકની સલાહ ખૂબ જ જરૂરી છે. આથી સ્ટ્રેસની નકારાત્મક અસર ઓછી કરી નાબૂદ કરી શકાય છે.

- **સારાંશ :**

આજના ડિજીટલ યુગમાં કાર્યસ્થળ પર માનસિક સ્વાસ્થ્યને મહત્ત્વ આપવું અગત્યનું છે. કાર્યસ્થળ પર માનસિક સ્ટ્રેસ વધ્યું છે. એની નકારાત્મક અસર જીવન પર થાય છે.

પોતાના પર થતી માનસિક સ્ટ્રેસની જાણકારી મેળવો તથા યોગ્ય ઉપાયો કરો. જેથી કાર્ય સ્થળના સ્ટ્રેસના નકારાત્મક અસરોથી બચી શકાય.

***(સંપૂર્ણ)***

*પતિ સમજદાર હોય તો મકાન જલ્દી બને,*
*પત્ની સમજદાર હોય તો ઘર જલ્દી બને,*
*બંને સમજદાર હોય તો ઘર એક મંદિર બને.*
*બાળકો સમજદાર હોય તો ઘર સ્વર્ગ બને અને અંતે*
*માતા-પિતા સાથે હોય તો ઘર સ્વર્ગથી પણ સુંદર બને.*

તંદુરસ્તી

# ગેસ – એસિડિટી

ડૉ. કમલેશ એન. શાહ

ગેસ - એસિડિટી બંને હોજરીના પ્રશ્નો છે. જે દુઃખાવો, બેચેની અને છાતીમાં બળતરા ઉત્પન્ન કરે છે. એસિડિટીમાં હોજરી જરૂર કરતાં વધારે એસિડનું ઉત્પાદન (HCL) કરે છે, જે ખોરાકને પાચન કરવામાં તકલીફ કરે છે. ગેસ મોટા આંતરડામાં ઉત્પન્ન થાય છે. સામાન્ય મનુષ્ય રોજ મોઢાથી કે ગુદા દ્વારા ૨૦થી વધારે સમય ગેસ પસાર કરે છે.

જ્યારે ગેસ વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય છે કારણ - મોટા પ્રમાણમાં ખોરાક કે તીખું તળેલું ખાવાનું ખાધું હોય છે ત્યારે તે Brap માંથી પસાર થાય છે. જ્યારે તે ફસાય ત્યારે આંતરડામાં પ્રશ્નો જમા કરે છે.

- **ગેસ - એસિડિટીના કારણે ઊભા થતા પ્રશ્નો :**

૧. છાતીમાં બળતરા : ડુંટી અને તેની ઉપરના ભાગમાં બળતરા – ક્યારેક ગળા સુધી પણ આવે.

૨. ખાટા ઓડકાર : જે ઘણી વખત મોઢાથી ગળા સુધી આવે.

૩. પેટ ફૂલવું, ઉબકા-ઉલટી, Hicough લોહીની ક્યારેક લોહીની ઉલટીઓ થવી તો ક્યારેક કાળા રંગનો ઝાડો દેખાવો વગેરે થાય છે.

- **એસિડિટી થવાના કારણો :**

આપણી હોજરી ગેસ્ટ્રીક એસિડ ઉત્પન્ન કરે છે, જે આપણા ખોરાકના પાચનમાં મદદ કરે છે. હવે આ એસિડની ક્યારેક આડ અસરો, બેલેન્સ થાય છે. હોજરી દ્વારા ઉત્પન્ન થતા પ્રોસ્ટાગોડિન્સ અને બાયકાર્બોનેટ છે.

***<u>હવે એસિડિટી થવાના કારણો</u>* :**

૧. બિન શાકાહારી ખોરાક તથા મસાલાવાળા, તીખા (Spicy) ખોરાક દ્વારા.

૨. વધુ પડતો માનસિક તણાવ.

૩. વધારે પડતા દારૂનું સેવન.

૪. સિગારેટ / બીડી વારંવાર ફૂંકવી.

૫. હોજરીના રોગો - હોજરીમાં ચાંદી, અન્નનળીમાં છેલ્લા હોજરી સાથે જોડતા ભાગના વાલ્વ ઢીલા થવા (GERD) અને હોજરીમાં કેન્સર.

૬. શરીર સાંધાના દુઃખાવાની દવાઓ.

- **કઈ વ્યક્તિઓમાં એસિડિટી વધારે થઈ શકે છે.** વધારે પડતો ખોરાક, બેઠાડું જીવન, રાત્રે વધુ પડતું જમવું, કોફીના અતિશય સેવન, ભૂખ્યા પેટે વારંવાર ચા પીવાની ટેવ.

- **ગેસ એસિડિટીના બચવાના ઉપાયો :**

૧. ચોક્કસ પ્રકારના વધારે પડતા ચરબીવાળા, મસાલાવાળા ખોરાકથી બચવું. કાર્બોનેટ પીણા હાનિકારક છે.

૨. ખોરાકને ૨ થી ૩ ભાગમાં નહીં પરંતુ પાંચ ભાગમાં-નાના વિભાગમાં વહેંચી નાંખવું.

૩. ખોરાક લઈ તુરંત સૂઈ જવું નહીં - થોડુંક ચાલવું.

૪. ભૂખ્યા પેટે કેટલીક એન્ટીબાયોટીક, તાવની દવાઓ કે પેઈન કીલર લેવી નહીં. જરૂર પડે સાથે ખાઈ લેવું કે એસિડિટીની મારણ દવા લેવી.

- **એસિડિટીની વ્યક્તિઓએ ક્યારે ડોક્ટરની સલાહ લેવી?**

શ્વાસ લેવામાં તકલીફ, સતત ખોરાકને ઉતારવામાં તકલીફ, છાતીમાં ભરાવો લાગવો, કાળા રંગનો ઝાડો થવો અથવા વજનમાં ઘટાડો થવો.

- **ફિઝીશિયન કે ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટની સલાહ ક્યારે લેવી?**

ગેસ એસિડિટી ખૂબ જ કોમન છે. પરંતુ GERD એટલે કે અન્નનળીમાં ગેસ, ખોરાક કે એસિડ પાછો આપવો, વારંવાર થાય તો તે અન્નનળીમાં સોજો, ચાંદા તથા કેન્સર ઉત્પન્ન કરી શકે છે. જો તમોને

૧. બતાવ્યા પ્રમાણેની તકલીફો ૨ અઠવાડિયાથી વધારે રહે.

૨. તમારા રોજિંદા ખોરાકમાં ઘટાડો થાય.

૩. છાતીમાં બળતરા સાથે ઉબકા, ઉલટી સતત ચાલુ રહે.

૪. ખોરાક ઉતારવામાં મુશ્કેલીઓ આવે.

૫. અવાજમાં ફેરફાર થાય તો...

**એસિડિટીનું નિદાન :** કેટલાક વર્ષો પહેલા એસિડની રાઈલ્સ ટ્યુબ નાંખી - ૨૪ કલાક તપાસ થતી. તે સિવાય Barium Swallw માં સફેદ પાવડર ગળીને ફોટાની તપાસ થતી. હવે એન્ડોસ્કોપી દ્વારા નિદાન થાય છે, જે ઓ.પી.ડી. પ્રોસીજર છે. સામાન્ય બેભાન કરવાની દવા આપી, નાના કેમેરાવાળી, Fibreoptic નળી મોં વાટે દાખલ કરી, અન્નનળી,

(અનુસંધાન : જુઓ પાના નં. – ૯૯ ઉપર)

જૈન દીકરી

# દીકરીઓને સક્ષમ બનાવીએ
## (અન્ય ધર્મમાં લવ-મેરેજ સંદર્ભે)

ડૉ. નવીન પારેખ, Ph.D.

*સુજ્ઞ સ્વજનશ્રી,*

*વર્તમાન સમયમાં લવ-જેહાદ અને અન્ય ધર્મના યુવકોની જાળમાં જૈન દીકરીઓ ટ્રેપ થવાના કિસ્સાઓ સહજ બન્યા છે. આવતીકાલે આ સમસ્યા આપણા દરવાજે ટકોરા મારે તે સમય દૂર નથી. આપણી દીકરીને સાવધાન - સચેત કરવાની જવાબદારી જે તે દીકરીના માતા-પિતાની જ છે. થોડી જાગૃતિ અને સમજણ સાથે આ સમસ્યાથી આપણે સમાધાન મેળવી શકીએ. 'મારી દીકરી સમજુ છે' એ ખ્યાલ કે ભ્રમને જમાનાની આડઅસરો ભાંગી નાંખે ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી. માટે એક જવાબદાર પેરેન્ટ બનીને સમયને પારખી, એ દીકરીને સમય આપીએ અને સમજણ આપીએ.*

*આ સાથે એક લેખ અત્રે પ્રસ્તુત છે, જે આપણા જૈન સમાજની મુગ્ધાવસ્થાની ઉંમરવાળી દીકરીઓ (૧૪ વર્ષ કે તેથી ઉપર), કે જેઓ હાયર સ્ટડી કે જોબ માટે ઘર બહાર પગ મૂકે છે ત્યારે બહારની દુનિયાનાં નકારાત્મક પ્રભાવ હેઠળ આવે છે અને ધીમા ઝેરની જેમ માનસ ઉપર અસર કરે છે. આ પરીબળોમાં સોશિયલ મીડિયા, તેણીના અન્ય ધર્મના મિત્રો, તેને મળેલ સ્વતંત્રતા, સેક્યુલર વિચારો મુખ્ય છે અને તેમાં પારિવારિક સમયના અભાવે આપણું **Absent Parenting** મુખ્ય રોલ ભજવે છે. તેણીને આ ઉંમરે શું માર્ગદર્શન અને સમજણ આપવી તે તમામ બાબતો આ લેખમાં, અનેક જૈન સમાજોના કેસ-સ્ટડી અને સંશોધન કરીને સૂચનો (Advisory) આપેલ છે તે દીકરીઓ અને તેના પેરેન્ટ – બંને માટે છે.*

*આપશ્રી આપના સમાજમાં અગત્યની પોઝીશન ધરાવો છો. તેથી આ સામાજિક સમસ્યાની ગંભીરતા સમજવા સક્ષમ છો. આપશ્રી આ લેખની પ્રિન્ટ આપના સમાજના જે પરિવારોમાં ૧૪ વર્ષ કે તેનાથી વધારે ઉંમરની અપરીણિત દીકરીઓ છે ત્યાં મોકલવાની વ્યવસ્થા કરવા ખાસ વિનંતી સહ પ્રાર્થના છે. આપણે અહિંસક અને સોફ્ટ કોમ્યુનિટી છીએ. તેથી સાવધાની જ બેસ્ટ ઉપાય છે. એમ પણ જૈન સમાજ દીકરી-દીકરાઓના અસમાન રેશિયોની સમસ્યાથી પીડાય છે. વ્યવહારિક સંબંધો કરવા મુશ્કેલ થતા જાય છે ત્યારે સાવચેત બનીએ, સતર્ક બનીએ. તેથી મારી આગ્રહભરી વિનંતી છે કે, આપનું થોડું યોગદાન સમાજના પરિવારોને સચેત કરશે. આ માટે આપના મહિલા મંડળ અને યુવક મંડળ પણ ઉપયોગી બની શકે. યોગ્ય ગ્રુપની દીકરીઓ માટે સેમિનારનું આયોજન કરીને આપના સમાજના શિક્ષિત ભાઈ-બહેનો આ લેખના આધારે યોગ્ય માર્ગદર્શન પણ આપી શકશો. જરૂર જણાય તો નિઃસંકોચ સંપર્ક કરવા વિનંતી.*

**ડો. નવીન પી. પારેખ**

*૫૦૨, અજરામર એન્કલેવ, પ્લોટ નં. ૨૦૭, રોડ નં.-૧૪, જવાહર નગર, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૨.*

*મો. ૯૪૨૬૩ ૮૩૬૧૧*

છેલ્લા કેટલાક વર્ષોમાં આપણા જૈન સમાજની દીકરીઓ અન્ય જ્ઞાતિ ધર્મના યુવકોની મોહજાળમાં ફસાઇને પોતાની તથા માતાપિતાની જિંદગી બરબાદ કરી રહી છે. મુગ્ધાવસ્થાની ઉંમર (Adolescent age) માં તેમણે લીધેલ નિર્ણય ભવિષ્યમાં કેટલો ખતરનાક પરિણમશે તેનો તે વિચાર કરતી નથી. અપરિણીત પુખ્ત વયની કે કાચી ઉંમરની જૈન દીકરીઓને જો યોગ્ય વૈચારિક દિશા અને માર્ગદર્શન નહીં આપીએ તો આપણા સમાજ સમક્ષ ગંભીર સમસ્યા પેદા થશે (ઘણા દાખલા આપણી આસપાસ જ છે). આ વિષય ડર પેદા કરવા માટે નથી પરંતુ સંભવિત વાવાઝોડા સામે પૂરતી કાળજી લેવા માટે છે. આપણી લક્ષ્મી સ્વરુપ બેટી આપણી નજર સમક્ષ લુંટાય એ કયો પિતા સહન કરી શકશે?

ધંધાના સ્થળે બાહોશ પુરવાર થયેલા આપણે આપણા પરિવાર સાથે બેસીને પારિવારિક 'રોજમેળ' તપાસવાનો સમય લગભગ ગુમાવી દીધો છે. આપણને મળેલ ૨૪ કલાકના દિવસનું વિભાજન કરીએ તો સામાન્ય રીતે પરિવાર સાથે વિતાવવાનો સમય જે બચે છે તેમાંથી મોટા ભાગનો સમય મોબાઇલ સ્વાહા કરે છે. પરિણામે પરિવાર માટે ગુણાત્મક સમય (Quality time) નું ઇન્વેસ્ટમેન્ટ કરવા આપણે નાદાર પુરવાર થઇએ છીએ. સમસ્યાનું વાવેતર અહીં શરૂ થાય છે.

આપણે બહુજ સરળ અને અહિંસક કોમ્યુનિટી છીએ જેની દીકરીઓ કોઇપણ વિધર્મીનું સોફ્ટ ટાર્ગેટ બની શકે છે. જૈન સમાજની દીકરી અન્ય સમાજમાં મેરેજ કરે તેવા મોટાભાગના કિસ્સા ફેઇલ જાય છે. કારણકે કોઇપણ વિધર્મી સાથે સામાજિક-

ધાર્મિક કે અન્ય કારણોસર પોસ્ટ મેરેજ એડ્જસ્ટમેન્ટ થતું નથી. આ તારણ ભારતીય જૈન સંઘટન (BJS) – પૂના દ્વારા ભારતના લગભગ જૈન સમાજની સામાજિક સમસ્યાઓના અભ્યાસ માટે કરવામાં આવેલ રીસર્ચનું પરિણામ છે. (આ વિષય – Empowerment of Girlsની ટ્રેનિંગ મેં પૂના લીધેલ છે અને તે આધારે આ વિગતો છે).

કબુતરને જમીન પર વેરેલા માત્ર દાણા જ દેખાય છે પરંતુ પારધીએ બિછાવેલ જાળ દેખાતી નથી. વ્યવહારિક ભોળપણ અને મુગ્ધાવસ્થાની આ જ સમસ્યા છે. બેહોશ ઉંમરના રંગીન સપનાં ગાઢ નિદ્રામાં જ આવે છે. કલ્પનાઓ અને વાસ્તવિક્તાઓ વચ્ચે ખૂબ જ અંતર હોય છે જે ઘટાડવા વૈચારિક વ્યાયામ કરવો પડે છે. પરંતુ એ સમજ ઉછળકૂદ કરતી કાચી ઉંમરે ગેરહાજર હોય છે. માટે આ સમજણ સંતાનોને આપવાની જરૂર છે. ગંભીરતાથી વિચારીએ તો સાંસ્કૃતિક, સામાજિક અને નૈતિક ધોરણોમાં પરિવર્તન જેટલી ઝડપથી છેલ્લા ૨૫ વર્ષમાં આવ્યું છે તે લગભગ ૨૦૦ વર્ષોમાં થયું નથી. 'પરિવર્તન એ વિકાસની પ્રક્રિયા છે' પણ એ ફિલોસોફી ધર્મ પરિવર્તન સુધી લઇ જાય તે સંદર્ભમાં અને એટલી હદે સ્વીકારવા જેવી નથી. જિંદગીના કાઉન્ટર ઉપર E & O.E. 'ભૂલચૂક લેવીદેવી' એવી કોઇ પાવતી મળતી નથી. ગણિતમાં રકમ લખીને ભૂંસી શકાય છે પણ જિંદગીમાં આવું કશું થઇ શકતું નથી. કારણકે ઘણી ભૂલો એવી હોય છે જ્યાં સુધારાનો કોઇ અવકાશ રહેતો નથી. તેથી લપસણા ઢાળ જેવી ૧૪ થી ૨૨ વર્ષની ઉંમરવાળી આપણી દીકરીઓના માતા-પિતાએ સાવધાન રહેવાની વિશેષ જરૂર છે.

જ્યારે દીકરી હાયર એજ્યુકેશન માટે કૉલેજમાં પ્રવેશ કરે છે ત્યારે તેની ઉંમર ૧૫ વર્ષ હોય છે જેને આપણે મુગ્ધાવસ્થા (Adolescent Age) કહીએ છીએ. દીકરીની ઉંમરના પ્રમાણમાં તેનો શારિરીક વિકાસ વહેલો થાય છે પરંતુ માનસિક કે વૈચારિક વિકાસ તો તેના નેચરલ સમયે જ થાય છે. આ બેહોશીની ઉંમર છે જ્યાં ખરાખોટાની પરખ માટેનો વિવેક ગેરહાજર હોય છે. હવે સ્કૂલની જેમ અહીં એક Disciplined સિસ્ટમ નથી. કૉલેજ કેમ્પસ દીકરીઓ માટે આંદામાનની જેલમાંથી મુક્તિ મળ્યા પછીનું સ્વતંત્ર આકાશ છે. અહીં યુનિફોર્મની જગ્યાએ ફેશન પરેડ શરૂ થાય છે. તેની ફ્રેન્ડસના પ્રભાવ (Peer Pressure) હેઠળ ડ્રેસિંગ સેન્સ બદલે છે. તેનું મન ઉંડે ઉંડે કોઇ વિજાતીય આકર્ષણ માટે ઉછળકૂદ કરતું હોય છે. લર્નિંગ-પ્લેસ ક્યારે લવ-પ્લેસમાં પરિવર્તિત થાય છે તેની દીકરીને ખબર પડતી નથી. આ એક એવું સ્થળ છે જ્યાં દીકરીને કોર્ષ બહારનું ઘણું શીખવાનું મળે છે. અહીં તેને પાંખો મળે છે પરંતુ ઉડવાની દિશા આપણે આપવી પડે નહિંતર શિકારીની જાળમાં ફસાતાં વાર નહીં લાગે. આવા જોખમી પરિબળોથી પરિવાર -પ્રેમ (Family Bonding) અને વિવેકજ્ઞાન (Discretion) જ દીકરીને બચાવી શકશે તેથી દીકરીને માત્ર બે જ વસ્તુ આપો : સમય અને સમજણ.

દીકરી જ્યારે હોસ્ટેલમાં જાય કે પેઇંગ ગેસ્ટ (PG) તરીકે રહે ત્યારે તેનો Risk Zone શરૂ થાય છે. આ એક એવી સ્થિતિ છે જ્યાં દીકરી ઉપર Watch રાખવા કોઇ પ્રેમાળ નજર નથી. આ લપસણા ઢાળનો તબક્કો છે. અહીં વિવિધ ધર્મ, જાતિ કે અન્ય સમાજની દીકરીઓના સંપર્કમાં આવવાથી તેના વિચારો ઉપર પ્રભાવ પડે છે. સદ્ભાગ્યે જૈન હોસ્ટેલ મળે તો તે આડઅસરોથી બચે છે પરંતુ કૉલેજના સમયમાં તેના સંસ્કારો કે સાવધાની જ તેને બચાવી શકશે.

કોઇપણ દીકરી જ્યારે જોબ કરવાની શરૂઆત કરે છે તે સાથે તેને (૧) નાણાંકીય સ્વતંત્રતા, (૨) વિચારોની સ્વતંત્રતા, (૩) ઓફિસના સહકર્મીઓ સાથે હળવા-મળવાની સ્વતંત્રતા, (૪) ઓફિસ સંબંધી પાર્ટીઓ, મીટિંગો, સેમિનાર, થિયેટર, પ્રવાસમાં જવાની સ્વતંત્રતા, (૫) ઓફિસના ડ્રેસકોડ પ્રમાણે કપડાં પહેરવાની સ્વતંત્રતા વગેરે નિર્વિરોધ મળે છે. આ તમામ સ્વતંત્રતાઓ દીકરીના વિચારો, વર્તન અને વ્યવહાર ઉપર પ્રભાવ પાડે છે. આ પ્રભાવ તેના સામાજિક, ધાર્મિક કે પારિવારીક મૂલ્યોને કેટલી અસર કરે છે તે તેની માનસિક ક્ષમતા કે નબળાઇ ઉપર આધાર રાખે છે. જો તેના પારિવારીક અને ધાર્મિક સંસ્કારોનું સિંચન સચોટ રીતે થયું હશે તો દીકરી તેની સૈદ્ધાંતિક બાબતોમાં ક્યારેય સમાધાન નહીં કરે. અન્યથા અન્ય ધર્મ કે જ્ઞાતિના યુવકોની સાથે કરેલ મિત્રતા ક્યારે 'પ્રેમ લગ્ન માં પરિવર્તિત થશે તે ખ્યાલ નહીં રહે. કારણકે, પુરુષમિત્રો સાથેના સંબંધોમાં મૈત્રીની રેખા ખૂબ જ પાતળી હોય છે. માટે જ Love is Blind છે. ત્યાં નાત-જાત-ધર્મ-ઉંમરના વિવેકનું ભાન રહેતું નથી. આંખો મિંચાયેલી હોય છે.

પુરુષો હંમેશા સ્ત્રીના રંગ - રૂપ કે શરીરને ચાહતા હોય છે જ્યારે સ્ત્રી હંમેશાં પુરુષની ભોળી વાતોમાં આવીને BLIND GAME રમે છે. કહેવાતો પ્રેમ જ્યારે ગુનો બને છે ત્યારે તેની શિક્ષા માત્ર દીકરીના નસીબે જ આવે છે. પુરુષ બારોબાર નિર્દોષ છુટી જાય છે, દીકરી બધી જ રીતે લૂંટાય છે. પુરુષ એ આખરે પુરુષ છે. મર્યાદા પુરુષોત્તમ નથી. એક પરિણીત પુરુષને અન્ય સ્ત્રીના પ્રેમમાં પડવાનો કોઇ છોછ હોતો નથી (Extra Marital affairs). જ્યારે એક પરિણીત સ્ત્રી સામાન્ય રીતે આવી પહેલ નહીં કરે. જૈનોની

દીકરીઓ અન્ય સમાજની તુલનાએ Soft Target હોય છે. તેથી આવી મૈત્રીમાં ખૂબ જ સાવધાની વર્તવાની જરૂર હોય છે. માતા-પિતાએ જોબ કરતી દીકરીની આવકથી એટલી હદે ન અંજાઇ જવું જોઇએ કે, તેઓને ધૃતરાષ્ટ્ર કે ગાંધારી થવા મજબૂર બનવું પડે.

સંપત્તિ પુરુષની તાકાત છે તો રૂપ એ સ્ત્રીની તાકાત છે. સ્ત્રી કમજોર (નિર્બળા) અને આકર્ષક છે જ્યારે પુરુષ મજબૂત અને આક્રમક હોય છે. ખુલ્લાં વસ્ત્રો એ બિલ્લી સમક્ષ ખુલ્લા મૂકેલા દૂધ બરાબર છે. રૂપનું આકર્ષણ સ્પર્શની ઇચ્છા પેદા કર્યા સિવાય રહેતું નથી. પુરુષ સ્ત્રીનું શરીર પામવા માટે પ્રેમનું નાટક કરે છે. જ્યારે સ્ત્રી, પુરુષનો પ્રેમ મેળવવા માટે શરીર સોંપી દે છે. પુરુષનું લક્ષ્ય સિદ્ધ થઇ જાય છે. સ્ત્રી દ્વારા છેતરાયેલા પુરુષોની સંખ્યાની અપેક્ષાએ પુરુષો દ્વારા છેતરાયેલ સ્ત્રીઓની સંખ્યા અનેકગણી છે. સ્ત્રીએ પુરુષ પર બળાત્કાર કર્યો હોય તેવી ઘટના વાંચી નથી. નિર્ધન માણસ ક્યારેય લૂંટાતો નથી પરંતુ રૂપ વગરની યુવતિની આબરુ લૂંટાઇ શકે છે. બગીચામાં ખીલેલા ફૂલ માળીની સુરક્ષામાં સલામત હોય છે. કોઇપણ વિજાતીય પાત્ર સાથે એકાંત અને અંધકાર અતિ ખતરનાક છે. એક ટ્રે માં ૨૦ ગ્લાસ શરબતના છે જે પૈકી એક જ ગ્લાસમાં કાતિલ ઝેર છે. ૧૯ ગ્લાસ સ્વાદિષ્ટ શરબતના છે પરંતુ ખ્યાલ નથી કે કયા ગ્લાસમાં ઝેર છે. તો શું કોઇ એ શરબત પીવાનું જોખમ લઇ શકશે? હરગીઝ નહીં! એવી જ રીતે તમારી આસપાસના પુરુષો કે બોયફ્રેન્ડ પૈકી કોના મનમાં SEXનાં સાપોલિયા રમે છે તે જાણી શકાય નહીં. માટે સાવચેત અને સાવધાન રહો.

વેલેન્ટાઇન ડે અને ન્યુ ઇયરની પાશ્ચાત્ય સંસ્કૃતિના તહેવારોએ તેની વિકૃતિઓની જાળ આપણી ભોળી દીકરીઓ સુધી ફેલાવી છે. હવસખોર છોકરાઓ આ મુગ્ધતાની ઉંમરનો ગેરલાભ લે છે. આ ઉંમરની દીકરીઓની Physical Chemistryમાં એવા ફેરફાર થાય છે કે તેને કોઇપણ હેન્ડસમ છોકરાના પ્રેમમાં પડવાનું દિલ થતું હોય છે. બોયફ્રેન્ડ હોય કે ગર્લફ્રેન્ડ, વારંવાર, કસમયની કે કોઇ પ્રસંગ વગર અને અસાધારણ કિંમતની ભેટ કે ગીફ્ટ આવકારદાયક નથી. આવી ગીફ્ટ એક પ્રકારનું ઓબ્લિગેશન પેદા કરે છે અને ભવિષ્યમાં કોઇ મુશ્કેલી પેદા કરી શકે છે. ખાસ કરીને બોયફ્રેન્ડ તરફથી મળેલ ગીફ્ટને Judge / Evaluate કરો. This may be first BAIT, do not BITE it. (માછલીને પકડવા માટે કાંટામાં ભરાવેલ ખોરાક BAIT છે. તેને ખાવાની લાલચ BITE કરશો નહીં).

માતા-પિતા સંતાનના દુ:ખને દૂર કરવા અને સુખ આપવા પ્રયત્ન કરે છે. પરંતુ સાથેસાથે એના હિતોને સુરક્ષિત રાખવા એના અણછાજતા શોખ પર પ્રતિબંધ પણ જરૂરી છે. જે દીકરીનો ૨૦-૨૨ વર્ષ સુધી ખૂબજ લાડકોડ અને પ્રેમથી ઉછેર કર્યો હોય તે માત્ર ૪-૬ મહિનાના કોઇના કહેવાતા પ્રેમના કારણે પોતાના તમામ સ્વજનોને છોડી દે કે ભાગી જાય તેવું શા માટે બને છે? (ધ્યાને રહે કે અતિ લાડકોડ એ ઉછેરની ખામીનો મુદ્દો છે Too Much is Too Bad). આટલા ટુંકા ગાળામાં ઝડપથી બ્રેઇનવોશ કઇ રીતે થાય છે? વિચારવાની જરૂર છે. દોષ કોઇને પણ નહીં આપી શકાય, મોબાઇલને પણ નહીં. જવાબદારી જે તે દીકરીના માતા-પિતાએ જ સ્વિકારવી પડે, કોઇપણ બહાના કાઢ્યા વગર, મને કે કમને. આપણા ધંધાકિય વ્યવહારો માટે આપણી પાસે પૂરતો સમય છે પરંતુ આપણું પ્રિય સંતાન ક્યાં જાય છે, ક્યારે જાય છે, કેમ જાય છે કે કોના સંપર્કમાં છે તે જોવાની આપણને ફુરસદ નથી. દીકરીના Hunt-dog બનવાની વાત નથી પણ સમયને અનુલક્ષીને Watch-dog બનવુ જરૂરી છે. દીકરીના ઠાઠમાઠ લગ્નના સ્વપ્ન માટે સંપત્તિ એકઠી કરતો અને ચલણી નોટો ગણવામાં વ્યસ્ત હાથ દીકરીની પીઠ પસારવા માટે હાજર નથી. ધંધાકિય સમયની વ્યસ્તતા જ પરિવાર માટે ગુણાત્મક સમયનો દુષ્કાળ સર્જે છે. અહીં એ સ્પષ્ટતા કરીએ કે માત્ર થિયેટર, રિસોર્ટ, પિકનિક, હિલ સ્ટેશનની ટુર યાત્રા- પ્રવાસ એ અલગ વિષય છે અને પરિવાર માટે આપેલો ગુણાત્મક સમય અલગ વિષય છે.

મમ્મી, એ દીકરીની શ્રેષ્ઠ યુનિવર્સિટી છે. અમુક અંશે આ જવાબદારી જ્યાં સુધી મમ્મીઓ સંભાળતી હતી ત્યારે આ પ્રશ્ન એટલો ગંભીર ન હતો પરંતુ સોશિયલ મીડિયા, મોબાઇલ ચેટ, ટીવી સિરિયલો, કિટ્ટી પાર્ટીઓ અને પરચેઝ વન્ડર જેવા એજન્ડાએ થોડોઘણો પણ સમય મમ્મીઓ પાસે હતો તે છીનવી લીધો. પરિણામે આપણી દીકરીઓ માટે લાગણીનો શૂન્યાવકાશ સર્જાય છે અને દીકરી તેનો ખોવાયેલો પ્રેમ સ્ક્રીન ઉપર (મોબાઇલ, ટીવી, લેપટોપ, આઇપેડ, થિયેટર) કે બહારની દુનિયામાં શોધે છે. અહીં સમસ્યાની શરૂઆત થાય છે. લગભગ પરિવારો દાદા-દાદી શૂન્ય થઇ ગયા છે. આપણે માઇક્રો ફેમિલીના નવા સ્વરૂપ તરફ જઇ રહ્યા છીએ ત્યારે સંતાનોને સંયુક્ત કુટુંબમાંથી મળતો સંસ્કાર અને સંસ્કૃતિનો સાત્ત્વિક ખોરાક લગભગ બંધ થઇ ગયો છે. મીડિયાએ પીરસેલ જંકફુડના આધારે તેઓ જીવન-પદ્ધતિ નક્કી કરે છે અને તેના પ્રભાવ હેઠળ નિર્ણયો લે છે. સંખ્યાબંધ મા-બાપ એવા છે કે

જેમના સંતાનોનો હવાલો મોબાઈલ કે ટીવી ને સોંપીને નિશ્ચિત બન્યા છે જેને કારણે આપણી દીકરીઓના રોલ મોડેલ (Dream Hero) તરીકે કિરણ બેદી કે સુધા નારાયણમૂર્તિના બદલે પ્રિયંકા ચોપરા બને છે અને ફોરેન બ્રાન્ડ લાઈફ પાર્ટનર Nick Jonasના સ્વપ્નો જુએ છે. પરિણામે ઘણાબધા બુદ્ધિવિહિન અનુકરણો આપણે સામાજિક કે અન્ય પ્રસંગોએ જોઈએ છીએ પછી તે કપડાં પહેરવાની સ્ટાઈલ હોય કે રીતભાતની.

દીકરીઓના લગ્ન માટે સંબંધ નક્કી કરવાની પણ એક ઉંમર હોય છે. હમણાં હમણા મોડા લગ્ન કરવાનો ટ્રેન્ડ વધતો જાય છે. ખાસ કરીને જોબ કરતી દીકરીઓ સ્વતંત્ર રીતે વિચારતી હોય છે ત્યાં તેના માતાપિતાની વ્યવહારીક બુદ્ધિનો પરાજય થાય છે. ઉંમર વધવા સાથે દીકરીની વૈચારિક પ્રક્રિયા અને રીત (Thinking Process and Thinking Pattern) બદલાઈ ગઈ હોય છે જે તેની જિંદગીના મહત્ત્વના નિર્ણય ઉપર પ્રભાવ પાડે છે અને ક્યારેક બળવો કરીને ન લેવાનો નિર્ણય લે છે.

આ સમસ્યાનાં કારણો છે તેમ અને તેના સંભવિત ઉપાયો પણ છે. આ વિષય માતા-પિતા અને દીકરીએ સાથે બેસીને ચર્ચા કરવા માટે છે અને તો જ પરિણામ આવશે. આ સમસ્યાના ઉકેલ માટે માત્ર યુવતીઓજ નહિ પરંતુ સાથેસાથે તેમના માતાપિતા માટે એડવાઈઝરી આપેલ છે. This is research based general advices.

એક બાબત ચોક્કસ છે કે ફાયરબ્રિગેડના માણસો બળતા ઘરમાં પોતાનું કોઈ સ્વજન કે પોતાની મિલ્કત ન હોવા છતાં દરેકને બચાવે છે કારણકે, આગમાં પોતે કેમ બચવું તથા બીજાને કેમ બચાવવા તેની ટ્રેનિંગ તેણે લીધી હોય છે. જ્યારે આખી દુનિયામાં વિષય-વાસનાની આગ લાગેલ હોય ત્યારે આપણી દીકરી એ માહોલમાં પણ જીવવા સક્ષમ બને એ માટે જરૂરી ટ્રેનિંગ આપવાની આપણી ફરજ છે કારણકે તેના સુરક્ષિત ભવિષ્યની જવાબદારી પણ આપણી જ છે.

વિજ્ઞાને હોમ એપ્લાયન્સના અનેક સાધનો સ્ત્રીઓને સમય બચાવવા માટે આપ્યા છે.

સમસ્યા પેદા એ થઈ કે સ્ત્રીઓએ સમય તો બચાવ્યો પરંતુ બચેલો વધારાનો સમય ટીવી, મોબાઈલ વગેરેને આપી બાવળનું વાવેતર કર્યું. બાવળ વાવીએ તો ક્યારેક કાંટા પણ વાગવાના જ છે. વડીલોથી લઈને સંતાનો કે અભ્યાસ કરતા બાળકો સુધી કોઈપણ લેવલે મીડિયાના પ્રભાવથી બચવું મુશ્કેલ બન્યું છે ત્યારે જ એક ઉપાય છે : સમજણ અને સાવધાની.

ઉંમરલાયક દીકરી અને તેના માતાપિતા માટે સમજણ અને સાવધાનીના ચાર એરિયા છે જે નીચે દર્શાવેલ છે.

***(ક્રમશઃ)***

---

## પાવાપુરી

**(અનુસંધાન : પાના નં. – ૧૦૮ ઉપરથી ચાલુ)**

મેળાઓ, બિહારનો ઇતિહાસ, મહાવીરનું જીવન અને કળાકારોની કળાઓનાં પ્રદર્શનો રજૂ થાય છે.

- **આસપાસનાં દર્શનીય સ્થળો**

પાટનગર 'પટણા' (મૌર્યકાળનું પાટલીપુત્ર, શીખ યાત્રાધામ, સંગ્રહાલય, ગોલઘર, મંદિરો); 'બોધગયા' (બુદ્ધની જ્ઞાનભૂમિ, વિશ્વ વારસા સ્થળ, બૌદ્ધ યાત્રાધામ, બૌદ્ધ સ્તુપો, સંગ્રહસ્થાન); 'નાલંદા' (પ્રાચીન બૌદ્ધ શિક્ષણધામના અવશેષો - બૌદ્ધ સંશોધન કેન્દ્રો); 'ગયા' (શ્રાદ્ધતીર્થ, વિષ્ણુપદ મંદિર); 'રાજગીર' (બુદ્ધ-મહાવીરની નિવાસભૂમિ, બિંબિસારની રાજધાની, વારસા સંગ્રહાલય); 'વૈશાલી' (પ્રાચીન સમયનું પાટનગર, બૌદ્ધ-જૈન-હિંદુ યાત્રાધામ, સંગ્રહસ્થાન).

પાવાપુરીથી માત્ર દોઢ કિ.મી.ના અંતરે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૨૦ પસાર થાય છે, જે તેને ઉત્તરે બિહારની રાજધાની પટણા સાથે અને દક્ષિણે ઝારખંડની રાજધાની રાંચી સાથે જોડે છે. પાવાપુરી નાનું રેલવે મથક ધરાવે છે. નજીકનાં મુખ્ય સ્ટેશનો પટણા અને બિહારશરીફ છે. નજીકનું વિમાનઘર પણ પટણા છે.

એપ્રિલમાં જન્મ કલ્યાણક (મહાવીર જયંતી) અને ઓક્ટોબરમાં નિર્વાણ કલ્યાણક (દિવાળી) અહીંના બે મુખ્ય તહેવારો છે. 'શાંતિ અને અહિંસાના શહેર' તરીકે ઓળખાતું પાવાપુરી નગર પંચાયતનો દરજ્જો, સમુદ્રતળથી ૫૮ મીટર (૧૯૩ ફૂટ)ની ઊંચાઈ, ૪૯.૯૭ ચો.કિ.મી.નો વિસ્તાર અને ૪૨,૦૫૦ની વસતી (૨૦૧૧) ધરાવે છે.

***અંતર :*** તાલુકામથક ગિરિયક ૭, જિલ્લામથક નાલંદા ૧૨, રાજ્યમથક પટણા ૯૦; બિહારશરીફ ૧૩, રાજગીર ૨૦, ગયા ૮૦, બુદ્ધગયા ૯૦, વૈશાલી ૧૧૦, રાંચી ૨૪૫, વારાણસી ૩૪૦, કલકત્તા ૫૦૦, લખનૌ ૬૧૫, રાયપુર ૭૬૦, સાંચી ૯૮૫, દિલ્હી ૧૧૩૫, મુંબઈ ૧૮૨૦, ભુજ ૨૦૨૦ કિ.મી.

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,***
***વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

નિર્વાણભૂમિ

ભગવાન મહાવીર સ્વામીની ૨૫૫૦મી પુણ્યતિથિ પ્રસંગે એમની નિર્વાણભૂમિની પાવન યાત્રા

# પાવાપુરી

ભરત'કુમાર' પ્રા. ઠાકર



બિહાર રાજ્યના દક્ષિણ ભાગમાં ગંગા પરિસરમાં નાલંદા જિલ્લાનું 'પાવાપુરી' નગર ભારતમાં બે હજારથી વધુ વર્ષોથી જૈન ધર્મનું મોટું પ્રાચીન અને પાવન તીર્થસ્થળ રહ્યું છે. તેનું જૂનું નામરૂપ 'અપાપપુરી' હતું; એટલે કે તે 'પાપરહિત શહેર' (સિનલેસ સિટી) કહેવાતું. તેની સ્થાપના ઈ.પૂ. ૭૭૪માં બૌદ્ધ ધર્મપાલે કર્યાનું મનાય છે. જૈનોનાં નવ મહાતીર્થોમાં એક તરીકે પાવાપુરીની પણ ગણના થાય છે.

● **'પંચ મહાવ્રત'ના પુરોધા :**

વર્તમાન જિનશાસન જેમના દ્વારા પ્રવર્તી રહ્યું છે એવા જૈન ધર્મના ૨૪મા અને અંતિમ તીર્થંકર, જૈન ધર્મના સ્થાપક, 'સમ્યક્ માર્ગ'ના રાહબર તથા ભારતવર્ષને અહિંસા, કરુણા અને પ્રેમનો સત્ સંદેશ અર્પનાર ભગવાન મહાવીર સ્વામી (ઈ.પૂ. ૫૯૮-૫૨૬)ની પાવાપુરી નિર્વાણભૂમિ છે. આજથી બરાબર ૨૫૫૦ વર્ષ પૂર્વે આસો (ઉત્તર ભારતમાં કારતક)ની અમાસ અર્થાત્ દિવાળીની રાતે એમણે આ સ્થળે મહાનિર્વાણ પ્રાપ્ત કર્યું હતું.

ત્યારે 'મધ્યમા પાવા' કે 'અપાવાપુરી' નામે ઓળખાતા મગધ સામ્રાજ્યના રાજા પિતા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાના રાજકુમાર વર્ધમાન ત્રીસ વર્ષની ઉંમરે રાજસી વૈભવ ત્યાગી આત્મશુદ્ધિ દ્વારા મોક્ષપ્રાપ્તિ અર્થે વનમાં તપસ્યા કરવા ચાલ્યા ગયા. બાર વર્ષની કઠિન સાધના પછી ૪૨ વર્ષની વયે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી 'મહાવીર' કહેવાયા. દુઃખમુક્તિ અર્થે એમણે સમાજને સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો માર્ગ બતાવ્યો.

ચાતુર્માસ દરમિયાન જૈન સાધુઓ એક જગ્યાએ સ્થિરવાસ કરી સ્થાનિક પ્રજાને ધાર્મિક ઉપદેશ આપે છે. મહાવીરે પણ આ પ્રથાનું પાલન કરેલું અને એમનો એક ચાતુર્માસ પાવાપુરીમાં પણ હતો. એમના મહાનિર્વાણ બાદ જ્યાં અંતિમ સંસ્કાર કરાયા હતા તે સ્થળે નિર્મિત 'જલમંદિર' જૈન ધર્મીઓનું પ્રખ્યાત અને પવિત્ર યાત્રાધામ બન્યું છે.

● **કમળ સરોવરમાં જલમંદિર**

પૌરાણિક કથા અનુસાર મહાવીરના અંતિમ સંસ્કારના સ્થળેથી અનેક શ્રદ્ધાળુઓ મહાવીરની રાખ સમાન પવિત્ર મનાતી માટીનો મોટો જથ્થો સાથે લઈ જતા. આમ, અહીં મોટો ખાડો સર્જાયો અને તેને પાણીથી ભરી દેવાતાં અહીં તળાવ બની ગયું. મહાવીરના આ નિર્વાણસ્થલીની સ્મૃતિમાં જળાશય મધ્યે મંદિર બનાવવામાં આવ્યું, જે 'જલમંદિર' તરીકે ઓળખાયું અને સમય જતાં તે દેશનાં અનેક મહત્ત્વનાં જૈન તીર્થોમાંનું એક બન્યું.

પાવાપુરીના મુખ્ય પ્રવાસી આકર્ષણમાં 'જલમંદિર' વિશ્વપ્રસિદ્ધ છે. ચોવીસ વીઘા ક્ષેત્રફળમાં વિસ્તરેલું આ મંદિરના તળાવના સૌંદર્યનું એક અલગ જ મહત્ત્વ છે. અધિકાંશ પર્યટકો જલમંદિરની રમણીયતા નિહાળવા હજારોની સંખ્યામાં પાવાપુરી આવે છે. પર્યટનની દૃષ્ટિએ નાલંદા

જિલ્લામાં તે રાજગીર પછી બીજું સ્થાન ધરાવે છે.

મૂળે આ સુંદર જળમંદિરનું પ્રથમ નિર્માણ મહાવીરના મોટા ભાઈ નંદીવર્ધને ઈ.પૂ. ૫૨૫-૫૨૬માં કરાવ્યું હતું, જેના સમયાંતરે શ્રેષ્ઠીઓ અને સંસ્થા દ્વારા અનેક જીર્ણોદ્ધારો થતા રહ્યા છે. તે પાવાપુરીનાં મુખ્ય પાંચ જૈનમંદિરો પૈકીનું એક છે. વર્તમાન જલમંદિર કમળ સરોવરના મધ્ય ભાગમાં સફેદ આરસપહાણથી નિર્મિત એક અનુપમ કળાકૃતિ છે. તળાવની જળસપાટી કમળોથી ઢંકાયેલી છે.

● **પ્રભુજીની પાદુકાની પ્રતિષ્ઠા**

સ્થાપત્યની દૃષ્ટિએ આ સુઘડ – મનોરમ મંદિર 'વિમાન' (રથાકાર) સ્વરૂપનું છે અને તેના ગર્ભગૃહમાં વચ્ચે પૂજાર્થે મહાવીરની 'ચરણ પાદુકા' (પદચિહ્ન) સ્થાપિત છે. ડાબા ભાગમાં એમના પ્રથમ શિષ્ય ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ અને જમણા ભાગમાં પાંચમા શિષ્ય ગણધર સુધર્મા સ્વામીનાં ચરણ ઉપસાવેલાં છે. આ સ્થાન 'અપાપપુરી' નામે ઓળખાવા પાછળ એવી માન્યતા છે કે અહીં પ્રાર્થના કરતાં મનુષ્યના પાપોનો ક્ષય થાય છે.

ઉનાળામાં લાલ રંગનાં કમળનાં ફૂલ આ જળાશયની સુંદરતામાં વધારો કરે છે. તેથી તે 'કમળ સરોવર'ના નામથી પણ ઓળખાય છે. અને શિયાળામાં વિદેશી પક્ષીઓ અહીં ઉતરી આવે છે અને જળાશયની ખૂબસૂરતીમાં ઓર વધારો થાય છે. આ તળાવમાં માછલીઓનું પણ એક જુદું મહત્ત્વ છે. અહીં મોટી માછલીઓનાં નાકમાં સોનાની નથ પહેરાવવાની પરંપરા સદીઓથી ચાલી આવે છે.

મંદિરની ઉત્તરે ભવ્ય કમાનદાર પ્રવેશદ્વાર ધરાવતો ૬૦૦ ફૂટ (૧૮૦ મીટર) લાંબો સેતુ ભાવિકોને જળાશયના કિનારાથી મંદિર સુધી પહોંચાડે છે. તે કિરમજી (ઘેરા લાલ) રંગના પથ્થરોથી બનેલો છે. ચાંદની રાતમાં મંદિરની ઉજ્જવળતા અને ભવ્યતા ઓર ચમકી ઉઠે છે. દિવાળી પર મહાવીર નિર્વાણ પ્રસંગે ભક્તો આ મંદિરની વિશેષ યાત્રા કરતા હોય છે.

● **સ્થાનિક જૈન - હિંદુ મંદિરો**

જલમંદિર સિવાય અહીં તેની પાસે જ મહાવીરને સમર્પિત એક કે બીજું જૂનું મંદિર પણ આવેલું છે. તેને 'સમોસરણ મંદિર' કહે છે અને તેમાં પોતાનો અંતિમ ઉપદેશ આપતા મહાવીરની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. આ મંદિર મધપુડા આકારની રચના સાથેનું ગોળાકાર છે. તેની કળાકૃતિઓ પણ મનમોહક છે અને અહીં બેસવાથી માનસિક શાંતિનો અનુભવ થાય છે.

પાવાપુરીમાં મહાવીર જ્યાં નિર્વાણ પામ્યા તે મૂળ સ્થળની જમીન પર બંધાયેલા પ્રારંભિક 'ગાંવ મંદિર' (અથવા થલ મંદિર) દ્વારા તેની સ્મૃતિ જાળવી રાખવામાં આવી છે. જ્યારે તળાવની અંદર બનેલું મુખ્ય મંદિર 'જલમંદિર' તરીકે ઓળખવામાં આવે છે.

પાવાપુરીમાં જૈન મંદિરો ઉપરાંત હિંદુ સંસ્કૃતિ સાથે જોડાયેલાં કેટલાંક મંદિરો પણ સુખ્યાત છે અને દરેક પોતાનું મહત્ત્વ ધરાવે છે. પાવાપુરીના જ વિસ્તારમાં આવતા ઘોસરાવાં ગામ (પાંચ કિ.મી.)માં આવેલા 'મા આશાપુરી મંદિર'નો મહિમા નાલંદા જિલ્લાથી લઈ પૂરા બિહાર સુધી પ્રસિદ્ધ છે. એવી માન્યતા છે કે નામ મુજબ મા દરેક ભક્તની મનોકામના પૂર્ણ કરે છે. એક હજાર વર્ષ જૂનું મનાતું આ મંદિર નવરાત્રિમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે.

પાવાપુરીના પોખરપુર ગામ (૧ કિ.મી.)માં આવેલું સદીઓ જૂનું 'બાબા ઠાકુર સહદેવ મંદિર'ના આરાધ્ય પણ લોકોની જરૂરતો પૂરી કરે છે એવું મનાય છે. આ મંદિર પાસે દુર્ગા, શિવ, રામજાનકી મંદિરો અને મહારાણી સ્થાન પણ આવેલાં છે.

● **પાવાપુરી નિર્વાણ મહોત્સવ**

જલમંદિર જૈન ધર્મના શ્વેતામ્બર સંપ્રદાયનું છે. જો કે જૈન ધર્મના અન્ય સંપ્રદાયોને અહીં નિર્ધારિત અને મર્યાદિત સમય પૂરતી પૂજા કરવાની છૂટ છે. શ્વેતાંબર જૈન સંઘ સંચાલિત બે મંદિરો (જલમંદિર અને સમોસરણ) ઉપરાંત અહીં દિગંબર જૈન સંઘનાં પણ જિનાલય અને સમોસરણ (પાંડુકશિલા) – એમ બે મંદિરો આવેલાં છે.

બોંત્તેર વર્ષની વયે પાવાપુરી મુકામે આજથી ૨૫૫૦ વર્ષ પૂર્વે ઉપદેશામૃત વરસાવતા ભગવાન મહાવીરે દિવાળીના પવિત્ર દિવસની રાતે પોતાના નશ્વર દેહનો ત્યાગ કરી નિર્વાણ પદને પ્રાપ્ત કર્યું. ત્યારથી સમસ્ત ભારતમાં પ્રભુ મહાવીરના સ્મરણમાં આશ્વિન માસની અમાવાસ્યાએ દીપાવલિ પર્વની ભક્તિપૂર્ણ ઉજવણી થાય છે. આ દિવસે પ્રભુપૂજા, નિર્વાણપૂજા અને કેવળજ્ઞાન પૂજા રૂપી લક્ષ્મીપૂજા કરવામાં આવે છે, નિર્વાણ લાડુ ચડાવવામાં આવે છે, જાપ કરવામાં આવે છે અને રાત્રિના દીપમાળા પ્રગટાવી ઉલ્લાસ વ્યક્ત કરાય છે.

એમની પુણ્યતિથિના ઉપલક્ષ્યમાં દર વર્ષે આ સમયે પાવાપુરીમાં બે દિવસીય 'નિર્વાણ મહોત્સવ'નું આયોજન થાય છે. જૈન અનુયાયીઓના અનુરોધ થકી ૨૦૧૭થી તે 'રાજ્ય મહોત્સવ' રૂપે મનાવવામાં આવે છે. જિલ્લા પ્રશાસન અને સ્થાનિક નગરપંચાયત તેની વ્યવસ્થા સંભાળે છે. તેમાં વિશેષ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૦૬ ઉપર)**

મંગલ સંદેશ

# મહાવીર પ્રભુનો મંગલ સંદેશ

● સંકલન ●
પ્રભુલાલ કે. સંઘવી

જે ધરતી ઉપર મહાભારતનું યુદ્ધ ખેલાયું એજ ભારતમાં વિશ્વ શાંતિનો સંદેશ લઈ પ્રભુ અવતર્યા. ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીર સ્વયં બંધન મુક્ત બનવા જન્મ ધારણ કર્યો હતો. ક્ષત્રિયોનો વિશેષ વાસ હતો, તે ક્ષત્રિયકુંડ (આજનું લચ્છવાડ) ભગવાનની જન્મભૂમિ છે. આજે ક્ષત્રિયકુંડ લચ્છવાડ જાઓ તો પહાડ ઉપર સિદ્ધાઈ મહારાજાના મહેલના અવશેષો છે.

ક્ષત્રિયકુળમાં ક્ષત્રિયકુંડ-કુંડમાં નિર્મળ જળનો સંગ્રહ થાય છે. ક્ષત્રિયકુંડમાં ઉચ્ચ કોટિના ક્ષત્રિયો વસતા હતા. સર્વ અર્થ જેના સિદ્ધ થયા છે. અસિઈતાની અસર કયારેય કસર ઊભી કરતી ન હતી. એવા સિદ્ધાર્થ મહારાજા પિતા હતા. પણ શલ્ય રહિત ત્રિશલા માતાની કુક્ષીમાં પુણ્યવિરામ માટે જે પ્રભુ પધાર્યા. તેર કાઠિયાના દૂર કરનાર ચૈત્ર સુદ ૧૩ના દિવસે પ્રભુ અવની પર અવતર્યા.

વિશિષ્ટ કોટિનું હતું એ પરમાત્માનું પુણ્ય... આંતર શત્રુઓને આંતરવા માટે આમલકી ક્રીડા પ્રભુએ પ્રારંભી... મોટા દૈત જેવા અભિમાનને માત્ર એક મુષ્ટિના પ્રહારથી સૃષ્ટિની બહાર ફેંકી દીધો. ત્રિશલા તો પુત્રના પરાક્રમની યશોગાથા સાંભળી સજ્ઞ થઈ ગયા. મારો બાળક જગતનો પાલક બનશે. એ જ આશાથી ઉન્નત મસ્તકે જીવતા સિદ્ધાર્થ મહારાજા પોતાના નામની સાર્થકતા સમજતા હતા...

આનંદને વધારનારા નંદીવર્ધન.. પ્રભુના મોટાભાઈ હતા.. પ્રભુ પધારે તે પહેલાં આનંદની છોળો ઉછળતી હોય અને પ્રભુના પધાર્યા પછી આનંદ દિનદુગના-રાત ચઉગુના...!

એક વખત નંદીવર્ધન અને વર્ધમાન બંને બેઠા હતા. નંદીવર્ધનના અંતરમાં એક પ્રશ્ન ઘોળાતો હતો. અચાનક એ પૂછી બેઠા...

ભાઈ! તમે નાના પણ જ્ઞાનમાં મોટા છો. દેવો-અસુરો-નરેશો તમારા ચરણોમાં નમે છે. તમે જયારે ભાંખોડિયા ભરતા હતા તે વખતે પણ મોટા ભાખરનેય આંગળીની ટોચ ઉપર આખર સુધી ટકાવી રાખવાની તાકાત ધરાવતા હતા. પણ આજે મારા મનમાં એક ધોળાઈ રહેલ પ્રશ્નનું સમાધાન ચાહુ છું. મોટા ભાઈ નાના ભાઈના મુખ કમલને જોઈને સ્થિર રહ્યા.

મહાવીરે કહ્યું ભાઈ! આપ પ્રશ્ન જણાવો, હું યથા શક્તિ ઉત્તર આપીશ. પ્રભુ તો સકલ જ્ઞાનના સાગર હતા. છતાંય ગંભીરતાની ગહન ગુફામાં રહેનાર આ મહાપુરુષ આડંબરના ડંબરમાં રાચતા ન હતા.

ભાઈ! મને ઘણા સમયથી આમ થયા કરે છે. પ્રભુ પાર્શ્વનાથનું શાસન તો ચાલુ છે. માતા-પિતા પાર્શ્વનાથ ભગવાનની ઉપાસના કરનાર હતા. પ્રભુ પાર્શ્વનાથ કરતાં આપ શું અલગ શાસન સ્થાપશો?

ના ભાઈ! જિન તો રાગદ્વેષના જીતનારા હોય છે. અલગ ચોકો અભિમાનીને હોય – અભિયાન પર્વતનો. જેમણે ચૂરા કરી દીધા છે એવા વીતરાગને પોતાનું કશું જ જવાનું હોતું નથી. તીર્થંકર નામકર્મ જે પૂર્વમાં બાંધ્યું હતું તેને ભોગવ્યા વિના મોક્ષ થાય નહીં. માટે સર્વ તીર્થંકરો તીર્થંકર નામકર્મને ભોગવી મોક્ષે જાય છે. વચલા કાળમાં તીર્થંકર નામકર્મનો ભોગવટો કરે છે. ભાઈ! તમારી વાત હું સમજયો નહીં. મને જરા વિસ્તારથી સમજાવો. નંદીવર્ધન – પ્રભુ મહાવીર આગળ જીજ્ઞાસુ બન્યા.

મોટાભાઈ! પાર્શ્વનાથ ભગવાનના સાધુઓ પાસે આપે કર્મ સંહિતા જાણી હશે. તીર્થંકર જે આત્મા થવાના હોય તેમને ત્રીજે ભવે તીર્થંકર નામ કર્મનો બંધ થાય છે. વીસ સ્થાનક તપની આરાધના કરવા સાથે સર્વજીવોને સુખી કરવાની પરમમૈત્રી ભાવના ભાવતાં તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે. તે પછી દેવલોકાદિ ગતિમાં જાય છે. ત્યાંથી માતાના ગર્ભમાં આવે છે. તીર્થંકરના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન-મોક્ષ પાંચ કલ્યાણક ઉજવાય છે. તીર્થંકર નામકર્મના ઉદયમાં કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થંકરો દેશના આપે છે. શાસનની સ્થાપના કરે છે. બંધો! શાસનની સ્થાપનાનો શો ઉદ્દેશ?

સર્વ જીવોને અનુશાસનમાં પ્રવર્તાવી શાસન કરવાનું છે. ચતુર્વિધ સંઘની સ્થાપના.. અનુશાસન વિના શોભતી નથી.. ભવ્ય જીવોથી-સ્વેચ્છાથી તીર્થંકર અને મુનિઓની પાસે જ્ઞાન મેળવવાથી પોતાની દુર્ગતિ ન થાય એવી સમાન વિચારણાથી અનુશાસનમાં વર્તે – તીર્થંકરની આજ્ઞાનું અનુપાલન કરે. શિષ્ટ આચરણ કરે એમાં જ શાસનની સફળતા છે. જયાં અનુશાસન ન હોય ત્યાં શાસન ટકી શકતું નથી. સ્વેચ્છાએ સમજપૂર્વક અનુશાસનને સ્વીકારે તેજ જૈન શાસનનું હાર્દ છે.

પ્રભો! આપ શાસક અને ચતુર્વિધ સંઘ આપના અનુસંધાનમાં રહે એમજ ને? તો આપનો શાસક આત્મા હું શાસનકર્તા છું. એવા ભાવમાં આવશે નહીં...!!

મોટાભાઈ! હું કહું છું. વ્યવહાર ભાષામાં આવો પ્રયોગ થાય છે. પણ વાસ્તવમાં તો અનુશાસન પોતાની જાતને કર્તાભાવમાં ક્યારેય સ્થાપતો નથી. સ્વાભાવિક જે કર્મ થાય છે તે કરે જાય છે - નિરપેક્ષપણે - તીર્થંકર અનુશાસનનું એ કર્તવ્ય છે.

ભાઈ! આ બધી વાતો તો સમજાય છે. પણ આપની કર્તવ્ય

ભૂમિકામાં કંઈ ફરક ખરો?

અનંત તીર્થંકરોની કર્તવ્ય ભૂમિકા એક જ સરખી હોય છે છતાં ક્યારેક થોડો ફેરફાર પડી જાય છે. પ્રભુ પાર્શ્વનાથ ભગવાનનો ચતુર્માસ ધર્મ હતો. હું પંચયામ ધર્મની પ્રરૂપણા કરીશ.

આપની જ્ઞાનની વાતોમાં ખૂબ મજા આવે છે. પણ ક્યારેક ક્યાંક ચાંચ ડૂબતી નથી. ચાતુર્માસ અને પંચયામ એ શું છે. એવી ફેરફારીનું કારણ શું છે.

પ્રભુ પાર્શ્વનાથનો ચતુર્માસ એટલે ચાર પ્રહારનો ધર્મ – અહિંસા અન્ય અર્ચોર્ય અને અપરિગ્રહ અને હું ચારધર્મની સાથે બ્રહ્મચર્યની પ્રરૂપણા કરીશ.

તો શું પાર્શ્વનાથના સમયમાં બ્રહ્મચર્યની પ્રધાનતા હતી નહિ? બંધુ! મોટાભાઈ! સર્વ તીર્થંકરોના શાસનમાં બ્રહ્મચર્યની અનિવાર્ય આવશ્યકતા હોય જ છે. પણ વર્તમાન હુંડા અવસર્પિણી કાળ... આમ જનતામાં વાસનાનો ભયંકર અજગર ભરડો લેવાનો છે. વિષમકાળમાં વાસનામાં વિષવમતાં સાધનો વધવાનાં છે. કાળજામાં ભયંકર ઉથલ પાથલ થવાની છે. તે સમયે જ બ્રહ્મચર્યની વિશેષ મહત્તા સ્થાપવાની છે. મારી જ વાતની હાંસી ઉડાડનાર કહેશે કે મહાવીર અહિંસા અને અપરિગ્રહ ધર્મની પ્રરૂપણા કરી છે. એમ કહીને બ્રહ્મચર્યની મહત્તાનો છેદ ઉડાડી દેશે. સ્ત્રીની જે શીલ શાલીનતા હતી તેને નષ્ટ ભ્રષ્ટ સ્ત્રીને બાજારુ ચીજ બનાવવા વાસનાના લોલુપ જીવો પડાપડી કરશે.

સ્ત્રી તો વિશ્વ પૂજનીય છે. વિશ્વની આવી આગવી ચીજને બજારુ બનાવાય એ સ્ત્રીનું કેટલું અપમાન છે? સ્ત્રીની શોભા એક અનોખી છે. રત્નની ભરેલી પેટી હોય એ જે જાહેરમાં મૂકાય નહિ. અતિગોપનીય વસ્તુ-જે તેની નિગાહમાં રખાય નહિ. જ્યાં ત્યાં રખાય નહિ. જેની પવિત્રકુક્ષીમાં મહાપુરુષો રૂપ રત્નો ઉત્પન્ન થવાના છે. એની કેટલી મહત્તા છે. **'यमनार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवता.'** જ્યાં નારીઓની પૂજા થાય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે. આવી પરમ પૂજનીય - વંદનીય સ્ત્રીને અધમ માનવ જો એક ભોગનું સાધન માની લે અને મારા નામે પ્રચાર કરે કે મહાવીરે નારીને બંધન મુક્ત બનાવી તે મને હરગીઝ પોષાય તેવું નથી. કલિકાલના કાળા કાળજાવાળા - વાસના વિલિપ્ત માનવ માટે કશું જ અશક્ય નથી. એટલે જ હું પાણી પહેલાં પાળ બાંધવા માંગુ છું. બ્રહ્મચર્યની વિશેષ મહત્તા સ્થાપવા માંગુ છું. મોટાભાઈ! હવે એવો કાળો કાળ આવશે કે માત્ર વાસનાના વરૂએ જ જગતના જંગલમાં છડેચોક પોતાના વીશનહોર ફેલાવી કોમળ કાળજાવાળી સ્ત્રીઓને ફસાવવાની અનેક કુયુક્તિઓ રચશે. ઉપભોક્તાવાદને આગળ કરી ત્યાગવાદનો છેદ ઉડાડી દેશે. એ પહેલાં જ મારે જાગૃતિનો સૂર સંભળાવવો છે. નારીઓને પણ હું સમજાવીશ કે તમે ભોગનું સાધન ન બનશો... ત્યાગ અને તપ માટે કઠણ બનજો.

તો આપ સ્ત્રીના ઉત્થાન જાગૃતિ માટે પ્રયત્ન કરવાના છો?

મોટાભાઇ! એવું એકાંતે નથી. પુરુષ અને સ્ત્રી બંનેની જાગૃતિ માટે પ્રયત્ન કરવો પડે તો જ સફળતા મળે. પંચમાય ધર્મમાં વિશેષ બ્રહ્મચર્ય માટે તો બંનેમાં પૂર્ણ જાગૃતિ હોય તો જ સફળતા મળે. એકલી સ્ત્રીની જાગૃતિ સંપૂર્ણ સફળતાને વરી શકતી નથી અને મોટાભાઈ માનવની શક્તિ સંપૂર્ણપણે બ્રહ્મચર્ય આધારિત છે. ગૃહસ્થો પોતાની મર્યાદા સાચવે. સ્ત્રીઓ પોતાની શીલશાલીનતાને વિકસાવે તો જીવનની ગરિમા વધવાની છે.

એજ ગરિમા જૈન શાસનની દેનગી છે.

છેવટે મોટાભાઈ, ત્યાગ વિના ઉપદેશ આપી શકાતો નથી. એટલે જ તીર્થંકરો ત્યાગ કર્યા પછી કેવળજ્ઞાનથી પૂર્ણ થયા પછી જ ઉપદેશ આપે છે. એ ઉપદેશ સફળતાના સંદેશ સાથે વિશ્વમાં ફેલાય છે.

નંદીવર્ધન ભગવાન મહાવીર સ્વામી સાથે હાથ જોડીને ઊભા હતા.. મહાવીર દેવના જન્મથી પવિત્ર ક્ષત્રિયકુંડમાં એક માહોલ રચાયો હતો. ક્ષત્રિયકુંડમાં સર્વ પ્રાણીઓ અભય હતા. આજુબાજુ પણ અહિંસાનું સામ્રાજય ફેલાઈ ગયું હતું. સત્ય બોલવામાં જ જીવનની સાર્થકતા સમજતા હતા. ચોરી તો ચોરીછૂપીથી ત્યાંથી દેશનિકાલ થઈ ગઈ હતી. બ્રહ્મચર્યનો મહિમા વધી રહ્યો હતો. અપરિગ્રહની ભાવના પણ વધતી જતી હતી. પ્રભુનો જન્મ જગતના હિત માટે થયો હતો.

૨૬૦૦ વર્ષ પછી પણ પ્રભુ મહાવીરનો આ ઉપદેશ સૌને ઉપકારી બની રહેલ છે. ■

---

## વાર્તા : ગુરૂ દક્ષિણા

**(અનુસંધાન : પાના નં. – ૧૧૪ ઉપરથી ચાલુ)**

અને મને આપની મહેમાનગતિ કરવાનો મોકો આપો. આપ નિમંત્રણ સ્વિકારવાની ના પાડશો તો મારું દિલ તૂટી જશે.... બાપા અને માએ પણ ખાસ આગ્રહ કર્યો છે. તમને મળવાની બાપાને ઘણી ઈચ્છા છે...''


કોઈ પાસેથી કાંઈ ન લેનાર પંડ્યા સાહેબ આજે ના ન પાડી શક્યા! કવર પર મોટા અક્ષરે લખ્યું હતું : ''ગુરૂ દક્ષિણા.'' પસો અને સાહેબ એકબીજા સામે સજળ નેત્રે જોઈ રહ્યા. સાહેબને ઓચિંતી લાઈટ થઈ કે દીકરીના લગ્ન વખતે રૂા. ૫૧,૦૦૦/-ના નામ વગરના વધાવાના કવર પર પણ આ જ અક્ષર અને આ જ શબ્દો હતા! કોઈ અજાણી વ્યક્તિ કવર આપીને તરત જતી રહી હતી...

*ભુજ, કચ્છ. • મો. ૯૮૨૫૮ ૩૩૭૫૫*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૬૪

### શ્રી કોરટા તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



શિવગંજથી ૮ કિ.મી. દૂર આવેલા કોરટા ગામની બહાર શાંત અને રમણીય જંગલની વચ્ચે આ તીર્થ આવ્યું છે. મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૩૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. આ મંદિરની પ્રતિષ્ઠાપના ચરમ તીર્થંકર શ્રી ભગવાન મહાવીરના નિર્વાણ પછી સિત્તેર વર્ષ બાદ શ્રી રત્નપ્રભસૂરિજીના શુભ હસ્તે મહા સુદ-પને ગુરૂવારના દિવસે થયાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે. ઓસવાળ વંશના સંસ્થાપક શ્રી રત્નપ્રભસૂરિજીએ પોતાની અલૌકિક વિદ્યાથી બે રૂપ ધારણ કરીને એક જ મુહૂર્તમાં કોરટાના અને ઓસિયાનાં મંદિરોની પ્રતિષ્ઠાપના કરાવી હતી. વિ.સં. ૧૦૮૧માં રાજા ભોજના કવિ ધનપાલે 'સત્યપુરીય શ્રી મહાવીરોત્સાહ' નામના સ્તોત્રમાં કોરટા તીર્થનું વર્ણન કર્યું છે. વિ.સં. ૧૪૯૯માં કવિ મેઘગણિ દ્વારા રચિત 'તીર્થમાળા'માં આ તીર્થનું વર્ણન મળે છે. વિ.સં. ૧૭૨૮માં શ્રી જયવિજયગણિના ઉપદેશથી આ તીર્થનો ઉધ્ધાર થયાનું તેમજ પ્રાચીન પ્રતિમા લુપ્ત થતાં પ્રભુ મહાવીરની બીજી પ્રતિમાની પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ છે. આ પ્રતિમા પણ ખંડિત થઈ જવાથી વિ.સં. ૧૯૫૯ના વૈશાખ સુદ પૂનમના રોજ નવી પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી વિજયરાજેન્દ્રસૂરીજી મ.ના સુહસ્તે કરવામાં આવી હતી. વિ.સં. ૧૨૫૨માં નાહડ મંત્રી દ્વારા 'નાહડવસહી' વગેરે અનેક જૈન મંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ મળે છે. એક સમયે ભારે જાહોજલાલી ધરાવતા કોરટા નગરમાં વીર નિર્વાણના ૭૦ વર્ષ પછી કોટક ગચ્છની સ્થાપના થઇ હતી. આ ઉપરાંત આ ગામમાં શ્રીઆદિનાથ ભગવાનનું પ્રાચીન મંદિર છે. એ મંદિરની કેટલીક પ્રાચીન પ્રતિમાઓની કલા પણ એટલી જ દર્શનીય છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૬૫

### શ્રી વરકાણા તીર્થ
### (શ્રી પાર્શ્વનાથ ભગવાન)



ફાલના સ્ટેશનથી ૨૦ કિ.મી. અને રાની સ્ટેશનથી ત્રણ કિ.મી. દૂર આવેલા વરકાણા ગામની વચ્ચે આ તીર્થ આવેલું છે. આ તીર્થ ગોડવાલ પંચતીર્થોમાંનું એક તીર્થ ગણાય છે. એનાં શિખરો પરની કમનીય શિલ્પકલા અનુપમ સૌંદર્ય ધારણ કરે છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૩૦ સે.મી.ની ઊંચાઈ ધરાવતી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. પ્રાચીન કાળમાં અત્યંત સમૃદ્ધ એવું આ નગર વરકનકપુર કે વરકનકનગર તરીકે ઓળખાતું હતું. અહીં અનેક જિનમંદિરો હતાં. મહારાણા કુંભાના સમયમાં શ્રીમાલપુરના શ્રેષ્ઠીઓએ આનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા વિ.સં. ૫૧૫ આસપાસ પ્રતિષ્ઠિત થયેલી માનવામાં આવે છે. આ પ્રતિમા અત્યંત મનોહર અને પાપશામક છે. અહીંની નવચોકીના એક સ્તંભ ઉપર વિ.સં. ૧૨૧૧નો લેખ ઉત્કીર્ણ છે. વિ.સં. ૧૬૮૬નો એક શિલાલેખ દરવાજાની બહાર મળે છે, જેમાં પૂ.આ.શ્રી વિજયદેવસૂરિ મ. એ મેવાડના રાણા શ્રી જગતસિંહ પાસેથી યાત્રાકર માફ કરાવ્યાનો ઉલ્લેખ છે. 'સકલ તીર્થ સ્તોત્ર'માં પણ આ તીર્થનો ઉલ્લેખ મળે છે. વળી અહીં પ્રતિવર્ષ માગશર વદ ૧૦ના દિવસે મેળો ભરાય છે. અત્યારે આ ગામમાં અન્ય બીજુ કોઈ જિનમંદિર જોવા મળતું નથી.

*કવિ કવિતાની નીચે પોતાનું નામ લખે છે,*
*ચિત્રકાર પોતાની કલાકૃતિની નીચે પોતાનું નામ લખે છે,*
*પરંતુ ભગવાન જેવો કોઈ મહાન કલાકાર નથી કે જે માનવી સર્જે*
*છે પણ માનવીની નીચે પોતાનું નામ નથી લખતો.*
*અને માં તો ભગવાનથી પણ મહાન છે*
*કે જે બાળકને જન્મ આપે છે પણ નામ પિતાનું રાખે છે.*

જૈન દેરાસરો

# કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લીસ્ટ – ૧

મહેન્દ્ર લખમશી મોતા

## અબડાસા તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લીસ્ટ

### અબડાસા મોટી પંચતીર્થી

**૧.** ગુજરાતના સૌપ્રથમ હેરિટેજ વિલેજ અને સંખ્યામાં વિશેષ મોર ધરાવતું ગામ તેરા. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુજી. ★ શ્રી ગિરીશભાઈ શાહ : મો. ૯૪૨૬૨ ૬૫૨૩૨. શ્રી હીરાચંદભાઈ છેડા : મો. ૮૧૪૦૨ ૯૦૪૯૦. નોંધ : મૂળનાયક શ્રી શામળિયા પાર્શ્વનાથ પ્રભુજીનું દેરાસરના રંગમંડપની છતમાં રંગબેરંગી કાચના ટુકડાઓનું ચિત્રકામ અતિ સુંદર છે.

**૨.** કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ શિરોમણિ શેઠશ્રી નરશી નાથાનું મૂળ વતન નલિયા. 'વીર વસઈ ટુંક.' શ્રી ચંદ્રપ્રભુજી. ફોન : (૦૨૮૩૧) ૨૨૨૨૧૫. શ્રી પવનકુમાર : મો. ૯૯૦૯૭ ૨૯૪૫૧. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન પેઢી અને ભોજનાલય. ફોન : ૨૨૨૩૩૭. મેનેજર શ્રી ભાવેશ મૈશેરી : મો. ૭૩૫૯૭ ૭૧૯૪૯. નોંધ : આ દેરાસરમાં ૧૭૬ અન્ય પ્રતિમાઓ સાથે ચાંદીના ૧૩૨, ધાતુના ચાર અને ચંદનના બે સિધ્ધચક્ર, ૬૮ ફૂટની ઊંચાઈ ધરાવતું અષ્ટાપદજીનું દેરાસરજી તેમજ જ્ઞાતિ અટક 'લોડાયા, નાગડા, મોતા, ખોના - છેડા નામનાં ફળિયા (અમદાવાદમાં પોળ) ધરાવે છે. ચાંદીના થરવાળી (આવરણ) રથ પણ ધરાવે છે.

**3.** એક વખતના ભવ્ય બંદરની દશા આજે કરુણ છે. જખૌ બંદરે મોટા પ્રમાણમાં મીઠું પકવવામાં આવે છે. બંદરથી બે કિ.મી. દૂર જખૌ : શ્રી શાંતિનાથ પ્રભુજી. પેઢી : મો. ૯૬૮૭૧ ૧૩૬૯૫, શ્રી કાંતિલાલ લાલકા : મો. ૯૩૭૭૦ ૮૮૮૯૦. નોંધ : એક જ વિશાળ કમ્પાઉન્ડમાં રત્ન સમાન ત્રણ વિશાળ જિનાલય બંધાવી 'રત્નટુંક' નામથી તીર્થ સ્થાપિત કર્યું.

**૪.** ઘઉં, ચણા અને કપાસ બજારનું કોઠાર : કોઠારા શ્રી શાંતિનાથ પ્રભુજી પેઢી. મો. ૯૭૧૨૦ ૮૨૨૩૫. શ્રી નીલેશભાઈ લોડાયા : મો. ૭૯૯૦૫૦૮૩૪૭. ભોજનાલય. નોંધ : દેરાસરની ઊંચાઈ ૭૪ ફૂટ અને લંડનથી આયાત કરેલો ૨૦૦ કિલો વજન ઘંટ તેમજ જગવિખ્યાત એવા આબુ - દેલવાડાના દેરાણી-જેઠાણી ગોખલાની આબેહૂબ પ્રતિકૃતિ જેવા ગોખલા શોભા ધરાવે છે.

**૫.** સૂડી, ચપ્પા અને તાળા બહુ સારા બનાવતું મથક સુથરી. શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુજી. પેઢી : મો. ૯૭૧૪૨ ૮૪૨૨૩. શ્રી જીજ્ઞેશભાઈ છેડા : મો. ૯૭૨૬૨ ૧૩૮૨૭. નોંધ : સુથરી એટલે 'સોનથરી.' એટલે સોનાના થરવાળી નગરી એવું સુથરી વિશે એકોક્તિ છે. જ્યાં સદા અઢળક સંપત્તિ ધરાવતા શ્રેષ્ઠીઓ પાકે છે. તેઓ સોના જેવી કમાણી કરી તેનો સદુપયોર કરે છે અને સત્કાર્યોમાં વાપરે છે.

### અબડાસા નૂતન પંચતીર્થી

| | | | | |
|---|---|---|---|---|
| **૬.** | વાંકુ. | શ્રી અજીતનાથ પ્રભુજી | શ્રી ચંદુભાઈ<br>શ્રી ભરતભાઈ | મો. ૯૯૭૯૯ ૧૯૪૧૬<br>મો.૯૯૭૯૭ ૪૪૮૭૦ |
| **૭.** | વારાપધ્ધર | શ્રી આદિનાથ પ્રભુજી | શ્રી ભૂપેન્દ્રભાઈ | મો. ૭૦૧૬૭ ૮૫૪૬૭ |
| **૮.** | લાલા | શ્રી ચંદ્રપ્રભુજી | શ્રી મહારાજ | મો. ૭૮૬૧૦ ૭૭૭૪૨ |
| **૯.** | પરજાઉ | શ્રી ચંદ્રપ્રભુજી | શ્રી ઝવેરચંદભાઈ પટેલ | મો. ૯૮૭૦૩ ૩૨૦૦૭ |
| **૧૦.** | રાપર ગઢવાળી | શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ પ્રભુજી | શ્રી વિપુલભાઈ | મો. ૯૯૭૯૫ ૨૩૯૯૭ |
| **૧૧.** | આરીખાણા | શ્રી શામળિયા પાર્શ્વનાથ પ્રભુજી | શ્રી રવિકાંતભાઈ<br>શ્રી વિપુલભાઈ-મુંબઈ | મો. ૯૯૭૯૭ ૪૪૫૯૬<br>મો. ૯૮૨૦૦ ૭૬૬૦૫ |
| | કુઆપધ્ધર | શ્રી સીમંધર પ્રભુજીની પ્રતિમા તેરા તીર્થમાં પધરામણી થઈ છે. | | |
| **૧૨.** | ખારૂઆ | શ્રી નમિનાથ પ્રભુજી | શ્રી દિલીપભાઈ | મો. ૬૩૫૨૯ ૫૦૦૯૪ |

| | | | | |
|---|---|---|---|---|
| **૧૩.** | ચીયાસર | શ્રી આદેશ્વરજી પ્રભુજી | શ્રી દીપકભાઈ<br>શ્રી અજયભાઈ મારૂ | મો. ૯૨૬૫૧ ૨૨૬૭૨<br>મો. ૯૮૨૦૪ ૨૩૪૯૯ |
| **૧૪.** | જશાપર | શ્રી આદેશ્વરજી પ્રભુજી | શ્રી બાવલાભાઈ<br>શ્રી મોતીચંદ ધરમશી<br>શ્રી ગૌતમભાઈ | મો. ૭૮૭૪૨ ૩૯૮૯૧<br>મો. ૯૮૨૧૦ ૧૯૮૦૯<br>મો. ૯૮૬૯૧ ૨૧૬૬૬ |
| **૧૫.** | ડુમરા | શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ પ્રભુજી | શ્રી રમેશભાઈ | મો. ૯૯૨૫૫ ૭૧૩૩૯<br>મો. ૭૬૨૧૮ ૭૧૩૩૯ |
| **૧૬.** | નરેડી | શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ પ્રભુજી | શ્રી દામજીભાઈ<br>શ્રી ગોવિંદભાઈ | મો. ૯૭૨૭૮ ૭૧૧૨૨<br>મો. ૯૪૨૬૪ ૫૩૨૪૧ |
| **૧૭.** | નારણપુર | શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ પ્રભુજી | શ્રી નીલેશભાઈ<br>શ્રી દિનેશભાઈ | મો. ૯૫૩૭૩ ૯૩૭૯૫<br>મો. ૯૦૧૬૮ ૪૭૪૬૯ |
| **૧૮.** | બાંઢીયા | શ્રી વિમલનાથ પ્રભુજી | શ્રી મહેશભાઈ<br>શ્રી મનોજભાઈ | મો. ૮૭૮૦૮ ૦૬૬૭૩<br>મો. ૯૮૩૩૦ ૩૯૯૮૦ |
| **૧૯.** | મંજલ રેલડિયા | શ્રી આદિનાથ પ્રભુજી | શ્રી નારણભાઈ<br>શ્રી મંગલલાલભાઈ | મો. ૯૭૨૭૫ ૩૫૪૭૧<br>મો. ૯૭૨૭૩ ૨૬૯૪૭ |
| **૨૦.** | મોથાળા | શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુજી | શ્રી કલ્પેશભાઈ<br>શ્રી ખુશાલભાઈ-મુંબઈ | મો. ૯૭૧૨૨ ૦૫૦૧૩<br>મો. ૯૮૨૦૦ ૭૧૦૨૩ |
| **૨૧.** | રાણપુર | શ્રી મહાવીર સ્વામી પ્રભુજી | શ્રી લહેરચંદભાઈ | મો. ૬૩૫૫૫ ૯૦૦૮૩ |
| **૨૨.** | રાયધણજર | શ્રી આદિનાથ પ્રભુજી | શ્રી રજનીકાંતભાઈ<br>શ્રી દિનેશભાઈ | મો. ૯૬૮૭૧ ૮૩૮૬૫<br>મો. ૯૯૦૯૬ ૦૨૯૨૩ |
| **૨૩.** | વરાડિયા | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી | શ્રી મહારાજ<br>શ્રી કલ્પેશભાઈ | મો. ૮૮૭૯૦ ૬૦૭૫૦<br>મો. ૮૭૭૦૩ ૯૨૮૬૩ |
| **૨૪.** | વરંડી | શ્રી કુંથુનાથ પ્રભુજી | શ્રી પ્રફુલભાઈ | મો. ૯૯૭૮૭ ૩૬૮૧૪ |
| **૨૫.** | વિંઝાણ | શ્રી અજીતનાથ પ્રભુજી | શ્રી કુસુમબેન<br>શ્રી વિપુલભાઈ | મો. ૯૬૮૭૫ ૯૬૮૫૭<br>મો. ૯૨૨૩૪ ૨૮૯૪૫ |
| **૨૬.** | સણોસર | શ્રી અજિતનાથ પ્રભુજી | શ્રી ગાંગજીભાઈ | મો. ૯૪૨૯૮ ૦૮૪૭૫ |
| **૨૭.** | લઠેડી | શ્રી શાંતિનાથ પ્રભુજી | શ્રી વિશનજીભાઈ નાગડા<br>શ્રી પ્રવીણભાઈ-મુંબઈ | મો. ૯૧૩૭૩ ૧૮૭૬૩<br>મો. ૯૮૨૧૭ ૧૩૨૨૪ |
| **૨૮.** | સાંધવ | શ્રી શાંતિનાથ પ્રભુજી | શ્રી નવીનભાઈ<br>શ્રી ગોવિંદજીભાઈ-મુંબઈ | મો. ૯૩૨૪૭ ૬૮૨૧૭<br>મો. ૯૮૨૦૫ ૪૦૯૪૯ |
| **૨૯.** | સાંધાણ | શ્રી શાંતિનાથ પ્રભુજી | શ્રી મોહનલાલ નાગડા<br>શ્રી કીર્તિભાઈ-મુંબઈ | મો. ૭૦૬૯૧ ૬૪૬૪૩<br>મો. ૯૩૨૩૯ ૫૬૬૩૩ |
| **૩૦.** | સાંયરા | શ્રી આદિનાથ પ્રભુજી | શ્રી કલ્પેશભાઈ<br>શ્રી વાલજીભાઈ ખોના | મો. ૮૭૭૦૩ ૯૨૮૬૩<br>મો. ૯૮૨૦૪ ૩૮૭૮૪ |
| **૩૧.** | સિંધોડી મોટી | શ્રી નેમનાથ પ્રભુજી | | |
| **૩૨.** | સુજાપુર | શ્રી અજિતનાથ પ્રભુજી | શ્રી ભોગીલાલભાઈ પૂજારી<br>શ્રી જયમનભાઈ ખોના | મો. ૯૧૦૬૪ ૮૦૩૭૬<br>મો. ૯૮૨૦૦ ૦૨૪૫૩ |

વાર્તા

# ગુરૂ દક્ષિણા

કિશોર કે. જોબનપુત્રા

એક જ ગામમાં ૩૮ વરસની શિક્ષકની નોકરી પૂરી કરીને પંડ્યા સાહેબ આજે નિવૃત્ત થઈ રહ્યા હતા. ખૂબ પ્રેમાળ, મળતાવડા અને પોતાની ફરજ પ્રત્યે પૂર્ણ સમર્પિત પંડ્યા સાહેબનું ગામમાં ખૂબ માન હતું. કેટલાય વિદ્યાર્થીઓ એમની પાસે ભણીને ક્યાંય આગળ નીકળી ગયા હતા. પરગજુ સ્વભાવના પંડ્યા સાહેબ કોઈ વિદ્યાર્થીને જરૂરત હોય તો સ્કૂલ ફી કે પુસ્તકો માટે આર્થિક મદદ પણ કરતા.

આર્થિક સ્થિતિ અતિશય મધ્યમ હોવા છતાં સિદ્ધાંતવાદી એવા પંડ્યા સાહેબે ક્યારેય ટ્યુશન કરાવીને આર્થિક ઉપાર્જન કરવાની લાલચ રાખી ન હતી. નવરાશના સમયમાં નાનું મોટું સિલાઈકામ કરીને થોડું કમાઈ લેતા. કોઈ વિદ્યાર્થી અભ્યાસમાં નબળો હોય તો એને ઘરે બોલાવીને મફતમાં ભણાવતા. એક બાજુ સિલાઈકામ ચાલુ હોય અને બીજી બાજુ આવા વિદ્યાર્થીઓને ભણાવવાનું પણ ચાલુ હોય.

એમના આવા પરગજુ અને ઉમદા સ્વભાવને કારણે આજે ગામ દ્વારા આયોજિત વિદાય સમારંભમાં કેટલાય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર હતા. અભ્યાસની સાથે બાળકોમાં સંસ્કાર સિંચન કરનારા આવા સારા શિક્ષક નિવૃત્ત થતા હોય એટલે ગામના લોકોમાં થોડી ગમગીની પણ હતી.

પ્રાસંગિક પ્રવચનો બાદ એમના જૂના વિદ્યાર્થીઓ એમના સંસ્મરણો અને અનુભવો વર્ણવી રહ્યા હતા. એવામાં ચાલીસેક વર્ષના એક ભાઈ સ્ટેજ પર આવ્યા અને સજળ નેત્રે પંડ્યા સાહેબના પગમાં પડી ગયા. ગામ લોકો તો ઠીક, પંડ્યા સાહેબ પણ એને ન ઓળખી શક્યા.

'સાહેબ, મને ન ઓળખ્યો?' હું પસો. તમારો મારા પર ખૂબ ઉપકાર છે. મને સ્કૂલમાંથી કાઢી મૂકવાની નોબત આવી હતી ત્યારે તમે જ મને બચાવ્યો હતો. આજે હું જે છું તે માત્ર તમારા કારણે જ છું...

પછી જે અનુભવ એમણે વર્ણવ્યો તે પ્રમાણે પસો એટલે પરસોત્તમ. દરરોજ સ્કૂલે મોડો આવતો. એના વર્ગશિક્ષક એને દરરોજ બહાર ઊભો રાખતા. ક્યારેક માર પણ પડતો. એના ધોરણના વિદ્યાર્થીઓમાં એ મજાકનું પાત્ર બની ગયો હતો. નાનું ગામ હોવાથી સ્કૂલમાં ત્રણ જ શિક્ષકો હતા. પંડ્યા સાહેબ મુખ્ય શિક્ષક હતા.

આવા જ એક દિવસે પંડ્યા સાહેબ સ્કૂલમાં રાઉન્ડ લેવા નીકળ્યા. પસાને બહાર ઉભેલો જોઈને એના માથા પર પ્રેમાળ હાથ ફેરવતાં પૂછ્યું ત્યાં તો પસો ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. વર્ગશિક્ષકે પૂછ્યું તો કારણ જણાવતાં કહ્યું કે આવા શિસ્ત વગરના છોકરાને કાઢી મૂકવા જોઈએ. બે મહિનાથી ફી પણ બાકી છે....

તપાસ કરતાં ખબર પડી કે એ ખૂબ ગરીબ ઘરનો છે. એના મા-બાપ વહેલી સવારે બાજુના શહેરમાં બકાલુ (શાકભાજી) પહોંચાડવા જાય ત્યાં સુધી એના બે નાના ભાઈ-બહેનનું ધ્યાન રાખે. મા-બાપ આવી જાય પછી જ એ સ્કૂલે આવી શકતો. એટલે દરરોજ મોડું થઈ જતું.

એ સાંજે જ પંડ્યા સાહેબ પસાના ઘરે પહોંચી ગયા. પસો તો 'મોટા સાહેબ આવ્યા' એમ કરતાં રાજી થઈ ગયો. પંડ્યા સાહેબે જોયું કે ગરીબી ઘરમાં આંટો દઈ ગઈ હતી. પસાનો બાપ એક બાજુ બેસીને બીડી ફૂંકતો હતો. પસાની માએ ખાટલો ઢાળીને તૂટેલું ગોદડું પાથરીને સાહેબને બેસાડ્યા.

પંડ્યા સાહેબની આ એક જ મુલાકાતે એ ગરીબ ઘરની હાલત બદલાવી મૂકી. પસાને સ્કૂલમાં થતી શિક્ષાની વાત સાંભળીને બાપનું હૃદય દ્રવી ઉઠ્યું. પિતૃપ્રેમ જાગ્યો અને તે રડી પડ્યા. દરરોજ રાત્રે દારૂ પીવાની કુટેવને કારણે સવારે શહેરમાં જવાનું મોડું થઈ જતું. પંડ્યા સાહેબની સલાહ અને રૂબરૂ મુલાકાતે એવી જાદુઈ અસર કરી કે એ જ ઘડીએ પસાના બાપાએ દારૂ અને બીડીના વ્યસન છોડી દીધા.

પંડ્યા સાહેબે એની બાકી ફી ભરી દીધી. દારૂ અને બીડીનું વ્યસન દૂર થતાં અને અંતરાત્મા જાગી જતાં પસાના બાપા દિવસ આખો બેઠા રહેતા તેની જગ્યાએ હવે કાંઈક ને કાંઈક કામ કરી થોડું થોડું કમાવા લાગ્યા. ધીરે ધીરે એમની સ્થિતિ સુધરતી ગઈ. બે-ત્રણ વરસ પછી ધંધા માટે ગામ છોડી શહેરમાં આવી ગયા. પસો ભણવામાં હોંશિયાર હતો. નસીબે પણ સાથ દીધો. એટલે વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે ગયો. ખૂબ ભણ્યો એટલે સારી નોકરી પણ મળી ગઈ. પૈસા ભેગા થતાં નોકરી છોડીને ધંધો શરૂ કર્યો. અત્યારે મા-બાપ, પત્ની અને સંતાનો સાથે દુબઈ સેટ થયો છે. લંડન અને દુબઈમાં એના બે મોટા મૉલ છે. એના હાથ નીચે સો જણાનો સ્ટાફ કામ કરે છે.

પસાની વાત સાંભળી બધાએ પંડ્યા સાહેબને ખૂબ બિરદાવ્યા.

પસાએ કહ્યું, 'જો તે દિવસે પંડ્યા સાહેબે મને મદદ ન કરી હોત તો ન જાણે આજે હું શું હોત! આ મારા માટે ભગવાન સમાન છે. એમનો આભાર વ્યક્ત કરવા કોઈ શબ્દો નથી. મને ખબર છે, તેઓ સિદ્ધાંતવાદી છે એટલે કાંઈ સ્વિકારશે નહીં. આમ છતાં મારી આગ્રહભરી વિનંતી સ્વિકારીને આ કવરનો સ્વિકાર કરે. આમાં એમના અને કુટુંબના સર્વે સભ્યો માટે દુબઈની ઑપન ટિકિટ છે. સાહેબ, આપ બધા આવો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૧૦ ઉપર)

વાર્તા

# હાઈવે

એચ. એન. ગોલીબાર

આ રહસ્યકથા જે પાત્ર સાથે બની છે એ પાત્રના મોઢેથી જ આપણે આખી ઘટના જોઈએ –

અમારા મુનીમજીના દીકરાના લગ્નમાં હાજરી આપવા માટે હું અમારા શેઠની કારમાં નીકળ્યો હતો. શેઠજીએ મુનીમજીને ત્યાં કાર મોકલવા માટે મને પણ સાથે જ મોકલ્યો હતો. ડ્રાઈવર બાબુ અને અમારા શેઠજીનો ખાસ માણસ કેશવ પણ અમારી સાથે જ હતો. અમે ત્રણેય કારમાં રાતના સમયે નીકળ્યા હતા. કારની મુસાફરી આઠ-દસ કલાકની હતી.

રાતના બરાબર દસ વાગે અમારી કાર હાઈવેની ચીકણી સડક પર આવી પહોંચી. કાર એની મધ્યમ ઝડપે આગળ વધી રહી હતી. અગિયાર-સાડા અગિયાર વાગે કારમાં મને ઝોકા આવવા લાગ્યા. જોકે, ડ્રાઈવર બાબુ મને વારેઘડીએ પૂછી રહ્યો હતો કે હું જાગું છું કે નહિ. પરંતુ કારની નરમ સીટમાં હું જાગી ન શક્યો. અચાનક ડ્રાઈવરે કાર રોકી દીધી. કોઈ નાનકડું ગામ હતું.

જૂન મહિનાનું પહેલું અઠવાડિયું હતું. વરસાદના ટીપા કારની બારીઓની અંદર આવી ગયા. મેં કાચ ચઢાવી દીધા. બીજી મુસાફરી ફરી શરૂ થઈ ગઈ. ઝરમર ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો.

કાર એની મધ્યમ ઝડપે આગળ વધી રહી હતી. થોડીકવાર પછી શરૂ થયો ભયાનક જંગલનો વિસ્તાર. કારની રોશનીમાં દૂર સુધી સડકની બન્ને તરફ ઝાડ દેખાઈ રહ્યા હતા. પાસેથી પસાર થતા કારના પ્રકાશ પરથી એવું લાગતું હતું કે આ ભયાનક જંગલમાં કદાચ જ દૂર સુધી કોઈ વસ્તી હોય.

એક તો રાતનો સમય અને એમાં ભયાનક જંગલ, ને વળી એમાંય વરસાદના કારણે વાતાવરણ બિહામણું લાગતું હતું. કાર સામેની ચીકણી સડક પર દોડાવતાં મેં કારની અંદરની નાની લાઈટ ચાલુ કરી અને મારી કાંડા ઘડિયાળમાં નજર કરી. રાતનો લગભગ એક વાગ્યો હતો.

વરસાદ હવે ધીમો પડી ગયો હતો. કારના આગળના કાચ પર વાઈપર પાણીને ડાબી-જમણી તરફ હટાવી રહ્યા હતા. બાબુએ ફરી મને કહ્યું, 'જાગો છો ને સાહેબ?'

'હા, હા, જાગી રહ્યો છું.' એ પછી બાબુને થોડી આડીઅવળી વાતો કરી અને પછી ધીમું ગીત ગણગણતો કારને મધ્યમ ઝડપે ચલાવતો રહ્યો.

કાર એની ઝડપે આગળ વધી રહી હતી કે અચાનક બાબુ, કેશવ અને મારી નજર કારની હેડલાઈટ પર હાઈવેની વચ્ચોવચ દૂર દૂર દેખાઈ રહેલા બે પડછાયા પર પડી.

બાબુ અને કેશવ આંખો પહોળી કરીને એ બન્ને પડછાયાને જોવાની કોશિશ કરવા લાગ્યા. હું પણ આગળની સીટ તરફ ઝૂકીને એ બે પડછાયા શાના છે, એ માટે આંખો ફાડીને જોવાની કોશિશ કરવા લાગ્યો. પણ બંને પડછાયા સિવાય વધુ કંઈ દેખાતું નહતું. બે પડછાયા હાઈવેની વચ્ચોવચ ચાલી રહ્યા હોય એવું દેખાતું હતું.

ધીરે-ધીરે કાર એ બંને પડછાયાની થોડી નજીક આવી ત્યારે અમે જોયું કે એ બન્ને પડછાયા એક યુવાન અને એક યુવતીના હતા. હેડલાઈટમાં પીઠનો ભાગ અમને સાફ દેખાઈ રહ્યો હતો. બંને પડછાયા એકબીજાના હાથમાં હાથ પરોવીને હાઈવેની વચ્ચોવચ ચાલી રહ્યા હતા.

'બોલો સાહેબ, શું જમાનો આવ્યો છે, એ બંન્નેને સડકની વચ્ચે જ પ્રેમ કરવાનું સૂઝ્યું છે કે આમ બન્ને એકબીજાના હાથમાં હાથ પરોવીને ચાલી રહ્યા છે.' બાબુ બબડ્યો.

બાબુએ હોર્ન વગાડવાનું શરૂ કર્યું, પણ સતત થોડીકવાર સુધી હોર્ન ચાલુ રહેવા છતાંય એ બન્નેએ જાણે હોર્નનો અવાજ બિલકુલ સાંભળ્યો જ ન હોય એમ એકબીજાના હાથમાં હાથ પકડીને ચાલી રહ્યા હતા.

બાબુએ કારની ઝડપ એકદમ ધીમી કરી નાખવી પડી. કાર લગભગ એની પાસે જઈને ઊભી રહી હતી.

બાબુએ ફરી હોર્ન વગાડયો. મને થયું કે ભયાનક જંગલના આ વિસ્તારમાં રાતના દોઢ વાગે સડકની વચ્ચે ચાલી રહેલા એ યુવાન-યુવતી જરૂર પાસેના કોઈ ગામમાંથી ભાગીને આ રીતે હાઈવે પર આવી ગયા હશે.

બાબુએ સતત હોર્ન વગાડવાનું ચાલુ જ રાખ્યું. પણ એ બન્ને સફેદ કપડાં પહેરેલા યુવાન-યુવતીને તો જાણે હોર્નના અવાજની કોઈ જ અસર ન થતી હોય એમ બંને બેફિકરાઈથી સડક વચ્ચે જ ચાલી રહ્યા હતા.

હવે બાબુ ખીજાયો. કારનું એન્જિન ચાલુ રાખીને એ દરવાજો ખોલીને નીચે ઊતર્યો. હું બાબુની આ હરકત જોઈ રહ્યો હતો. નીચે ઊતરતાની સાથે જ એ સીધો જ પેલા બન્ને સફેદ કપડાંવાળા યુવાન-યુવતી તરફ બૂમો પાડતા દોડ્યો. પણ એ જેવો એ બન્નેની નજીક ગયો કે એની નવાઈ વચ્ચે પેલા બન્ને યુવાન-યુવતી એનાથી દસેક ફૂટ દૂર થઈ ગયા. બાબુ ત્યાં જ ઊભો રહીને આ દૃશ્ય ફાટેલી આંખે જોઈ રહ્યો. મેં પણ આ દૃશ્ય જોયું. પણ કંઈ સમજાયું નહીં.

બાબુ પાછા પગે કાર પાસે આવ્યો અને કારનો દરવાજો ખોલીને સીટ પર બેસતાં બેસતાં બબડ્યો, 'કોણ જાણે આવાને આવા ક્યાંથી હાલી નીકળે છે. પ્રેમ કરવા માટે એમને આ હાઈવે જ દેખાય છે...!'

કહેતાં એ સીટ પર ગોઠવાઈ ગયો. પણ હું મૂંઝવણભરી હાલતે હજુ પણ આગળ જઈ રહેલા એ યુવાન-યુવતીને જ જોઈ રહ્યો હતો. ડ્રાઈવરના નજીક જતાં જ એ બન્ને જે રીતે દસ ફૂટ દૂર પહોંચી ગયા હતા એ જોઈને મને આશ્ચર્ય સાથે થોડીક મૂંઝવણ પણ થઈ હતી. એટલે કારનું એન્જિન ચાલુ કરી રહેલા ડ્રાઈવરને મેં શંકાનું નિવારણ કરવા પૂછ્યું, 'બાબુ, તું નજીક ગયો ત્યારે એ બન્ને તારાથી દૂર થઈ ગયા, એ કંઈક અજુગતું લાગે છે નહિ?'

'અરે સાહેબ, જવા દો ને! આ બધો આંખોનો ભ્રમ છે. આવા પ્રેમીઓ બધાની આંખોમાં ધૂળ જ નાખતા હોય છે.'

બાબુની આ વાત સાંભળીને હું કશું બોલ્યો નહિ. એ દરમિયાન પેલા બન્ને યુવાન-યુવતી ઘણા આગળ નીકળી ગયા હતા. બાબુએ કારને આગળ વધારી.

કાર સાવ ધીમી ચાલે આગળ ચાલી. લગભગ ત્રીસેક સેકન્ડ ચાલ્યા પછી અમારી કાર ફરી પેલા સફેદ કપડાંવાળા યુવાન-યુવતી પાછળ આવી ગઈ. બાબુએ ફરી હોર્ન મારવાનું ચાલુ કર્યું. એણે સતત હોર્ન વગાડવાનું ચાલુ જ રાખ્યું. આ વખતે એ બન્ને યુવાન-યુવતી પર હોર્નની જાણે અસર થઈ હોય એમ બન્ને સડકની વચ્ચે ધીમે-ધીમે અમારી તરફ ફર્યા. બન્ને અમારી તરફ એકીનજરે જોઈ રહ્યા.

બન્નેને આ રીતે જોઈ રહેલા જોઈને હું, બાબુ અને કેશવ ત્રણેયને જાણે કંપારી છૂટી ગઈ હોય એમ ત્રણે એ બન્ને સામે જોઈ રહ્યા. થોડીકવાર સુધી સતત અમારી તરફ જોતા રહ્યા પછી એ બન્ને અચાનક ખડખડાટ હસવા લાગ્યા. અને એ સાથે જ બન્ને પાછા વળીને એકબીજાનો હાથ પકડીને સડકની વચ્ચે જ દોડવા લાગ્યા.

બન્નેની આ હરકતથી અમે ત્રણેય અવાચક બની ગયા હતા. બાબુ અને કેશવ કરતાં હું થોડોક વધુ ગભરાઈ ગયો હતો. કારણ કે આ રીતે અડધી રાતે જંગલ વિસ્તારના હાઈવે પર એક જુવાન યુવાન-યુવતી આ રીતે એકલા નીકળે એ કંઈ સમજમાં આવે એવું નહોતું.

બાબુએ કાર આગળ વધારી. પરંતુ થોડેક આગળ ચલાવ્યા પછી કારને રોકવી પડી. કારણ કે એ બન્ને યુવાન-યુવતી સડક છોડીને હવે કિનારાની ગીચ ઝાડી તરફ ઊતરવા લાગ્યા હતા. કારની હેડલાઈટની રોશનીમાં ફક્ત આગળનો સૂમસામ રસ્તો જ દેખાઈ રહ્યો હતો. આ બધી ઘટના કંઈક વિચિત્ર રીતે બની હતી. આ બન્નેનો હસવાનો અવાજ ખૂબ જ રોમાંચક હતો. હવે હું ખરેખર ડરી ગયો હતો. હવે અહીંથી જેમ બને એમ જલદી ભાગી છૂટવામાં જ ભલાઈ છે એવું વિચારીને મેં બાબુને કાર ઝડપથી ચલાવવાનું કહ્યું. પણ બાબુએ જાણે મારી વાત સાંભળી જ ન હોય એમ એ પેલા બન્નેને ઝાડી તરફ જતાં ધ્યાનથી જોઈ રહ્યો હતો. એ બન્નેના હસવાનો ધીમો અવાજ હજુ પણ સંભળાઈ રહ્યો હતો.

કોણ જાણે બાબુને શું સૂઝ્યું કે એણે કારને સડકની કિનારે ઊભી કરી દીધી અને ટોર્ચ લઈને ભડાક કરતાંક એ કારનો દરવાજો ખોલીને નીચે ઊતર્યો. 'બાબુ, તું ચાલ યાર! આપણે કશું નથી જોવું. આપણે જલદી અહીંથી રવાના થઈ જઈએ.' મેં બાબુને કહ્યું.

પણ બાબુએ મારી વાત સાંભળી નહીં. ને એ કારની આગળ જઈને સડકની કિનારની નીચે તરફ જ રહેલી એ ઝાડી તરફ પહોંચી ગયો. ટોર્ચ ચાલુ કરીને એ બન્ને યુવાન-યુવતી તરફ એણે પ્રકાશ ફેંક્યો. ઝાડીઓમાં થોડીકવાર પહેલા જ રોકાયેલા વરસાદના કારણે પાંદડાંઓના ટપટપનો અવાજ ચાલુ હતો. પણ બરાબર કંઈ દેખાતું નહોતું. વરસાદ રોકાઈ જવાના કારણે સડક પણ ભીની જ હતી.

બાબુએ ટોર્ચનો પ્રકાશ ફેંક્યો ત્યારે એને દૂર-દૂર પડછાયા એક કૂવા તરફ જતા હોય એવું આછું આછું દેખાયું.

હું અને કેશવ પણ એ તરફ ફાટેલી આંખોએ જોતા રહ્યા. ધીરે-ધીરે એ બન્ને પડછાયા અદશ્ય થઈ ગયા. બાબુ થોડીકવાર સુધી ટોર્ચ લઈને ત્યાં જ ઊભો રહ્યો અને પછી એ ટોર્ચ બંધ કરીને કારના દરવાજા પાસે આવીને પોતાની સીટ પર ગોઠવાયો. પણ હજુ એની નજર તો એ ઝાડી તરફ જ ચોંટેલી હતી. હવે અંધારાને કારણે એ ઝાડી બરાબર દેખાતી નહોતી.

'બાબુ, હવે કારને આગળ વધાર. આપણે આડાઅવળા કયાંક ફસાઈ ન જઈએ.' આ વખતે કેશવે પોતાનો ડર રજૂ કર્યો.

બાબુએ કારને ગિયરમાં નાખીને આગળ વધારી. અમને ત્રણેયને એ બન્નેનું બેફિકરાઈથી સડક વચ્ચે ચાલવું, ખડખડાટ હસવું, એકાએક ભાગવું અને પછી ઝાડીઓમાં જઈને અદશ્ય થઈ જવું એ બધું ચમત્કારીક લાગી રહ્યું હતું.

કારમાં અમારા ત્રણેય વચ્ચે આ જ ચર્ચા ચાલી રહી હતી. કાર આગળ વધતી જતી રહી હતી. લગભગ અઢી વાગે દસ કિલોમીટરનો રસ્તો પસાર કર્યા પછી અમે હાઈવે પર જ

આવેલી એક હોટલ પર ઊભા રહ્યા. ત્યાં ચા-પાણી પીધા પછી મેં હોટલવાળાને કહ્યું, 'અરે ભાઈ, અહીંથી લગભગ દસેક કિલોમીટર દૂર અમે હાઈવે પર એક યુવાન-યુવતીને આટલી રાતે ચાલતાં જતાં જોયાં. એ સિવાય પણ એ બન્નેની ઘણી વિચિત્ર હરકતો જોઈ. અમને કંઈ સમજાયું નહિ. આ બધું શું છે?' હોટલવાળો હજુ કંઈ બોલે એ પહેલા પાનવાળાએ કહ્યું, 'અચ્છા...! સાહેબ, તમે દેબુ અને ઝમખુની વાત કરી રહ્યા છો.'

અમે ત્રણેય એકબીજા સામે જોઈ રહ્યા.

'સાહેબ, ઝમખુ શ્યામુની દીકરી હતી. જ્યારે દેબુ અમારા ગામના મુખીનો દીકરો હતો. બંને એકબીજાને ખૂબ જ ચાહતા હતા, પણ અમુક ઈર્ષ્યાળુઓને બંનેનો પ્રેમ ખટકતો હતો. આથી એક દિવસ રાતે બન્ને પાસેના એક મેળામાં જઈને પાછા ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં જ બન્નેને મારી નાખીને બન્નેને કૂવામાં નાખી દેવામાં આવ્યા હતા.'

મને લાગ્યું કે જાણે હું કોઈ ફિલ્મી સ્ટોરી સાંભળી રહ્યો છું. પાનવાળાના મોઢે આખી વાત સાંભળીને અમે ત્રણેય એકબીજાનું મોઢું જોવા લાગ્યા.

એ પછી અમે કારમાં બેસીને આગળ ચાલ્યા. વરસાદ ફરી શરૂ થયો અને વરસાદના એ અવાજમાં એ પ્રેમી યુવાન-યુવતીનો હસવાનો અવાજ ગૂંજતો રહ્યો. ■

## વાર્તા : એ... આવજો!

(અનુસંધાન : પાના નં. – ૧૧૯ ઉપરથી ચાલુ)

કાલીઘેલી વાતોમાં જાણે શું ને શું કહી કહી સાઈકલ બતાવવા લાગ્યો! ઘંટડી રણકારવા લાગ્યો.

પુત્ર તથા વહુએ તેડવા માટે આવ્યા છે તેમ જણાવ્યું. તેમણે કહ્યું, બેસો, હું હમણાં આવું છું.

બા પોતાની ઓરડીમાં આવી છબી પાસે ગયાં ને બોલ્યા, 'હવે તમે જ કહો. હું શું કરું? જાણે છબીમાંથી તે બોલ્યા, કુસુમ! તેં ઘણી ધીરજ રાખી, ઘણાં આઘાત-પ્રત્યાઘાત જોયા કર્યા. પરંતુ હવે તેઓને પસ્તાવો થતાં ઘેર લઈ જવા તેડવા જ આવ્યા છે ત્યારે તેઓને ક્ષમા આપી એની સાથે ઘેર જઈશ તો આનંદ થશે ને કુસુમ... સંતાનો સુખી તથા આનંદમાં રહે તેવું તો દરેક માતા-પિતા ઈચ્છતા જ હોય છે ને ? કુસુમ.... મારી વાત સાચી છે ને ? છતાં... તને યોગ્ય લાગે તેમ!

ને ત્યાં જ વૃદ્ધાશ્રમનાં પરિસરમાં સમય સૂચવતો ઘંટારવ થયો. ત્યાં જતી મહિલાઓમાંથી એક મહિલાનો અવાજ આવ્યો. એ.. આવજો!! ■

## પત્થરો તરતા રહ્યા

દિલથી અમે નામ રામનું રટતા રહ્યા,
ફૂલો ડૂબી ગયા ને પત્થરો તરતા રહ્યા.

યાદ આવી એની તો લાખ પત્રો લખી દીધા,
એ હસીને ભૂલી ગયા ને અમે રડતા રહ્યા.

દિલ પીગળશે કોક દિ, એવી આશામાં હતા,
ઘાવ ઉપર ઘાવની ભેટ, એ ધરતા રહ્યા.

આશનો સમંદર બહુ ગહેરો હોય છે,
એ વિચારે નાનકડી નાવમાં ફરતા રહ્યા.

પ્રેમ એનો પામવાને ભેટ ફૂલોની દીધી,
તે છતાં ઉપહારમાં, એ કંટકો ધરતા રહ્યા.

આવશે એ કોક દિ મારા આંગણે,
એ આશમાં હજુય અમે જીવતા રહ્યા.

બરબાદીના ઢેર આવે છે ચોતરફથી,
એથી બહારોમાં પણ પર્ણો ખરતા રહ્યા.

***યોગેશ આર. જોશી - હાલોલ, જિ. પંચમહાલ***
***મો. ૯૮૭૯૦ ૫૬૬૩૬***

## માણસ સાથે સામ્યતા ધરાવતા વાનર : ગોરીલા

ઉત્ક્રાંતિવાદમાં વાનરમાંથી રૂપાંતર થઈને મનુષ્ય બન્યો તે જાણીતી વાત છે. આજે પણ ચિમ્પાન્ઝી, ગોરીલા, ઉરાંગઉટાંગ અને બોનોલો જેવા વાનરોમાં મનુષ્ય જેવા લક્ષણો જોવા મળે છે. તેમાં ગોરીલા તદ્દન માણસની જેમ જ વર્તે છે.

શરીર પર ભરચક વાળ ધરાવતા ગોરીલા બે પગે ઊભા હોય ત્યારે પાંચ ફૂટ ઊંચા હોય છે. તે ચાર પગે ચાલે છે. તેના આગલા બે પગની હથેળી માણસ જેવી જ હોય છે. તેના અંગુઠાની પ્રિન્ટ પણ માણસની જેમ જુદી જુદી હોય છે. ગોરીલા તેના આગલા પગનો ઉપયોગ હાથની જેમ કરી શકે છે. ગોરીલાને પણ ૩૨ દાંત હોય છે.

આફ્રિકા, કોંગો, યુગાન્ડા અને નાઈજીરીયાના જંગલોમાં ગોરીલાની વસ્તી છે. ગોરીલા ટોળામાં રહે છે. ગોરીલા શાકાહારી છે. તે આખો દિવસ ફળફળાદિ શોધીને ખાધા કરે છે. ગોરીલા બુદ્ધિશાળી પ્રાણી છે. તેને તાલીમ આપીને ઘણા કામ શીખવી શકાય છે.

ગોરીલા માણસની જેમ હસી શકે છે, ખોંખારો ખાઈ શકે છે અને રડી પણ શકે છે. તે માણસ પર કદી હુમલો કરતા નથી. ■

વાર્તા

# એ...આવજો!!

નવીન ત્રિપાઠી 'અલ્પ'

બા! ઓ...બા... તોબા તમારાથી હવે તો! આ છોરો ક્યારનોય ઘોડિયામાં રડ્યા કરે છે, ને તમે શું નિરાંતે પડ્યા છો! જરા સાચવતા હો તો! આખો દિવસ પથારીમાં સૂતે સૂતે કંટાળો નથી આવતો?

હેં...! રડે છે? સંભળાતુંય નથી! બાએ દયામણે ચહેરે વહુને કહ્યું.

વહુ તાડૂકી! તે ક્યાંથી સંભળાય? આખી જિંદગી અમને સંભાળવાને બદલે સંભળાવ સંભળાવ જ કર્યું છે, વળી એમ છે કે રમાડવો પડશે, નથી જતાં કે નથી આને રમાડતાં, જ્યારે જોઈએ ત્યારે સામાને સામા! વહુના હાવભાવ જોઇને બા બોલ્યાં, ના, બેટા ના, એવું નથી, પણ ખબર છે કે ભૂકંપમાં હું દબાઈ ગઈ ત્યારે મારા ઉપર પથ્થર પડ્યો ને તેથી બહેરી થઈ ગઈ.

વહુ છણકો કરીને રસોડામાં ગઈ અને વાસણ પછાડતી બબડવા લાગી, ભૂકંપ પછી પણ તમે તો...

ને ધીમેથી તો શું? જોરથી બોલે તો પણ બા ક્યાં સાંભળવાનાં હતાં? ને સાંભળે તો પણ ઓશિયાળા હવે શું કરવાનાં હતાં કે શું કહેવાના હતાં?

બા ઘોડિયાની દોરી તાણવાં બેઠા અને છોકરો પણ જાણે બાનો હેતાળ હાથ ઓળખી ગયો હોય તેમ મરક મરક હસતાં આંખનાં પોપચાં ખોલ-બંધ કરવા લાગ્યો!

બા ભૂતકાળમાં સરતા ગયા. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં... ને ઘોડિયાની જગ્યાએ જાણે આરામ ખુરશીમાં બેઠેલા તેના પતિ આવી ગયા.

કુસુમ! સાંભળશ કે? તારા હાથની એક કપ ચા મળી જાય તો રવિવારની પૂર્તિ વાંચવામાં ઓર આનંદ આવી જાય!

ખબર જ હતી કે તમારો રવિવાર મજાનો મારે તો સજાનો! આ આખો દિવસ ભાઈબંધો સાથે ઘરમાં બેઠે બેઠે બસ ચાનો ઓર્ડર આપ્યા જ કરશો!

કુસુમ! હું બહાર જઈ હોટલમાં પી આવું બસ! આ તો એમકે તું કંઈ થોડી મારા માટે ચા બનાવીશ? અડધી ચા આપીશ બસ! રાજી ને? જાઉં?

ના... ભઈશાબ...ના! આવી ઠંડીમાં બહાર જશો તો માંદા પડશો... હા... ચા બનાવી આપું પણ એક શરતે! મારું પ્રિયગીત સંભળાવો તો જ! આપણો લાડકવાયો જાગે તે પહેલા આપણી ચા ફટાફટ તૈયાર!

પચ્ચીસ વર્ષના ભૂતકાળમાં સરી ગયેલાં બાના હાથમાંથી ઘોડિયાની દોરી સરી જતા સમયની જેમ સરકતી રહી. ને પૌત્ર ફરી સળવળ્યો, એટલે બા તંદ્રામાંથી જાગ્યા... ફરી પાછો સમય... ફરી પાછી ઘોડિયાની દોરી... સરકતો સમય... ઘડિયાળના કાંટાની અવળી ગતિ!

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં... સોનીવાડમાં રહેતું પોતાનું હર્યુંભર્યું કુટુંબ! પતિ, પોતે કુસુમ ને પુત્ર! પણ ભૂકંપમાં પતિનું અવસાન થતાં પોતે નોંધારી થઇ ગઈ. પુત્ર ઉછેર! પતિના અવસાન પછીની મામૂલી સહાય. નજીવું પેન્શન! ને પુત્રની નોકરી પણ સામાન્ય... ને, ઘરમાં ચાર ચાર જીવ. જેથી એક સાંધતાં તેર તૂટે તેવી હાલત... વહુની તોછડાઇ, પુત્રનો તિરસ્કાર! પણ પૌત્ર તરફની લાગણીથી જ બા – જેમ તેમ અપમાનભરી સ્થિતિમાં રહેતાં શીખી ગયાં હતાં. ને તે સિવાય કરે પણ શું? માત્ર ભૂતકાળની સ્મૃતિ જ રણમાં મીઠી વીરડી લાગતી હતી.

ફરી પાછી એ જ આરામ ખુરશી ને એજ હસમુખો ચહેરો!

સાંભળ્યું? કહું છું! આ આપણો લાડકો મોટો થઈને શું થશે કહે જોઉં? થશે તમારા જેવો! રેવન્યુ ટિકિટ સિવાયની કોઈ આડી આવક નહીં! ને કમાશે પણ તમારા જેટલું જ!

જુઓ આપણા પાડોશી! તેને ઘેર તો બબ્બે રેડિયા છે! નવું ફર્નિચર! ને તમારે ઘેર! બાપ દાદાના વખતની ડગુમગુ થતા હાથાવાળી એક જ આરામ ખુરશી! કુસુમ હસીને બોલી.

કુસુમ, આપણી મૂળ વાત તો રહી ગઈ! આને શું બનાવીશું? ડૉક્ટર, વકીલ કે ઇન્જિનીયર? કુસુમ કહે. સાંભળો, આપણે તો બસ... આપણો કહ્યાગરો માંદેસાજે આપણી ચાકરી કરે તો પણ આપણે રાજી!

ને વિચાર વલોણાંને લીધે ઘોડિયાંની ગતિ બંધ થવાને કારણે તે સળવળ્યો. ને પોતે હવે ભૂખ્યો થયો છે તેની જાણ કરવા રડવા લાગ્યો!

રસોડામાંથી વહુ સહસા બહાર આવી, ને ઘોડિયાની બાજુમાં જ આડાં પડેલાં બા ને જોઈને તે તાડૂકે તે પહેલાં જ બા સફાળા જાગી ગયાં ને ઝપાટાભેર ઘોડિયાંની દોરી તાણવા લાગ્યા! રહેવા દો! બા, તમારા ધતિંગ ને નાટક! હું આવી એટલે મંડ્યા હિંચોળવા.. ને રસોડામાં હતી ત્યારે મંડયા' તા... નાટક કરવા. હે...ભગવાન! આવી સાસુ તો...! વહુ તાડૂકીને????.

વહુ, આ ભૂખ્યો થયો છે. વાટકીમાં દહીંભાત આપી દે તો જમાડી દઉં.

રહેવા દો. તમે શું જમાડવાના હતા! તમતમારે ત્રણ ટાઈમ જમો એટલે બસ.

ત્યાં દરવાજો ખખડયો! ને પુત્ર આવ્યો. આવતાંવેંત બોલ્યો, શું ચાલે છે? સાસુ વહુની લમણાંઝીંક? મોડું થશે. પીરસ થાળી જલદી!

થાય છે રસોઈ! તમારી મા એ ભણાવ્યા નહીં એટલે કરો મજૂરી...

આખી જિંદગી તમારા મા-બાપે જલસા કર્યા છે જલ્સા ... મારા ક્યાં કરમ ફૂટયાં...

કહું છું ને કે આડી અવળી લપ મૂક! હા... બા જમ્યાં કે નહીં?

તમારી મા કાંઈ ભૂખી નહીં રહે! એવડું હેત ઊભરાઈ જતું હોય તો જમો તમ તમારે મા-દીકરો! ને છોરાને ઘોડિયામાંથી ઊંચકીને ઝપાટાભેર ઘર બહાર નીકળી ગઈ. ને પુત્ર પણ બા તરફ કતરાતો કતરાતો ભૂખ્યો ભૂખ્યો જમવાની રાહ જોતો બેઠો.

બિચારા બા! રસોડામાં આવ્યાં ને ધ્રુજતા હાથે શાક વઘારવા લાગ્યા... ત્યાં વળી છણકાભેર વહુ આવી... ને લાવો... લાવો... તમે શાક વઘારશો તો પાણીનું તળાવ કરી નાખશો.

વહુ બોલતી રહી... સાસુ સાંભળતી રહી... ને પૌત્ર રડતો રહ્યો!! પુત્ર જોતો રહ્યો.

ને આખરે થવાનું હતું તે જ થયું! વહુની રોજની ટકટક... ત્રાસીને પોતાની વહાલસોયી બાને એક દિવસ વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો. દિલ ઉપર પથ્થર મૂકીને પણ.... ને નોકરી છૂટી જવાથી હવે તે પણ બેકાર બની ગયો...!

એક દિવસ ફરતો ફરતો તે બિસ્કિટનાં નાનાં પેકેટ સાથે બાની ખબર કાઢવા વૃદ્ધાશ્રમમાં આવ્યો... ને રડતાં રડતાં... પોતાની કહાણી બા પાસે રજૂ કરી. બહેરાશને કારણે ભલે બા સાંભળી ન શક્યાં પણ પુત્રની વ્યથા વગર સાંભળે પણ બધું સમજી ગયાં ને પતરાંની પેટીમાંથી મરણમૂડી જેવી રૂપિયા પાંચસોની ટીપેટીપે બચાવેલી માતબર રકમ પુત્રને આપી...

પુત્રનું ચાલે તો અબઘડી બા ને પાછાં ઘેર લઈ જાય પણ... પણ... અશ્રુસભર આંખે તે વિદાય થયો.

ને આ તરફ હવે બા પણ પોતાનાં સ્વભાવને કારણે આશ્રમવાસીઓ સાથે હળીભળી ગયાં હતાં. માંદેસાજે સમદુઃખિયાની સેવા કરે છે, કથા-વાર્તા પણ કરે છે, છાને ખૂણે રડી પણ લે છે. ને પતિની છબી પાસે દરરોજ પ્રાર્થના કરે છે કે તમારા જીવને દુઃખી ન કરતા... હું અહીં બરાબર છું.

એક દિવસ વૃદ્ધાશ્રમના ડૉક્ટર પાસે જાણવા મળ્યું કે હવે બહેરાશવાળી વ્યક્તિ સાંભળી શકે તેવી પણ શોધ થઇ છે. બાને ઘડીભર એવું થયું કે આવું મશીન હું લઈ લઉં? પાછું વિચાર્યું કે ન સાંભળવું કે ન દુઃખી થવું!

અંતે નક્કી કર્યું કે સાંભળવા મળે તો પ્રભુ-ગીતો સાંભળી શકાય.

ને થોડા દિવસ પછી બા અરીસા પાસે રાખેલી પતિની છબી પાસે ઊભીને બોલ્યા, 'તમે ભલે ધીમે ધીમે બોલ્યાં... પણ હવે તો બરાબર સંભળાય છે.. તમે એમ બોલ્યા ને.. કે કુસુમ એક કપ ચા મળી જાય તો આપણે બંને અરધી અરધી પી નાખીએ હા! વળી! તમે એમ પણ બોલ્યા કે કુસુમ આપણો પુત્ર તથા પૌત્ર કેમ છે? તમારા જીવને જરાય દુઃખી ન કરતા! ને ખબર છે ને? હમણાં તેને પૈસાની ખેંચ હતી એટલે મેં તમારી સહાય મૂડીમાંથી મદદ કરી. વાંધો નહીં ને? હમણાં તો પૌત્રને જોયો પણ નથી.. દીકરો કહેતો હતો કે; બીજા છોકરાવની સાયકલ જેવી સાયકલ લેવા માટે કજિયો કરતો હતો.'

ને હા...! સાંભળો! કહું છું! જુઓ ગુસ્સે ન થાવ તો એક વાત કહી દઉં! તમે એરિંગ લઇ આપ્યાં હતાં ને તેમાંથી એક વેચીને આ મશીન... મને તો બોલતાંયે નથી આવડતું... તે લીધું છે... જુઓ....જુઓ...એ આ રહ્યું! દીઠું? તમે એરિંગ લઇ આપ્યાં.. એટલે એરિંગને બદલે આ મશીન પણ તમે જ લઇ આપ્યું છે એમ કહેવાય ને? ને હવે બીજા એરિંગમાંથી છોરા માટે સાઇકલ અપાવી દઇશ... ને કહીશ કે આ સાઇકલ તારા દાદાએ લઇ આપી છે. તમે સાંભળો છો ને? હું કાંઈ ખોટું કરતી હોઉં તો કહી દેજો હોં. મારી ચિંતા જરાય ન કરતા... બરાબર સંભળાય છે, બરાબર સંભળાય છે. કહીને બા ભીંતને ટેકે કેટલીયે વાર બેસી રહ્યાં.ને છબીમાંથી જાણે તે તેની બાજુમાં આવ્યા... ને અંત વગરની વાતો કહેતા, સાંભળતા, હળવા થયા.

સમય તો સરસર સરતો ગયો!! બા એ પૌત્રને સાયકલ લઈ પણ દીધી.

એક સવારે બાએ જોયું તો આઘે આઘેથી પુત્ર-વહુ તથા પૌત્ર આશ્રમ તરફ આવી રહ્યા છે. પૌત્ર સાઇકલ પર ઝડપથી પ્રવેશદ્વાર પાસે આવ્યો ને બાએ દોડીને તેડી લીધો...

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૧૭ ઉપર)**

લઘુકથા

## પુણ્યનું બળ

પ્રેષક : નવનીત પટેલ

એક મોટા ગામમાં એક ગરીબ વાણિયાનું ઘર હતું. વાણિયાની દશા બહુ ખરાબ હતી. તેની પાસે ન ધંધો કે ન રોજગાર હતો. તે ગામમાં એક સાધુ આવ્યા. તે ગામ બહાર એક મોટા વડ નીચે આસન લગાવીને બેઠા. ગામના લોકોને જાણ થઈ કે આપણા ગામની બહાર એક મહાન સાધુ આવ્યા છે.

ગામવાળા તે સાધુના દર્શન તથા સાધુ મહારાજના પ્રવચન સાંભળવા આવવા લાગ્યા. મહારાજની વાણીથી લોકોમાં આનંદ થયો. સવાર-સાંજ ભીડ થવા લાગી. પેલા ગરીબ વાણિયાને થયું, હું પણ તે સાધુના દર્શન માટે જાઉં. વાણિયો સાધુની જ્યાં બેઠક હતી ત્યાં આવી મહારાજને નમન કરી દૂર જઈ બેઠો. સમય થતા ગ્રામજનો સહુ પોતપોતાના ઘેર ગયા. પરંતુ વાણિયો બેસી રહ્યો. બપોરની વેળા થઈ. મહારાજની નજર દૂર બેઠેલા વાણિયા ઉપર પડી. તેમણે ઈશારો કરી પાસે બોલાવ્યો. વાણિયો નજીક આવી નમન કરી હાથ જોડીને બેઠો. સાધુ બોલ્યા, ભાઈ, સૌ ઘેર ગયા તમે કેમ બેસી રહયા છો?

વાણિયો બોલ્યો, મહારાજ, મારા જીવનમાં દુઃખ દુઃખ ને દુઃખ છે. સુખ કોને કહેવાય તે મને ખબર નથી. ઘેર કોઈ કામ ના હોવાથી બેઠો છું. મહારાજને દયા આવી. તેમણે પોતાના તપના બળે સમાધિ ચઢાવીને વાણિયાનું દુઃખ જોયુ. સમાધિમાંથી ઉતરીને મહારાજ બોલ્યા, બેટા, ખરેખર તારા જીવનમાં દુઃખ છે. પરંતુ બેટા, હું તને મારા તપના બળે તારા જીવનમાં પાંચ વરસ સુખના આપવા માગું છું. બોલ, તારે અત્યારે સુખ લેવુ છે કે ઘડપણમાં?

વાણિયો બોલ્યો, મહારાજ જો આપ દયા કરતા હો તો પાંચ વરસ સુખ અત્યારે આપો કારણ દુઃખ તો મેં બહુ વેઠ્યું, હવે સુખ આપો. પાછળ તો દુઃખ વેઠી લઈશ.

સાધુ બોલ્યા, જા આજથી તું જે કરીશ તેમાં તું સફળ થઈશ. આ સાંભળી વાણિયાની હોશ વધી. ઘેર આવી વધીઘટી ઘરવખરી બજારમાં વેચી, તે પૈસાથી સામાન લઈ બજારમાં વેપાર કરવા બેઠો. થોડીવારમાં લાવેલ સામાન વેચાઈ ગયો. તે પૈસાથી બીજો સામાન લાવ્યો તે પણ વેચાઈ ગયો.

આમ કરતા કરતા તેનો ધંધો જામી ગયો. ટુંક સમયમાં ગામમાં મોટી દુકાન લીધી અને તેનો ધંધો અને સાખ વધવા લાગી. નવું ઘર બનાવ્યું, લગ્ન કર્યા. એક રાત્રે વાણિયાએ વિચાર કર્યો, મહારાજના આશીર્વાદથી મારા જીવનમાં દુઃખ જેવું રહ્યું નથી. સવારે પેઢી ઉપર બેસતાની સાથે પોતાના મુનીમને જણાવ્યુ કે આપણા ગામમાં ગૌશાળા, ચબુતરો, પરબ, ઢોરોને પાણી પીવા માટે હવાડો અને ધર્મશાળા બંધાવો તેમજ આજુબાજુના ગામડાંઓમાં પણ આ કાર્યો ચાલુ કરાવો તેમજ આજુબાજુના ગામડાઓમાં અન્નક્ષેત્ર ચાલુ કર્યા. આમ, વાણિયાએ ધર્મકાર્ય ચાલુ કરી દીધા. વાણિયાને વિશ્વાસ હતો કે હું ગમે તેટલા રૂપિયા વાપરીશ તોય ખૂટવાના નથી તો શા માટે પુણ્યના કાર્ય ન કરવા? સમય ચાલ્યો જાય છે. વાણિયાના ઘેર દિકરાનો જન્મ થાય છે. આમ સુખમાં પાંચ વરસ પૂરા થવા આવે છે. એટલામાં ત્યાં ફરતા ફરતા પાંચ વરસ પહેલા આવેલ સાધુ ફરીથી એ ગામમાં આવ્યા. લોકોને આ જાણ થવાથી તે સાધુના દર્શને આવવા લાગ્યા. આ વાત જાણતા વાણિયો પોતાના પરિવાર સાથે મહારાજના દર્શન કરવા આવ્યો. આવી મહારાજના ચરણોમાં માથુ નમાવી પગે લાગ્યો. મહારાજે વાણિયાને ઓળખ્યો. બોલ્યા, કેમ ભાઈ મજામાંને? વાણિયો બોલ્યો, આપની કૃપાથી કોઈ ખોટ નથી અને હવે સુખના મારા પાંચ વરસ પૂરા થવા આવ્યા છે. આપની કૃપાથી મેં જીવનના બધા સુખ ભોગવ્યા છે. હવે દુઃખ આવે તેની મને ચિંતા નથી. સાધુ બોલ્યા, તમારી વાત સાચી છે હવે તમારા જીવનમાં દુઃખની શરૂઆત થશે. આટલુ બોલી મહારાજ શાંત થઈ વિચાર કરવા લાગ્યા કે આ વાણિયાએ પાંચ વર્ષ શું કર્યું તે લાવ સમાધિમાં જોઉં. એવુ વિચારી સમાધિ ચડાવી જોઈ લીધું. ત્યાં વાણિયો બોલ્યો, ભગવંત, હવે હું દુઃખ વેઠવા તૈયાર છું. મહારાજ બોલ્યા અરે ગાંડાભાઈ, તે આ પાંચ વરસોમાં એટલા બધા પુણ્યકાર્યો કર્યા છે કે આ જીવનમાં તો દુઃખ નહીં આવે પણ તારી સાત પેઢીમાં પણ દુઃખ નહી આવે. તારા સત્કર્મથી તે તારા જીવનને બદલી નાખ્યું છે.

● **જીવન સાર :**

*તેરા જીવન સે હૈ કર્મો સે નાતા*
*તુ હી તો હૈ અપના ભાગ્યવિધાતા*

કરેલા કર્મોની જીત થાય છે. કર્મો સારા હશે તો પેઢીઓ તરી જશે. ■

*ઉગતા સૂર્ય અને દોડતા ઘોડાના પોસ્ટર રાખવાથી પ્રગતિ નથી થતી. પ્રગતિ માટે આપણે સૂર્યની પહેલા ઉઠી ઘોડાની જેમ દોડવું પડે છે.*

લઘુ કથા

# લઘુ કથા : ઉધ્ધાર

ધીરજલાલ ડી. તન્ના

*અવ્યવહારુ અભિગમ ઈન્સાનનો છે અરિ,*
*આસ્તેથી કહેશે લાશને કે તું જા પાછી મરી.*

સરકારશ્રીના મહત્ત્વનાં મિશન ગ્રામોદ્ધાર કાર્યક્રમ તળે સમગ્ર રાજયના વરિષ્ઠ તલાટી-કમ-મંત્રીઓનો તારીખ ૨૬ થી ૨૯ સુધીનો તાલીમવર્ગ પાટનગરમાં રાખવામાં આવતા લખુભાઈને ઓર્ડર આવ્યો.

આ ઓર્ડરથી લખુભાઈ માનસિક રીતે ડિસ્ટર્બ થતા ટીડીઓ સાહેબને વાસ્તવિક પરિસ્થિતિ સમજાવી આજીજી સ્વરૂપે આ ઓર્ડર કેન્સલ કરવા રજૂઆત કરી.

આ રજૂઆતનાં સંદર્ભે ટીડીઓશ્રીએ જિલ્લામાં, લખુભાઈ ડાયાબિટીસનાં દર્દી છે ભૂખ્યા રહી ના શકે તેમજ ઉંમર અને રોગનાં કારણે બહારનું કશું લેતા નથી એવી લખુભાઈની લેખિત રજૂઆત છે; વિશેષ કરીને લખ્યું કે ૨૯મી તારીખે બપોરે તાલીમ પૂરી થશે. ૩૦મી તારીખે તાલુકે હાજર થશે અને સાંજનાં તેઓ વયનિવૃત થતાં હોઈ તાલીમનો કશો અર્થ રહેશે નહીં. જેથી કરી એમનો ઓર્ડર કેન્સલ કરી અન્યનો ઓર્ડર કરવાની ખાસ ભલામણ કરવામાં આવી.

પરંતુ જિલ્લામાંથી તો સખત શબ્દોમાં લખાઈને આવ્યું કે, આ સરકારશ્રીનો મહત્ત્વાકાંક્ષી પ્રોગ્રામ છે. આ અભિયાન સંદર્ભે તાલીમ હોઈ આમાં કશી બહાનાબાજી ચલાવી લેવાય નહીં. સરકારશ્રીનો સખત આદેશ છે કે આ તાલીમવર્ગમાં જો કર્મચારી હાજર નહીં રહે તો તેમના પર આકરા શિક્ષાત્મક પગલાં લેવાની પણ ફરજ પડશે.

આવો પ્રત્યુતર આવતા ટીડીઓનાં હાથ બંધાઈ ગયા અને હુકમના પાલનાર્થે લખુભાઈએ તાલીમમાં જવા નીકળવું પડ્યું.

લખુભાઈએ સર્વિસ દરમિયાન બે તાલુકામાંજ નોકરી કરેલ હોઈ અન્ય તાલુકાનાં મંત્રીઓના પરિચયમાં નહીં. એટલે આખી બસમાં કોઈ જાણીતા ના હોવાથી ૧૨ કલાકની કંટાળાજનક મુસાફરી કરી થાકી ગયા. તાલીમ સ્થળે પહોંચતા અને પેશાબ લાગતા સૂટકેસ રૂમે મૂકી મૂતરડીમાં ગયા. બીજા બધા તાલીમાર્થીઓએ પોતાની હાજરી નોંધાવી કલાસમાં જતા રહ્યા. લખુભાઈ પેશાબ કરી રૂમે પરત આવતા ભૂખ અને થાક સબબ રસ્તામાં ચક્કર આવતાં અચાનક પડી જતાં બેભાન થઈ ગયા. ખિસ્સામાંથી મોબાઈલ સરી દૂર પડી ગયો.

લખુભાઈ તા. ૨૯મીને સવારનાં તાલીમ કેન્દ્ર આવ્યા અને કેન્દ્રનાં પ્રિન્સિપાલશ્રીને મળ્યા.

આજે તાલીમનો આખરી દિવસ અને અંત સમયે આપ હાજર થાવ છો તો તમને શરમ નથી આવતી? પ્રિન્સિપાલ જરા આકરા પાણીએ થઈ બોલ્યા!

સાહેબ મારી વાત તો સાંભળો પછી મારો વાંક હોય તો મને ઠપકો આપજો.

મારે કશું સાંભળવું નથી સરકારશ્રીની આટલી અગત્યની યોજનાને તમો મજાકમાં લઈ રહ્યા છો? આ જરાય ચલાવી નહીં લેવાય. આની સજા તો તમને મળશે જ!

સાહેબ, તમો મારી વાત સાંભળો અને ત્યારબાદ મારો વાંક હોય તો મને સજા આપજો. લખુભાઈએ વિનંતીભર્યા સ્વરે રજૂઆત કરી.

બોલો, તમારે શું કહેવાનું છે? સાહેબ જરા ઉતાવળમાં હોય એ રીતે જલ્દી જલ્દી દાસ્તાન સંભળાવવા માટે બોલ્યા.

લખુભાઈએ પોતાના દરદથી માંડી અત્રે આવ્યા સુધી તેમજ આવતાવેંત ભૂખ અને થાકનાં કારણે બેભાન થઈ પડી જતાં સુધીની વિગતે વાત કરી.

તમો તો ૨૬મી તારીખે અત્રે આવી ગયેલ કહો છો બેભાન થયો, પરંતુ ભાનમાં આવ્યા બાદ તો હાજર થઈ જવું જોઈએ ને? આટલા બધા દિવસ ક્યાં હતા?

સાહેબ, હું બેભાન થઈ ગયેલ. થોડો સમય જતાં હું થોડો ભાનમાં આવતા રસ્તામાં કણસતો પડેલ ત્યારે કોઈ બે અજાણ્યા ભલા માણસો ત્યાંથી નીકળેલ અને મને ઊંચકી લીધેલ. એ અરસામાં હું ફરીથી બેભાન થઈ ગયો. એ પછીની મને ખબર નથી; પરંતુ મને એ લોકો હોસ્પિટલે લઈ ગયા હશે. કારણકે હું જયારે ભાનમાં આવ્યો ત્યારે હોસ્પિટલમાં હતો. અને આજ બહારથી દવા લેવા નીકળતા પૂછતાં પૂછતાં અત્રે આવી ગયો.

તમે હોસ્પિટલે ભાનમાં આવ્યા પછી તમારે અહીં મોબાઈલથી જાણ તો કરવી જોઈએને?

સાહેબ, તમારી વાત સાચી છે પરંતુ હું પડી ગયો ત્યારે મારો મોબાઈલ ખિસ્સામાંથી પડી ગયેલ અને અત્રે મને કોઈ ઓળખતું નહોતું. તેમજ મારામાં અશક્તિ એટલી બધી હતી કે હું ઝાઝું બોલી પણ નહોતો શકતો.

હોસ્પિટલમાં એડમિટ કરેલ તેનું કોઈ સર્ટિ. તમારી પાસે છે?

આવું કોઈ સર્ટી. નથી પરંતુ બહારથી દવા લેવાની છે એવું ડૉકટરનું લખેલ પ્રિસ્ક્રિપ્શન છે. આમ કહી ખિસ્સામાંથી

કાગળ કાઢી સાહેબને આપ્યો. સાહેબ વાંચી બોલ્યા, પ્રિસ્ક્રિપ્શન આધારમાં ના ચાલે. છતાંય સાહેબે વાંચતા તેમનું નામ પૂછતાં લખુભાઈએ નામ જણાવ્યું.

આવું જણાવતા સાહેબે ગરમી પકડી જણાવ્યું કે, આ પ્રિસ્ક્રિપ્શન તો બાબુભાઈના નામનું છે. હવે બહાનાબાજી બતાવવાનું બંધ કરી ઓફિસની બહાર નીકળી જાવ!

સાહેબ, હું ખોટું નથી બોલતો, હું ભાનમાં નહોતો એટલે હોસ્પિટલે નામ હું લખાવી શકેલ નહીં હોઈ કદાચ પેલા ભલા આદમીએ મારું નામ બાબુભાઈ લખાવી દીધેલ હશે.

ખોટું નહી તો શું? ખોટામાં પીછું ઉમેરી મુક્તિ મેળવી અમને છેતરવા છે? હવે તમે ઓફિસ બહાર નીકળી જાવ નહિંતર ધક્કા મારી બહાર કાઢવા પડશે. તમે ખોટું કરો છો, ખોટું બોલો છો. હું તમારા વિરૂધ્ધ એક્શન લઈશ. આમ કહી સાહેબે ત્રાડ પાડી લખુભાઈને બહાર કાઢી મૂક્યા.

લખુભાઈ તા. ૩૦મીનાં રોજ નોકરીના સ્થળ તાલુકા પંચાયત કચેરીએ આવી હાજર રીપોર્ટ આપતા ઓફિસ તરફથી નોકરીમાં ભયંકર બેદરકારી સબબ સસ્પેન્શનનો હુકમ તેમના હાથમાં થમાવી દેવામાં આવ્યો.

નોકરીના આખરી દિવસે સસ્પેન્શનનો હુકમ મળતા લખુભાઈ અવાચક થઈ ગયા. કશું બોલી ના શકવાની સ્થિતિમાં રહ્યા. યશસ્વિ કારકિર્દી અને નીતિમત્તા, ઈમાનદારી તેમજ વફાદારીથી કરેલ નોકરીનો આ શિરપાવ મળતો હોઈ એકપણ શબ્દ બોલ્યા સિવાય લખુભાઈ ઘરે જતાં રહ્યા.

બીજા દિવસે તમામ અખબારોમાં સમાચાર હતા : “લખુભાઈએ નોકરીના આખરી દિવસે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ નોકરી તથા જિંદગીથી નિવૃત્તિ લઈ લીધી.”

વાંચી થયું, સરકારશ્રીનાં ગ્રામોદ્ધારથી ગામોનો ઉધ્ધાર થયો કે નહીં એ ખબર નથી પરંતુ લખુભાઈનો તો...

***(અવ્યવહારુ અભિગમ અપનાવવાથી કદાચ આવું બને ખરું!!!)***

***કેશોદ, જિલ્લો : જૂનાગઢ • મો. ૯૭૩૭૭ ૧૨૯૯૯***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧'' સાઇઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :** એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ X ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ X ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ X ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ X ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |

***નોંધ :*** *દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

With Best Compliments From

Sathwara Construction

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

INDOTEX
PAINTS

• DURABLE • DECORATIVE • PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

khadi
VEDA
Essence of Nature

HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



Book Shelf

English & Gujarati books

For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362
e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com
16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009
LIKE US ON | BOOK SHELF | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826



ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 • www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



SKYBLUE
STATIONERY MART
EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

*Bharat B. Gala*
M. : 93270 05460

SRE
SHREE
Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

• શુભેચ્છા સહ •



પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

*દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી,*
*કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.*

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**